Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ऋग्वेद) • समानी प्रपा । (अथर्ववेद)

પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૨૦ ફેબ્રુઆરી : ૨૦૨૬ અંક : ૮ ₹ 20

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર

greenfibre

FORMALS | CASUALS | PARTY WEAR

Ahmedabad • Alibag •Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Bardoli • Bilimora •Gandhidham • Gandhinagar
Godhra • Himmatnagar • Hyderabad • Indore • Jamanagar • Junagadh • Kadi • Kalol • Mehsana • Modasa • Nadiad •
Palanpur • Patan •Porbandar • Rajkot • Surat • Surendranagar • Visnagar • Vadodra • Vapi greenfibre.com | jadeblue.com

समानो मन्त्रः (ઋગ્વેદ) **समानी प्रपा** (અથર્વવેદ)

પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૨૦ ફેબ્રુઆરી : ૨૦૨૬ અંક : ૮

સંપાદક
કિરીટ દૂધાત

પ્રકાશન મંત્રી
ભીખેશ ભટ્ટ

પરામર્શનસમિતિ

હર્ષદ ત્રિવેદી પ્રમુખ
યોગેશ જોષી
રાજન્ ભટ્ટ ઉપપ્રમુખ
સમીર ભટ્ટ મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

અનુક્રમ

◈ **પ્રમુખીય : મથામણ** – ૨૬ - હર્ષદ ત્રિવેદી, ૬

◈ **કવિતા :**

● **બે કાવ્યો** - પ્રતિષ્ઠા પંડ્યા, ૦૮ ● **થાક** – અજય સરવૈયા, ૧૦ ● **ત્રણ બોન્સાઈ ગીત** – મધુસૂદન પટેલ 'મધુ', ૧૨ ● **દોહિત્રી** – રાકેશ દેસાઈ, ૧૩

◈ **ટૂંકી વાર્તા :**

● **વિદુષી** – બિન્દુ ભટ્ટ, ૧૪
● **સુખવટો** – અનિલ વ્યાસ, ૨૫
● **ચોટલા** – વિશાલ ભાદાણી, ૩૫

◈ **સંસ્મરણ :**

● **એક 'રાની પંખીડું' જિતુભાઈ પ્ર. મહેતા** – દીપક મહેતા, ૪૧

◈ **હાસ્યનિબંધ :**

● **આમા મારો કાંઈ વાંક નથી!** – વિનય જાદવ 'એકાંત', ૪૫

◈ **અવલોકન :**

● **એને એક ઓળખ જોઈએ છે :** – દીપક રાવલ, ૫૧
● **છિલુગરી : આદિવાસીલોકની કથા** – સંધ્યા ભટ્ટ, ૫૮
● **'ફરીથી મળવું' - એ વિશે** – કિશોર વ્યાસ, ૬૧

◈ **પુસ્તક પરિચય :**

● **રવીન્દ્ર પ્રસંગ :**
પ્રમાણભૂત દસ્તાવેજો પર આધારિત સંતુલિત અભ્યાસ – કંદર્પ ર. દેસાઈ, ૬૫

◈ **અભ્યાસ :**

● **'ગ્રીક પુરાકથાકોશ' વિશે** – ડૉ. જયેશ રાષ્ટ્રકૂટ, ૭૧

◈ **સંગીત :**

● **દિગ્દર્શન અને સંગીતનું સાયુજ્ય એટલે 'ભારત એક ખોજ'નું સંગીત** – બીરેન કોઠારી, ૭૯

◈ **સંપાદકીય :**

● **સ્વયં અગોચર થવાની કવિતા એટલે કે...**
कालो न यातो वयमेव याता... – કિરીટ દૂધાત, ૮૫
● **સાભાર સ્વીકાર** – ૮૮
● **પરિષદવૃત્ત** – ઇતુભાઈ કુરકુટિયા, ૮૯
● **સાહિત્યવૃત્ત** – સંકલન : ઇતુભાઈ કુરકુટિયા, ૯૧
● **આ અંકના લેખકો** – ૯૬

◈ **આવરણ ચિત્ર: Haku Shah - Gandhi - Serigraph on Handmade Paper - 34 x 28 inches-2014 copy**

◈ **આવરણ–સંકલ્પના :** આગમ શાહ

મથામણ – ૨૬

હર્ષદ ત્રિવેદી

ગુજરાતી રંગભૂમિ લગભગ એકસો સિત્તેર વર્ષની થઈ. છેલ્લાં વર્ષોમાં રંગભૂમિક્ષેત્રે કંઈ થયું જ નથી એમ તો નહીં કહી શકાય. મુંબઈનાં અખબારોમાં નાટકોની જાહેરાતો આવતી રહે છે, એ બતાવે છે કે નાટકો તો ભજવાયાં કરે છે. અલબત્ત, એમાંથી સાવ ધંધાદારી અને ગલગલિયાં કરાવનારાં નાટકોને બાદ કરીએ તોપણ ખરેખર નાટકો કહેવાય એવી પ્રવૃત્તિએ ઘણો વેગ પકડ્યો છે. એમાં અનેક સામાજિક સંસ્થાઓનો સહયોગ પણ નોંધપાત્ર છે. અમદાવાદમાંય, ભલે ધીમી ગતિએ પણ કંઈ ને કંઈ અવશ્ય થતું રહ્યું છે. અગાઉ ભરત દવે અને નિમેષ દેસાઈ વગેરે સક્રિય હતા. આ સમયમાં મલ્લિકા સારાભાઈ, કબીર ઠાકોર, જનક દવે, સૌમ્ય જોશી, અદિતિ દેસાઈ, મન્વિતા બારાડી, કમલ જોશી, અર્ચન ત્રિવેદી, નિસર્ગ ત્રિવેદી, હેતલ મોદી, પ્રવીણ પંડ્યા વગેરે પોતપોતાનાં જૂથબળે સક્રિય હતાં અથવા છે. કોઈ મહત્ત્વનું નામ આમાં રહી જતું હોય એમ પણ બને.

આમાં એક જાજરમાન નામ તે રાજુ બારોટનું. રાજુ બારોટે હમણાં જ, પોતાની ગમતી જગ્યા કુમાઉ-હિમાલયના પ્રવાસે ગયા હતા ત્યાંથી, સ્નેહી-સ્વજનોની ઉપસ્થિતિમાં સહજની મુસાફરી કરતા હોય એમ મોટા ઘરની વાટ પકડી. 'રંગ છે બારોટ!' એ નામે એમની શ્રદ્ધાંજલિસભા, નફિસાબહેનની ઉપસ્થિતિમાં, અહેમદાબાદ થિયેટર ગ્રૂપ અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે રા. વિ. પાઠક સભાગૃહમાં યોજાઈ તો પગ મૂકવાનીય જગ્યા રહી નહોતી. કલાકારો અને નાટ્યરસિકોથી આખું સભાગૃહ છલકાતું હતું. ચાર ચાર પેઢી સાથે સંકળાયેલા રા.બા.ને સ્મરણ કરવાની રીતેય કેવી? એમનાં નાટકોનાં ગીતો રજૂ થયાં. પાછળ પડદા ઉપર રાજુભાઈની સતત ડિજિટલ હાજરી! જાણે કે આખો કાર્યક્રમ સ્વયંભૂ ઊગી આવ્યો હતો. એમાં સુભાષ બ્રહ્મભટ્ટ અને હર્ષદીપ જાડેજા વગેરેની સક્રિયતા સહુને સ્પર્શી ગઈ. રાજુભાઈના વ્યક્તિત્વમાં જે કંઈ હતું તેનો સમ્યક્ પરિચય બધાને થયો. એક કલાકારને કેવી કેવી રીતે ઉમંગપૂર્વક સંભારી શકાય? આ કાર્યક્રમ એના નિદર્શનરૂપ હતો.

આપણે ત્યાં વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને બીજાં નાનાં-મોટાં શહેરોમાં પણ નાટ્યપ્રવૃત્તિ ધબકતી રહી છે. યુવક મહોત્સવો અને સંગીત, નૃત્ય નાટક અકાદમીને નિમિત્તે પણ કશુંક ને કશુંક મળતું રહ્યું છે. હમણાં કળાકારનિધિની પણ ક્રિયતા જાગ્રત થઈ છે. ગુજરાતી સાહિત્ય પરિષદના સાવરકુંડલા જ્ઞાનસત્રમાંયે જૂની રંગભૂમિનાં ગીતો ગવાયાં હતાં. આ બધું છતાં, મુંબઈને મુકાબલે થોડું આછું જણાય એ સ્વાભાવિક છે. 'નાટક', 'નાંદીકાર' અને 'મંચન' જેવાં સામયિકોનું યોગદાન પણ ખરું જ. અગાઉ મહેસાણામાં અસાઈત સાહિત્યસભાએ ગુજરાત નાટ્ય પરિષદ યોજી હતી એય સ્મરણમાં આવે છે.

આ બધું છતાં વ્યાપક છાપ એવી છે કે નાટ્યક્ષેત્રે ઘણું ઓછું બની રહ્યું છે. રંગભૂમિ સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા લેખકો, કળાકારો અને દિગ્દર્શકોને પણ આ મતલબનું

બોલતા સાંભળ્યા છે. વાત સાચી છે. થવું જોઈએ એટલા પ્રમાણમાં થતું નથી. આજથી ત્રીશ વર્ષ પહેલાં જે ધૂરંધરો હતા એ તો હવે રહ્યા નથી. નાટ્યમય ધબકતું વાતાવરણ હતું એ પણ રહ્યું નથી. છૂટકમૂટક પ્રવૃત્તિની બહુ મોટી, યુગપ્રવર્તક અસર ઊભી ન થાય એ પણ સમજી શકાય એવું છે. સૌથી કમનસીબીની વાત તો એ છે કે કોઈ પણ નાટ્યરસિકને એ જોવાને બાધ્ય કરે એવાં નાટકો પ્રમાણમાં ઓછાં થયાં છે. આનો અર્થ એવો તો નથી જ કે – રંગભૂમિને સમર્પિત, કટિબદ્ધ લેખકો-કળાકારો, દિગ્દર્શકોએ આજદિન સુધી અનેક મુશ્કેલીઓ સામે સંઘર્ષ કરીને નાટ્યજ્યોત જલતી રાખી છે એમને કોઈ અવગણી શકે. પરંતુ સમગ્રતયા ગુજરાતી નાટકનો વિકાસ અપેક્ષા મુજબનો, સ્તર અને સાતત્ય પણ જાળવે એ પ્રકારે થયો નથી એ હકીકત તો સ્વીકારવી રહી.

રંગભૂમિ તો અનેક કળાઓનું સંગમસ્થાન છે. જગતમાં જે કંઈ બને છે તે સર્વને પોતાની અંદર ઉતારવાની ક્ષમતા નાટકના સ્વરૂપમાં છે. એકલી સાહિત્યદષ્ટિથી જ કંઈ નાટકની પસંદગી ન થાય. એમાં સામાજિક સંદર્ભ, રજૂઆતની શૈલી, વૈવિધ્ય, અન્ય કળાઓનો ઉચિત સમન્વય, નાટ્યક્ષમ ભાષા, વિસ્ફારિત કરી મૂકે એવું દિલધડક આશ્ચર્ય વગેરે જોઈએ. જે તમામ અર્થમાં સારા કળાકારો-દિગ્દર્શકોને તેની ભજવણી કરવા માટે આકર્ષિત કરે. એમ થાય ત્યારે પ્રેક્ષકોને પણ કશુંક નવું મળ્યાનો સંતોષ થાય. સ્વ. પ્રવીણ જોશીએ એમના અવસાન પહેલાંના અઠવાડિયે કહેલું કે – ‘ગુજરાતીમાં એવો કોઈ નાટ્યવિવેચક નથી જેના એક વાક્ય ઉપર નાટક બંધ પડી જાય કે તરી જાય!’ આ વિધાનને ખોટું પાડી આપે એવો નાટ્યવિવેચક આજે પણ જન્મવો બાકી છે. ઉત્પલ ભાયાણી, ભરત દવે, સતીશ વ્યાસ, બકુલ ટેલર, કપિલદેવ શુક્લ, શૈલેશ ટેવાણી અને અન્યોની સમીક્ષાઓ મારા ધ્યાનમાં છે જ. એમને કારણે આપણને અનેક નાટકોનો પ્રત્યક્ષ-પરોક્ષ પરિચય કેળવવાની તક ઊભી થઈ છે.

આ વાતાવરણમાં એક સારા સમાચાર આવ્યા છે. રાષ્ટ્રીય નાટ્યવિદ્યાલય દ્વારા દમણ અને સુરતમાં નાટ્યમહોત્સવ યોજાઈ રહ્યો છે. દમણની બધી વિગતો મારી પાસે આવી નથી, પણ સુરતમાં ‘માધુરી દીક્ષિત’, ‘સંગીત આનંદમઠ’, ‘ચૌથી સિગારેટ’, ‘દૂતવાક્યમ્’ અને ‘સીતાનો વેશ’ ભજવાશે. દમણ ખાતે જે નાટકો ભજવાશે એમાં આપણી ગુજરાતી ભાષાના લેખક સતીશ વ્યાસનું નાટક ‘કામરુ’ પસંદ થયું છે એ આનંદ અને અભિનંદનની ઘટના છે. મૂળે તો આ નાટક એકાંકી સ્વરૂપે લખાયેલું, પણ પછી પૂરા કદનું નાટક થઈને રહ્યું. આજ સુધીમાં કમલ જોશી, સોનલ વૈદ્ય, સપના શેઠ, મીષા વ્યાસ, રાજેશ્વરી પટેલ અને હસિત મહેતા જેવા દિગ્દર્શકો દ્વારા ભજવાઈ ચૂક્યું છે. છેલ્લા એક વર્ષથી શૌનક વ્યાસ અને વિક્રમ પંચાલના દિગ્દર્શનમાં અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજના વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાઓમાં રજૂ કરી રહ્યા છે ને વિજેતા બની રહ્યા છે. હવે આ નાટકને રાષ્ટ્રીય મંચ મળ્યો છે તે નાનીસૂની વાત નથી. નાટકમાં અંતિમવાદી નારીવાદ સામે સમન્વયકેન્દ્રી સહજીવનનો પક્ષ રજૂ થયો છે. કામરુદેશના પુરાકલ્પનને આધારે તૈયાર થયેલું આ નાટક નૃત્ય, સંગીત, મંચસજ્જા અને નાટ્યક્ષમ કૉરિયૉગ્રાફીનો રમણીય સમન્વય રચે છે. નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામાને ઉપક્રમે આ નાટક નવમી ફેબ્રુઆરીએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે એ ઘટના ગુજરાતી નાટ્યજગત માટે અત્યંત પ્રોત્સાહક અને પ્રેરક બની રહેશે. તેમ છતાં, હજી, ગુજરાતી રંગભૂમિની આખો દેશ નોંધ લે એવી ધાક આપણે ઊભી કરી શક્યા નથી. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ. ■

બે કાવ્યો | પ્રતિષ્ઠા પંડ્યા

૧. કાળી કીડી

અંગૂઠા ને બીજી આંગળીની
ગિલોલ બનાવી
કેરમના કોઈ ઉસ્તાદની અદાથી
એક ઝાટકા સાથે
તેં ક્યારેય કોઈ કાળી કીડીને
એક શેતરંજીની બહાર કાઢી છે?
અને પછી જોઈ છે એને
ધરાર એના એ જ જિદ્દી રસ્તે પાછી
આવતી?
અને તેં ક્યારેય આને
થોડા કંટાળા કાં કુતૂહલમાંથી જન્મેલી
એક દુષ્ટ રમત બનાવી જાણી છે?
જોવા કે કેટલું બળ છે એના કંકાલમાં
કેટલા ઝટકા ખમી શકે.
કોણ જીતે છે છેવટે એ તાગવા
કે માપવા પછી પેલા નાના કણથી
એને
કેટલે દૂર ફેંકી શકે છે તું.
એ જોવા કે પછી કેટલી વારમાં
એ ફરી પાછી આવી પહોંચે છે
કેટલું વધારે જીવી જઈ શકે છે
કેટલા વધારે ઝટકા જોઈશે
એના છ ટાંટિયા જરા ડગમગે એ માટે
ને એ છેવટે ફરીને માંડે ચાલવા ઊંધી
દિશામાં એ પહેલાં?
કાં તો હારેલી, કે થાકીને થયેલી
હતાશ, કે હજુ
ગુસ્સામાં સમસમતી, કે પછી...
આમ રમતાં રમતાં ક્યારેય
એવું વિચાર્યું છે કે
કેવું આ દુનિયાએ તને ક્યારેય શીખવ્યું
જ નથી
એક કાળી કીડીના ચહેરાને વાંચતાં?

૨. અમે

આજે તમે આ ગામનું નામ બદલશો
કાલે પેલા સ્ટેશનનું, ને પછી ત્યાંથી ચાલ્યા
આવતા રસ્તાનું
અને અમે ભૂલી જઈશું અમારું સરનામું
પછી તમે નવેસરથી લખશો મારા
બાપદાદાનો ઇતિહાસ
કોણ ક્યાંથી હિજરત કરીને ક્યારે કેમ
આવેલા
એ પરથી નક્કી થશે સંબંધો આપણા
કોણ પોતાનાં, કોણ જાણ્યા પારકી માનાં
ઠેરવશો એમને ઘૂસણખોર, દેશદ્રોહી
અને રાતોરાત અમે થઈ જઈશું હરામી
છાજલી પરની એક એક ચોપડીના એક એક
પાનેથી
ભાષામાં વણાઈ ગયેલા એકેક રૂઢિપ્રયોગમાંથી
ખેંચી ખેંચીને કાઢી નાખશો શબ્દો મારી
બારાખડીના
અને તમારી સ્વચ્છ, સફેદ ભાષાની વચમાં
અમે ખોઈ બેસીશું અમારી લાલ જીભ
તમે ફરી કરશો નવી વ્યાખ્યાઓ –
પ્રેમની, સમભાવની, નાગરિકતાની
ને ગુમ થઈ જશે નામ અમારાં
મતપત્રકોમાંથી
રેશનકાર્ડમાંથી, સાતબારના કાગળોમાંથી,
ટચૂકડી જાહેરખબરોમાંથી, સમાચારોમાંથી,
સંસદમાંથી, શાળાનાં હાજરીપત્રકોમાંથી....
તમે ફરી ફરી દોર્યા કરશો સરહદ નવી
એક ગામથી બીજા ગામ વચ્ચે,
એક પર્વતથી બીજી ટેકરી વચ્ચે
એક ઝરણાથી એક નદી વચ્ચે
એક જંગલથી એક શહેરની વચ્ચે
એક માણસના મનથી
બીજા માણસની ભાત વચ્ચે
થઈને લંબાતી જશે એક રેખા
કરતી કત્લેઆમ
ઉજાડતી અમારી પ્રજાતિઓ
ફેલાતી જશે એક વાડ કાંટાળી
તમામ સરહદો ઉપર
મારા ઘરની ફરતે
મારા ઘરની અંદર
મારા શરીર સોંસરવી થઈ
નીકળતી આ રેખા
ક્યાં જઈને અટકશે?

થાક | અજય સરવૈયા

૧.

થોડો સમય કામ લઈ લે છે
ને બીજો થાક.
કોને કહીએ?
ને શું કહીએ?
હાથમાં કે જોગમાં
શું લખાવીને લાવ્યા હોઈશું?
રઝળપાટ
કે કમઠાણ
કે હૈયાદાઝ?
કઈ રીતે કહીએ?
મોઢામાંના મગ વેરાતા નથી,
મુઠ્ઠીમાંની રેતી સરતી નથી,
હૈયામાંની વરાળ નીકળતી નથી.
અને દિવસ તો પીઠમાંથી ખંજરની જેમ નીકળી
જાય છે.
રહી જાય છે એના લોઢાની ગંધ;
જે ધીરે ધીરે રાત ઉપર, ઊંઘ ઉપર ને સપના ઉપર
ફેલાતી જાય છે.

૨.

નેરુદાને જે થાક લાગ્યો
તે પછી કવિઓને વારસામાં મળ્યો.
આ થાક હાડકાંમાંથી ધીમે ધીમે
સ્નાયુઓમાં ફેલાય,
પછી લોહીમાં વહેતો થાય.
એ બ્લડ ટેસ્ટ કે એક્સ-રેમાં પકડાતો નથી,
દવાઓથી મટતો નથી,
વૉક લેવાથી ઘટતો નથી.
એ તમારી ઊંઘમાં સળવળ્યા કરે,
ને જાગતા હો ત્યારે પડખું ફરે.
એ વધતી રાત સાથે બંધાતો જાય,
પછી તમારા સપનામાં લિસોટા છોડી જાય.

દિવસે જો તમને સપનું આવે
તો સમજજો કે થાકે પડખું બદલ્યું છે.
રાતે જો તમને સપનું ન આવે
તો સમજજો કે થાક હજી જાગે છે.

૩.

રાત હવે લાંબી થતી જાય છે
ને અંધારું ઘેરું.
અહીંથી ધુમાડા ને ધુમ્મસનો ભેદ કળાતો નથી.
ઘર અને દુકાન વચ્ચેનો તફાવત જણાતો નથી.
વ્યવહાર અને વેપાર વચ્ચેનું અંતર સમજાતું નથી.
આવામાં દીવો કે મશાલ કે બલ્બ
બહુ કામ નથી આવતા.
સૂરજ હવે ક્યારે ઊગશે કોણ જાણે?
રાત લાંબી છે ને વેશ જૂજ.
અહીંથી ચહેરો ઊકલતો નથી,
એટલે કૅરેક્ટર સમજાતું નથી.
પ્લૉટ તો એનો એ જ છે.
છેવટે કૅરેક્ટર તો ઉઘાડું પડી જ જશે,
સસ્પેન્સ છતું થઈ જ જશે.
થોડો વખત વધારે
રાહ જોવાની,
જોતાં રહેવાનું
પછી અંધારું પણ એના ભેદ ખોલશે.

❉

ગુજરાતની પાંચ હસ્તીઓને પદ્મશ્રી સન્માન

ભારતના ૭૭માં પ્રજાસત્તાક નિમિત્તે વર્ષ ૨૦૨૬ના પ્રતિષ્ઠિત 'પદ્મ પુરસ્કારો'ની જાહેરાત કરવામાં આવી છે. શિક્ષણ, ચિકિત્સા, કલા અને સમાજસેવા જેવા ક્ષેત્રોમાં અપ્રતિમ યોગદાન આપનારા મહાનુભાવોને પદ્મ પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે. આમાં આપણા પ્રિય હાસ્યકાર રતિલાલ બોરીસાગર, તબલાવાદક મીર હાજી કાસમ, 'હાજી રમકડું' આધુનિક 'પ્રેમાનંદ' માણભટ્ટ ધાર્મિકલાલ પંડ્યા, તખ્તાના કસબી અરવિંદ વૈદ્ય અને અંગદાનના ક્ષેત્રે અગ્રણી નિલેશ માંડલેવાલાનો સમાવેશ થાય છે. આ બધાને ગુજરાતી સાહિત્ય પરિષદના હૃદયપૂર્વકના અભિનંદન.

ત્રણ બોન્સાઈ ગીત | મધુસૂદન પટેલ 'મધુ'

૧.

જાણો છો તો આપ તથાગત!

અંધારાની જાત સનાતન,
અજવાળાની ન્યાત
સલામત!
જાણો છો તો...

એ શું પામ્યો એને પૂછો,
જેણે જેણે ત્યજી અદાવત.
જાણો છો તો...

હવે વધુ શું કહેવું વ્હાલા?
પૂજા ઉર્ફે અદબ, શરાફત.
જાણો છો તો... –

૨.

પતંગિયું પલળે ના પલળે
એની મરજી.

મેઘો પોતે ક્યાં કોઈ
ફરિયાદ કરે છે?
એ બસ એનું કામ કરે તો
હરખે હરજી.
પતંગિયું પલળે ના પલળે...

એક જ ઘરમાં શ્રદ્ધા, શંકા
ભેગાં રહે છે,
એનું નામ જ ખરો
સનાતન, સમજ્યા સરજી?
પતંગિયું પલળે ના પલળે... –

૩.

મંજિલ પામ્યા પછી જે પૂછે;
હવે શું કરવું હે સાધો?

ટીંગાટોળી કરીને એને
પાછો ઘેરે લઈ આવો,
અથવા ઊંધો લટકાવીને
પગમાં પૈડાં પહેરાવો.
મંજિલ પામ્યા પછી જે પૂછે...

ખાધુંપીધું રાજ કર્યાની
બાળવાર્તા સંભળાવો,
અથવા તો 'પૂછકણિયો'
એવું tattoo ભાલે ત્રોફાવો.
મંજિલ પામ્યા પછી જે પૂછે...

દોહિત્રી | રાકેશ દેસાઈ

તળે
હૂંફાળાં ગર્ભજળે
વસતી તું અચાનક, જાણે દૈવી નાટક હોય
એમ,
મૅટરનિટી હૉસ્પિટલમાં
ટ્યૂબલાઇટના ઉજાસમાં વાતચીતથી
ઘેરાયેલા પારણામાં
મુકાય છે—
રંગમંચ તરફ ધસવા માંગતા
હરખઘેલા પણ શિસ્તબદ્ધ પ્રેક્ષકની જેમ
હું નવજાત દોહિત્રીને
લગભગ થંભેલા શ્વાસે તાકી રહું છું.
નવ માસના વળો ને વળાંકો પછી ફળેલી
આ ક્ષણ તારાથી કેટલી ભરચક છે!
કહેવાય છે એમ, જીવન કથા કરતાં પણ
વધુ રોમાંચક છે.

ક્યારેક સહેજ ખૂલતી આંખો, બંધ હોઠ,
માથે થોડાઘણા વાળ,
નાનકડા હાથપગ, ડૂંટીમાં બચેલી નાળ—
તારા બચૂકડા શરીરને સ્પર્શવા મારાં પુખ્ત
ટેરવાં કરગરે છે,
પણ મારું બરછટપણું તને અડકતાં ડરે છે.
તારા હાથની મુઠ્ઠીમાં વળેલો અર્થ
હજી પૂરો ખૂલ્યો પણ નથી,
તારા બંધ મોંનું હંગામી મૌન
હજી રુદનમાં પૂરું ઓગળ્યું પણ નથી.
તારી અડધી બિડાયેલી આંખમાં
હજી દૃશ્યનું કમળ પૂરું ખીલ્યું પણ નથી,
પણ તારું માત્ર હોવું જ એ કરી દે છે—
મને ઉપરની પેઢીમાં ધકેલી દે છે.

ભૂત અને ભવિષ્ય સાથે હજુયે રમતી
આવી ફળદાયી પળના અપરિસીમ ગજામાં
ડૉનલ્ડ હૉલને ઊગતી પેઢીમાં
પોતાના જીવનનો અસ્ત દેખાય છેઃ
“માય સન, માય એક્સિક્યૂશનર.”
છતાંય
તારાથી કાલોઘેલો બનેલો આ કાળ
મારા માટે
મૃત્યુદાયી નહીં, મોક્ષદાયી જ હશે.

પાન પર પોઢેલા પતંગિયાની જેમ
તને કેવી અખૂટ શ્રદ્ધા છે
આજુબાજુની દુનિયા પર!
પરમ કૃપાળુ એ શ્રદ્ધાને સાચી ઠેરવે!
ઓહ! તારી વધુ ઊઘડતી આંખોને
કદાચ સામેની ટ્યૂબલાઇટ આંજી
નાંખે છે . . .
મેં ઝડપથી બાજુમાં પડેલું છાપું
આડશ તરીકે એની આંખો પર ધરી
દીધું,
જેમાં ઇઝરાયલ-ગાઝાના યુદ્ધ
અંગેની હેડલાઇન હતી.

વિદુષી

બિન્દુ ભટ્ટ

નૅશનલ હાઈવે છોડીને કાર ડાબી બાજુ વળી. એક સમયનું કહેવાતું જૂનું બસસ્ટૅન્ડ, રાણીતળાવ પાસેથી ખસીને અમદાવાદ-રાજકોટ હાઇવે પાસેના વગડામાં ગયું ત્યારે લોકોએ કકળાટ કરી મૂકેલો. 'અહીં તો મરતાંનેય પાણી મળે એવું નથી, ત્યાં ચા-નાસ્તાની ક્યાં માંડવી ? રાત-વરત કે વેળા-કવેળા બસમાંથી ઊતરીએ ને વાહન નો મળે તો ગાઉ છેટે ટાંટિયા તોડતાં જાવું પડે. એય ને પે'લાં તો કેવું સારું હતું કે બસસ્ટૅન્ડની આજુબાજુ દવાખાનાં, બજાર, શાકમારકીટ અને ટૉકીઝ – બધું પગડાનો ઘા. આજુબાજુનાં ગામડાંનાં પૅસેન્જરને કોઈ અગવડ નહીં.' એણે જોયું હવે તો અહીં એક મૉલ આવવાનો જ બાકી હતો. બસસ્ટૅન્ડની બંને બાજુના રસ્તે મલ્ટિસ્પેશિયાલિસ્ટનાં દવાખાનાં, દવાની દુકાનો, હોટલ, પંજાબી ઢાબા, ગૅરેજ, મોબાઇલની દુકાનો, રેડિમેઇડ કપડાંના સ્ટોર્સ અને કટલરીની લારીઓ. ફૂટપાથ પર ઠેકઠેકાણે પેપરડિશ, પ્લાસ્ટિકના કપ અને ચમચીઓના ઢગલામાં એઠવાડ ફેંદતાં ગાય-કૂતરાં જોઈને લાગતું હતું કે રાતે ખાણીપીણી બજાર પણ અહીં જામતું હશે. માલવિકાને થયું, કેટલું બધું બદલાઈ ગયું છે ! પછી થયું, એ પણ પૂરા પાંત્રીસ વર્ષે આવી છે, પોતે પણ કેટલી બદલાઈ ગઈ છે !

કારની જમણી બારીમાંથી જશેશ્વરમંદિરનો ઝાંપો દેખાયો ન દેખાયો અને પસાર થઈ ગયો. એણે પાછું વળીને જોયું તો મંદિરની ધજા આંખમાં ઝિલાઈ ગઈ. સહજ જ એના હાથ જોડાઈ ગયા. મોળાકત, ગૌરીવ્રત, ફૂલકાજળી, ચાંદરણ અને કેવડાત્રીજમાં અહીં પૂજા કરવા આવતી હતી. કૉલેજના બીજા વર્ષે એણે જ્યારે સાકરિયા સોમવારનું વ્રત લીધું ત્યારે સાહેબે કહેલું, 'તારે શંકરની નહીં, સરસ્વતીની આરાધના કરવાની છે.' એની નજર પાછી વળી અને આશ્રમ ચાર રસ્તાના ડાબા ખૂણે ભોંઠી પડી. એ બોલી પડી 'અરે !' મેરુભાઈ સિંગ-દાળિયાવાળાના થડે એક કાઉન્ટર પર ઝૅરોક્સ મશીન આવીને બેસી ગયું હતું. ડ્રાઇવરે જમણે વળવાનું સિગ્નલ આપ્યું. એણે કહ્યું, 'આપણે સીધા જવાનું છે.' સંસ્થાનો ડ્રાઇવર બોલ્યો, 'મેડમ, લાગે છે તમે ઘણાં વર્ષે આવો છો. કૉલેજનું નવું બિલ્ડિંગ સ્ટેશન રોડ પર છે.'

કૉલેજની સુવર્ણજયંતી ઊજવાઈ રહી હતી. સંસ્થાએ ભૂતપૂર્વ વિદ્યાર્થિની એવી પદ્મશ્રી માલવિકાને અતિથિવિશેષ તરીકે બોલાવી હતી. સ્ટેશન રોડ પણ બદલાઈ ગયો હતો. પોસ્ટઑફિસ સામેની બૉયઝ હાઈસ્કૂલના છાપરેથી વિદેશી નળિયાંએ વિદાય લઈ લીધી હતી. હા, જૈન દેરાસર અને બોર્ડિંગ યથાવત્ હતાં. નગરપાલિકાના કહેવાતા

બગીચા પછી પ્રોફેસર સોસાયટીનું બોર્ડ આવ્યું અને ગાડી મુખ્ય રસ્તો છોડી જમણે વળી. સામેથી એક ટેમ્પો આવતો હતો. એને જગ્યા આપવા ડ્રાઈવરે કાર સાઇડમાં લઈ ઊભી રાખી. એક સમયે આ સોસાયટી ગામનું બુદ્ધિધન કહેવાતી. ગામમાં સંઘવી શેરી અને શુકલ પા, પટેલ વાસ અને ખત્રીની ખડકી, સોની ફળિયું અને દરજીનો ડેલો, બાયલું પરું અને નીચલો વાસ અને એવું બધું. સોસાયટીમાં રહેવું એક સ્ટેટસ ગણાતું. મૅટ્રિકમાં હતી ત્યારે નાનાજીને કહેતી, 'આપણે સોસાયટીમાં રહેવા ન જવાય?' 'હા, જવાય પણ પછી ઉતરાણમાં પતંગ પાછળ એક છાપરેથી બીજે છાપરે ઠેકતાં ફરો છો, અહીં મેડીએ ચડી ઝરૂખામાંથી પાડોશમાં વાનગી વહેવારની જોડે ગપ્પાંની મજા લ્યો છો. વ્રતનાં જાગરણમાં શેરીની બધી છોકરીઓ ચાર ચોકે ફુવારા પર ચડીને ખેલ પાડો છો એ બધું બંધ. ત્યાં તો બધાં એટીકેટવાળાં. ચાર વાર બોલાવો ત્યારે એક વાર હોંકારો દે તો દે, નક્કી નહીં!'

આજે એ સોસાયટીની રોનક કાં તો પરદેશ જતી રહી હતી અને કાં તો પરલોક. જેમાં લોકો રહેતા હોય એવા બંગલા પણ અવાવરું ચહેરે જાણે ગઈ કાલમાં જ અટકેલા હતા. માલવિકાએ વાંચ્યું, 'ઉપનિષદ'. અરે આ તો સાહેબનો બંગલો! સ્ટડીની અધખુલ્લી બારીમાંથી ટેબલ પર પડેલો લૅમ્પ દેખાયો. આ સ્ટડીમાં સાહેબ પાસે બેસીને રસમીમાંસા નિમિત્તે જીવનનાં રહસ્યો જાણ્યાં હતાં. કમ્પાઉન્ડમાં શિરીષના ઝાડની સુકાયેલી શીંગો હવાના ધક્કે ખખડતી વિદાયની રાહ જોતી હતી. એની નીચે પાર્ક કરેલી ગાડીના કવરને ધૂળે ઢાંકી દીધું હતું, લૉબીમાં હિંડોળાની એક બાજુનો તકિયો ઊંચો થઈ રસ્તો જોતો હતો, મોટા ઝાંપાની ખુલ્લી બેપરવા ગરક બારી. જાણે કહેતી ન હોય આવો તોય સારું, ન આવો તોય... મકાન ખાલી તો લાગતું ન હતું, છતાંય ખાલીપાનું ફાળિયું માથે બાંધીને બેઠેલું દેખાયું.

'આવો આવો મેડમ, રસ્તામાં કોઈ તકલીફ તો નથી પડીને?' કહેતાં હાલના ટ્રસ્ટી અને ભૂતપૂર્વ અધ્યાપક મહેતા ગાડીનું બારણું ખોલતાં બોલ્યા. એમની બાજુમાં નમસ્તેની મુદ્રામાં ઊભેલાં અને ચણિયા-ચોળીમાં સજ્જ ગોરાં અને ખાધે-પીધે સુખી પ્રૌઢ મહિલા ઊભાં હતાં. માલવિકાએ સહેજ સ્મિત કરી એમની સામે પણ નમસ્તે કર્યું તો મહેતાએ એમનો પરિચય આપ્યો, 'આ આચાર્યા. આપણી કૉલેજનાં જ વિદ્યાર્થિની છે.' મેકઅપ કરેલા ચહેરા પરનો પરસેવો ટિસ્યૂ પેપરથી લૂછતાં ઉતાવળે એમણે અછડતા હાથ જોડ્યા. 'સાયેબ, હું જરા હૉલની વેવસ્થા જોઈ લઉં, જરાક રેઢાં રે'શે તો છોકરાંઓ વયા જાસે.' કહી માથે આખી સંસ્થા ઉપાડતાં એ ગયાં. ઑફિસનાં પગથિયાં ચડતાં માલવિકાએ જોયું તો પરસાળમાં કેટલીક છોકરીઓ હાથમાં ગુલાબની પાંદડીઓના થાળ અને બૅન્ડ સાથે તૈયાર ઊભી હતી. મન સંકોચાઈ ગયું. શું આ બધું મારા સ્વાગતમાં? પોતે આવી તો ગઈ હતી છતાં મન હજી આજમાં પ્રવેશવા તૈયાર ન હતું. મહેતા ઑફિસમાં આરામખુરશી પર બેઠેલા બીજા ટ્રસ્ટીને કહેતા હતા,

"શેઠસાહેબ, આપણી કૉલેજનો પાયાનો પથ્થર આજે રાષ્ટ્રીય કક્ષાએ પોંખાય એ નાનીસૂની વાત નથી. માલવિકા તું, સૉરી મેડમ માફ કરજો, કહેવું પડે તમે યુવાનીમાં જેટલાં સુંદર હતાં એનાથી પણ વધુ સુંદર લાગો છો. હેં હેં..." મહેતાના 'હેં હેં'ના પડઘામાં માલવિકાને સંભળાયું, 'કેમ અમે તમને નથી ભણાવતાં તે આખો દિવસ અંશુમાનસાહેબની પાછળ ફર્યા કરો છો?' આજેય કહેવું હતું કે, 'સાહેબ તમે ભણાવવા સિવાયનાં બધાં કામ

કરતા રહો છો.' એણે કશું ન કહેતાં કૉફીનો કપ લેવા હાથ લંબાવ્યો. શેઠસાહેબે પૂછ્યું, "પ્રોફેસર અંશુમાન અહીં છે કે દીકરા પાસે યુએસએ?" માલવિકાના હોઠે પહોંચેલો કપ સહેજ હલ્યો. "જોજો, કૉફી તમારી સાડી પર ઢળે નહીં?" મહેતા બોલી ઊઠ્યા. મહેમાનોને સભાખંડમાં બોલાવવા આવેલાં આચાર્યાએ જવાબ આપ્યો, "અંઈ જ છે પણ બે મહિના પહેલાં લકવામાં જમણું અંગ ઝલાઈ ગયું છે તે પથારીવશ થઈ ગ્યા છે. દીકરો એક મહિનો રોકાણો પછી ચોવીસ કલાક માટે માણસ રાખીને ગ્યો. આમેય બહેન ગુજરી ગયાં પછી સાહેબને કયાં મજા રે છે?" માલવિકાએ ધીરેથી કપ નીચે મૂકી કહ્યું, "બહુ ગળી છે." પછી ખુરસી પરથી ઊભી થઈ ગઈ. આચાર્યાની ઑફિસમાંથી એણે પગ બહાર મૂક્યો ત્યાં સ્કૂલનું બૅન્ડ બજી ઊઠ્યું. આગળ બૅન્ડ અને મહેમાનો પર વરસતી પુષ્પપાંખડીઓ. એક પળ એના પગ થંભી ગયા.

આચાર્યા અને ટ્રસ્ટીઓને પુષ્પવર્ષા માણતાં જોઈ એને સાહેબના શબ્દો યાદ આવ્યા, 'સ્વાગતમાં પુષ્પ નહીં, પણ પુસ્તક આપો. બાકી ઉદ્‌ઘોષક તો પુષ્પગુચ્છનું પુચ્છગુચ્છ કરી નાંખે છે અને કાર્યક્રમ પૂરો થયે એ પુષ્પો ઠેબે ચડે છે.' એની નજરે તરવર્યું 'માનવસેવા' પરિવારે કરેલું સ્વાગત. પદ્મશ્રી લઈને એ આવી એ સાંજે સંસ્થાના નાના-મોટા સાજા-માંદા સભ્યો, સાથી કાર્યકરો અને સમગ્ર પરિસરના તમામ સ્વજનો ઢોલના તાલે આવડે એવું નાચતાં-ગાતાં એના સ્વાગતમાં જાતને ભૂલી ગયા હતા. નેવું વર્ષનાં ઝમકુબા હીંચ લેતાં પડી જાત, જો અણીના સમયે પડખે નાચતી હેતલના ઠૂંઠા હાથે ઝમકુબાને ઝાલી લીધાં ન હોત તો? શૂળીનો ઘા સોયથી સર્યો. મનોમન એ નારાજ તો થઈ પણ પછી સંસ્થા પરિવારના પ્રેમના પૂર સામે એનું કેટલું ચાલે? અહીંયાં આ સ્વાગતમાં શું સમજવું? પ્રેમ કે ભવિષ્યમાં યુ. જી. સી. અને સરકારમાં સંસ્થાની સિદ્ધિમાં ગણાવવાની યોજના? ખેર, એ પોતે તો પ્રેમ અને નિસબતથી આવી હતી. માલવિકા પાંદડીઓથી બચીને ચાલવા લાગી. કેટલુંય સાચવો તોપણ હંમેશાં કયાં બચી શકાતું હોય છે? સભાખંડના બારણે ડાબી બાજુ એક કન્યા કંકાવટી લઈ ઊભી હતી અને જમણી બાજુ બીજી કન્યા આરતી લઈને.

માલવિકાના કપાળમાં દસ રૂપિયાના સિક્કા જેવો મોટો લાલચટ્ટક ચાંલ્લો જોઈ કન્યાએ હોંશથી કંકુ અને ચોખા ચોડ્યા. બીજી કન્યાએ આરતી ઉતારવા માંડી. માલવિકા એને રોકવા ગઈ ત્યાં આરતી સાથે, એના હાથે ચમકતાં સરકતાં સોનેરી કંગનો જોતી એ પહોંચી ગઈ ભૂતકાળમાં. કૉલેજનો પહેલો દિવસ હતો અને સંસ્કૃતનું પહેલું લૅક્ચર હતું. 'કાલિદાસની રચનાઓમાં નાયિકાઓની વિવિધ મુદ્રાઓ ધ્યાનથી જોઈએ તો લાગે કે મહાકવિ આપણી ભારતીય નૃત્ય-કળાના પણ જ્ઞાતા હતા.' 'માલવિકાગ્નિમિત્રમ'માં થોડે દૂર ઊભેલી માલવિકાની કટિનો વળાંક, સહેજ નમેલા ખભા, નીચેની તરફ સરકી આવેલું કંગન... એને સંભળાતું હતું. એને દેખાતી હતી બેંચ પર બેઠેલી એક મુગ્ધા, સાહેબના એકેએક શબ્દને પીતી. રંગબેરંગી કચ્છી ભરત ભરેલા કાળા રંગના સ્કર્ટ અને લાલ રંગના ટોપનાં આભલાંઓ પર બારીમાંથી આવતા સૂર્યપ્રકાશથી અંજાયેલા પ્રોફેસર અંશુમાન અકળાઈને બોલી ઊઠેલા, 'કોણ પાડે છે આ ચાંદારણાં? બંધ કરો.' આખા વર્ગની આંખો એની બેંચ તરફ ધસી આવી હતી. બાજુમાં બેઠેલી બીજી વિદ્યાર્થિનીઓ હવામાં ઓગળી ગઈ હતી. એ એકદમ ડઘાઈ ગઈ હતી. થોડી વાર પછી એ ઊભી થઈ, એક ક્ષણ પ્રોફેસરની આંખ સાથે આંખ મેળવી ચુપચાપ વર્ગની બહાર નીકળી ગઈ

હતી. એનાં ધીમાં અને મક્કમ પગલાંના ઠસ્સાએ ઘડીભર વર્ગની હવાનો પણ શ્વાસ રોકી રાખેલો. કૉલેજમાં લોકપ્રિયતા અને વિદ્વત્તામાં શિરમોર એવા પ્રોફેસર અંશુમાન સાથે આંખ મેળવવી એટલે? માલવિકાની કમર પર ઝૂલતા ચોટલામાં પરોવાયેલું જાસૂદ ઉંબર પર સરી પડેલું.

સભાખંડની પહેલી હરોળ તરફ આગળ વધતા મહેમાનોને સંભળાયું, "આજનાં આપણાં વિશિષ્ટ મહેમાન અને આપણી સંસ્થાનું જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતનું ગૌરવ એવાં પદ્મશ્રી શ્રીમતી માલવિકા આપણી વચ્ચે આવી ચૂક્યાં છે. આપણે સુપેરે તાળીઓ પાડી તેમનું સ્વાગત કરીએ. આચાર્યાશ્રીને વિનંતી કે મહેમાન અને સંસ્થાના હોદ્દેદારો સાથે મંચ પર પધારે." મંચ પર સહુને બેઠક તરફ દોરી જતાં મહેતાએ શેઠસાહેબને કહ્યું, "સાહેબ! તમને અહીં સાઇડમાં સારું રહેશે. શરદી છે ને વળી પાછળથી એ.સી.ની ઠંડી હવા સીધી માથા પર આવે." માલવિકા સમજી ગઈ કે મહેતાએ સિફતથી તેની બાજુની બેઠક બોટી લીધી. એના ચહેરા પર આછું સ્મિત ઝબકી ગયું. ગુલાંટ ભૂલવી અઘરી છે! એ ભણતી હતી ત્યારે મહેતા એને ક્યારેક આઈ.એમ.પી. લેવા બોલાવતા તો ક્યારેક વકતૃત્વ સ્પર્ધાની તૈયારી કરાવવાનો ઉત્સાહ દેખાડતા અને એ પોતે એન.એસ.એસ.ની મિટિંગ છે કે નાટકની પ્રૅક્ટિસ છે કહીને છટકી જતી.

એ સોફા પર બેઠી અને એના કાને શબ્દો પડ્યા, "રસમ અહીંની જુદી નિયમ સાવ નોખા.." માલવિકાના મનમાં અર્ધો શેર સાહેબના અવાજમાં પડઘાયો... 'અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા..' એ પોતે પણ શરૂઆતમાં આમ જ સાહેબે તૈયાર કરાવેલી સામગ્રી વાંચીને સંચાલન કરતી હતી. ફરક એટલો કે આજે આ કન્યા સીગ્રીન પાર્ટીગાઉનમાં છે અને પોતે કલકત્તી કૉટનમાં. કૅન્સરમાં મમ્મીના ગયા પછી નાના-નાનીએ પપ્પાનાં બીજાં લગ્ન કરાવ્યાં હતાં અને છ મહિનાની માલવિકાને પોતાની પાસે રાખી ઉછેરેલી. નાની પાસે કાં તો સાવ સામાન્ય સાડીઓ હોય અથવા લગ્નપ્રસંગમાં પહેરાય એવી સાડીઓ. સાહેબનાં પત્ની અપર્ણાબહેન તેને પોતાની સાડી આપતાં અને પહેરાવી પણ દેતાં. એક વાર તો સફેદ ગાળો અને લાલ બૉર્ડરવાળી કૉટનની સાડીમાં તેને જોઈને સાહેબ બોલી ઊઠેલા :

'અપર્ણા! આ સાડી માલવિકાને આપી દે!'

આ સાંભળીને ચોંકી ગયેલાં બહેન એક પળ પછી વાતને હસી કાઢતાં બોલેલાં,

'પ્રોફેસર ભૂલી ગયા ને? આ તો તમે મને આપેલી સૌથી પહેલી ભેટ છે!' પછી ઉમેરેલું, 'જોજો ને માલવિકાને આવું જ, પણ રેશમનું પાનેતર હું પહેરાવીશ.'

'અરે! લગનની ક્યાં માંડે છે? એને તો સંસ્કૃત સાહિત્યમાં રિસર્ચ કરીને દેશમાં ડંકો વગાડવાનો છે.'

'રિસર્ચ પછી પણ લગ્ન તો થાય ને! કેમ મેં પણ રિસર્ચ પછી લગ્ન ન કર્યાં?' 'લગ્ન પછી સ્ત્રીની પ્રાયોરિટી બદલાઈ જાય છે.' 'કારણ કે લગ્ન પછી પણ પુરુષ, પ્રથમ પુરુષ એકવચનમાં જ વિહરે છે. હું, મને અને મારું. હું આમ ન કરું અથવા આમ જ કરું, મને આમ ફાવશે અથવા નહીં ફાવે અને મારું કામ આ છે અને આ નથી. 'આપણાં' શબ્દનો સંપૂર્ણ હવાલો સ્ત્રીને સોંપી દેવાય છે!' કહી અપર્ણાબહેન બેડરૂમમાં જતાં રહેલાં.

એ સમયે તો પોતે બઘવાઈ ગયેલી. પરંતુ આટલા સમય પછી ... "આપણી સંસ્થાનાં આચાર્યાશ્રીને વિનંતી કે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરે."

આચાર્યાશ્રી વાંચતાં હતાં : "આજની ઘડી અનેક રીતે રળિયામણી... આપણી સંસ્થા પચાસ વર્ષ પૂરાં કરવા જઈ રહી છે. સમગ્ર જિલ્લાની આ પહેલી કૉલેજ હોવાનું અમને ગૌરવ છે. આરંભે તો માત્ર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ હતી. પરંતુ સંસ્થાનાં પચીસ વર્ષ પૂરાં થયાં ત્યારે આપણા મૅનેજિંગ ટ્રસ્ટીશ્રીએ આપણને હોમ સાયંસ કૉલેજની ભેટ આપી. આમ એક બીજમાંથી વટવૃક્ષ બનવાની દિશામાં આપણે આગળ વધ્યા અને આજે મને જણાવતાં આનંદ થાય છે કે.." "અરે, અરે બહેન, હમણાં જાહેર ન કરતાં.' મહેતાએ એમને અટકાવ્યાં અને આચાર્યાશ્રીનાં કાગળિયાં અટવાયાં. એમને ફાંફાં મારતાં જોઈ માલવિકાને પહેલી વાર પોતે ભજવેલા નાટકનાં ભોપાળાં યાદ આવ્યાં.

થયેલું એવું કે બીજા દિવસે માલવિકા કૉલેજની લાઇબ્રેરીમાં બેઠી બેઠી છાપાની મહિલા પૂર્તિમાંથી ફરાળી વાનગીઓની રીત પોતાની નોટમાં ઉતારતી હતી ત્યાં પ્રોફેસર અંશુમાન આવ્યા. એ એકદમ ઊભી થવા ગઈ ને ત્યાં એની સામેની ખુરશી પર બેસતાં પ્રોફેસર બોલ્યા : 'બેસો બેસો ...ગઈ કાલે હું જરા વધારે ઉગ્ર થઈ ગયો. તમને માઠું લાગ્યું હશે, નહીં ?' એ કાંઈ ન બોલી. 'એમાં એવું છે ને કે ભણાવતી વખતે અને એમાંય અભ્યાસક્રમમાં કાલિદાસ હોય ત્યારે તો હું જુદા જ લોકમાં હોઉં છું. તમારાં વસ્ત્રોમાંનાં દર્પણોએ પાડેલાં ચાંદરણાંએ મારા વક્તવ્યનો લયભંગ કર્યો અને હું જુદી જ ભૂમિ પર આવી ગયો.'

'સૉરી સાહેબ, મેં તમારા કલ્પનાલોકને વિખેરી નાખ્યો.'

'ના, ના, તમે તો કલ્પનાલોકથી પણ વધુ રમણીયલોકમાં મને લઈ આવ્યાં. ખરેખર તો મને મારા નાટકની મૃગનયની નાયિકા મળી ગઈ.' એ વર્ષે સાહેબે આષાઢ મહિનાના પ્રથમ દિવસે 'અભિજ્ઞાનશાકુંતલમ્'ના થોડા અંશો સંકલિત કરી વિદ્યાર્થીઓ પાસે નાટક કરાવેલું અને નાયિકા હતી માલવિકા !

પ્રોફેસર અંશુમાનની ધીરોદાત્ત નાયક જેવી દેહયષ્ટિ, એમની વાક્છટા અને તપખીરિયા તોફાની આંખો ! એવું કોણ હતું જે એમના વ્યક્તિત્વની મોહિનીથી બચ્યું હોય ! કાર્યક્રમનું સંચાલન કરતી કન્યાના અવાજે માલવિકાને વર્તમાનમાં આણી.

"હવે હું આપણી કૉલેજની સુવર્ણજયંતી પ્રસંગે અતિથિવિશેષ તરીકે પધારેલાં શ્રીમતી માલવિકાબહેનનું સ્વાગત કરવા માટે આપણી સંસ્થાના ટ્રસ્ટી શ્રી મહેતાસાહેબને વિનંતી કરીશ."

મહેતા ગુલાબનાં ફૂલોનો હાર પહેરાવવા જતા હતા ત્યાં માલવિકાએ એમને રોક્યા,

'માફ કરજો સાહેબ ! પરંતુ હું આ સંસ્થાની ધૂળ પણ લઉં તો મને પાપ લાગે. આ હાર, શાલ અને સ્મૃતિચિહ્ન બધું જ મારા માટે અગ્રાહ્ય છે. ખરેખર તો મારે માટે સંસ્થાનું ઋણ ચૂકવવાનો આ મોકો છે.'

હાથમાં હાર અને અધખુલ્લું મોં લઈ મહેતા ઊભા રહી ગયા. માલવિકાએ આખી સભાને વંદન કર્યાં અને પોતાની ખુરશી પર જઈ બેસી ગઈ. સંચાલકે કાર્યક્રમ આગળ

ચલાવતાં કહ્યું, "છેલ્લાં ત્રીસ વર્ષથી માંડેલા સેવાયજ્ઞના કારણે આપણી સરકારે શ્રીમતી માલવિકાબહેનનું, ગુજરાતની પનોતી પુત્રીનું પદ્મશ્રી આપી સન્માન કર્યું છે. આ અવસરે આપણે સૌ માલવિકાબહેનની સેવાયાત્રા જાણવા ઉત્સુક છીએ. પરંતુ પહેલાં, હું આપણા મહેતાસાહેબને વિનંતી કરીશ કે પદ્મશ્રી શ્રીમતી માલવિકાબહેનનો વિગતવાર પરિચય આપે."

મોબાઇલમાં જોતાં જોતાં મહેતા બોલવા માંડ્યા : "માનનીય પદ્મશ્રી માલવિકાબહેન, શેઠસાહેબ, આચાર્યા બહેન અને આપ સર્વે. આજે માલવિકાબહેનનો પરિચય આપવો એટલે કે સૂરજ સામે દીવો ધરવા જેવું છે! છેલ્લા એક મહિનાથી સતત છાપાં, નૅશનલ ટીવી, ખાનગી ચૅનલો, આપણી લોકલ ચૅનલ તથા સોશિયલ મીડિયા પર જ્યાં જુઓ ત્યાં માલવિકાબહેન છવાયેલાં છે. કયાંક તસવીરોમાં એમના જીવનનો ઇતિહાસ તો ઇન્ટરવ્યૂઓમાં આત્મકથાના અંશો. એટલે કે એમના વિશે આમ કશું જ અજાણ્યું નથી અને આમ છે. હું આજે આપણાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની રૂપે એમનો પરિચય આપીશ. કહેવત છે ને કે પુત્રનાં લક્ષણ પારણામાં. હિન્દીમાં કહીએ તો હોનહાર બીરવાન કે હોત ચિકનેપાત એમ નાનપણથી જ પદ્મશ્રી માલવિકાબહેન અત્યંત સુંદર અને હોશિયાર. આપણી ભગિનીસંસ્થા શેઠ સી. એ. કન્યાશાળાનું એ ગૌરવવંતું નામ. એ જમાનામાં ટેન પ્લસ ટ્વેલ્વ ન હતું. મૅટ્રિકની પરીક્ષામાં પહેલા જ પ્રયત્ને એમને સફળતા હાંસલ કરેલી. કૉલેજની ઇતર પ્રવૃત્તિમાં એ સતત સક્રિય. કૉલેજના પહેલા વર્ષે નાટ્ય-ઉત્સવમાં હું ભૂલતો ના હોઉં તો આપે સંસ્કૃત નાટકમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર મેળવેલો.' માલવિકાને યાદ આવ્યું, એ તો જયદેવે અણીની ઘડીએ સૂત્રધારની જેમ આવીને નાટકને સંભાળી લીધેલું બાકી પોતે તો અંતના ખાસ્સા સંવાદો ભૂલી ગયેલી. એ સમયે આ એકમાત્ર સંસ્કૃત નાટક ભજવાયેલું એટલે પ્રોત્સાહન રૂપે નાટકને પુરસ્કારો મળેલા. ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન!

"દર વર્ષે ઉજ્જૈન મુકામે દેવઊઠી એકાદશીને દિવસે કાલિદાસ સમારોહ થાય છે. દિવસે પરિસંવાદ ઉપરાંત નિબંધ, વકતૃત્વ અને સાહિત્યિક પ્રશ્નોત્તરીની સ્પર્ધાઓ હોય. રાત્રે આખા ભારત અને વિદેશમાંથી આવેલી નાટ્યમંડળીઓ, જુદી ભાષાઓ, જુદી લોકબોલીઓ અને જુદી જુદી નાટ્યશૈલીમાં કાલિદાસનાં નાટકો ભજવે. આપણાં માલવિકાબહેન એમાં કાયમ ભાગ લેતાં રહ્યાં અને પુરસ્કારો જીતતાં રહ્યાં."

માલવિકાએ જયદેવને મોબાઇલમાં મૅસેજ ટાઇપ કર્યો, 'અત્યારે તું હાજર હોત તો મને કાનમાં કહેત, 'અસત્યો માંહેથી પ્રભુ...' અને હું 'હે પ્રભુ આમને માફ ન કરતો, કારણ કે એ જાણે છે કે એ શું કરી રહ્યા છે...' માલવિકાને યાદ આવ્યું. પહેલા વર્ષે કાલિદાસ સમારોહમાં ગયાં ત્યારે પ્રોફેસર અંશુમાને સંસ્કૃત અભિભાષણ સ્પર્ધા માટે માલવિકા અને જયદેવને તૈયાર કર્યાં હતાં. એમણે પોતે પણ એક સંશોધનલેખ રજૂ કરેલો. કાર્યક્રમ તો સાત દિવસનો હતો, પરંતુ સાહેબને રજાઓની અનુકૂળતા હતી નહીં, એટલે કૉલેજની આઇટમ પૂરી કરી એ લોકો ત્રીજા દિવસે પાછાં આવી ગયાં હતાં. સંસ્કૃત વકતૃત્વમાં જયદેવને પહેલો અને માલવિકાને બીજો પુરસ્કાર મળ્યો હતો, પરંતુ સાહેબે વર્ગમાં પહેલા અને બીજા પુરસ્કારની મભમ જાહેરાત કરી. માલવિકાને લાગ્યું કે સાહેબ ભૂલી ગયા હશે. જયદેવનો ક્રમ પહેલો છે. એ બોલવા ગઈ ત્યાં ઘંટ પડી ગયો. વર્ગની

બહાર સાહેબ પાસે સ્પષ્ટતા કરવા ગઈ તો એ કશું બોલે એ પહેલાં સાહેબે એની આંખમાં આંખ પરોવી કહ્યું, 'યસ આઈ નો.' એમની તોફાની તપખીરિયા આંખો અને અવાજ સમજાય ન સમજાય એ પહેલાં એ ત્યાંથી ખસી ગયા હતા. માલવિકાએ પગ ઉપાડ્યા તો ખરા પણ દિશા બદલાઈ ગઈ. એ દિવસે માલવિકા એન.એસ.એસ.ના ઉપક્રમે થતી અઠવાડિક પ્રવૃત્તિ માટે શહેરની અંધશાળામાં ન ગઈ. બીજા દિવસે જયદેવે એને કારણ પૂછ્યું, તો એ કશું કહી ન શકી. પરંતુ, જયદેવે કહ્યું,

'તને ખરાબ લાગ્યું પણ એ તો એવું ન કરે તો જ નવાઈ!

'એટલે?'

'આમ ગુસ્સામાં અવાજ ઊંચો ન કર. બધાં જાણે છે કે સાહેબને તારા માટે પક્ષપાત છે.'

કૉલેજથી છૂટી એ સાહેબના ઘરે ગઈ. અપર્ણાબહેન એકલાં હતાં. એણે અપર્ણાબહેનને વાત કરી અને ભાર દઈને કહ્યું કે – 'મારું મૅટર તો સાહેબે લખી આપ્યું હતું અને જયદેવે તો જાતે તૈયાર કર્યું હતું. આવું બરાબર કહેવાય?' એ સમયે તો અપર્ણાબહેને હસી કાઢતાં કહેલું, 'એ તો એમને તારા માટે લાગણી છે ને એટલે અનાયાસ થઈ ગયું હશે. છોડ.'

'મારા માટે લાગણી એટલે બીજાનું દિલ દુભાય એનું શું? અને મારી મરજીનું શું? જતી વખતે રસ્તામાં ટ્રેનમાં સાહેબ ઉપરની બર્થ પર સૂતા હતા. નીચે હું અને જયદેવ જોક્સ અને મજાક-મસ્તી કરતાં હતાં. પહેલાં તો કાંઈ ન બોલ્યા, પછી અચાનક ગુસ્સે થઈ ગયા અને જયદેવને ધમકાવતાં કહે, 'બી કેર ફૂલ, ડોન્ટ ટ્રાય ટુ ઇમ્પ્રેસ હર. આ સામાન્ય યુવતી નથી કે તારી વાતોમાં આવી જાય. ચલો, બંને તૈયારી કરો.' 'હેં બહેન, જો હું સામાન્ય છોકરી જેમ હસું, ગાઉં, નાચું, ખાઉં-પીઉં, વ્રત કરું, સુંદર તૈયાર થાઉં એટલે કાંઈ ખોટું કરું છું? ઉજ્જૈનમાં સાંજે માલવી ભાષામાં 'શિવ પારવતી રો બ્યાવ એટલે કે 'કુમારસંભવ' નાટક જોઈને પછી હું અને જયદેવ પાણીપૂરી ખાવા રોકાયાં તો સાહેબ એટલા બધા ગુસ્સે થયા કે પોતે એકલા ઉતારે જતા રહ્યા. આવું કેમ?'

'એ તો એમનો મૂડ બગડ્યો હશે.'

માલવિકાને લાગેલું કે અપર્ણાબહેન વાત ટાળતાં હતાં. ટી.વાય.બી.એ.માં દિવાળી વૅકેશનનો મેળ હતો એટલે ઉજ્જૈનના કાલિદાસ સમારોહમાં પૂરા સાત દિવસ રોકાવા મળ્યા હતા. અપર્ણાબહેન પણ સાથે હતાં. આ વખતે વકતૃત્વ ઉપરાંત ખાસ વિદ્યાર્થિનીઓ માટે યોજાયેલી સ્પર્ધામાં કાલિદાસની નાયિકા શકુંતલા વિશે માલવિકાએ રજૂ કરેલા પેપરને 'તિલોત્તમા પુરસ્કાર' મળેલો. જયદેવે માલવિકાને અભિનંદન ન આપ્યાં. માલવિકાએ સામે ચાલીને પૂછ્યું તો એણે કહ્યું,

'તારું પેપર રજૂ થાય એ પહેલાંથી જ પરિણામ નક્કી હતું. સાહેબનું મૅટર અને નિર્ણાયક પણ સાહેબ! માલવિકા, તું એટલી અબુધ નથી. સત્ય તુંય જાણે છે. તને પણ સહુના આકર્ષણનું કેન્દ્ર બનવું ગમે છે અને સાહેબને તું.'

જયદેવની વાત સાંભળી એ ઓઝપાઈ ગયેલી, જાણે ચોરી કરતાં પકડાઈ ગઈ ન હોય! સ્પર્ધાઓ પૂરી થઈ ગઈ હતી. બે દિવસ ખાલી હતા. ગુજરાતથી આવેલાં દસેક

વિદ્યાર્થીઓએ માંડુ જવાનું આયોજન કરેલું. જયદેવે માલવિકાને સાથે આવવા કહ્યું. એ ન ગઈ.

પાછા ફરવાના બે દિવસ પહેલાં અપર્ણાબહેન અને માલવિકા ગઢકાલિકાનાં દર્શને ગયાં હતાં. માતાજીની પ્રતીકાત્મક મુખાકૃતિ હતી. માતાજીના મૂળ આસન પર શ્રીયંત્રની સ્થાપના પછી પૂજારી એવી રીતે શણગાર કરે કે આપણને માતાજીના મુખ જેવું લાગે. દર્શન કરીને અપર્ણાબહેન કહે,

'માતાજીનો ચહેરો કેવો પ્રસન્ન-સુંદર લાગે છે, નહીં? કાલિદાસનાં આરાધ્યા દેવી ખરાં ને!'

'બહેન, સૌન્દર્ય તો જોનારની આંખમાં હોય છે.' માલવિકાએ કહ્યું.

'અરે તું તો સાવ સામાન્ય વાતમાં પણ તારા સાહેબની ભાષા બોલવા લાગી? મારે ઘણા સમયથી તારી સાથે શાંતિથી વાત કરવી છે આવ, આપણે બેસીએ.'

મંદિરના આંગણમાં લીમડાના ઝાડ નીચે બાંકડા પર એ બંને બેઠાં હતાં. અપર્ણાબહેન એનો હાથ હાથમાં લઈ કહેવા લાગ્યાં, 'ગમે. પુરસ્કાર મળે, પ્રસિદ્ધિ મળે. કોઈને પણ ગમે. પરંતુ તને હવે સમજાઈ જવું જોઈએ કે આ યશ અને કીર્તિ કોણ મેળવી રહ્યું છે?

'કોણ?'

'તું નહીં.'

'એટલે?'

'તું તો જાણે જ છે કે બધું જ લખાણ કાયમ તારા સાહેબનું જ હોય છે.'

'પણ હું વાંચીને, સમજીને, મોઢે કરું, સાહેબ કલાકો રિહર્સલ કરાવે. મારી મહેનતનું કાંઈ નહીં?'

'મહેનતનું મહત્ત્વ ખરું, પરંતુ મૂળ માટીમાં સત્ત્વ હોય તો ક્યારેક તો એ પોતાનો આગવો આકાર પ્રગટ કરે ને?'

'તમે તો જાણો છો ને દર વર્ષે હું એન.એસ.એસ.ની ગ્રામશિબિરમાં જાઉં છું. ત્યાં મહિલાઓ, બાળકો અને યુવકો માટે કેટલી બધી પ્રવૃત્તિમાં ભાગ લઉં છું. બેસ્ટમેન્ટરનાં ઇનામ લઈ આવું છું. તો શું એમ જ? મારામાં ...'

'મારે તને એ જ કહેવું છે કે - તારામાં સેવાની ભાવના છે. જે રીતે તું તારાં નાના-નાનીને સંભાળે છે અને એન.એસ.એસ. પ્રવૃત્તિના શ્રમનો આનંદ લે છે, દરેક વ્રત ઉમંગભેર કરે છે, લગ્નપ્રસંગોમાં સાંગી ગાવા જાય છે. નવરાત્રીમાં ગરબાસ્પર્ધાની આગોતરી તૈયારી કરે છે. ખબર છે ને દર વખતે તારું ગમતું કશુંક કરતી વેળા તારા સાહેબ ભાગ્યે જ રાજી હોય છે. એ સતત એવું આયોજન કરે છે કે તું એમના પર આધારિત રહે, એમની નજીક રહે. હું જાણું છું સાહેબને તારા માટે વિશેષ ભાવ છે, પરંતુ એમના ભીતરનો વિદ્વાન પુરુષ તને વિદુષી બનાવી પોતાની મહત્ત્વાકાંક્ષા સંતોષવા માગે છે. એક સમય એવો હોય છે જ્યારે વિદ્વાન પુરુષને પોતાનાથી વયમાં નાની સ્ત્રી બાલિશ લાગે છે. પછી પ્રૌઢ વયે એક સમય એવો આવે છે કે જ્યારે વિદ્વાનનું મન મુગ્ધા આંખોની

આરતી ઝંખે છે. એમાંય તું તો અત્યંત સુંદર પણ છે. વિદ્યાર્થિનીને વિદુષી બનાવવાના લક્ષ્યની આડશમાં પ્રોફેસર ક્યાંક પોતાની આસક્તિને તો પોષી નથી રહ્યા ને! મને તો તારામાં જીવનના ઉત્સવી રંગોથી છલકાતું મેઘધનુષી હૈયું થનગનતું અનુભવાય છે. હવે તું જ નક્કી કર કે તારી માટી કઈ છે?'

મહેતા બોલી રહ્યા હતા, "માલવિકાબહેનની શૈક્ષણિક સિદ્ધિઓ જોતાં અમને બધાંને, ખાસ તો પ્રોફેસર અંશુમાનને હતું કે બહેન રિસર્ચના ક્ષેત્રે વિશેષ કામ કરશે. પરંતુ અહીં પી. જી. સેન્ટરમાં એમ.એ.નું એક વર્ષ કરી એ પાટડી પાસેના અગરિયા સમુદાયના આરોગ્ય અને શિક્ષણ માટે કામ કરતી 'માનવસેવા' નામની સેવામાં જોડાઈ ગયાં. અભ્યાસ દરમિયાન જે નિષ્ઠા અને શ્રમથી કરેલી એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓ માલવિકાબહેનને વધુ સાર્થક દિશામાં લઈ ગઈ. મજાની વાત એ છે કે માનવસેવાના યજ્ઞમાં આપણી કૉમર્સ કૉલેજના વિદ્યાર્થી શ્રી જયદેવ કાપડિયાનો જીવનસાથી રૂપે સાથ મળ્યો છે.'

માલવિકાની આંખ સામે એમ.એ. પાર્ટ વનની માર્કશીટ ફરફરવા લાગી. સેકન્ડ ક્લાસ. કૉલેજનું પી. જી. સેન્ટર. બહારગામના વિઝિટિંગ અધ્યાપકો આવે, ન આવે. વળી એ વર્ષે પ્રોફેસર અંશુમાન સંસ્કૃત બોર્ડ ઑફ સ્ટડીના ચૅરમૅનપદની ચૂંટણી હારી ગયેલા.

માલવિકાનું પરિણામ જાણી અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં એમ.એસ.ડબ્લ્યુ.માં અભ્યાસ કરતો જયદેવ તેને મળવા આવેલો. એ સોમવારની સાંજ હતી. એ જગદીશ આશ્રમ ગયેલી. જયદેવને ખબર કે એ દર સોમવારની સાંજે આશ્રમમાં દર્શન કરી ભોગાવો નદીના સામે કાંઠે ફૂલનાથ મહાદેવના ઓટલે બેસે. એ સીધો ફૂલનાથ ગયો. કાંઠે બેઠેલી માલવિકાના હાથમાં ઇનલૅન્ડ હતું અને ભીની આંખો નદીના આછા-પાતળા પ્રવાહને તાકી રહી હતી. જયદેવે પાછળથી આવી એની આંખ દાબી દીધી. માલવિકા બોલી ઊઠી, 'સાહેબ?'

હથેળીઓ ખસેડતાં જયદેવ બોલ્યો, 'હજી સત્ય સમજાયું નથી કે સમજવું નથી? આ હીરોવર્શિપમાંથી બહાર આવ.'

'મારી અર્જુન જેવી દશા છે. સાહેબના મારા ઉપર કેટલાય ઉપકાર છે. હું પીએચ.ડી. કરું એ એમનું સ્વપ્ન છે. ભવિષ્યમાં એ મને પ્રોફેસર પણ બનાવવા માંગે છે. આખા આ પ્રોજેક્ટમાં ઓછામાં ઓછાં ચારપાંચ વર્ષ નીકળી જાય. નાના-નાની આયખાના છેડે પહોંચી રહ્યાં છે. એ મારાં લગ્ન અંગે વિચારે છે. હમણાં એકબે છોકરા પણ જોયા. સાહેબને વાયા વાયા ખબર પડી તો જો મને આ પત્ર લખ્યો.'

મહેતા આજે માલવિકાનાં વખાણ કરી કરી કોણ જાણે કયું સુખ લેતા હતા?

"કહે છે ને કે ઘરને ત્યજીને જનારને મળતી વિશ્વ તણી વિશાળતા. માલવિકાબહેને એ જમાનામાં બહુ ક્રાંતિકારી પગલું ભરેલું. સમાજસેવા કાજે ઘર અને અભ્યાસ છોડીને તેમણે નાત-જાત કે ઊંચ-નીચનો ભેદ કર્યા વિના બીજી નાતના યુવક સાથે મૅરેજ કર્યાં. પતિ-પત્નીએ ભાડાના મકાનમાં આરંભ કરેલી શાળા આજે રાજ્યમાં આદર્શ શાળાનો નમૂનો ગણાય છે. બંનેને રાષ્ટ્રપતિના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકના પુરસ્કાર મળ્યા છે. ગરીબ વિદ્યાર્થી સાવ હાથે-પગે આવે છે, એનાં રહેવા-જમવા, કપડાં, તેલ-સાબુ, ઓઢવાનું-પાથરવાનું, પુસ્તકો, નોટબુક્સ બધું જ સંસ્થા આપે છે. સાજે-માંદે કાળજી લે છે. પહેલા

ધોરણથી માંડી બારમા ધોરણ સુધીની બધી જવાબદારી સંસ્થાની. ચાર વર્ષથી આ દંપતીએ નારીસુરક્ષા અને વરિષ્ઠ નાગરિક સુરક્ષાકેન્દ્ર શરૂ કર્યું છે. ઇકૉનૉમિકલી નિરાધાર હોવાને કારણે મોટા ભાગની સ્ત્રીઓ પિતા, ભાઈ, પતિ કે પુત્રના હાથે ડોમેસ્ટિક વાયોલન્સનો ભોગ બને છે. બીજી બાજુ મોટાં શહેરોમાં સંતાનો ઉચ્ચશિક્ષણ મેળવી ડોલરિયા દેશની દિશા પકડે છે, આ સ્થિતિમાં વતનમાં રહેતા વડીલો અનેક રીતે સધ્ધર હોવા છતાં ઓશિયાળું જીવન જીવે છે. આ ઉપરાંત માલવિકાબહેન કેટલાંય રસ્તે રઝળતાં નિરાધાર-માંદાં લોકોને જાતે જઈને પોતાની સંસ્થામાં લઈ આવે છે. આવાં પરદુ:ખભંજન અને સમાજસેવી શ્રીમતી માલવિકાબહેનને ભારત સરકારે પદ્મશ્રી પુરસ્કાર આપીને સન્માનિત કર્યાં છે. આપણાં સહુનું આ સદ્‌ભાગ્ય છે કે માલવિકાબહેન આપણી સંસ્થાનાં વિદ્યાર્થિની છે. પાયાનો પથ્થર છે. આપણા પ્રદેશનું જ નહીં, આપણા રાજ્યનું પણ ગૌરવ છે. એમને હૃદયથી અભિનંદન અને શુભેચ્છાઓ આપી હું મારી વાણીને વિરામ આપું છું.”

મહેતાએ તો વિરામ લીધો, પરંતુ માલવિકા તો મનથી હજી ભોગાવાના કાંઠે જ બેઠી હતી. જયદેવે પત્ર વાંચીને પાછો આપ્યો. ‘આ તો ગુલામીખત લખી આપવા જેવું છે. લગ્ન એ વ્યક્તિની અંગત બાબત છે. તું લગ્ન કરીશ તો સાહેબ આત્મહત્યા કરશે? અને જો સાહેબ ખરેખર તને ચાહે છે તો તારી સાથે લગ્ન બાબતે કેમ નથી વિચારતા? કે પછી પોતાની પ્રતિષ્ઠા જાળવવા તેઓશ્રી સાહિત્યસાધનાના નામે તને બાંધી રાખવા માંગે છે? આવડા મોટા વિદ્વાન પ્રોફેસર અને આવી હીન વૃતિ?’ એ સાંજે માલવિકા ઘેર ન ગઈ.

‘આપણાં આજનાં મોંઘેરાં મહેમાન પદ્મશ્રી માલવિકાબહેનને વિનંતી કે પોતાનું પ્રેરણા-દાયક વક્તવ્ય આપે. આપણે સૌ ઉત્સાહપૂર્વક સુપેરે તાળીઓ પાડી એમને આવકારીએ.’

સંચાલકના શબ્દો માલવિકાના કાને અથડાયા પણ બહાર જ રહ્યા. આચાર્યાશ્રીએ માલવિકાના ખભે હાથ મૂકી એને વર્તમાનમાં આણી. એ ઊભી થઈ અને પોડિયમ પાસે આવી. “માનનીય ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યાશ્રી, અધ્યાપકગણ અને પ્રિય વિદ્યાર્થી મિત્રો,

આજે વર્ષો પછી પોતાની ભૂમિ પર પગ મૂકતાં મને અત્યંત આનંદ થાય છે. આ એ ભૂમિ છે જ્યાં મને મારી માટીની ઓળખ મળી. પ્રોફેસર અંશુમાનની વિદ્વત્તાએ જુદી રીતે મારી ઓળખ મને કરાવી તો શ્રીમતી અપર્ણા અંશુમાન અને મિત્ર જયદેવે આગવી રીતે મારી ઓળખને પ્રગટ થવાની દિશા દેખાડી. મારાં નાના-નાની અને પપ્પાએ મને ગમતું જીવન પસંદ કરવાની સ્વતંત્રતા આપી. મહેતાસાહેબ હંમેશાં મને મદદ કરવા તૈયાર રહેતા. આ નાનકડા શહેરની હું બ્યૂટીક્વીન કહેવાતી. મને એ ગમતું. આમ તો જ્યાં જ્યાં સુંદરતા દેખાય એ બધું જ મને ગમતું. એ વૃત્તિ આજે પણ છે. ફરક એટલો કે હવે મને સુંદરતા માત્ર દેખાતી જ નથી, પરંતુ અનુભવાય છે. ગામડાનાં ગરીબ બાળકોને નવડાવી અને નવાં કે ચોખ્ખાં કપડાં પહેરાવતાં, હાથ-પગના નખ કાપી અને તેલ નાંખી માથું ઓળી આપતાં, એમને મનગમતું જમાડી અને ભણાવતાં એમનાં અંગ-અંગમાં ધબકતું સૌન્દર્ય મારા રોમ-રોમને ધન્યતાથી શણગારે છે. મિત્રો, મારે મન આ છે જીવનની સાર્થકતા. જોકે પહેલાં તો, હું પણ દેખાવમાં જ અટવાયેલી હતી. એટલું જ નહીં, મારા સૌન્દર્યના પ્રભાવનો મેં લાભ પણ લીધો, સફળતા પણ મેળવી. પરંતુ એક વાર મને હારનો અનુભવ થયો અને મને સમજાઈ ગયું કે સફળતા મને નહીં, મારા રૂપને મળતી હતી. આ સત્ય મને અપર્ણાબહેને સંપડાવ્યું. મિત્ર અને હવે પતિ એવા જયદેવે મને સફળતાનો સાચો

અર્થ સમજાવ્યો. મને મારું ગમતું જીવવાનો અવસર આપ્યો. વિદ્યાર્થીમિત્રો, તમે શૉર્ટકટથી શૉર્ટટર્મ સકસેસ મેળવી શકશો. પરંતુ તમારો આત્મા તો સત્ય જાણે જ ને? માટે જાતને ઓળખો. તમને ગમતું સારું ક્ષેત્ર પસંદ કરો. તન અને મનથી મચી પડો. ધનની ચિંતા અમે કરીશું. તમારામાંથી જે પણ વિદ્યાર્થિની કે વિદ્યાર્થીને અથવા તમારા પરિચિત વ્યક્તિને મદદની જરૂર છે, આવો, અમારી સંસ્થાનાં દ્વાર ખુલ્લાં છે. આભાર."

પલંગ પર આસમાની ઓછાડ પાથરતાં માલવિકાને યાદ આવ્યું કે સાહેબનો આ પ્રિય રંગ છે. ઓશીકા અને પાંગતે ચાદર મૂકી એ બહાર ઓસરીમાં આવી. મોબાઇલની ઘડિયાળમાં જોયું. જો જયદેવ સવારના નવ વાગે નીકળ્યો હોય તો આવવામાં જ હશે. સાહેબ સંમત થયા હશે? એમની નારાજગી દૂર થઈ હશે? એમણે જયદેવનું અપમાન કર્યું હશે તો? જોકે એવું હોત તો જયદેવે મને ફોન કર્યો હોત અથવા હું વધુ દુઃખી થઈશ એમ માનીને ફોન ન પણ કર્યો હોય! એ રાત રોકાયો છે એટલે શક્ય છે કે સાહેબ સાથે નિરાંતે વાત થઈ હોય અને કદાચ સાહેબને વાત ગળે ઊતરી હોય! ફરી રૂમમાં ગઈ. હજી વડીલોના રૂમોની નવી નવી વ્યવસ્થા થઈ રહી છે. એને થયું, જરૂરિયાત મુજબ પલંગ ઉપર-નીચે થશે કે નહીં? એણે રિમોટથી પ્રયોગ કરી જોયો. ના, વાંધો નહીં આવે. એક ચક્કર એ રસોડામાં મારી આવી. એક-બે બાઉલ ઉઘાડબંધ કરી પાછી ઓસરીમાં આવી.

આંગણાના લીમડે બાંધેલી ઠીબમાંથી ચાંગળુંક પાણી પીને 'કાઆ' કરતો કાગડો ઊડી ગયો. એ હિંડોળે બેઠી. પગની ઠેસે ઝૂલતા હિંડોળામાં જરાક કિચૂડાટ થયો. હાથમાં રહેલા મોબાઇલમાં ઝબકારો થયો અને હથેળી ધ્રૂજી. દૂર રસ્તા પર ઠેરવેલી નજર પાછી ફરી. ધ્યાન ગયું કે સવારે પ્રાર્થના સમયે ફોન સાયલન્ટ કરેલો. જોયું તો જયદેવના બે મિસ કૉલ હતા. 'થૅન્ક ગૉડ, અર્ધા કલાક પહેલાંના હતા.' એણે ફોન લગાવ્યો. એકાદ રિંગ ગઈ અને ફોન કપાઈ ગયો. 'જયદેવ ગુસ્સે થયો હશે.' ફરી ફોન કરવા ગઈ ત્યાં ઝાંપામાં ઍમ્બુલન્સ પ્રવેશી અને એની બારીમાંથી થમ્સ અપ કરતો જયદેવનો હાથ દેખાયો. એ હિંડોળા પરથી ઊભી થઈ. પળવાર ઊભી રહી, એક સમયે કૉલેજની પરસાળમાં એમના પડછંદ દેહને અરઘે એવી ફાળ ભરતા સાહેબ અને આજે સ્ટ્રેચર પર અર્ધચેતનસાહેબ! થયું, એમને કઈ રીતે જોઈ શકીશ? એક ડગલું આગળ ચાલી માલવિકા પાછી વળી. અંદર બાથરૂમમાં પ્રવેશતાં એનું પ્રતિબિંબ બેસિન પરના અરીસામાં પડ્યું. એ નજીક ગઈ. જે કયારેક કાનને સ્પર્શવાની જીદ કરતી હતી એ અણિયાળી આંખોની કોરની જગ્યાએ ઊંડા આંકા પડી ગયા છે. ઢળી પડેલા કપોલ પર પાંપણોનો પડછાયો હવે નથી પડતો. ચોટલો તો લાંબો છે, પણ વાળ પાંખા થઈ ગયા છે. જે ગાલ પર ખંજન પડતું હતું ત્યાં તપખીરિયો મસો ઊપસી આવ્યો છે. 'સાહેબ મને ઓળખશે?' માલવિકાએ ઊંડો શ્વાસ લીધો અને એ ઓસરીમાં આવી.

■

છતાં કસરતમાં ન જવાથી મને નુકસાન ન થયું એમ મારે જણાવવું જોઇએ. તેનું કારણ એ કે, પુસ્તકોમાં ખુલ્લી હવા ખાવા ફરવા જવાની ભલામણ વાંચેલી તે મને ગમેલી, ને તેથી હાઇસ્કૂલનાં ઉપલાં ધોરણોથી જ ફરવા જવાની ટેવ મને પડી હતી. તે છેવટ લગી રહી. ફરવું એ પણ વ્યાયામ તો છે જ, તેથી મારું શરીર પ્રમાણમાં કસાયેલું બન્યું.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

ટૂંકી વાર્તા

સુખવટો

અનિલ વ્યાસ

હેમેન્દ્ર બારણા વચ્ચે ઊભો હતો. છેલ્લે સાત મહિના પહેલાં જોયો એના કરતાં સુકાયો હતો. ઢીલું ચોળાયેલું શર્ટ, વધેલી દાઢી ને વિસ્ફારિત આંખો!

ક્ષણમાત્રમાં એ ઓળખાઈ પણ સામે વસુધા ઊભી છે, મનાતું નહોતું. અવઢવ વચ્ચે વસુધાએ અંદર આવવા પગ ઉપાડ્યો, એમ કરતાં એના ગળામાં લટકતું મંગળસૂત્ર હલીને સ્થિર થઈ ગયું. હેમેન્દ્ર ખસ્યો નહિ એટલે એણે પૂછ્યું,

'અંદર આવું કે જતી રહું?'

એ ખસ્યો. વસુધા સાવચેતીપૂર્વક અંદર પ્રવેશી. બંધ વજનદાર પડદાઓ, સોફા પર આમતેમ ફંગોળાયેલાં મૅગેઝિન, ટેબલ નીચે ઢગલો થઈ પડેલાં અખબાર અને ડાબે ખૂણે પડેલો લેંઘો...

'પરદો ઉઘાડું.' કહેતાં હેમેન્દ્રએ પડદો ખસેડ્યો. અજવાળું ધસી આવ્યું અને જૂની ચોપડીઓની ગંધથી હવા બદલાઈ. પોતાની ફરકતી આંગળીઓ શર્ટની ચાળમાં સંતાડવાની વ્યર્થ, કાનમાં બોલતી હોય એમ એનો અવાજ સળવળીને રહી ગયો.

વર્ષોનું વજન, ઝઘડાઓ, આક્ષેપો, રડારડ, તિરસ્કારની પીડા અને એનું ઘર છોડી જવું! સઘળું વજનદાર પડદાઓ માફક વચ્ચે પથરાયેલું રહ્યું.

'કંઈ કામ હતું?' એને સમજાતું નહોતું કે એ શું અનુભવતી હતી? હેમેન્દ્ર સામે જોતાં થયું આ એ માણસ છે, જેને જાત સાથે જોડી રાખ્યો હતો? ઊંડો શ્વાસ લેતાં પૂછ્યું,

'એ દિવસે જ્યારે મેં તમને શેરીમાં જોયા ત્યારે તમે શું કામ નાસી ગયા હતા?'

'બીજું શું કરવું? થયું કે, હું નજર સામેથી ખસી જઈશ તો તને સારું લાગશે.'

એક લગ્નપ્રસંગે વસુધા સુરેન્દ્રનગર આવી હતી. હૉલ નજીક આવી ત્યારે સામેથી આવતા એક પુરુષ પર નજર પડી. દૂર હતો છતાં ઓળખતાં વાર ન લાગી. એ?

હેમેન્દ્ર સહેજ બદલાયો હતો પણ, પોતાનું માણસ ઝટ ઓળખાયા વગર કેમ રહે? 'હેમેન્દ્ર...' બંનેની નજર એક થઈ કે એ દોડીને બાજુની ગલીમાં વળી ગયો. ફરી એક વાર આમ ઉભડક મૂકીને નાસી છૂટ્યો.

પછી લગ્નમાં મન લાગ્યું નહોતું. રાત્રે ઘરની બહાર લીમડા નીચે રડી પડી. ડૂસકું ન નીકળી જાય કે મોટા અવાજે ન રડી પડાય એમ આંસુ સારતી રહી. ધીમે ધીમે ડૂમો

ઓગળી ગયો. એમને શોધી કાઢીશ, પૂછીશ...શું સમજો છો મને? કૉલર પકડીને ઝંઝેડી નાખીશ. યાદ આવતાં વસુધાનાં જડબાં ભીંસાયાં.

'તમે મને કેવી રીતે શોધી કાઢ્યો?' હેમેન્દ્રએ દબાયેલા સ્વરે પૂછ્યું.

'એ દિવસ. પછી મેં બૅંકમાં તપાસ કરી. થોડી ઓળખાણ અને ઉપરી અધિકારીઓને કરગરી તમારા દાર અને હયાતના પ્રમાણપત્રમાંથી સરનામું મેળવ્યું.' હેમેન્દ્ર નીચું જોઈ ગયો. તેના હાથ હજી ધ્રૂજતા હતા. બોલ્યો, 'સારું થયું તું આવી.'

વસુધાએ પોતાની લાગણીઓ સ્થિર કરવાનો પ્રયાસ કર્યો. એ કશું બોલવા ગઈ, પણ બોલાયું નહીં. હેમેન્દ્રના ચહેરા પર તરવરતી સૂક્ષ્મ અવરજવર ઉકેલવા મથી ત્યાં હેમેન્દ્ર બોલ્યો,

'મેં વિચાર્યું નહોતું કે આપણે આવી રીતે મળીશું.'

'કેમ? હું આવી એ તમને ના ગમ્યું?'

'ગમતું સદા મળે એવું હોતું નથી, વસુધા.'

'એવું સમજો છો તો ભાગતા કેમ ફરો છો?'

ગમતું સાચવી રાખવા બને એટલું કર્યું હતું, પણ તમે સહુ.....' શબ્દો ગળી જઈ વસુધાનું માન સાચવી લેતો હોય એમ મુઠ્ઠી કસતાં એ સઘળું ભૂલવા મથ્યો. ભીની આંખોની એને શરમ સંતાડવા ઝડપથી ઊભા થતાં બોલ્યો, 'હું ચા બનાવું, તું પીશ ને?

'હા, પણ હું બનાવી લાવું. તમે બેસો.'

"ના, આજે નહિ.' એને રસોડા તરફ જતો જોવાનું વસુધાને ગમ્યું નહિ. આવતાં પહેલાં નક્કી પણ કર્યુ હતું કે, સ્પષ્ટ પૂછી લેશે – બોલો અમને આમ તરછોડી જવાનું શું કારણ હતું? આમેય ઘરમાં પૈસા આપવા સિવાય તમે કંઈ જવાબદારી ઉઠાવેલી? હા, લફરું કર્યું. ફાગ ખેલ્યા ને પકડાયા એટલે જવાબદારીઓમાંથી છટકી ચાલતી પકડી!.. ચકરીના ડબા પર વીંટળાયેલી હેમેન્દ્રની આંગળીઓ જોઈ થયું, રાક્ષસ! માણસખાઉં પણ કાયર.

એક ડાળથી બીજી ડાળ કૂદતો માણસ તો રાજાની જેમ જ જીવે ને? રાજાને શું? ધારે એ કરે! ફરીથી હેમેન્દ્ર સામે ધ્યાનપૂર્વક જોયું. એની નજરનો ભાર અસહ્ય હશે, પણ હેમેન્દ્રને પમાયો નહિ.

વસુધા કમકમી ગઈ, આ લંપટને ક્યાંથી યાદ હોય કે એક છોકરી અચાનક સ્ત્રી બની ગઈ હતી. રોજ દરવાજે નજર ટેકવી એની રાહ જોતી. પ્રેમ શું છે એ સમજાય એ પહેલાં જ એના પ્રેમમાં પડી ગઈ. પછી એ સમર્પણ.. એવું બધું ભક્તિ રૂપે નહીં ફરજ રૂપે થતું ગયું ત્યારેય એ ક્યાંય હતો જ નહીં. ન ઘરમાં ન આસપાસ!

એક રાત્રે અચાનક જાગી જવાયેલું. જુએ તો હેમેન્દ્ર મોબાઇલમાં મોઢું ખોસી મત્ત! પહેલી વખત પતિ પર વહેમ ગયો હતો. અડધી રાતે કોને સંદેશા પાઠવતા હશે? ઘેનભરી આંખે આછા અજવાળામાં હલતી આંગળીઓના પડછાયે ચહેરા પર બદલાતા જતા રંગો, પ્રસન્ન આંખો ઓળખાયાં ત્યારે એ બરાબર ધૂંધવાયેલી. કેમ ચૂપ રહી ? એ વખતે પૂછવાની જરૂર હતી.... અડધી રાતે કોની સાથે ચેટ કરો છો?

કેટલું મોડું સમજાયું? અનાર સાથે સંબંધ બંધાયો એ સમયગાળામાં હેમેન્દ્ર એની વધુ કાળજી લેતો. છોકરાઓ સાથે પ્રેમપૂર્વક વર્તે, મોડા સુધી વાતોના તડાકા મારે. ક્યાં ખબર હતી કે આ બધું તો પેલા ગામડાની શાળાઓ વહેલી સવારે તપાસવા કરાતાં રાત્રિ રોકાણો, મોડે સુધી ચાલતી ઑફિસના નામે એમની લાડકી અનાર ગુપ્તા પાછળ ખર્ચાતા પ્રેમનું વળતર ચૂકવાય છે!

એક સાંજે એ આંગણામાં ઘરની પાળીને અઢેલી ઊભી હતી એ સમયે જ અનાર પ્રવેશી હતી. અટકાવેલો ઝાંપો એડીથી પછાડી નજીક આવી ડોળા કાઢતાં પૂછ્યું, 'ક્યાં છે તમારા ધણી? પછી છીછરા શબ્દોમઢ્યાં વાક્યો સંભળાતાં ગયાં. વસુધાને સમજાતું નહોતું કે શું જવાબ આપે? એને રડવું આવતું હતું. નાસી જવાનું મન થતું હતું, પણ અનારે એનો હાથ પકડી રાખ્યો હતો. નીચે સરકી ગયેલો દુપટ્ટો ખભે ઠેરવવા એણે પાછળ ડગલું ભર્યું એ જ ક્ષણે અનારે એનો હાથ છોડી દીધો. એ લથડી, માંડ માંડ જાત સંભાળતી સ્થિર થઈ ન થઈ એટલામાં અનારે પર્સમાંથી કાગળો કાઢી એના પર ફેંક્યા. મોંએ, છાતીએ હથેળીઓ પર અથડાતા કાગળો હવામાં લહેરાયા. પવનમાં ઊડતા અક્ષરો ઊકલે એમ નહોતા. અનાર પાછું વળી જતાં જતાં બબડતી હતી....'તારા એ શિક્ષણાધિકારીને સમજાવી દેજે...આ તો ઝેરોક્ષ છે. અસલ તો ગાંધીનગર રવાના થઈ ગયા છે સમજી?'

ગાંઠે બાંધી રાખેલા ઘરના ટુકડા વીણતી હોય એમ વસુધા કાગળો વીણતી રહી. બારસાખને ટેકે એ પ્રેમાલાપો વાંચતા શરીરે ધ્રુજાટ ઊપડ્યો. તો, આ એ હતું જે મેળવવા એ સતત વલવલતી હતી...ને મળ્યું આને? દેહ પર જાણે દીવાસળી ચંપાઈ!

મારી વ્હાલી વ્હાલી અનાર,

હૃદયના એક એક ધબકારે તારું નામ ધમકે છે...... પાને પાને વાંચતા ઘામાંથી દૂઝતા લોહીની જેમ કાગળો પર શાહી વહેતી અનુભવાઈ. અક્ષરોના વળાંકો ન્હોર ભરતાં વળગી પડ્યા! હમણાં જ ઓળખાયેલા પતિને વાંચતાં ધિક્કાર છૂટ્યો.

ત્યાં ઝાંપા પાસે પડેલો કાગળ ઉઠાવી વાંચવા જતો ધીમંત પ્રવેશ્યો. 'ઓ..હો! લવલેટર? અક્ષર પપ્પાના છે. લાગે નહિ, આવા રોમૅન્ટિક હશે. હેં ને મમ્મી?'

વસુધાના ચહેરા પર નજર પડતાં એ છોભીલો પડ્યો. બીજો કાગળ લઈ સંબોધન વાંચ્યું. નીચે લખનારનું નામ ઓળખ્યું. એનો ચહેરો તંગ થયો, એણે મા સામે જોયું. ગળામાંથી અવાજ નીકળ્યો નહીં. ચિત્તમાં ચાલતા સંવાદને બદલે કશું ધારદાર કે ગાળ બોલાઈ જાય એ પહેલાં એણે માના ખભા સાહી લીધા. હૂંફપૂર્વક ઘરમાં દોરતાં બોલ્યો, 'ચાલ, અંદર ચાલ, મમ્મી.' ધીમંતની આંખોમાં પણ ઝાંખપ આવી ગઈ. પાંપણની કોર લૂછતાં બંને ઘરમાં પ્રવેશ્યાં.

* * *

જ્યારે નજર પડે ત્યારે પતિનો મુખવટો પહેરેલો ચહેરો દેખાતો. હેમેન્દ્રએ એનો સઘળો વિશ્વાસ, ભરોસો, ગૌરવ અને દોથેદોથો ભરીને કરેલો પ્રેમ એનામાંથી ખેંચી લઈ અચાનક એના જ મોં પર છુટ્ટો ફેંક્યો હતો. છતાં, કટુતાભરી દૃષ્ટિ સિવાય કશું થઈ શકતું નહીં.

છોકરાઓ ઉંમરની નિર્દોષતા કે પિતૃત્વની શેહમાં આંખો ફેરવી આઘાપાછા થઈ જતા.

હેમેન્દ્ર માટે વસુધાની નજર સહેવી સૌથી મુશ્કેલ હતી. એની આંખોમાં સળગતો ધિક્કાર અસહ્ય લાગતો. એને થતું, એક મૂર્ખામીભર્યો અપરાધ ધારદાર બની એને વહેરતો હતો. નેહલ નજર કરીને આડું જોઈ જતી. જેમની સાથે અધિકારપૂર્વક વર્તતી, ઝઘડતી, ટપલાટપલી કરતી. એ, એના લાડકા પપ્પાને, કોઈ અજાણી છોકરી ચોરી ગઈ હતી. ઘરમાં ફરતા પરાયા માણસને કેમ કરી અંતરમાં વસાવવો?

હેમેન્દ્રને પ્રશ્ન થતો. એવી અવજ્ઞાને યોગ્ય એ છે એ? વાતચીત ન થાય એટલે શું એકબીજાને સમજવાનું બંધ થઈ જતું હશે?

એક સવારે જોયું તો એને "સરસ્વતીબા ફૅમિલી" ગ્રૂપમાંથી દૂર કરી દેવાયો હતો. એણે ભાઈ બહેનોમાં "ગુડમૉર્નિંગ" કે "જયશ્રી કૃષ્ણ" મોકલવું શરૂ કર્યું. જવાબ પેટે બ્લૂ ટીક જોઈ એ સંતોષ માની લેતો.

નેહલ ચાર્ટર્ડ એકાઉન્ટન્સીમાં પસંદ થઈ એ સાંભળી એણે અભિનંદન આપ્યાં. સ્હેજ અછડતું જોઈ એ રસોડા તરફ વળી ગઈ હતી. અંદરથી એટલો ખુશ હતો... તરત ફેસબુક પર મૅસેજ લખ્યો, 'પ્રાઉડ ઑફ યૂ, બેટા' આભારનો ઊંચો અંગૂઠો અને મુઠ્ઠી કેટલીય વાર જોયા પછી જોયું તો પાઠવનાર કોઈ રશ્મિ પટેલ હતું.

ઠંડી ઉદાસીનતા સાથે જીવવું હેમેન્દ્ર માટે ધીમે ધીમે દુષ્કર થતું ગયું. એના રૂમમાં જ રહેતો. મોડે ડાઇનિંગ ટેબલ પર ઢાંકીને રાખેલી થાળી જમી લેતો. એક વાર નફ્ફટપણે સહુની સાથે જમવા આવ્યો ત્યારે એની કાયમી ખુરશી પર ધીમંત બેઠો હતો. હેમેન્દ્રને ઊંચે ભવે જોઈ, નેહલ સામે મલકાયો. ચર્ચા તરત થંભી ગઈ.

મંદિરમાં દીવો થાય, પૂજાખંડમાંથી નેહલ કે વશિષ્ઠ પ્રસાદ લઈ હેમેન્દ્રની નજીકથી ઝડપી પગલે પસાર થઈ જાય.

એક રાત્રે હેમેન્દ્ર વ્યવસ્થિત ગોઠવાયેલું ફર્નિચર જોતો ઊભો રહ્યો હતો. રોજ રોજ થતો અસ્વીકાર એના હાડકામાં ભોંકાતો હતો. એને થયું આમેય, એ આ ઘર કે દુનિયાનો ભાગ રહ્યો નહોતો. વસુધા કાયમ એની સાથે સખી ભાવે જીવી છે, એણે આ ઘરજેલ ચાલવા દીધી?

આવી રૂંધામણ કરતાં જીવન સંકેલી લેવું સારું. આંખ સામે હરતાફરતા હેમેન્દ્ર કરતાં તસવીરમાં લટકતો હેમેન્દ્ર સહુને શાંતિ આપશે.

થોડે દૂર કૅનાલની ધારે ઊભેલા હેમેન્દ્રની ભીતર વિચારો પાણીની જેમ વલોવાતા હતા. એ મન મક્કમ કરી તંગ શરીરે "અલવિદા જિંદગી! ...જય મા અંબે!' ના પોકાર સાથે કૂદ્યો, એ જ પળે દોડતું કૂતરું પગમાં અટવાયું ને એ પાળીએ અથડાઈ ભોંય પર પછડાયો. કૂતરું જોરથી ભસતું છાતીએ આવ્યું. આઘાત અને ડરથી ફફડતા દોટ કાઢી, સીધો ઘરના ઝાંપે!

ખાસ્સી વાર ઊભો રહ્યો. અંદર આવ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે ઘરનું બારણું ખોલવા ચાવી નહોતી. ફરશ પર બેસી જવાયું. આછા પવનમાં પીપળાનાં પાન ફરફરતાં હતાં એ

જોઈ એને યાદ આવ્યુંઃ એ અને વસુધા ઘણી વાર સાંજે ચાલવા નીકળતાં. કોઈ વાર વસુધા અટકી જતી. થોડાં ડગલાં પછી એકલો હોવાનું ભાન થતાં હેમેન્દ્ર પાછળ જુએ તો વસુધા પૂતળાની જેમ ઊભી હોય! દૂર ધારે ચાલતાં ઘેટાં કે નારંગી આકાશ જોતી. નજીક આવે ત્યારે 'હં' એમ બોલી, દેખાતું સઘળું આંખમાં સમેટી લેતી હોય એમ પાંપણ ભીડી હળવેથી સમ્મુખ થતી, 'ચાલો.' વસુ ગ્રૅજ્યુએટ છે. નોકરી કરે છે. બધું સમજતી હશે. પણ કંઈ કહેવાનું નહોતું. કહેવું જ નહીં હોય. જોકે, પગ ઉપાડતાં ઘણી વાર હાથ લંબાવી એનો હાથ સાહી લેતી. ભીડેલી હથેળીઓથી ડગલે ડગલે પોતાપણું જતાવતી. એ વસુધાએ અચાનક એને હડસેલી દીધો. આગળ કશું સૂઝ્યું નહિ. તમરાંના અવાજો સાંભળતાં પરોઢિયે આંખ મળી ગઈ.

સવારે વસુધાએ બારણું ખોલ્યું ત્યારે ડાબા ખૂણે ટૂંટિયું વાળીને પડેલા પતિને જોયો. અવાજથી જાગી, એ નજર ચોરતો ઊઠીને અંદર આવ્યો હતો.

એના મિત્ર સુબોધના પિતા સમન્વય ટ્રસ્ટમાં સેવા પ્રવૃત્તિ કરતા હતા. સુબોધના સંપર્કથી બે ચાર દિવસમાં નક્કી કર્યું હતું કે એ સમન્વય ટ્રસ્ટમાં જોડાઈ કોઈને ઉપયોગી બનશે. ટ્રસ્ટીમંડળ સાથે વાત થયા પછી એક બપોરે હેમેન્દ્રએ પોતાને જરૂરી વસ્તુઓની બૅગ તૈયાર કરી. નીકળતાં પહેલાં ઘરનો ખૂણેખૂણો નિરાંતે આંખમાં ભરી દરવાજા તરફ વળ્યો.

એ જઈ રહ્યો હતો. લાગતું હતું કે આ રીતે ખસી જઈ કદાચ એ વસુધા અને સંતાનોને મોકળાશ આપી શકશે.

* * *

હેમેન્દ્રએ ચકરીવાળી આંગળીઓ લૂછવા રૂમાલ શોધવા નજર ફેરવી ત્યારે આંખોમાં તબકતાં પાણી જોઈ વસુધાને થયું, બીજું કંઈ નહીં, ચાની વરાળ હશે. પણ ચા કોણે બનાવી? સંસ્કારી અને મિતભાષી પતિએ અચાનક સ્વરૂપ બદલી એને અંદરથી લોહી-લુહાણ કરી મૂકી હતી. પતિ-પત્નીના સંબંધોમાં શ્રદ્ધા ન રહે એવા સંજોગોમાં શું કરવું એની સમજ ત્યારેય પડી નહોતી.

હેમેન્દ્ર ઊભો થઈ બીજી રૂમમાં ગયો ત્યારે એને ચાલતો જોઈ પલકવારમાં સઘળું તહસનહસ કરી દેતી અનાર નામની પેલી છોકરી પ્રગટ થઈ.

ત્યાં નાનકડા ટુવાલથી હાથ લૂછતો હેમેન્દ્ર પ્રવેશ્યો.

એની ટેવો ઝીણવટપૂર્વક યાદ કરી કરીને વસુધા જે રીતે ઘરમાં બધું ગોઠવતી એમ ગોઠવવા મથતો એ સાંભર્યું... કેટલીય વાર વિચાર્યુંઃ એક મૅસેજ કરી દે. "તને જોવી છે, આવું?" પણ એ સામે મળી હતી ત્યારે? વસુધાની નજર ટેબલ નીચેની પટ્ટીઓ પર બાઝેલી રજોટી પર ગઈ. થયું, પૂછે, તમે આ રીતે જીવો છો?

હેમેન્દ્ર નાનામાં નાની વસ્તુની કાળજી રાખતો. દીવાલ પરનું પેઇન્ટિંગ સહેજ ખસી ગયું હોય તો એ સરખું ગોઠવ્યા વગર એને ઊંઘ આવતી નહિ. દરેક વસ્તુ એની ચોક્કસ જગ્યાએ જ હોય. આજે એ માણસ પોતાનું અસ્તિત્વ જ નથી એ રીતે જીવે છે.

બંને વચ્ચે તનાવભર્યું મૌન છવાઈ ગયું હતું. મૌન અને અબોલામાં ફેર હોય છે. એક સાંજે વશિષ્ઠએ કહ્યું હતું, "મમ્મી, પપ્પા ફેસબુક પર છે.'

'તને કેવી રીતે ખબર પડી?'

'મેં એમના જન્મદિવસે મિસ યૂ પા.... લખ્યું હતું. એમનો 'થૅન્ક્યૂ બેટા'નો મૅસેજ આવેલો. પણ મેં તરત એમને બ્લૉક કરી લીધેલા.'

સાંભળી ગુસ્સે થવું હતું પણ પૂછી બેઠેલી, 'એટલે તારો ગુસ્સો આવે ને જાય એવો હોય છે?'

'વોટ ડુ યૂ મીન મમ્મી?' બબડી એ બારી બહાર જોવા માંડેલો.

એ દિવસે હેમેન્દ્રની આંખો દદડતી હતી. એ પલંગમાં બેઠી હતી, એ એના પગ આગળ ઘૂંટણિયે બેસી બોલતો હતો. 'ભૂલ થઈ ગઈ વસુ. માફ કરી દે. પ્લીઝ ફરગિવ મી...હવેથી કોઈ દિવસ આવું નહીં કરું. તારા સોગન.' માણસ કેટકેટલી રીતે માફી માંગે? વસુધાએ નજર નહીં, આખું શરીર ફેરવી લીધું. તેમ કરવા ગઈ એટલે એનો એક પગ હવામાં ઊંચકાયો. એ જોઈ હેમેન્દ્ર લાત મારશે એવી દહેશતથી પાછળ ખસી ગયો હતો.

એણે વારંવાર માફી માગી હતી. વડીકચેરી દ્વારા રાજીનામું લખાવી, સ્વૈચ્છિક વિદાયની સજા ક્લાસ વન સંવર્ગના અધિકારી માટે પૂરતી ગણાય એમ નક્કી કરાયું હતું. અનારના પતિ રાહુલનેય લાગ્યું હતું કે કેવો ઘરભેગો કરી દીધો!

લાંબા મૌન પછી હેમેન્દ્રએ પૂછ્યું, 'નેહલ કેમ છે? અદ્દલ તારા જેવી દેખાતી હશે નહીં?'

'કેમ એને નથી જોતા ફેસબુક કે ઇન્સ્ટાગ્રામ પર?'

હેમેન્દ્રએ આદત મુજબ હથેળી નમાવી વળેલી આંગળીઓથી નાકનું ટેરવું લૂછ્યું. જોઈ વસુધાની આંખમાં મલકાટ પ્રસર્યો. તરત કડક ચહેરો ઓઢી લીધો, ગુસ્સો અને નફરત બાજુએ મૂકી વાત થઈ શકે?

એ ખાસ રૂપાળી નહોતી પણ ઊજળી હતી. મોં ઘાટીલું. વાળ કાળા અને લાંબા. ગણિત અને અંગ્રેજીમાં કાયમ પ્રથમ નંબરે રહેતી. હેમેન્દ્રને એકબે વાર મળ્યા પછી મનોમન સુખી જીવનનું ગાઢા રંગોભર્યું ચિત્ર તૈયાર થયેલું. અનેક વાર એ ચિત્રમાં પોતાને ગોઠવાયેલી જોતી. હેમેન્દ્ર બોલતો ઓછું, પણ એને સાચવતો વધારે. તારી પીઠ... તારો ટટ્ટાર બરડો મને બહુ ગમે છે કહી કરોડ પર બે આંગળીઓ મુલાયમતાથી ફેરવતો. ચહેરો બરડે ચાંપી ગાલ ઘસતો. વસુધા છલકાઈ ઊઠે એવું વહાલ કરતો. એને વાંસાભેર છાતીએ વળગાડી ઊંઘી જતો. અચાનક બધું ક્ષતવિક્ષત. જેનાં કપડાંને છાતીએ જકડ્યાં હોય એના શરીરની ગંધથી એ ઘૃણા થઈ જાય?

'મને હતું કે હું તમને પરણ્યાની સજા ભોગવું છું, બમણી સજા.'

હેમેન્દ્રએ ઊભા થઈ વસુધાનો હાથ પકડી લીધો. એની તરલ આંખો જોઈ વસુધાના હોઠે આવ્યું, 'તમે આજે રડો છો પણ હું છ વર્ષથી રડું છું.'

'ચલો ઘેર પાછા. નથી રહેવાનું હવે એકલા.'

થોડી વાર આખો બંધ કરી વિચારતો બેસી રહ્યો. "આવું એવું તું ઇચ્છે છે? નેહલ માનશે? ધીમંત, વશિષ્ઠ...પૂછ્યું છે બધાને?.

'મારે પૂછવાનું?'

આંખો ઊભરાતી હતી. કોઈએ તે લૂછી નહીં.

કશી વાતચીત, ખુલાસા કે સમજાવટ વગર વરદાન સમી આજ્ઞા મળી હતી ત્યારે એની અમલવારીની શરમ આવતી હતી.

'કાલે આવું તો?'

'ના. હું તમને ઘેર લઈ જવા આવી જ નહોતી. હવે, પાછી એ વાત શરૂ ના કરશો, બસ.'

બંને નીકળ્યા. હેમેન્દ્રને તાળું વાસી ધ્યાનથી ચાવી જોતો જોઈ રહી.

'શું?' હેમેન્દ્રએ પૂછ્યું. આંખથી "કશું નહિ" કહેતાં વસુધા લિફ્ટ તરફ વળી.

આખે રસ્તે વસુધા બારી બહાર જોઈ રહી હતી. આંસુ આંખોમાં સંઘરી! એની આવી દશા પોતે કરી હતી. ઘર છોડીને કદાચ વધુ પીડા આપી હતી. એણે ક્યારેય વિચાર્યું ન હતું કે વસુધા એને હકપૂર્વક આવવાનું કહેશે. વસુધા સામે જોતાં નજરમાં ઓશિંગણ ભાવ આવી ગયો. પણ એ પસાર થયે જતાં વૃક્ષો, ખેતરો અને એકલદોકલ મકાન જોયા કરતી હતી.

ઘેર આવ્યા પછી કોઈ મિલનનાં દૃશ્યો સર્જાયાં ન હતાં. એનું આગમન કોઈ સગું 'બે ચાર દિવસ રોકાશે'ની જેમ સ્વીકારાઈ ગયું.

વસુધાએ એની બૅગ લઈ બેડરૂમ તરફ પગ ઉપાડ્યો એ જોઈ હેમેન્દ્રની પાંપણો ભીંજાઈ. ત્યાં નેહલ ઝડપથી બોલી, 'એમની બૅગ ગેસ્ટ રૂમમાં મૂકને મમ્મી.' સાંભળતાં પેલાં આંસુ પાંપણમાં સચવાઈ ગયાં. હોઠને ખૂણે ચોંટેલું અપમાન લૂછતો હોય એમ હોઠ ભિડાયા. ઘરમાં આવ્યું છે એ કોણ છે, કશું ભાન નથી?. નેહલ, 'ભાઈ, એક મિનિટ.' બોલતી એમની પાછળ દોડી. વસુધા હજી બેડરૂમ અને ગેસ્ટ રૂમનાં બારણાં વારાફરતી જોતી ઊભી હતી.

* * *

હેમેન્દ્રને બરાબર સમજાયું છે. કશી ચર્ચા, સહમતી કે નિર્ણય વગર એને પરબારો પરત લવાયો છે. કોઈ અદમ્ય લાગણીવશ વસુધાએ કહી દીધું, "ચાલો પાછા." પણ લાગે છે એના હોવા ન હોવાનો કશો ફરક નથી. કોઈ એની સાથે ખરાબ રીતે વર્તતું નથી. સવારે નજર મળે ત્યારે માથું હલે, એકાદ સૂચનસભર શબ્દની આપલે થાય તો થાય.. સવારે નવ વાગતાં ઘર ખાલી થઈ જાય.

એકલો પડ્યો કે સ્નેહાશ્રય યાદ આવ્યો. સમન્વય ટ્રસ્ટ વતી એ સ્નેહાશ્રયમાં સેવા આપવા જતો. ત્યાં કે ટ્રસ્ટની ઑફિસે કશું જણાવ્યું નહોતું. બે દિવસ પછી ફોન ને પત્ર લખી સેવા આટોપી લીધી. ત્યારથી, એક સવાલ પજવે છે, એ સંબંધો હવે પૂરા થયા ગણાય?

સાંજે સહુ બગીચામાં કે સભામંડપમાં ભેગાં મળ્યાં હતાં. બધાં આજુબાજુ આવીને ગોઠવાય એ જોતાં હેમેન્દ્રને એકલા હોવાની અનુભૂતિ દૂર થઈ જતી હતી. પણ, થોડી વારમાં એક એક ઊભાં થઈ અંદર! વસુધા બેઠી હોય.

ઘર પછવાડે એણે અને વસુધાએ મહેનતપૂર્વક ઉછેરેલા ફૂલછોડ હવે રહ્યા નથી.

પાડોશમાં ખીલેલા ગુલમોરની છાયા એમના વરંડામાં પડે એવો હેમેન્દ્ર પ્લાસ્ટિકની ખુરશી ઢાળી બેસે. વસુધા દોરી પર સૂકવેલાં કપડાં લઈ વળી ત્યાં ચાદરનો છેડો પગમાં આવતાં સંતુલન ચૂકી. હેમેન્દ્રએ ઝડપથી હાથ ફેલાવ્યા. લગભગ ભેટી પડાયું. સ્પર્શથી જાગેલો રવરવાટ હેમેન્દ્રના અંતરમાં ઘુમરાયો. વસુધાએ ઘડીમાં શરીર સંભાળી લીધું— એણે હેમેન્દ્રના હાથને હડસેલ્યો નહીં પણ, એ ક્ષણ પૂરતુંય થોભી નહિ. એ સ્પર્શ, એ સંકેત, એ રોમાંચ...બધું વચ્ચે રહી ગયું! છ વર્ષથી વાડની પેલી બાજુ ઊભી રહેલી પત્નીનું નૈકટ્ય અચાનક પવનની જેમ અડકીને વહી ગયું

* * *

ક્રમશઃ સઘળું ગોઠવાતું ગયું. વાતચીત વાક્યોમાં ગોઠવાતી જોઈ હેમેન્દ્રને થયું કે એનું હોવું સાવ નિરર્થક નથી.

એક વાર એ નહાતો હતો ત્યારે એને બહુ જ ઉધરસ ચડી ત્યારે વસુધાએ બાથરૂમનો દરવાજો ખખડાવ્યો હતો. અવાજથી પ્રશ્ન સ્પષ્ટ થયો એટલે શબ્દોની જરૂર ન રહી.

ઘણી વાર, ખોળામાં લૅપટૉપ રાખી જોતાં જોતાં નેહલ ઝોકે ચડી ગઈ હોય. હેમેન્દ્રને નેહલ પર વિશેષ ભાવ હતો, પ્રેમમાં વાત્સલ્ય ભળતું. હળવેથી લૅપટૉપ ખસેડી ઢળી પડેલા માથા નીચે ઓશીકું ગોઠવી પોતાની હાજરી ના આવે એમ હેમેન્દ્ર બિલ્લીપગે બહાર નીકળી જતો, વશિષ્ઠનો આમતેમ રખડતો મોબાઇલ ટેબલ પર ગોઠવે કે ધીમંતના ઊંધા પડેલા બૂટ સરખા ગોઠવી બારણું બંધ કરે..... એવાં નાનાં નાનાં દૃશ્યો રચાતાં રહે..

એક વરસાદી સાંજે વીજળી ગૂલ થઈ ત્યારે વસુધા મીણબત્તી લઈ એના રૂમમાં આવી હતી. બારીએ મીણબત્તી ગોઠવી ઊભી રહી. એ જોઈ હેમેન્દ્ર નજીક આવ્યો. પવનથી હાલકડોલક અજવાળામાં એકમેકને તાકી રહ્યાં. મૂંગા ઊભા રહેવું કે બોલવું, અને બોલવું તો શું બોલવું એ સમજાય એ પહેલાં વસુધાએ મૌન તોડ્યું

'કંઈ જોઈએ છે?'

'તું.'

વસુધાને લખલખું આવી ગયું. ગાલે મરકાટ વાપ્યો ન વાપ્યો ને દીવાલે હાથ ટેકવતાં પૂછી બેઠી,

'હવે તમને પેલી યાદ આવે છે?'

'મને ખબર નથી કે મેં એને પ્રેમ કર્યો હતો કે નહીં? હા, તેના શરીરનું આકર્ષણ થયું હતું,બસ.' સાંભળી વસુધાની આંખો ચમકી. પગ ઉપાડતાં બોલી,

'એમ?'

હેમેન્દ્રથી રહેવાયું નહિ, 'તું મને શું કામ પાછો લાવી?' પૂછતાં અવાજ ચેરાઈ ગયો. ઝડપી પગલે વાળની આંટી વાળતી એ બહાર નીકળી ગઈ. જતાં પહેલાંની ક્ષણે એના હોઠનો ખૂણો મરકવાનો ભ્રમ હતો કે શું?

* * *

હેમેન્દ્ર રોજ સવારે નીકળી સાંજે પાંચેક વાગ્યે પાછો આવતો હોય છે.

ઘરમાં કોઈને ખબર નહોતી એ ક્યાં જાય છે. હા, એની અવરજવર વિશે પ્રશ્નો ચકરાય છે. બધા વતી વાતચીત કરવાની જવાબદારી કોણ લે? એક સાંજે વસુધાએ પ્રિન્ટર પાસે એક મકાનવેરા અંગેની અરજીનું ફૉર્મ જોયું એટલે થયું કે પૂછે, 'આ કોનું ફૉર્મ છે? ક્યાંક નવું મકાન તો નહીં ખરીદતા હોય? બે દિવસ પછી એમની સામેના મકાનમાં ભાડે રહેવા આવેલાં એક બહેને વાત કરી. હેમેન્દ્રએ એમની વિધવા ફોઈને ઑનલાઇન ફરિયાદની અરજી ભરી આપી હતી.

વશિષ્ઠએ તપાસ કરી જાહેર કર્યું, પપ્પા મ્યુનિસિપલ કૉર્પોરેશનની ઑફિસ નજીક એક સ્ટેશનરીની દુકાન બહાર નાનું ટેબલ લઈને બેસે છે.

નેહલે પહેલી વાર કહ્યું, 'જો તો મમ્મી, પપ્પા સારી પ્રવૃત્તિ કરે છે.'

એક સાંજે વસુધાએ હેમેન્દ્રને પૂછ્યું, 'તમારે ચા પીવી છે?'

હેમેન્દ્રએ આશ્ચર્યભેર એની સામે જોયું, પછી પાંપણો નમાવી.

ચાનો કપ ટિપાઈ પર મૂકી એ સોફા પર બેઠી. બેઠકખંડને ભરતા પંખાના અવાજ વચ્ચે રોજની જેમ બન્ને ચૂપચાપ બેઠાં હતાં. અડધી ચા પીવાઈ ગઈ તે પછી અચાનક હેમેન્દ્રએ કહ્યું, 'થૅન્ક્યૂ વસુધા, ચા પીવાની બહુ ઇચ્છા હતી.'

સાંભળી વસુધાને કોઈ મોંઘી જણસ આપતું હોય એમ અનુભવાયું. એ બોલી,

'હું પરણીને આવી ત્યારે આપણે સાવ અજાણ્યાં હતાં. પહેલાં ધીમંત જન્મ્યો, પછી નેહલ આવી, છેલ્લો વશિષ્ઠ. ત્રણ સંતાનો મોટાં થતાં ગયાં. તમે ક્યારેય કહ્યું નહોતું કે તમે મને ચાહો છો. પણ મને હતું કે હું તમને ગમું છું. છોકરાઓના જન્મ વખતે, મારી નાનીમોટી માંદગી ટાણે તમે જે રીતે મારી કાળજી લેતા એ જોઈ મને...' વસુધા આગળ બોલી નહીં. હેમેન્દ્ર ડૉક્ટરના ક્લિનિકમાં વસુધાનો વારો આવવાની રાહ જોતો એની સાથે કલાકો બેસી રહેતો એમ બેસી રહ્યો હતો. ત્યાં વસુધાએ ચાનો કપ ખસેડતાં કહ્યું, 'તમે પૂછતા હતા ને કે હું તમને પાછા શું કામ લાવી?' એ અટકી. થૂંક ઉતારતાં બોલી, 'મારી દરેક જરૂરિયાતની પળે તમે મારી સાથે હતા. એ મૂંગા સહવાસને ભરોસે.'

પ્રેમ એને પક્ષે ઓછો નહોતો. એ ચૂપ રહેતી તો એની આંખો બોલતી અને આજે?

હેમેન્દ્ર એની નજીક બેઠો હતો એ ચીંધતાં બોલી, 'તમે સાવ પાસે બેઠા છો અને થાય છે જોડે કોઈ નથી. હું એકલી બેઠી છું. સાવ એકલી.' બોલી ઊભી થઈ રૂમની બહાર નીકળી ગઈ.

* * *

હેમેન્દ્ર સામે દેખાતું કોટા સ્ટોન મઢ્યું આંગણું જોઈ રહ્યો હતો. કાળાં ડિબાંગ વાદળો ગર્જતાં હતાં. એ બેઠો હતો ત્યાં પાછળની દીવાલે ભેજના ડાઘાથી દીવાલ પર મોટું ધાબું ઊપસ્યું હતું. કોઈએ ભીના હાથે ફોટા પરનો ચહેરો ભૂંસી નાખ્યો હોય એવું લાગતું હતું. ફિક્કા પડી ગયેલા સફેદ રંગની કોરે ફોતરીઓ બાઝી હતી. હાથ ઊંચો કરવા જતા હેમેન્દ્રની આંગળીઓ ત્યાં અથડાઈ. એક ધોળી પરત આંગળીએ ચોંટી. સહેજ દબાણથી એ ફોતરું રજકણ બની વેરાઈ ગયું.

શરૂ થયેલી ફર ફર થોડી વારમાં મુશળધાર વરસાદમાં ફેરવાઈ ગઈ. પાણીનાં મોટાં મોટાં ફોરાં પથ્થર પર પડતાં અને તરત અદૃશ્ય થઈ જતાં. ગુલમોહરનાં ખરેલાં પાંદડાં, પક્ષીઓની ચાંચમાંથી ખરેલી ડાળીઓ અને આછી રેત પાણીમાં વહેતાં હતાં. એના કારણે પ્રવાહ મટમેલો થઈ ગયો હતો. ત્યાં પાછળથી પરિચિત પદરવ સંભળાયો..

બહાર વરસતું જળ હેમેન્દ્રની આંખોમાં ઊતર્યું. દૃશ્ય ઝાંખું પડી ગયું. આંખ લૂછી સઘળું સ્પષ્ટ કરવા ગયો, આંગળીઓએ ચોંટેલો ચૂનો આંખમાં ગયો, આંખો દદડી. હવે ધોધમાર વરસાદ પડતો હતો. મોટાં ફોરાં પછડાઈ વેરાઈ જઈ પથ્થરો પરથી વહી જતાં હતાં.

■

માતા સાધ્વી સ્ત્રી હતી એવી મારા ઉપર છાપ રહેલી છે. તે બહુ ભાવિક હતી. પૂજાપાઠ વિના કદી ન જમે. હવેલીએ હંમેશાં જાય. હું સમજણો થયો ત્યારથી તેણે કદી ચાતુર્માસ છોડ્યા હોય એવું મને સ્મરણ નથી. કઠણમાં કઠણ વ્રતો તે આદરતી અને નિર્વિઘ્ને પૂરાં કરતી. લીધેલાં વ્રત માંદી પડે તોપણ ન જ છોડે. એવો એક સમય મને યાદ છે કે જ્યારે તેણે ચાંદ્રાયણ વ્રત લીધેલું, તેમાં માંદી પડેલી પણ વ્રતને ન છોડેલું. ચાતુર્માસમાં એકટાણાં કરવાં એ તો તેને સામાન્ય વાત હતી. એટલેથી સંતોષ ન વાળતાં એક ચાતુર્માસમાં તેણે ધારણાંપારણાં કરેલાં. બેત્રણ સામટા ઉપવાસ એ એને મન નજીવી વાત હતી. એક ચાતુર્માસમાં તેનું એવું વ્રત હતું કે સૂર્યનારાયણનાં દર્શન કર્યા પછી જ જમાય. આ ચોમાસે અમે છોકરા વાદળ સામું જોઈ રહીએ કે ક્યારે સૂર્ય દેખાય ને ક્યારે મા જમે. ચોમાસામાં ઘણી વેળા દર્શન દોહ્યલાં થાય એ તો સહુ જાણે છે. એવા દિવસો યાદ છે કે જ્યારે સૂર્યને અમે જોઈએ, 'બા, બા, સૂરજ દેખાયો' કહીએ તે બા ઉતાવળી ઉતાવળી આવે ત્યાં તો સૂરજ ભાગી જાય. 'કંઈ નહીં, આજે નસીબમાં ખાવાનું નહીં હોય' કહી પાછી જાય ને પોતાના કામમાં ગૂંથાઈ જાય.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

ટૂંકી વાર્તા

ચોટલા

વિશાલ ભાદાણી

"અગરબત્તીઓ, દીવા ને શ્રીફળ એ બધું જ કરી જોયું, પણ સાતેય ફળિયામાં એક હારે ચોટલા આમથી તેમ રઘવાયા થઈને ઊખડું ઊખડું થયા સે. અને આપણને બધાને ખબર સે કે એકાદોય ઊખડ્યો તો હું થાહે?" સિત્તેરેક વર્ષના ડરેલા અહંકારે સૌને પરિસ્થિતિની ગંભીરતા સમજાવી.

"આનો કાંક તો રસ્તો હશે ને?" મૂંઝારો બોલ્યો.

"હાલો વાઢી નાખીએ...એની માને...એક ઘા ને બે કટકા!" લાલચોળ આંખોએ હુકમ કર્યો.

"ખમ્મીયા કરો...હળવે...એમ ઉતાવળે એકેય ચોટલો વાઢ્યો સેને તો જોવા જેવી થાહે...અઢીસો વરહ પેલા હું થયેલું ભૂલી ગ્યા? ગામ મૂકીને રાતોરાત આ ગામ વસાવવું પડેલું...એવી તૈયારી સે? છાણ સે?" ડરેલો અહંકાર થોડો ચિડાયો અને વધુ ડર્યો.

"પણ આ બધા ચોટલા એક હાર્યે કેમ ઊભા થયા?" પ્રશ્ન પૂછનાર સહિત સૌની આ જ વિડંબણા છે. રાતના પોણા બાર થયા છે પણ કોઈ જ ઉકેલ મળતો નથી. કોઈ મોટી ભૂતાવળ જાણે બાર વાગવાની રાહે હતી.

૨)

"જાનકી, હું તને કઈ દઉં સુ કે તું સે ને નાનકી રમતી હોય ત્યારે આમથી તેમ નો ફરતી. બિચારી બીય જાશે. હું તને કાયમ માથું ધોઈને વાળ ઓળી દઉં સુ ને? તેલેય તો નાખી જ દઉં સુ ને? હેં માવડી?" જાનકીના વાળમાં હળવે હળવે દાંતિયો ફેરવતાં ગૌરીમા બોલ્યાં અને કશુંક યાદ આવ્યું હોય એમ ઉમેર્યું, "તે હેં જાનકી, ઓલી પ્રેમલાની કુકી અને જીવાદાદાની અંતુએ કંઈ નક્કી કર્યું? કાલના નીવેદમાં તો કોઈ કાંઈ બોલેલું નહીં. ક્યાંય દેરી કરીને બેહવાનું નક્કી થયું?" થોડી વાર વિચારોમાં ગરકાવ થયેલ ગૌરીમાના હાથ અટકી ગયા. એને થયું કે કદાચ નાનકી જાગી. એટલે ઝડપથી અધૂરું તેલ જાનકીના વાળમાં ઢોળીને ઉપર જેવોતેવો કોથળો ઢાંકીને જમીને ટેકો દઈને ઊભાં થયાં.

જાનકીના ભાઈ ધમલાની નાની દીકરી હજુ આઠ વરસની છે. એને કશી જ ખબર નથી. પણ ઘરમાં સૌને હવે એમ લાગે છે કે કદાચ એને થોડો અંદાજ આવવા લાગ્યો છે. આ અંદાજ ઝડપથી આવી જાય તો સારું.

નાનકીએ પોતાના ખાટલાની નજીક આવી રહેલાં ગૌરીમાને પૂછી નાખ્યું, "બા, કોની હાર્યે વાતું કરતાં'તાં?"

"હું? હું તો માતાજી હાર્યે. મારે હવાર હવારમાં માતાજી હાર્યે કેટલીય વાતું હોય. તું ઊભી થાય નહીં ત્યાં લગણ હું કોની હાર્યે વાતું કરું? દિ ઊગ્યા પેલા તારાં મા ને બાપુ તો વાડીએ નીકળી ગયાં. તે હાલ્ય મોઢું ધોઈ લે, હું ભાખરી માંડું." કહેતાં કહેતાં પોતાની નજર નાનકી સાથે એક ન થઈ જાય એ સુનિશ્ચિત કરતાં ગૌરીમા ઓંસરીના છેલ્લા ભાગે આવેલા રસોડામાં કામે વળગ્યાં.

પોતાનાં પગલાંનો સહેજ પણ અવાજ કર્યા વગર નાનકી ગૌરીમાની પીઠ પાછળ આવીને ઊભી રહી ગઈ. બાને લાગ્યું કે પાછળ કોઈ છે એટલે એણે થાળીના પ્રતિબિંબમાં જોઈ લીધું કે નાનકી ઊભી ઊભી આંગળીના વેઢા ગણે છે. બાએ મજાકમાં કહ્યું, "નાનકીબેન, આજે આ ડોશી બીવાની નથી. તમે ઝટ દઈને દાતણ લ્યો!"

પણ નાનકીએ કોઈ જ પ્રતિક્રિયા આપી નહીં. એ તો વેઢા ગણતી ગણતી બોલે જતી હતી. "બા એક, મા બે, બાપુ ત્રણ, ને હું ચાર. હ....મ... ચાર." એ થોડી મૂંઝાણી અને ગૌરીમાને ખભે હાથ મૂકતી બોલી, "તે હેં બા, આપડે આખા ઘરમાં કુલ ચાર જણા સવી. તો તમે કાયમ પાંચ થાળી કેમ તૈયાર કરો સો?"

ગૌરીમાએ એની તરફ જોઈને કથરોટમાં ભાખરીનો લોટ બાંધતાં સમજાવવાની કોશિશ કરી, "કેમ માતાજીનો રોટલો નહીં ઘડવાનો? એની થાળી નહીં તૈયાર કરવાની?"

નાનકીનો હિસાબ પૂરો થયો હોય એમ એ બોલી, "હા કરવાની ને....હમ..." પરંતુ એના મનમાં કશુંક તો ચાલે છે એ ગૌરીમા બરોબર પામી ગયેલાં. અને થોડાં ડરી પણ ગયેલાં એટલે નાનકીનું ધ્યાન ભટકાવવા એને કહ્યું, "મારી મા, ઈ બધી વાતું નિરાંતે કરશું, અટાણે તું ખાઈ પીને નાઈ લે. અગ્યારના ટકોરે નિશાળે પૂગવાનું સે."

નિશાળનું નામ સાંભાળતાં જ નાનકી વીફરી. દોડીને અરીસા સામે ઊભી રહીને વાળ સરખા કરતાં બોલી, "હું નથ્ય જાવાની."

"કાં?"

"ના."

"પણ થ્યું હું ઈ તો કે."

"થાય હું? ઓલ્યો નવો માસ્તર સે ને...ઓલ્યો વાંદરીનો જનકો..."

"હં..અ..."

"ઈ કજાતનો કે કે સોકરા રમતા હોય ઈ બાજુ નઈ જાવાનું...નિશાળ એના બાપની સે..? કાલ્ય હું ને કીર્તન ગરબા રમતા રમતા ફદુડી ફરતા'તા ને ત્યારે જનકાએ આવીને મારો હાથ ઝૂંટવીને આંખ્યું લાલ કરી. પસી મને ધકો મારીને પાડી દીધી...ને મારા માથે...હું નિશાળ નથી જાવાની." કહીને વળી પોતાના વાળ સરખા કરતી ગુસ્સો દાતણ પર કાઢવા લાગી.

બાએ રસોડાની નાનકડી બારીમાંથી હમણાં જ જ્યાંથી ઊભાં થઈને આવેલાં એ ખૂણા પર નિસાસો નાખતાં ભાખરી એટલી જોરથી તાવડીમાં ફેંકી કે તાવડીમાં અને મનમાં એક સાથે તિરાડ પડી. "તાવડી તો બદલી નાખીએ પણ જીવતર એમ બદલાય સે?" એમ બોલતાં અને ચૂલામાં નાના પણ જાડા લાકડાને પરાણે ખોસીને તાપ સંકોરતાં ગૌરીમાએ નાનકીને ઝાટકી, "તે અડધા ગામ જેવડી નિશાળમાં રમવાનું ઓસુ સે? આપડે સાનુંમાનું બીજે રમવા જાવાનું. સોકરા ભેગું નહીં. હમજી? ઈ માસ્તરને અમી જ કીધું સે કે ભાળ્ય કોઈ સોકરીને સોકરા ભેગી રમવા દીધી સે તો!" હવે ગૌરીમાના અવાજમાં ગુસ્સો ભળ્યો એટલે નાનકી ડરીને ચૂપ થઈ.

૩)

"રાત્રે હાજતે જાવાના બહાને કજાત પીપર હેઠે કોક સોકરા હાર્યે ઊભી હતી." ધમલાએ જાનકીને એક તમાચો લગાવીને જમીન પર પાડી દીધી અને ઘરના લોકોને વાત જણાવી. કણસતી જાનકી હીબકે ચડેલી. રામલો જાનકીને આખી બજારે મારતો મારતો ઘેર લાવેલો ત્યારે જાનકીનું ધ્યાન ગયેલું કે તમામ લોકો એને જોવા બહાર નીકળેલા. ઘેર પહોંચતાં જ ધમલાએ જાનકીને ઓશરીમાં ફંગોળેલી અને તાડૂક્યો, "ઈ હરામનાને ગોતીશ પણ પેલા આ ઘરની બલાને ઠેકાણે પાડું."

બે ત્રણ નાતીલા આવી પૂગ્યા. એમાંથી એક ગૌરીમાને કહેવા લાગ્યો, "અમે તો અઠવાડિયાથી વાતું હાંભળતા'તા પણ વાત પાકી થઈ એટલે ધમભાઈને રૂબરૂ લઈ ગયા."

"તને છેલ્લી વખત પૂસું સું કે બોલ તું અને ઈવડો ઈ....?" ધમલાનો અવાજ આખીય શેરીને ચીરીને હુંકતો હતો. જાનકીએ હાથ જોડ્યા. હીબકાં ભરતી ભરતી ગૌરીમાના પગમાં પડી. "બા, હું ખાલી વાત...અમે કોઈ દી...બા...એ બા...મારી વાત માનો." ખાટલાની પાટીને ખેંચીને મજબૂત કરી રહેલાં ગૌરીમા સજળ આંખે મોઢું ફેરવી ગયાં.

નવી નવી આવેલી ધમલાની પત્ની પાસે જઈને પણ જાનકી કરગરતી રહી, પણ ભાભી દયામણી નજર સિવાય કશું જ ન આપી શકી. ધમલો ખીલો તોડાવેલ ઢોરની જેમ આમથી તેમ દોડતો હતો. અચાનક અંધારિયા ઓરડામાં ગયો અને બહાર આવ્યો ત્યારે હાથમાં પાવડો હતો. ગૌરીમાએ ઓશરીમાં ટીંગાડેલ માતાજીની છબી તરફ જોઈને હાથ જોડ્યા; એમની આંખો બંધ થઈ. ડૂમો તો ભરાઈ જ ગયેલો. ધ્રૂજતા હોઠ ફફડવા લાગ્યા. પણ આગલી જ ક્ષણે શું થશે એ વિચારીને એના શ્વાસોચ્છ્વાસ ધમણ બન્યા. ધમલાની વોવે માથે ઓઢેલી સાડીને પોતાના મોંમાં નાખી અને ઊભી ઊભી ધ્રૂજવા લાગી.

"ગામમાં કોઈ ફળિયામાં વાળ નહોતા ભાળ્યા? હેં કજાત?" ધમલો બોલે જ જતો હતો.

હાથ જોડતી જાનકીએ ભાગવાની કોશિશ કરી, પણ નાતીલાઓએ પોતાની ફરજ બજાવી. એને પકડીને ધમલા તરફ ફેંકી. ધમલાએ પૂરી દાઝથી પાવડો ઉગામ્યો અને જાનકીના માથે માર્યો. ખોપરી ફાટવાનો બોદો અવાજ આવ્યો અને જાનકી ઓશરીમાંથી ફળિયામાં જઈ પડી.

ગૌરીમાનો ડૂમો પણ ફાટ્યો.

ફળિયામાં લોહીના ખાબોચિયામાં ચત્તી પડેલી જાનકીનો જીવ હજી ગયો નહોતો. માસૂમ ચહેરા પર અધખૂલી આંખો ઓલવાઈ રહેલા દીવાને પ્રજ્વલિત રાખવાની તમામ કોશિશ કરી રહી હતી. હાથની આંગળીઓ થોડી થોડી હલતી હતી. ગૌરીમાએ ફળિયામાં દોડીને તેને પોતાના ખોળામાં લઈને પોક મૂકી. એની પાછળ પાછળ ધમલાની વોવે પણ. અત્યાર સુધી આસપાસ અને ડેલી બહાર ઊભેલો સમાજ ધીમે ધીમે અંદર આવ્યો. ડોશીને અને વોવને સાંત્વના આપવા લાગ્યો. આ દૃશ્ય જોવા ન ઇચ્છતી નાની નાની છોકરીઓ પણ આવી – લાવવામાં આવી.

નાતીલાઓ આડોશપાડોશમાંથી ત્રિકમ-પાવડા લઈ આવ્યા અને ફળિયાના એક ખૂણામાં ખાડો ખોદવાનું શરૂ કર્યું. દર વખતે જાણે આમ જ કરવાનું હોય એમ બધું જ પદ્ધતિસર ચાલતું'તું. કોઈ કશું જ બોલતું નહોતું. અધમૂઈ જાનકી માંડ માંડ બોલી, "બા...બા...પાણી..." કોઈને પણ દયા આવી જાય. ધમલાની વોવ પાણિયારા તરફ વળી કે ધમલા સાથે એની નજર એક થઈ અને એ ત્યાં જ ખીલો થઈ ગઈ.

ધમલાનો લોહીવાળો પાવડો ફરી ઉપાડ્યો ને બોલ્યો, "પાણી? હવે તારી ચોટલાવાળીયું ભેગી પીજે...રાં..." ત્યાં જ નાતીલા બોલ્યા, "ધમભાઈ હાવ નો મારો. ખાડો તૈયાર થઈ જ ગયો સે." ભેગા થયેલા લોકોએ મદદ કરી. એક જણાએ બે હાથ પકડ્યા અને બીજાએ બે પગ. ટીંગાટોળી કરીને જાનકીને ખાડામાં ઊંધી સુવડાવી. હજુ જેનો ગુસ્સો ઠર્યો નથી એ ધમલો દૂર બેઠો બેઠો બોલ્યો, "એના વાળ બાર્ય રે એમ..."

"હા ધમભાઈ..."

જાનકીને જીવતી જ ફળિયામાં દફ્નાવી. ઉપર નાખેલી માટીને બરાબર ધરબવામાં આવી. ધબ...ધબ...ધબ...એમ અંધારામાં આવતો અવાજ આ ઘટના જોઈ રહેલી નાની નાની છોકરીઓને ડરાવવા માટે પૂરતો હતો. કેટલીયે તો આંખો અને કાન બંધ કરી દીધેલા. નાતના નિયમ પ્રમાણે અને ધમલાની સૂચના પ્રમાણે જાનકીના વાળ બહાર રાખવામાં આવ્યા!

આ ખબર વાયુવેગે ગામમાં ફેલાઈ ગઈ એટલે જે જે ઘરમાંથી છોકરીઓ લાવવાની બાકી હતી એને લઈને સૌ માતા-પિતા આવ્યાં. આખુંય ફળિયું કીડિયારાની જેમ ઊભરાયું.

કોઈ ડોશીમાએ કહ્યું, "હાલો, સોડીયું, માતાજીના વાળનાં દર્શન કરી લ્યો ઝટ ઝટ!

૪)

છેલ્લાં પચાસ વર્ષોમાં કુલ સાત ઘરમાં દાટેલા આવા માતાજીઓના ચોટલાઓ આજે સવારથી ફળિયામાં ઊભા ઊભા ચાલવા લાગ્યા છે. આજની રાત ભારે છે. કોઈકે તો આ માતાજીની મર્યાદા ઓળંગી છે નહીંતર આવું બને નહીં. વડીલો કહે છે કે આવી જ ઘટના અઢીસો વર્ષ પહેલાં બનેલી તે આજે બની.

વૃદ્ધ અને ઊંડી આંખોએ ભગવાન ભૂવાના હાથને અડીને પૂછ્યું. "તમે જોઈને ક્યોને કે તમને કોણ દેખાય છે?"

ભૂવાએ થોડી વાર દાણા જોયા. ને છેલ્લા વધવામાં તો દાઝ્યા હોય એમ દાણા ફેંકી દીધા. સૌને ખ્યાલ આવી ગયો કે ભૂવાને એ માણસની ભાળ મળી ગઈ છે.

"બોલો કોણ સે?" સૌ તાડૂક્યા.

ભૂવાએ લાલ આંખે કહ્યું, "નવો માસ્તર."

"હેં..?" સૌ એકસાથે બોલ્યા.

ભૂવાએ ગઈકાલની ઘટના વર્ણવી, "આપણે માતાજીના નીવેદ કરી રહ્યા હતા ત્યારે આ તેરેય ચોટલા ધમલાની નાનકીના ખોળિયામાં ગરબા રમવા નિશાળે ગયેલા. માસ્તરે નાનકીને ગરબા રમવાની ના પાડી અને ધક્કો દીધો." થોડી વાર અટકીને ભૂવો બોલ્યો, "પણ માસ્તરનું મગજ તપેલું હતું તે એણે કાતર લઈને નાનકીની એક લટ કાપી ને બધી છોકરીઓ ભાળે એમ ભોંય પર ઘા કર્યો..."

સૌ જાણતા હતા કે જ્યારથી નાત્યની આબરૂ ઉછાળતી છોકરીઓને જીવતી દાટવાની પ્રથા શરૂ થયેલી ત્યારથી એક નિયમ નક્કી થયેલો કે કોઈના ખોળિયામાં ચોટલો આવે ત્યારે એ ખોળિયાના વાળને કંઈ ન થવું જોઈએ. કારણ? કારણ કે એ હવે વાળમાં જ જીવે છે, વાળ જ હવે એની આબરૂ કહેવાય. કોઈ પોતાની આબરૂને થોડું લજવવા દે! અઢીસો વર્ષ પહેલાં આવી જ રીતે કોઈ રાજાએ ચોટલાના ખોળિયાવાળી કન્યાના ભૂલથી વાળ ખેંચેલા તે એ રાજાને અને પ્રજાને ભારે થયેલી. એ વખતે આબરૂ સામે આબરૂ માંગતા ચોટલાએ તો આબરૂ સામે જીવ લીધેલો!

ભૂવો સૌને સમજાવતો હતો કે, "ચોટલા માસ્તરને કંઈ કરે એ પેલાં આપણે જ કંઈક કરીએ તો ચોટલા વીફરશે નહીં."

આટલું સાંભળતાં જ ધમલો ઊભો થઈને માસ્તરને ગાળ દેતો દોડ્યો માસ્તરના ઘર તરફ. ને બરબાર એ જ સમયે બારના ટકોરા થયા.

કોઈએ એને રોકવાની કોશિશ ન કરી. ઊલટાનું રસ્તામાં જે પાવડા, કોદાળી, કોશ હાથમાં આવ્યા એ લેતા સૌ ધમલાની પાછળ ગયા. આખું ટોળું માસ્તરની શેરીમાં પુરજોશથી આગળ ધસી રહ્યું હતું. ત્યાં જ સૌનું ધ્યાન ગયું કે સાતેસાત ચોટલાઓ ફળિયામાંથી ઊખડીને લાંબો ચોટલો બનીને એક મોટો નાગ થઈને માણસોના ટોળાને આંતરીને ઝડપથી માસ્તરના ઘર તરફ ધસી રહ્યો હતો. ધમલો તો આખલાની પેઠે પુરજોશમાં દોડી રહ્યો હતો. ચોટલો એનાથી આગળ. ધૂળની ડમરીએ આ ગોઝારિયા ગામને બાથમાં લીધેલું.

માસ્તરની ડેલીને ચીરીને ચોટલો અંદર ઘૂસ્યો. ખાટલે સૂતેલા માસ્તરને ગળેથી પકડીને ચોટલાએ નજીકના પીપળે ટીંગાડ્યો. માસ્તરને સમય જ ન મળ્યો. જીભ બહાર આવી ગઈ. આંખો ગાલે લટકી ગઈ. ટોળું થોડુંક જ મોડું પહોંચ્યું. માસ્તરને લટકતો જોઈને ચોટલા સામે સૌના હાથ જોડાયા. પણ ધમલાએ તો હાથમાં રહેલી કોશનો ઘા કર્યો. માસ્તરના શરીરને કોશ અડી એટલે એનો દેહ હવામાં ઝૂલવા લાગ્યો. ઝાડવે લટકતા મૃતદેહની નીચે ચોટલો ફેણ માંડીને બેઠો. આખું ગામ હાથ જોડીને ઊભું હતું. જાણે કે યુદ્ધ પહેલાંની શાંતિ સૌને ખાવા દોડી રહી હતી. ધમલાની પત્ની પણ નાનકીને લઈને પહોંચી. નાનકી ધ્રૂજતી ધ્રૂજતી આ દૃશ્ય જોઈ રહી હતી.

એક ફેણમાંથી સાત થઈ. હવે શું થવાનું છે એની અટકળો સૌ કરવા લાગેલા. માસ્તરનો જીવ તો લીધો, હવે શું? એવામાં ધૂળની એક ડમરી નાનકીને ફરી વળી ને એ એક ઝાટકે એની માનો હાથ છોડાવીને ચોટલા પાસે પહોંચી ગઈ. ચોટલાએ એને ધીમેથી ઊંચકીને પાતાના સાત ફેણ વાળા આસન પર બેસાડી. જાણે કે નાનકડાં માતાજી કાળી નાગને નાથતાં હોય એવી દિવ્ય આકૃતિએ સૌને વધુ સ્તબ્ધ કરી. ધમણ જેવા શ્વાસ સાથે નાનકીના માધ્યમથી ઘાટા અવાજ સાથે સાતેય ચોટલા બોલ્યા : "આબરૂને બદલે આબરૂ નહીંતર જીવ!"

પેલો વૃદ્ધ અહંકાર જાણે કે પસ્તાયો હોય એમ ગ્રામજનોને કહેવા લાગ્યો, "જો જીવતા રહેવું હોય તો માતાજીની માફી માંગો અને સૌ પોતપોતાની આબરૂ ધરો. મારાં ઘરમાંય એક ચોટલો સે એટલે હું જ પહેલ કરું." એટલું બોલીને એ વૃદ્ધે પોતાની મૂછને બે ઝાટકા મારીને ખેંચી કાઢી. લોહી નીકળ્યું. ધીમે ધીમે બધા જ પુરુષો વૃદ્ધની જેમ પોતાની મૂછો આમળીને ચોટલાને ધરવા લાગ્યા.

પૂળો પૂળો મૂછોના ધણીઓ આજે મૂછ અને આબરૂ વગરના ખોખલા નર દીસતા હતા. એ જોઈને ચોટલો ખડખડાટ હસી પડ્યો! ને બીજી જ ક્ષણે એ કન્યાઓએ પોક મૂકી. પોતાના જ ભાઈ, કાકા, બાપ અને દાદાઓને સંબંધીઓને ઉદ્દેશીને સાત કુંવારિકાઓ બોલી, "ખેતર ખેડીએ અને ભોંયમાંથી પારકી દીકરી નીકળે તો એનેય આપણે આપણી કરવાનો રિવાજ સે...ત્યાં જ આપણી સગ્ગી દીકરીયુંને ભોંય ભેગી કરવાની? માતાજી બનાવીને મઢમાંય બેહારવી સે ને જીવતા ફળિયામાં દાટવીય સે...આ બેય તો હવે નહીં હાલે!" ચોટલાનો અવાજ હવે મોટી ત્રાડ બન્યો, "બોલો, બેમાંથી હું બંધ કરવું સે? બોલો...બોલો..."

૫)

પાંચમા નોરતે રાત્રે આઠેક વાગે પીપળા નીચે આવેલ સાત માતાજીઓની દેરીએ દીવા કરવા આવેલી વીશેક વર્ષની નાનકી આમતેમ જોતી એક એક દેરીએ દીવો કરતી જાય છે. છેલ્લો દીવો કરીને તે એક દેરીની પાછળના અંધારા ઓટલા પર બેઠી છે. એને કોઈકનાં પગલાંનો અવાજ સંભળાય છે. એના ચહેરા પર સ્મિત ફરકી જાય છે. સુંદર રીતે ગૂંથેલા પોતાના ચોટલાના છેડાને ઓઢણીની કોરને ગોળ ગોળ ફેરવવા લાગી. પ્રત્યેક દેરીમાં મૂકેલ ગરબામાં મૂકેલ કોડિયાં પણ હરખાયાં. પગલાં એકદમ નજીક આવ્યાં. એણે એક ઝગતું કોડિયું હાથમાં લીધું અને જોયું તો સામે કીર્તન ઊભો હતો...!

■

મારે આત્મકથા ક્યાં લખવી છે? મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની કથા લખવી છે. તેમાં મારું જીવન ઓતપ્રોત હોવાથી કથા એક જીવનવૃત્તાંત જેવી થઈ જશે એ ખરું છે. પણ જો તેમાંથી પાને પાને મારા પ્રયોગો જ નીતરી આવે તો એ કથાને હું પોતે નિર્દોષ ગણું. મારા બધા પ્રયોગોનો સમુદાય પ્રજાની પાસે હોય તો તે લાભદાયી થઈ પડે એમ હું માનું છું, – અથવા કહો કે એવો મને મોહ છે.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

સંસ્મરણ

એક 'રાની પંખીડું' જિતુભાઈ પ્ર. મહેતા

દીપક મહેતા

"હું તો સોળમા વરસથી ઘેરથી નીકળી 'રાની પંખીડું' થઈ ઊડી નીકળ્યો છું." આ શબ્દો વાંચવા મળે છે ૧૯૩૭ના ફેબ્રુઆરીની ૨૬મી તારીખે લખાયેલા એક કાગળમાં. એ કાગળ લખાયો હતો 'ઘણું વ્હાલા મેઘાણીભાઈ'ને. લખનારઃ 'તમારો જ જીતુ.' આ 'જીતુ' એટલે જિતુભાઈ પ્રભાશંકર મહેતા. જન્મ ભાવનગરમાં, ૧૯૦૪ના સપ્ટેમ્બરની ૧૯મી તારીખે. ઉપનામ, 'ચંડુલ.' કહેવાય છે કે આ ચંડુલ પક્ષી જુદાં જુદાં ચોવીસ પક્ષીઓના અવાજ કાઢી શકે છે અને છતાં એ પોતાનો અવાજ ક્યારેય ભૂલતું નથી. પક્ષીજગતના જાણીતા અભ્યાસીઓ હસન ઉસ્તાદ, કંચનરાય દેસાઈ અને તેમના પુત્ર પ્રદ્યુમ્ન દેસાઈ સાથે રખડી રખડીને જિતુભાઈએ પંખીઓ વિશે જાતમાહિતી એકઠી કરી. એ માટે ગીરનાં જંગલોમાં ફર્યા, નેપાળની સરહદ સુધીની સફર પગપાળા કરી. એટલે જાણે પોતાનાં કુટુંબીજન હોય તેટલી આત્મીયતાથી પંખીઓને અને તેમની બોલીને ઓળખે. પંખીઓનાં સ્વર-ગાન, ખાસિયતો, રહેણીકરણી, લાંબા અંતરની મુસાફરીઓ વગેરે વિશે જાતમાહિતી સાથે બોલી અને લખી શકે. ૮૩ વરસની જિંદગીમાં ઘણું જોયેલું-જાણેલું, માણેલું-વેઠેલું, પણ એ અંગે મનમાં નહિ ભાર કે નહિ કોઈ ઉપર ખાર. અલગારી જીવ. લખવા કરતાં વાંચવું વધારે ગમે અને વાંચવા કરતાં વાતોના તડાકા મારવાનું વધુ ગમે. એમની વાતો એટલે ઝરણું કે ધોધ નહિ, પણ અનેક ધારવાળો ઊછળતો-કૂદતો ફુવારો, અને તેય પાછો રંગબેરંગી રોશનીથી ઝળહળ થતો. વાતોમાં બીજાને તો ભીંજવે જ, પણ પોતેય ભીંજાય. તેમના વ્યક્તિત્વની ખરી ઓળખાણ આપવા માટે અંગ્રેજીના conversationalist શબ્દ કરતાં વધુ સારો શબ્દ મળવો મુશ્કેલ.

ખાધેપીધે સુખી કુટુંબ, એટલે બાળપણ મોજમાં વીત્યું. કવિ કાન્તની પડોશમાં જ પ્રભાશંકરભાઈનું કુટુંબ રહે, એટલે કાન્તને ત્યાં આવતાજતા કવિઓ, લેખકો, પત્રકારો વગેરેનાં નામ-કામ સાથે બાળપણથી જ જિતુભાઈને પરિચય. ૧૯૮૭ના ઑક્ટોબરની બીજી તારીખે મુંબઈમાં અવસાન થયું તે પહેલાં થોડા વખતે આ લખનારને આપેલી મુલાકાતમાં જિતુભાઈએ કહ્યું હતું કે હું જ્યાં રહેતો એ ભાદેવાણની શેરીમાં એ વખતે ઘરની બહાર તો લગભગ બારે માસ કીચડ રહેતો, પણ અમારે ઘરે જે લોકો આવતા તેમનાં દિલમાં તો કાયમ કલાનાં ગુલાબો ખીલેલાં રહેતાં. અલબત્ત, કવિ કાન્ત અને જિતુભાઈની ઉંમર વચ્ચે લગભગ પાંત્રીસ વરસનો તફાવત. પણ કાન્ત સાથેના ઘરોબાને કારણે જિતુભાઈને શબ્દનો સંગ અને રંગ લાગ્યો. 'શરદપૂનમની રઢિયાળી સદા, મને સાંભરે આપણી રાત સખી,' એ કવ્વાલી લખ્યા પછી કવિ કાન્તે પહેલવહેલી જિતુભાઈને

સંભળાવેલી, અને એ જ વખતે જિતુભાઈએ તેની બંદિશ બનાવીને ગાઈ બતાવેલી. કવિ કાન્તના જીવન અને સર્જનના ઊંડા અને મર્મજ્ઞ અભ્યાસી રામનારાયણ પાઠકે ‘પ્રસ્થાન’ માટે ખાસ જિતુભાઈ પાસે લેખ લખાવેલો. જિતુભાઈનું એ પહેલું પ્રગટ થયેલું સાહિત્યિક લખાણ.

કવિતાના સંસ્કારની જેમ સંગીતના સંસ્કાર પણ બાળપણથી જ મળ્યા. દલસુખરામ ભોજક અને મગનલાલ કાછિયા જેવા સંગીતના જાણકારો પાસેથી શાસ્ત્રીય સંગીતની જાણકારી અને તાલીમ મળી. મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકરની એક પંક્તિમાંથી જીવનને જાણવા-પ્રમાણવાની દૃષ્ટિ મળી : ‘બળાપે અંગારો, આ તો સૃષ્ટિની શોભા રે!’ અંગારો બળતો ન હોય તો તો એ કોલસો છે. બળતો અંગારો એ જ વિદ્યા, એ જ કલા, એ જ ગતિ અને એ જ સાચો અભિગમ.

આ પંક્તિ સાંભળતી વખતે જિતુભાઈને ખ્યાલ પણ નહોતો કે ટૂંક સમયમાં એમને પોતાને ભાગે અંગારાની જેમ બળવાનું આવવાનું છે. એક જ વરસમાં પિતા અને મોટા ભાઈનું અવસાન થયું. પૈસેટકે કુટુંબ પાયમાલ. મૅટ્રિક પછીનો અભ્યાસ છોડીને સત્તર વરસની ઉંમરે નીરાવેલી શુગર ફૅક્ટરીમાં નોકરીએ લાગી જવું પડ્યું. ત્યાં પહેલું કામ કર્યું તે કૉટન વેસ્ટ ઘાસલેટમાં બોળીને મશીનો સાફ કરવાનું. પણ તેનોય વસવસો નહિ. કહેતા : “મારા હાથ જે મેલા થયા તે મને કામ લાગ્યા. મગજમાં કોઈ જાતની રાઈ રહી જ નહિ! એ રીતે મારો વાસ્તવિકતા સાથે ઘરોબો બંધાયો.” વળી એ નોકરીને કારણે મજૂરો અને મજૂરનોનાં જીવન, તેમના પર થતા જુલમ અને અત્યાચાર, એમની વ્યથા અને વિટંબણાઓ, એ બધાંનો એમને પરિચય થયો. પછીથી તેમનાં લખાણોમાં શ્રમજીવીઓનાં જીવનનું ચિત્રણ અને તેમના માટેની હમદર્દી પ્રગટ્યાં તેનાં મૂળ એ જાત-અનુભવમાં. એટલે કેટલાક વખત માટે તેઓ ‘પ્રગતિવાદી’ (વાંચો સામ્યવાદી) લેખકોની મંડળીમાં પણ ભળેલા.

કેટલાંક વરસ શુગર ફૅક્ટરીમાં નોકરી કર્યા પછી મુંબઈ આવી થોડો વખત ‘મૂવિંગ પિક્ચર’ નામના સામયિકમાં કામ કર્યા પછી રણછોડદાસ લોટવાળાના ‘હિન્દુસ્તાન પ્રજામિત્ર’ અખબારમાં પત્રકાર તરીકે જોડાયા. લોટવાળાની લાઇબ્રેરી ખૂબ સમૃદ્ધ. કૉલેજનો અભ્યાસ કરવાની મુરાદ અધૂરી રહી ગયેલી એનો ખંગ વાળવા જિતુભાઈના જ શબ્દોમાં કહીએ તો ‘એ લાઇબ્રેરી આખેઆખી હું પી ગયો.’ પછી શામળદાસ ગાંધીના વંદેમાતરમ્, અમૃતલાલ શેઠના જન્મભૂમિ, વજુ કોટકના ‘ચિત્રલેખા’ જેવાં દૈનિક-સાપ્તાહિક સાથે સંકળાયા. કેટલાક વખત સુધી દર અઠવાડિયે ‘જી’ સાપ્તાહિકનો આખેઆખો અંક જિતુભાઈ એકલે હાથે લખતા, અલબત્ત, જુદાં જુદાં નામે. ‘મુંબઈ સમાચાર’ અને ‘સંદેશ’ દૈનિકોમાં વરસો સુધી કટારો લખી. મૂંગી ફિલ્મોના જમાનામાં સાગર મૂવીટોન માટે મીઠી છૂરી’ (૧૯૩૧) ફિલ્મની, તો રણજિત મૂવીટોન માટે ‘ચાર ચક્રમ’ (૧૯૩૨)ની પટકથા લખી. ઉપરાંત ‘ભૂતિયો મહેલ’ અને ‘પરદેશી પ્રીતમ’ જેવી ફિલ્મો માટે પણ પટકથા તૈયાર કરી.

જિતુભાઈએ અખબારો અને સામયિકો માટે લખ્યું, નાટક અને ફિલ્મ માટે અને વિષે લખ્યું, ગરબા અને ગીત લખ્યાં, સામાજિક નવલકથાઓ અને રહસ્યકથાઓ લખી, ટૂંકી વાર્તા અને નિબંધ લખ્યા. પણ અલગારી જીવ. પોતાની ધૂનમાં મસ્ત. કાયમ ‘આજ’માં જીવ્યા. ગઈ કાલને ભૂલી જવાની, આવતી કાલની ફિકર કરે એ બીજા. એટલે જેટલું

લખ્યું એમાંથી ઘણું ઓછું ગ્રંથસ્થ કર્યું. સાહિત્ય વિશેની અને રાજકારણ વિશેની કૉલમો લખી, પણ સાહિત્યના રાજકારણથી કાયમ ઉફરા રહ્યા.

શાસ્ત્રીય સંગીત, નાટ્યસંગીત, ફિલ્મસંગીત, લોકસંગીત, સુગમસંગીત માટે લગાવ સાચકલો, અને જાણકારી ઊંડી. મુંબઈમાં વરસો સુધી નવરાત્રી ટાણે ભગિની સમાજ નામની સંસ્થા ગરબાના જાહેર સ્ટેજ પ્રયોગ કરે તેમાં વર્ષો સુધી પહેલો ગરબો જિતુભાઈનો લખેલો જ હોય, નવોનક્કોર. સુગમસંગીતના સૂરોત્તમ પુરુષોત્તમ ઉપાધ્યાયે રચેલી પહેલવહેલી બંદિશ જિતુભાઈના ગીતની : 'ઓલ્યા માંડવાની જૂઈ.' રાસબિહારી દેસાઈ, પિનાકિન મહેતા અને પુરુષોત્તમ ઉપાધ્યાયના સહિયારા સ્વરોમાં આ ગીતની ગ્રામોફોન રેકર્ડ ૧૯૬૨માં બહાર પડી ત્યારથી આ ગીત સુગમસંગીતના અનેક ગાયકો અને ચાહકો માટે એટલું જ 'પોતીકું' બની રહ્યું છે. તો બીજી બાજુ ચંદ્રવદન મહેતાના નાટક 'આગગાડી'માં જિતુભાઈએ અભિનય પણ કરેલો.

જિતુભાઈનું પહેલું પુસ્તક ૧૯૪૫માં પ્રગટ થયું, 'આપની સેવામાં.' 'વંદેમાતરમ્' દૈનિકના સાહિત્યના પાના પર પ્રગટ થયેલા લેખોનો એ સંગ્રહ. એની પ્રસ્તાવનામાં જિતુભાઈ લખે છે : "અખબારનાં પાનાંમાં ઘણું ઘણું પ્રસિદ્ધ થાય છે. જનતાની પાસે એ સાહિત્ય જાય છે એટલે એનામાં જનતાને આકર્ષવાની શક્તિ હોવી જ જોઈએ. પુસ્તક કરતાં અખબારો વાંચનારો વર્ગ બહોળો છે. અખબારમાં લેખો લખનારો એના વાચકથી અતડો ન જ રહી શકે. એની અંદર કલમ પાથરનારને બગીચાની જેમ ખીલવું પડે છે." જિતુભાઈએ વરસો સુધી અખબારો માટે ઢગલાબંધ લખ્યું, પણ એક આ 'આપની સેવામાં' પુસ્તકને બાદ કરતાં તેમાંનું કશું જ ગ્રંથસ્થ કર્યું નહિ. આ અંગે પૂછતાં તેમણે કહેલું: 'એમાં વાંક મારો જ છે. મેં એ લખાણો સાચવ્યાં નહિ.'

'વીજળીનાં અંધારાં' (૧૯૫૪), 'સાપના લિસોટા' (૧૯૫૫), 'ગુલાબી ડંખ' (૧૯૫૬) જેવી રહસ્યકથાઓ પણ જિતુભાઈએ લખી છે. પણ 'રહસ્યકથા' એટલે કેવળ કથારસ, એવા ભ્રમમાં તેઓ નહોતા. વીજળીનાં અંધારાંની પ્રસ્તાવનામાં લખે છેઃ "રહસ્યકથાને પણ ભાષા અને શૈલીની ખાસ જરૂર પડે છે – સાહિત્યને રુચે તેવી ભાષા અને તેવી શૈલી. લેખક એના કલમસ્પર્શને આવી વાર્તામાંય આઘો રહેવા ન દે. જિતુભાઈની કેટલીક ટૂંકી વાર્તા 'ખરતા તારા' (૧૯૬૦) અને 'સનકારો' (૧૯૬૫) એ બે સંગ્રહોમાં સચવાઈ છે. જિતુભાઈ માને છે કે વાર્તામાં પ્રથમ ધબકાર જોઈએ, અને જિતુભાઈની ઘણી વાર્તાઓમાં આવો ધબકાર સંભળાય છે. એ ધબકાર હોય છે જીવનની નકરી વાસ્તવિકતાનો, અસરંગી પાત્રોનાં વાણી-વર્તનનો, સંગીતનાં પંખીઓનો, અને પંખીઓનાં સંગીતનો.

પણ જિતુભાઈની કલમ બગીચાની જેમ ખીલી છે અને ખૂલી છે તે તો નવલકથાના લેખનમાં. 'અજવાળી કેડી' (૧૯૫૫), 'જોયું તખત પર જાગી' (૧૯૬૧), 'પ્રીત કરી તે કેવી?' (૧૯૬૧), 'જીવનની સરગમ', ભાગ ૧, ૨ (૧૯૬૪), એ તેમની પુસ્તકાકારે પ્રગટ થયેલી નવલકથાઓ. તેમાંથી નવલકથાકાર જિતુભાઈનો ઉત્તમ પરિચય મળે છે તે તો અજવાળી કેડીમાં. વીસમી સદીની પહેલી વીસીના કાઠિયાવાડનાં રજવાડાંના રાજાઓ અને રાજકારણ, લોકો અને લોકબોલી તથા લોકજીવન, આપખુદ અમલદારો અને તેમનો ભોગ બનતી રૈયત, રાજ્યકર્તાઓથી દૂર રહીને સંગીત, નૃત્ય, અન્ય કલાઓ, પંખીઓનો

અભ્યાસ વગેરે પાછળ જીવન ખર્ચી નાખનારા ઓલિયાઓ, આ બધાંનું ભાતીગળ, મનોરમ ચિત્ર લેખકે જાતમાહિતીને આધારે અહીં દોર્યું છે. જિતુભાઈની ફૂલગુલાબી શૈલીની સુવાસ પણ આખી કૃતિમાં ફેલાયેલી છે. અલબત્ત, જિતુભાઈની બીજી કૃતિઓની જેમ આ નવલકથાની ભાષા-શૈલી પણ કાઠિયાવાડી ચાની જેમ થોડી વધુ ગળચટ્ટી છે.

શબ્દોના ફુવારા જેવી જિતુભાઈની શૈલી અંગે ચુનીલાલ મડિયાએ કહ્યું હતું : "આ લેખન-શૈલી લેખકનાં મિજાજનો, તબિયતનો, સમગ્ર વ્યક્તિત્વનો, આવિષ્કાર છે. એકને અલગ પાડીને બીજાનો વિચાર થઈ જ ન શકે એવો અવિભાજ્ય એ સંબંધ છે. લેખકે કહ્યું છે તેમ નાનપણથી નિસર્ગ અને સંગીતના સંસ્કારો મળ્યા છે અને કાનના અસલી અનુભવોમાંથી એમને પોતાની શૈલી હાથ લાગી છે." માત્ર ભાષા-શૈલીને કારણે જ નહિ, અત્યંત વૈવિધ્યસભર, અનેકરંગી, અનુભવો અને તેના ઘેરા રંગે થયેલા આલેખનને કારણે પણ જિતુભાઈને કિશનસિંહ ચાવડાના સગોત્ર લેખક ગણી શકાય. પણ સાહિત્યના અને તેના વિવેચનના મિનારા પર ચડવા માટે ચાવડાને જેવી સીડીઓ મળી, તેવી જિતુભાઈને કદાચ મળી નહિ.

"માણસનું પગલું અને ધરતીનો પટ. ધરતી રૂડી બને છે માણસનાં પગલાંને કારણે. માણસનું પગલું મંગલ બને છે, એની પાછળ જો એ અજવાળી કેડી મૂકતું જાય તો." આ છે 'અજવાળી કેડી'ના છેવટના ભાગમાં આવતા શબ્દો. સાહિત્યની ધરતીના પટ પર બીજા કોઈએ પાડેલા પગલામાં પગલું પાડનારા લેખકોમાંના એક જિતુભાઈ નથી. તેમણે ભલે નાનકડી, પણ પોતાની કેડી કોરી કાઢી, અને તેને પોતાના અનુભવ અને શબ્દના તેજ વડે અજવાળી. એ કેડીની ધારે આવેલા કોઈ વૃક્ષની ઘટામાં છુપાયેલા ચંડુલના ટહુકા જેવી છે જિતુભાઈ મહેતાની કલમ વડે લખાયેલી કૃતિઓ.

■

આ જ અરસામાં કોઈ નાટક કંપની આવેલ તેનું નાટક જોવાની મને રજા મળી. હરિશ્ચંદ્રનું આખ્યાન હતું. એ નાટક જોતો હું થાકું જ નહીં, એ ફરી ફરી જોવાનું મન થાય. એમ વારંવાર જવા તો કોણ જ દે? પણ મારા મનમાં મેં એ નાટક સેંકડો વખત ભજવ્યું હશે. હરિશ્ચંદ્રનાં સ્વપ્નાં આવે. 'હરિશ્ચંદ્રના જેવા સત્યવાદી બધા કાં ન થાય?' એ ધૂન ચાલી. હરિશ્ચંદ્રની ઉપર પડેલી તેવી વિપત્તિઓ ભોગવવી ને સત્યનું પાલન કરવું એ જ ખરું સત્ય. જેવી નાટકમાં લખેલી તેવી જ વિપદો હરિશ્ચંદ્રને પડી હશે એમ મેં તો માની લીધેલું. હરિશ્ચંદ્રનાં દુઃખ જોઈ, તેનું સ્મરણ કરી હું ખૂબ રોયો છું. આજે મારી બુદ્ધિ સમજે છે કે હરિશ્ચંદ્ર કોઈ ઐતિહાસિક વ્યક્તિ નહીં હોય. છતાં મારે મન હરિશ્ચંદ્ર અને શ્રવણ આજે પણ જીવતા છે. હું આજે એ નાટકો વાંચું તો આજે પણ મને આંસુ આવે એમ માનું છું.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

આમા મારો કાંઈ વાંક નથી!

વિનય જાદવ 'એકાંત'

આ લૉકડાઉન આવ્યું એટલે કામવાળા માણસો નવરા થઈ ગયા અને નવરા માણસો....? તમને એમ કે હું, એમ કહીશ કે 'કામ કરતા થઈ ગયા,' એમ ને? ના ભઈ ના.. આ નવરાને વળી શું કામ હોય? આ તો વતનથી મારા મોટા ભાઈનો ફોન આવેલો, તે એણે એવું કહેલું કે "ઘરમાં રહેવું, પરિવાર સાથે જોડાઈ રહેવું, મગજ શાંત રાખવું અને રચનાત્મક કામ કરવું.." ઘરમાં રહેવું એ વાત તો સમજ્યા, પરિવાર સાથે જોડાઈ રહેવું, એ પણ સમજ્યા પણ આ મગજ શાંત રાખવું અને રચનાત્મક કામ કરવું, એમાં ટપ્પો ન પડ્યો. હવે આપણે રહ્યા સાહિત્યિક માણસ! તે લખવા-વાંચવાનો શોખ પેલ્લેથી, શું? લખવા-વાંચવાનો.. લગ્ન થયાં તોપણ આ શોખ હજી છે! સંતાનો થયાં તોપણ હજી છે! સંતાનો મોટાં થયાં તોપણ...શું? જરૂર પડે તો ઝીંકી દઈએ, એકાદ કવિતા કે વાર્તા! શું? અને આપણું તો એવું છે ને' કે કલમ પછી ઝાલી ન રહે, શું? કોઈ નવોદિત સર્જકનું એકાદ પુસ્તક પ્રકાશિત થઈ જાય, અને વાહ..વાહ.. થઈ જાય પછી એની કલમ કેમ ઉલારા મારે એમ, શું? હમણાં લૉકડાઉનમાં મને એમ થયું કે એકાદ વાર્તા આંટી દઉં, કાં તો એકબે નિબંધ ઘસી નાખું..! પણ માળું ટાઇમે કાંય સૂઝે જ નહીં..

બીજી એક વાત ખાલી તમને જ કહું છું, કોઈને કહેતા નહીં, "લગે રહો મુન્નાભાઈ" ફિલ્મમાં જેમ ગાંધીબાપુ, મુન્નાભાઈના દિમાંગમાં ઘૂસી જઈને બધા જવાબ અને સલાહ-સૂચન આપતા, તેમ મને પણ એવી આત્મિક બીમારી થઈ હોય તેવું લાગે છે..! જેમ કે હું જેવો લખવા બેસું ત્યાં કોઈ ને કોઈ કવિ-લેખક મારી અંદર પ્રવેશ કરી જાય છે.. મહાન સાહિત્યકારોની અસર નવોદિત સાહિત્યકારોમાં આવે તે સારી બાબત છે, પણ મારા કિસ્સામાં તો આખેઆખા સાહિત્યકાર ઘૂસી જાય છે બોલો..! હવે એનું શું કરવું? ભૂત-ભૂવા અને ડાકલામાં, હું બિલકુલ માનતો નથી, તોય આ કાંય જેવીતેવી બાબત ન કહેવાય.... હવે તમે જ કહો, આવી ઘટનાથી કાંય લખવાનું છોડી દેવાય..? શું વાંચવાનું છોડી દઉં..? હું જેવો લખવા બેસું અને બેત્રણ પન્નાં લખાઈ જાય પછી ખબર પડે કે આવું તો અગાઉ લખાઈ ગયું છે. એ પણ બહુ સારી રીતે... જો ખબર વિના લખાઈ જાય તો કોઈ વિવેચક મિત્ર ટકોર પણ કરે, 'આ તો કૉપી મારી છે ભાઈ..' હવે આવી પરિસ્થિતિમાં મને એમ જ લાગ્યા કરે કે તો લખવું શું? કોક દિવસ તો એમેય થાય કે શું આપણે બધી બાબતોમાં લેઇટ છીએ? શું મોડા જન્મા? શું મોડા પડ્યા? આપણા માટે એકેય વિષય કોઈએ છોડ્યો જ નથી..? હવે વિચારો, લખવું તો શું લખવું?

આજ તો આંખ્યુ બંધ કરીને, મેં એક વિષય વિચારી લીધો છે, એની ભાષા અને એનો પરિવેશ, પાક્કો કરી લીધો છે..એટલે કોઈની પણ સલાહ લીધા વગર આજે તો ઝીંકવા માંડવું છે....જય ઝીંઝકાવાલી ? મારા વિષયનું નામ છે 'ડિકસ' .. જેને ગુજરાતીમાં 'દારૂ', હિન્દીમાં 'શરાબ' અને વૈદિક ભાષામાં 'સોમરસ' કહે છે... આ સોમરસની વાતો ઘણી થાય છે, પણ ઊંચા દરજ્જાના સર્જકો એમાં હાથ ન નાખે..

હા, 'તારક મહેતા'એ એનાં લખાણોમાં, 'ડિકસ'ની વાતો કરી છે પણ એ તો ગુજરાત બહાર ગયા પછી. શું ? આજે મેં, આ પડકાર ઝીલ્યો છે.. માફ કરજો લખતાં લખતાં મારી ભાષા લથડાય તો વિરોધ ન કરતા અને હા, હું પીતો નથી એટલે એવું પણ ન સમજતા કે બે-ચાર પેગ ઠબકારીને લખવા બેઠો છું....

મારા એક મિત્ર 'પપ્પુ પીધલી' ઘણી વાર એવો બળાપો કાઢે કે, "સાલું આપણે ભારતમાં જન્મ્યા અને એમાંય ગુજરાતમાં ઠોકાણા, યાર, પીવાની તો પત્તર ફાટી ગઈ છે .." હવે આવા ડાયલૉગ મારે શિષ્ટ ભાષામાં કેમ લખવા ? આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં દારૂબંધી છે અને એ પણ જાણીએ છીએ કે બીજાં રાજ્યો કરતાં ગુજરાતમાં વધારે દારૂ પીવાય છે.. ? જોકે આમાં પોલીસ અને રાજકારણીઓની મીલીભગત ચાલતી હશે ! પણ એ વાત જવા દો. ઘણી વાર બંધન જ માણસને વધુ મુક્ત બનાવે છે.. આપણે જાણીએ છીએ કે આજે શરાબ એક ફૅશન બની ગઈ છે, કોઈ સારા પ્રસંગમાં તમે ભવ્ય જમણવાર કરો અને એકાદ મીઠાઈ ઓછી રાખો તો ચાલશે, એની જગ્યાએ વીસ ત્રીસ માણસોને 'અમીરસ'ની વ્યવસ્થા કરી આપશો તો, 'પ્રસંગમાં જામો પડી ગયો,' એમ લોકો કહેશે.. જન્મદિવસથી માંડીને, દાદાના દાડામાં'ય પણ લોકો ખાનગીમાં પૂછી લે છે "શું કાંય છે વ્યવસ્થા ?" આ વ્યવસ્થા એટલે બીજું કાંય નહીં, નકરી મૌજ મૌજ અને મૌજ .....

દરેક પીધેલો માણસ એની જાતને રાજા વીરવિક્રમ માનવા લાગે છે, ત્યાગ અને બલિદાનની વાતો એના મોઢે સાંભળવા મળે.. એના સ્વભાવમાં દાનેશ્વરી કર્ણ જેવી મિત્રતા છલકાય, રાવણ જેવું અટ્ટહાસ્ય દેખાય, એના મુખેથી નીકળેલ શબ્દ, શાહરૂખ ખાનની જેમ ઠેંસ લેતાં લેતાં લંગડીદાવ રમવા લાગે.. એ માનવ મટી 'વિશ્વમાનવ' બની જાય છે.

ચાર-પાંચ ઊંચા ડુંગરો, એકબીજાને બથ ભરીને ઊભા છે. એની વચ્ચે પથ્થરોનો ભેંકાર છે, ઊંચી ભેખડો વચ્ચે ધીરે ધીરે ગર્જતાં સોનપરી નદીનાં વહેણ વહી રહ્યાં છે, એ વિકરાળ નદીકાંઠે, પંખીના માળા જેવડું સોનાકપૂર ગામ છે ..એ લ્યો... 'ઝવેરચંદ મેઘાણી' ઘૂસી ગયા બોલો.. આ મેઘાણીદાદા આવ્યા બોલો...

અમારા સોનાકપૂર ગામમાં જ્યારે પણ કોઈનાં લગ્ન હોય ત્યારે રાત્રે વરરાજાનું ફુલેકું આખા ગામમાં ફરે પછી ચોકમાં આવી, ગરબાની રમઝટ બોલાવે.. હવે આ રમઝટ કાંય એમનેમ ન બોલે હો ! તેના માટે વરરાજાના બાપાએ, ઇંગ્લિશ બૉટલોનાં ઢાંકણાં ખોલવાં પડે અને અમીરસ ગ્લાસુમાં ઠાલવવો પડે, પછી વગર કીધે, લશ્કર 'નાગીનડાંસ' કરવા લાગે બોલો..

હવે આ પ્રકારના વાતાવરણમાં તો સમજ્યા કે 'નાગણ' સાથે સાથે આપણી પણ સાંટો-પાણીની વ્યવસ્થા થઈ જાય, પણ જો આનાથી ઊલટું, વાતાવરણ હોય ત્યારે ખરેખરની કસોટી થાય છે. મારે તમને જે વાત કરવાની છે, એમાં એક પાત્ર તરીકે મારે પણ સાક્ષી થવાનું છે. એટલે તમે કોઈ મારા પર વહેમ કરતા નહીં.. ગયા વર્ષે અમારે એક ડૉક્ટરના લગ્નમાં જવાનું થયું, હવે એ અમારા દૂરના સંબંધી પણ સ્કૂલમાં સાથે ભણેલા એટલે નાનપણના મિત્ર, તો એણે ખૂબ આગ્રહ કર્યો, કે તમારે તો આવવું જ પડશે. તો અમે પાંચ મિત્રો ગયા... આ ડૉક્ટરના ઘરે તો નાના-સૂના પાન, બીડી મસાલાના વ્યસનની વાત કરવી પણ અઘરી, વળી પાછા એ કુટુંબના સભ્યો તો એટલા બધા સુધરેલા કે 'ચા'ને પણ વ્યસન માને, બોલો!

અમારે જવાતાં તો જવાઈ ગયું, પણ મનમાં ને મનમાં મૂંઝાણા કે અહીં આપણે લગ્નની જગ્યાએ બેસણામાં આવ્યા હોવી, એવા હાલ થવાના છે.. કોઈ જાતની મૌજ જ નહીં.. મંડપમુહૂર્ત, ગણેશસ્થાપન, ડાંડિયારાસ. આમ-તેમ, બે દી' લૂખેલૂખા કાઢ્યા, પણ જાનમાં ગયા પછી રહેવાનું નહીં. તે નક્કી કર્યું કે ગમે તેમ થાય આજે તો આંકડો ભીડવો પડશે.. બુલબુલને બાગ નાનો પડે ત્યારે ઉડ્ડયનનો આનંદ માણી શકે નહીં, સમળીની બે પાંખો જ એનું આકાશ છે, મોટી માછલીને મોટા મહાસાગરની જરૂર પડે. હિંસા સંકુચિત હોઈ શકે, અહિંસા નહીં ..આ પાછા 'ગુણવંત શાહ' ઘૂસી ગયા. ગુણવંતકાકા પ્રણામ. નમસ્કાર. જય જિનેન્દ્ર..

ટૂંકમાં અમને ફાવે નહીં. ક્યાંય ચેન પડે નહીં, આમતેમ આંટા મારીએ, હડિયું કાઢીએ, હાલતાં ઠેબાં ખાઈએ, વાત-વાતમાં એકબીજા પર ગુસ્સે થઈ જઈએ... નક્કી કર્યું કે ગમે તે થાય વ્યવસ્થા કરવી પડશે ... આ વ્યવસ્થા એટલે એવી વ્યવસ્થા કે એમાં અવ્યવસ્થા બિલકુલ ન ચાલે! લગ્ન ન્હોતાં થયાં ત્યારે તો સમજ્યા કે પિતાશ્રીને ગમે તે ગોળી પાઈ દેતા. પણ લગ્ન પછી પત્ની એક સવાલના દસ જવાબ માંગે, અને જે પતિ, આવા દસેઈ જવાબ નીડર થઈ 'ખોટા' આપી શકે એ જ આ જમાનામાં પત્નીને જીતી શકે! કારણ દરેક પત્ની એવું માને છે કે પોતાનો પતિ એક વાર પણ શરાબ પી'શે તો એ 'બેવડો' બની જશે, કાયમનો પ્યાસી થઈ જશે.. હવે એને કોણ સમજાવે કે પ્રસંગોપાત્ત પીવામાં કંઈ વ્યસની થઈ જવાતું નથી! અને દારૂ તો દવા છે, જો એનું પદ્ધતિસર સેવન કરવામાં આવે તો, પણ આવી ફિલૉસૉફી પત્ની કોઈ દિવસ ન સમજે.. આ વાતના ઘણા અનુભવી પતિદેવો, હવે વ્યવસ્થિત આયોજન કરવા લાગ્યા છે.. વાર-તહેવારે કે સારા પ્રસંગે કોઈ મિજબાનીનું આયોજન હોય તો પતિદેવોની એક કોડવર્ડ ભાષા હોય છે, જેમ કે મારા એક મિત્ર વિજયભાઈ 'વાતોડિયા' જ્યારે પણ એની વાડીએ પાર્ટી રાખે ત્યારે મારા ઘરે ફોન કરી કહે કે "કથા રાખી છે, સાહેબને મોકલજો..." હવે આવી વાતથી પત્નીને સમજણફેર થાય કે નહીં?

અહીં તો એવું કાંય નહોતું, વળી જૂનાગઢ શહેર અમારા માટે સાવ અજાણ્યું હતું. બીજું કે આ ડૉક્ટર ફૅમિલી તો સમજ્યા પણ એનાં સગાં-સબંધીય, એવા જ સુધરેલ નીકળ્યા. એક કહેવત છે. કે, "જેનું કોઈ નથી, એનો નાથ છે" વ્યસની માણસ બીજા વ્યસની માણસને આંખથી ઓળખી જાય છે, અમે પણ એક કાકાને ઓળખી ગયા. જોકે એ કાકા 'બિયરબાઝ' હતા, એટલે કે ખાલી બિયર જ પીતા હતા, પણ અમને લાગ્યું

કે અમારું સેટિંગ કરી દેશે..એની સાથે આડી-આવળી બે-ચાર વાતો કરી, અમે સિધ્ધા પૉઈન્ટ પર આવી ગયા, "શું કાંય વ્યવસ્થા થાય એમ છે ?" દારૂ વેચનારને વેપારી ન કહેવાય એને 'બુટલેગર' કહેવાય અને આ બુટલેગરોની પણ કોડવર્ડ ભાષા હોય છે.. કાકાએ બુટલેગરની ભાષામાં અમારી સાથે વાત કરી "પાંચ, સાડા છ, અને નવનો ભાવ છે" પાંચ એટલે પાંનસો, સાડા છ અને નવ એટલે સાડા છસ્સો અને નવસો.. અમે અધીરા થઈ ગયા હતા તે લાંબું વિચાર્યા વિના કહી દીધું કે સાડા છસ્સોવાળી એક મંગાવી દો..

આ વ્યવસ્થા તો થઈ ગઈ પણ બીજો પ્રશ્ન આવ્યો કે આ અમીરસ પીવો કઈ જગ્યાએ ? શું આમ ઊભા ઊભા રોડ ઉપર થોડું ઢીંચી જવાય ? વળી આ તો ગુજરાત છે પોલીસવાળા જોઈ ગયા હોય તો બરડા ફાડી નાખે અને આબરૂના ધજાગરા થાય એ નોખા અને વળી તોડ કરવો હોય તોય અત્યારે ભારે પડે. કઈ જગ્યાએ લેવું ? પીવા બેસીએ ને કોઈ આવી જાય તોય નકામું, જાહેરમાં લેવાય નહીં.. આ શરાબ ગ્રહણ કરવાની પણ એક રીત હોય છે, માપસર મળે તો જ મજા આવે નહીંતર ડમરી થઈ ગયા તો ફિલમ પૂરી, ઇજ્જતના કાંકરા, અમારા એક વડીલમિત્ર એવું કહેતા કે દારૂ પીવો સહેલો છે પણ એને પચાવવો અઘરો છે. કારણ કે દારૂ પીધા પછી જો, તમને જમવાનો વેંત ન રહે અને ગુડલું વળી પડી જાવ તો તે પીધો ન કહેવાય.. વળી પી' ને તમે રોડ ચડી જાવ ને મનફાવે તેમ બકવાસ શરૂ કરી દ્યો તો એ પણ યોગ્ય નથી, કાં તો પીધા પછી માપ વગરનું દાબવા મંડી પડો ને ઊલટી ઉપર ઊલટીના ફુવારા કરો તો એ પણ પીધું ન કહેવાય, પીધા પછી વાતમાં ફેર પડવો ન જોઈ, બને તો ઓછું બોલવું અને એવું લાગે કે હવે કૅપેસિટી પૂરી થઈ તો ઘરભેગા થઈ, ટૂંટિયું વાળી સૂઈ જવાનું શું?

અમારા એક સબંધી થમ્સઅપની બૉટલમાં મિક્સ કરી, ગમે ત્યાં ઊભા ઊભા ગટગટાવી જતા, બધાને એમ લાગે કે સોડાબાટલી પી'એ છે..! આ તો પછી ખબર પડી કે આ મિક્સ-મિક્સ રિમિક્ષ છે.. મેં એક વાર છાપામાં સમાચાર વાંચેલા કે એક સરકારી દવાખાને દાખલ થયેલ વડીલને 'દેશી' ખેંચવાની ટેવ હતી, તો રોજ સાંજે એના એક સંબંધી નાળિયેરનું પાણી લાવતા અને તે દર્દીને લીલા નાળિયેરમાં ભૂંગળી નાખી ધીમે ધીમે પિવડાવતા. પંદર દી' પછી ખબર પડી કે એ સંબંધી નાળિયેરમાં, પાણીની જગ્યાએ, દેશીની પોટલી નાખી લાવતા અને દર્દી બધા સામે બિંદાસ ઠબકારતા..!

હવે અમારે તો બહુ વ્યવસ્થિત જગ્યા ગોતવી પડે એવું હતું, મોટા સિટીમાં માણસને પેશાબ કરાવાની જગ્યા નથી જડતી ત્યાં અમારે તો પીવાની જગ્યા ગોતવાની હતી.. અમે ફરી બિયરકાકાને આંટામાં લીધા, બિયરકાકાએ કીધું કે, "ચિંતા ન કરો, અહીંથી થોડે દૂર મારા સાઢુભાઈનું મકાન છે, એ લોકો બધા અહીં જ લગ્નમાં આવ્યા છે. હું એમના ઘરની ચાવી લઈ લઉં છું, તમે રિક્ષામાં ત્યાં પહોંચો. હું માલની વ્યવસ્થા કરી ત્યાં આવું છું.

બિયરકાકાના બતાવ્યા પ્રમાણે અમે સોસાયટીના નાકે પહોંચ્યા, અમારા પાંચમાંથી મૂળજીએ કીધું કે કયંક ચકણાં-પાણી દુકાનેથી લેતા જઈએ ત્યાં સુધીમાં બિયરકાકા પણ આવી જશે. હવે પાન-મસાલા કે ઠંડાં પીણાંની દુકાને જઈ તમે એમ કહો કે દસ પાણીના પાઉચ, એક સાદી સોડા, બે વેફર, ત્રણ મગદારનાં પૅકેટ, સિંગ, દાળિયા અને પાંચ ડિસ્પોજલ ગ્લાસ એટલે દુકાનવાળા સમજી જાય કે આજે પાર્ટી ફોમમાં છે... દુકાનવાળા

તો કંઈ બોલે નહીં, કારણ એને ધંધો કરવો હોય, પણ આજુબાજુવાળાને એની ખબર પડે, ઈ નકામું.. ઘણાં શહેરો અને ગામમાં, દુકાનદાર અને ગ્રાહક વચ્ચે આના માટે થઈને સુંવાળા સંબંધ પણ બંધાયા હોય, એટલે એમની વચ્ચે કોડવર્ડ ભાષા બહુ કારગત નીવડતી હોય છે, જેમ કે કોઈ ગ્રાહક આવી કહે, ‘બે’ પાર્સલ એટલે દુકાનદાર સમજી જાય કે બે જણાને થાય તેટલા પાણીના પાઉચ, સોડા, સિંગ, મગદાર, વેફર અને ડિસ્પોજલ ગ્લાસને કાળા જબલામાં પૅક કરી આપી દે, વળી કોક કહે ‘ચાર’ પાર્સલ તો ચાર જણાને થાય એવું પાર્સલ બને.. આમાં આજુબાજુ ઊભેલા, બીજા ગ્રાહકોને ભોજ્યાભાવની ખબર પડે નહીં. અહીં, અમે તો સાવ અજાણ્યા હતા તે ઝડપથી પાંચનું પાર્સલ બનાવડાવી સોસાયટીના નાકે.. લીટો..

થોડી વાર થઈ એટલે બિયરકાકા આવ્યા. અમને જાણે ઓળખતા જ ન હોય એમ અમારી સામે જોવા ખાતર જોઈ, મકાન તરફ ચાલવા લાગ્યા, અમે પણ એની પાછળ પાછળ ચાલવા લાગ્યા. ઘર ખોલી પહેલાં એ અંદર ગયા પછી અમે પાંચેય... બિયરકાકા તો સમજ્યા પણ અમે જેવો પ્રવેશ કર્યો ઈ ભેગું, ગલૂડિયા જેવું સફેદ એક કૂતરું ઘરમાં અમને ભસવા લાગ્યું! ઘડીક તો અમે પાંચેય ભડક્યા પણ બિયરકાકાએ મોઢાથી એવા ડચકારા કર્યા કે કૂતરું છાનુંમાનું સેટી નીચે ઘૂસી ગયું.. અમને નિરાંત થઈ.. જાનવર અને માણસમાં નામનો ફેર છે, એની હરકતો એકસરખી હોય છે. વૃક્ષો ઊભાં ઊભાં મરી જાય છે, માણસને મરવા માટે આડું પડવું પડે છે, લગ્નમાં હવનનાં લાકડાં ઊભાં હોય છે, માણસની ચિતાનાં લાકડાં આડાં હોય છે.. બોલો કોણ આવ્યું? બક્ષીદાદા....

ઘરની સજાવટ કેવી છે એ જોવાનો સમય ન હતો, પણ બાથરૂમ ક્યાં છે, એ અમે શોધી લીધો, કારણ કે બેઠકની પહેલાં અને બેઠક પત્યા પછી એક વાર ટચલી આંગળીએ જાવું પડે છે, એ નક્કી. ડાયાબિટીસના દર્દીને વળી વચ્ચે પણ બ્રેક લેવો પડે એ વાત પણ ખરી.. અમે બધા ‘શૌચક્રિયા’ પતાવીને વ્યવસ્થામાં લાગી ગયા. બિયરકાકાએ બારીના પડદા સરખી રીતે બંધ છે એની તપાસ કરી પોતાનો શર્ટ ઊંચો કરી, કમરમાં ખોસેલી બૉટલ કાઢી કાચની ટિપાઈ ઉપર મૂકી. અમે પાંચ મિત્રોમાંથી શંકર સિધ્ધો રસોડામાં જઈ, ફ્રીઝ ખોલી બરફની વ્યવસ્થા કરવા લાગ્યો. મેં અને મૂળજીએ ખુરશીની ગોઠવણ કરી, રાજુ, બૉટલ હાથમાં લઈ બ્રાન્ડ અને ક્યા રાજ્યની છે એની શોધખોળ કરતો હતો, ત્યાં કિશોર કહે, “અલ્યા કાચના ગ્લાસ હોય તો ગોતો, એમાં પીવાની ઓર મજા આવે.” ટૂંકમાં અમે પ્રાથમિક સુવિધા પૂરી કરી ઉદ્‌ઘાટનની ફૂલ તૈયારીમાં હતા ત્યાં મૂળજીને શું સૂઝ્યું કે ઊભો થઈ ટી.વી. ચાલુ કરવા ગયો પણ જેવો ઊભો થયો, ત્યાં જ, એક ધડાકો થયો અને ‘બૉટલ ફૂટી’....

હવે આ બૉટલ કેમ ફૂટી? શું એવું થયું કે બૉટલ ફૂટી? આવું લખવા જાઉં છું ત્યાં મારી અંદર..... ઉમાશંકર જોશી, સુરેશ જોષી, વિનોદ જોશી.. ટાગોરદાદા, મડિયા-મેકવાન, ખત્રી, દલાલ, પંડ્યા-પરમાર. આ હા હા હા.. કેટકેટલા સર્જકો મારી ઉપર મંડાવા લાગ્યા!

વાર્તા હોય કે નિબંધ અંત તો ચોટદાર હોવો જ જોઈએ” કોક બોલ્યું!

“નિબંધને લોટના પિંડ જેમ મસળી, હવે રોટલી શેકતાં આવડતું નથી” લિ. જ્યોતીન્દ્રદાદા.

"એમ થોડું હાલે હે..લખ ભડી પછી ભાવનગર.."

"કાગડો સ્માર્ટ છે તો તું કેમ નહીં?"

"ટપુડા જેવી રમત કર મા"

"બાપાની પીપર જેમ કેમ કઈ ઊગતું નથી"

"પોલીટૅક્નિકલનો અર્થ તને શું એન્જિનિયરિંગ કૉલેજ લાગે છે?"

"પહેલું સુખ તે માંદા પડવું એમ?"

બસ..બસ..બસ બાપા હવે ખમૈયા કરો... ચોટદાર, ધારદાર, સુવ્યવસ્થિત રીતે અંત લખું છું.. હવે બન્યું એવું કે, મૂળજીને શું ધુનકી ઊપડી કે, ટી.વી. ચાલુ કરવા સફાળો ઊભો થયો. સેટી નીચે લપાઈને બેઠેલા કૂતરાના પગ ઉપર મૂળજીનો મહાકાય પગનો પંજો આવ્યો, કૂતરાએ એવી તો ચીસ પાડી કે મૂળજી ભડકી પાછો સેટી પર પછડાઈ પડ્યો આ સ્થિતિમાં અમારાથી પણ રાડ ફાટી ગઈ, કૂતરું ભડકીને સેટી નીચેથી ભાગ્યું.. ચારેય બાજુ ખુરશી ગોઠવેલી, એમાં, એને ભાગવાની દિશા 'નો' સૂઝી, તે ટિપાઈ કૂદીને ભાગ્યું. ટિપાઈ પૈડાંવાળી હતી તે ફ્લાઇન જમ્પમાં કૂતરાનો પાછલો પગ ટિપાઈને ઠોકર મારતો ગયો, ટિપાઈ સરકી.. ટિપાઈ સરકી એની સાથે એના પર મૂકેલી બૉટલ પોતાનું સ્થાન ગુમાવીને નીચે પડવાની કોશિશ કરતી હતી, આ કોશિશ થતી હતી ત્યાં મેં ઝટ દઈ બૉટલ પકડવા હાથ લંબાવ્યો, મારી સાથે એ જ સમયે કિશોરે પણ હાથ લંબાવ્યો, મારા હાથને કિશોરના હાથનો ધક્કો લાગ્યો, એટલે મારા હાથને વધુ ગતિ મળી, જે બૉટલ પકડવાની હતી એ ધકેલાઈ ગઈ અને નીચે પડતાં પહેલાં એ હવામાં ઊછળી.. ઊછળીને ગુરુત્વાકર્ષણના નિયમ પ્રમાણે વધુ વજનવાળો ભાગ પહેલાં નીચે પડવો જોઈએ, એ ન પડ્યો અને બૉટલનો ઢાંકળાવાળો ભાગ નીચે પછડાયો.

બૉટલ, માટલામાં સૂતરી બૉમ્બ ફૂટે એમ 'ભફ' કરતાં ફૂટી ગઈ...

કૂતરું દોડીને રસોડામાં લપાઈ ગયું. અમે મૂળજી સામું જોઈ રહ્યા.

મૂળજી ખાલી એટલું બોલ્યો કે ..

"આમાં મારો કાંઈ વાંક નથી"

હું પણ ભેગા-ભેગ કહી દઉં કે "આમાં મારોય કાંઈ વાંક નથી"...........

■

આ પ્રકરણ મારે ન લખવું પડે એમ હું ઇચ્છું છું. પણ આ કથામાં મારે એવા કેટલાયે કડવા ઘૂંટડા પીવા પડશે. સત્યના પૂજારી હોવાનો દાવો કરીને મારાથી બીજું થાય તેમ નથી.

તેર વર્ષની ઉંમરે મારા વિવાહ થયા તેની નોંધ લેતાં અકળામણ થાય છે. આજે મારી નજર આગળ બાર-તેર વર્ષનાં બાળકો પડ્યાં છે તેમને જોઉં છું ને મારા વિવાહનું સ્મરણ કરું છું ત્યારે મને મારા ઉપર દયા છૂટે છે, અને બાળકોને મારી સ્થિતિમાંથી બચ્યાને સારુ મુબારકબાદી આપવાની ઇચ્છા થાય છે. તેર વર્ષે થયેલા મારા વિવાહના સમર્થનમાં એક પણ નૈતિક દલીલ મને નથી સૂઝી શકતી.

- 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

એને એક ઓળખ જોઈએ છે :

દીપક રાવલ

આજનો યુવા કવિ જ્યારે લખવા બેસે છે ત્યારે સદીઓથી લખતી કવિતાની પરંપરા એની પીઠ પર સવાર હોય છે. એને પરંપરાથી એક ડગલું આગળ, પોતાના નામે ભરવાનું હોય છે. સહેલું તો નથી પણ પ્રતિભાસંપન્ન કવિ પોતાની કેડી કંડારી જ લેતો હોય છે. કવિ પીયૂષ ઠક્કર ચિત્રકાર છે, કવિ છે, અનુવાદક છે, કળા મીમાંસક છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં લખે છે. દેશ-વિદેશના સાહિત્યથી પરિચિત છે. આ કવિ ગુલામ મોહમ્મદ શેખ, માધવ રામાનુજના ગોત્રનો છે. મહત્ત્વની વાત એ છે કે આ કવિ ગીત-ગઝલના લોભામણે રસ્તે ફંટાઈ ગયો નથી. એ પોતાની રચના પ્રક્રિયાને સભાનપણે ચકાસતો રહે છે. એ કહે છે, ‘ભાષામાં અને ભાષા બહાર ગોઠવાવું અને બંધાવું એ એક કીમિયો જણાયો છે – જેનો હજી મને અંદાજ નથી આવ્યો.’ ભાઈ એ અંદાજ હજી કોઈનેય નથી આવ્યો. તમને આ આરંભે જ સમજાઈ ગયું એ શુભ સંકેત છે. પીયૂષની કવિતા વિશે લા. ઠા. જેવા દુરારાધ્ય વિવેચક અને સિતાંશુ યશશ્ચંદ્ર, રઘુવીર ચૌધરી, ચિનુ મોદી, દિલીપ ઝવેરી જેવા વરિષ્ઠ સર્જકો અને બીજા અનેક સમીક્ષકો દ્વારા પ્રસંશા પામી છે. મને ગમે છે એવા સર્જકો જે કશાય ઊહાપોહ વિના, કશી હોહા વિના પોતાનું સર્જન કરતા હોય છે, પોતાનું સ્થાન બનાવતા હોય છે. પીયૂષ ઠક્કર એવું જ એક નામ છે. આ કવિનાં કાવ્યો હિન્દી, મરાઠી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષામાં અનુવાદિત થયાં છે. આ કવિએ રાષ્ટ્રીય સ્તરે પોતાનું નામ કર્યું છે.

કવિનો આ બીજો કાવ્યસંગ્રહ છે. પહેલો કાવ્યસંગ્રહ ‘લખું છું.’ સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા ૨૦૧૫માં પ્રગટ થયો હતો. એની પ્રસ્તાવના દિલીપ ઝવેરીએ લખી હતી. દિલીપ ઝવેરીએ જે શુભકામના પાઠવી હતી કે ‘લખતો રહેજે’ એ ફળી છે. આ નાનકડો કાવ્યસંગ્રહ માઇક્રોચીપ જેવો છે, એમાં ઘણું સંગ્રહેલું છે.

કાવ્યસંગ્રહમાં છ ખંડ છે. દરેકને કવિએ નામ આપ્યાં છે, ઘર-બાર-ગામ-પરગામની પર, અંધારે અંધાર, what is your politics partner ? વાતો છે કે વાર્તા, અફાટ નિરવધિ નિર્જન જગા અને બસ અદૂગડા નકરા અવાજો.

અહીં એક એક કાવ્ય લઈને વાત નથી કરવી. સમગ્રપણે જે છબી મારા મનમાં ઊપસી છે તેની વાત કરીશ.

શરૂઆત એક નાનકડા કાવ્ય ‘એક દીવાસળી’થી કરીએ;

દીવાસળી

બળી

વળી

વાંકી

પડી

પડી

થઈ

અંધારે

અંધાર.....

આ એક ચિત્ર રચી આપે છે. દીવાસળી અંધાર અને અંધાર વચ્ચે અજવાળું કરે તે પહેલાં બળી, વાંકી વળી, પડી, પડીને અંધારું થઈ ગઈ!

પથ્થરને પૂજાવા, કશુંક બનવા ઘણું બધું વેઠવું પડે છે તે 'એક પાણો' કાવ્યમાં દર્શાવ્યું છે. પહાડની ટોચેથી ગબડતો સાધારણ પાણો ટાઢ, તાપ, વરસાદ વેઠી મંજાય, પંખી-વટેમાર્ગુને પોરો ખાવા યોગ્ય બને, આભને પણ ટેકો આપવા સક્ષમ બને પછી એ પૂજાવા યોગ્ય બને.

કવિની દૃષ્ટિ ઘણું ઘણું જુએ છે, રસ્તા પર બેભાન પડેલો માણસ હોય કે ડુંગળી ભરેલો ટેમ્પો હોય તેને રસ્તે પસાર થતાં લોકો જુએ છે અને પસાર થઈ જાય છે. લોકો ધ્યાનથી જુએ કે ન જુએ પરંતુ કવિ જુએ છે. માણસમાત્રમાં આ સંવેદનહીનતા દેખાઈ રહી છે તેનો અહીં સંકેત છે. કવિની દૃષ્ટિ ભીતર-બહાર ફરે છે. કવિને અટપટાં સપનાં આવે છે જેમાં ધીકતી બપોરનું શાકમાર્કેટ છે, ગોરસ આમલી વેચતી છોકરી છે, મ્યુનિસિપાલટીનું બુલડોઝર છે, વેરાન ઝૂંપડાં છે, ચણાતી બહુમાળી ઇમારતમાં કામ કરતી મજૂરણ છે, એનું નવજાત શિશુ છે. કવિને આ આ અટપટાં સપનાં;

કોચમેન અલીડોસાના કાગળની જેમ
હીરામનની તીસરી કસમની જેમ
અધૂરાં અણઘડ કાવ્યની
અણધારી છેલ્લી પંક્તિઓની જેમ
આવે છે સપનાં!!

જોવાની ક્રિયા તો આંખ દ્વારા જ થાય. એક 'આંખ' કાવ્યમાં કહે છે; આંખમાં આંખ પરોવીને/એકીટશે/જોયે રાખું છું'. આભમાં, પાતાળમાં, ક્ષિતિજે જોયે રાખે છે, એક તીરે આંખને વીંધી પણ નાખે છે! એ છેદાયેલી, ફૂટેલી આંખે / તરસ્યું એક પંખી પણ નજર કરતું નથી. આ આંખ તે કઈ આંખ તે કવિએ કહ્યું નથી. ભાવકે એ સમજવા મથવાનું.

આ જોવાની ક્રિયા 'જોવું' કાવ્યમાં જુદી રીતે આવી છે. આ જોવાનું એ ખાતરી કરવા કે એ હદની બહાર તો નીકળી ગયો તો નથી ને કે કોઈ એનો પીછો તો નથી કરતું ને? કોઈ ખેવના કે લાચારી વિના વારે વારે એ પાછળ જોયા કરે છે!

એ બહાર અને અંદર જુએ છે પરંતુ પ્રાપ્તિ શી છે?

'તેમ છતાંય
પગને પંજે ઊંચો થઈ જોઉં છું
કદાચ ઝાંખું છું, ભીતર
જ્યાં આમ જુઓ તો
કંઈ કરતાં કંઈ જ નથી!!

કવિ જુએ છે તો સાંભળે પણ છે 'દીવાલની પેલી તરફ'ના ખાંસવાના, બબડવાના, તરફડવાના આવજોને. એ અવાજ મરણનો છે કે જીવી ગયાનો છે કે માત્ર અવાજ જેવો માત્ર અવાજ જ છે તે નક્કી થતું નથી. આ જ કાવ્યના બીજા ખંડમાં દીવાલની પેલી તરફ દાદીના મૃત્યુ પછી એકલા પડી ગયેલા દાદા છે. દાદાએ કાચના કબાટમાં જોઈ શકાય એ રીતે દાદીની લાકડી, સાડલો, ચપ્પલ સાચવીને રાખ્યાં છે. કવિને લાગે છે કે દાદીની સ્મૃતિ સાથે છે એટલે દાદા એકલા તો કહેવાય જ નહીં ને!!

આ કવિમાં કશુંક ન પામી શકાયાની લાગણી આવ્યા કરે છે. જેમ કે 'હૉસ્ટેલ પોએમ્સ'માં દ્રાક્ષના વેલા છે પણ દ્રાક્ષ વગરના, નાળિયરી છે પણ નાળિયેર વિનાની!. એનો રસ પોતે તો પીધો નથી, પરંતુ બીજા કોઈએ પીધો હશે કે નહીં તેના પણ વાવડ નથી. દરવાજો છે, પરંતુ એ એટલો પરિચિત થઈ જાય છે કે પછી આ તરફ આવવાનો કે પેલી તરફ જવાનો કોઈ અર્થ રહેતો નથી!

કાવ્ય 'રાગ-વિરાગની રમણા' રામકૃષ્ણ મિશન, દિલ્હીમાં લખ્યું છે. એટલે એમાં વિરક્તિનો ભાવ ન આવે તો જ નવાઈ. પ્રત્યેક વ્યક્તિને ક્યારેક તો એવો વિચાર આવતો હોય છે કે બધું છોડીને ક્યાંક ચાલ્યા જઈએ. કવિ લખે છે;

પછી એક દિવસ
આપણાથી સહેવાતું નથી ને
આપણે
અણધાર્યા
ચાલી નીકળીએ છીએ
ઘર-બાર-ગામ-પરગામની પાર
આકાશનીયે પાર
અકિંચન!

આ સંગ્રહનાં કાવ્યોમાં 'અણધાર્યા' શબ્દ અનેક વાર આવ્યો છે. અહીં જાતને વિદાય આપીને નિઃશેષ થવાનો ભાવ પણ આવ્યો છે.

આ કવિ બહુશ્રુત છે તે અનેક કાવ્યોમાં આવતા ફૈજ, ફિરાક વગેરેના સંદર્ભથી સમજાય.

સદ્‌ગત પિતા માટે લખાયેલા કાવ્ય 'પછી જ તમે ગયેલા'માં પિતાને યાદ કર્યા છે;

'કવિતાને નામે
તમારા વિશે ઘણાંખરાં ટાંચણો થયે જ રાખ્યાં

સળંગ દીર્ઘ કવિતા જેવું જીવન, તમારું
ન તમને મળ્યું
ન અમને

*

તમને દાહ દીધાની એ વેળા પણ
એવી જ એક બળીજળી બપોર હતી.
બળતી ચેહ
તમે એમ જ
નિરાંતવા સૂતેલા.
હંમેશની જેમ, નિજ ગતમાં
દુનિયાથી સાવ બેખબર.'

*

એક 'એક્સટસી' કાવ્યમાં કવિ કહે છે આજે જ બધું એકસામટું ને અટપટું બન્યું' ને પવન-ફૂલ-ખુશબૂ-જળ-આકાશ-સૂર્ય-ચંદ્ર-ધૂળ-દિશાઓ-ધૂપછાંવ બધું એકબીજાની હોડમાં સરકતા હતા, ચપટીક ધૂળ ઊડી....ને નજરાઈ ગયું દશ્ય.

પછી શું થયું..?

'સઘળી દિશાઓ અબીલ-ગુલાલની રંગછાયે રંગાઈ ગઈ..

જાતને જો સહેજ અડકી તો

ત્યાં તુંય નહોતી ને હુંયે ક્યાં હતો!'

સમગ્ર પ્રકૃતિ સાથેનું ઐક્ય અહીં સધાયું છે.

લૉકડાઉન વિશેનાં કાવ્યોમાં પૅંડેમિકને કારણે થંભી ગયેલા જીવનની અભિવ્યક્તિ છે. કેટલીક પંક્તિઓ જોઈએ;

- સૂમસામ રસ્તા / ભેંકાર મકાનો / રઘવાયાં કૂતરાં / છોભીલું લોક / શ્વાસ-નિશ્વાસ-ઉચ્છ્વાસમાં / રાત અને દિવસમાં / અજવાળા-અંધારા-પડછાયા-આવજોમાં

મંથરતા/શુષ્કતા

- કથળી ગયેલાં સેલ્ફ-પૉર્ટ્રેટની જેમ / હુંય જાણે પડ્યો છું / ચકળવકળ આંખે / નિશ્ચેષ્ટ / છિન્ન-ખિન્ન.

કોઈ પણ કલાકૃતિ એના સર્જકનો સાઇકોલૉજિકલ મૅપ હોય છે. દરેક કૃતિમાં કવિના ગમા-અણગમા, ભાવ-અભાવ, સુષુપ્ત ઇચ્છાઓ, અંગત જીવનના સંઘર્ષો, મથામણો વગેરે જાણેઅજાણ્યે પ્રવેશી જતાં હોય છે. આ કાવ્યસંગ્રહ 'ધીમું તબકતો ભૂખરો કોલસો' એ અર્થમાં સાંકેતિક છે કવિની ભીતર રહેલી ઝંખનાઓનું, કવિની આશા-નિરાશાનું એ પ્રતીક બને છે. સળગેલા કોલસા પર રાખ વળવા માંડે પછી લાગે કે કોલસો હોલવાઈ ગયો છે, પરંતુ એમ હોતું નથી. એ અંદર ધીમું તબકતો હોય છે. રાખને ફૂંક મારો એટલી વાર... આ તણખો સિસૃક્ષાનો પણ છે જે સતત તબક્યા કરે છે. એટલે જ તો લખાય છે.

આ કવિની અંદર તબૂકતી ઘરની જે આશા છે તે અનેક રીતે પ્રગટ થઈ છે. ઘર એટલે માત્ર ઈંટ-ચૂનાનું જ ઘર નહીં, પરંતુ એક એવું સ્થળ જ્યાં જઈને નિરાંતનો શ્વાસ લઈ શકાય, હાશકારો થાય. એ શોધ તો કોની નથી હોતી? માધવ રામાનુજની પંક્તિ સાંભરે 'એક એવું ઘર મળે આ વિશ્વમાં/ જ્યાં કશા કારણ વિના પણ જઈ શકું'. ઘણી વાર પોતાનું ઘર હોય ખરું પણ એ આપણી કલ્પના મુજબનું જ હોય એમ બનતું નથી. એટલે એક એવા 'ઘર'ની શોધ ચાલ્યા જ કરતી હોય છે. કવિએ ભૂમિકામાં કહ્યું છે 'ચિત્રકલા, કવિતા, ભાષા, સ્વ-પર, ઘર, ગામ, શહેર, દેશ, પરદેશ – બધું એકબીજામાં એ રીતે ઓતપ્રોત હોય છે કે એક જ સમયે બધે જ મારું ઘર હોય છે અને ક્યાંય પણ હોતું નથી.' આ ઘર હોવા અને ન હોવાની અનુભૂતિ કાવ્યોમાં પડઘાઈ છે.

• ***સાંજ***
પછી ભલેને
વડોદરામાં પડે કે
કરજણમાં કે દિલ્હી કે ભોપાલમાં
અંધારું થતાં
હું આસ્તેકથી બત્તી કરું છું
ને ધીમો ધીમો
ચાલવા લાગું છું
એ જ એક પેલા ઘર તરફ

અહીં હિન્દી કવિ વિજ્ઞાન વ્રતની પંક્તિઓ સાંભરે;

'મૈ કુછ બેહતર ઢૂંઢ રહા હું
ઘર મેં હું ઘર ઢૂંઢ રહા હું'

• ***સાંજ પડે ને***
ખોવાયેલું એક જણ
ગામને ચોતરે ઊભું
ભૂલા પડેલા વટેમારગુને
પોતાના ઘરનો રસ્તો ચીંધે

ખોવાયેલું જણ રસ્તો ચીંધે! નવાઈ લાગે. પણ આવું બનતું હોય છે. આ સંદર્ભમાં કવિ નિદા ફાઝલીનો આ શેર જુઓ;

'કભી કભી યું ભી હમ ને અપને જી કો બહેલાયા હૈ
જીન બાતો કો ખુદ નહીં સમજે ઔરોં કો સમજાયા હૈ.'

'ઘર વિશે' કાવ્યમાં કવિ લખે છે;

'આ એ જ ઘર કે
ના, એ જ મકાન કે
અંધારામાં ગોટમોટ પડ્યું છે તે

એ, આ જ કે
મકાન કે ઘર'
આ મકાન કે ઘર કેવું છે ?એ
'તમને યાદ આવ્યા કરે
એટલું પાસે
તમે ક્યારેય ત્યાં જઈ ન શકો
એટલું દૂર'.

અંતે કહે છે 'એક સ્ટીલલાઈફ માટે/ કદાચ, આટલું પણ પૂરતું હોઈ શકે.' (સ્ટીલલાઈફ ચિત્રકળાનો શબ્દ છે.)

'ઘર : સુખદુ:ખ' કાવ્યમાં જે ઘર છે તે સુખ-દુઃખ સાથે જોડાયેલું છે! દરેક ઘરમાં સુખ હોય અને દુઃખ પણ હોય જ. કવિ કહે છે કે;

કોઈ સુખ વિશે પૂછે
હું તાકું એ દિશામાં
જ્યાં મારું એ ઘર છે, ગામ છે

આ કયું ઘર ? તો જ્યાં હવડ ખૂણે ઝમતા મધ જેવું દૈવત છે, એમનું એમ એ રાહ જોતું ઊભું છે. મા શહેરથી આવતી ટ્રેનના પૅસેંજરોને જોતી, અમારી રાહ જોતી બેસી રહેતી એ ઘર. પછી કહે છે;

કોઈ દુઃખ વિશે પૂછે
હું તાકું એ દિશામાં
જ્યાં મારું એ ઘર છે, ગામ છે

કાવ્યાન્તે કહે છે

'ને હું એ તરફ જઈ શકતો નથી'

કવિ 'આ ઘેર' કાવ્યમાં 'ઘર'નો વ્યાપ દર્શાવે છે;

'પોતાને આ ઘેર વસ્યાં ત્યારે જાણ્યું, પહેલવારકું, કે -
ચાર દીવાલો ને છતની પણ પાર
આપણી નજર પહોંચે એટલે કે એથીય કંઈ વધારે
ઘરની માયા પથરાયેલી હોય છે
ઘરનાં મૂળિયાંની જેમ'

'ઊંઘી જવું છે' કાવ્યમાં પણ –

ઊંઘી જવું છે
બારી-બારણાં વાસી
દીવાલો સુધ્ધાં ઉતારી
'ઘર' જેવા શબ્દને

આકાશની ખીંટીએ લટકાવી કે
કેરમની કુકીની જેમ બ્રહ્માણ્ડમાં સટકાવી
વિસ્મરણની ચાદર ઓઢી
ટૂંટિયું વાળી
ફેંકાવું છે
તળિયા વિનાની અંધારી ખોમાં
– એમ ઊંઘી જવું છે' –

આ કઈ ઊંઘ છે? કવિ જીવનમાં ઘણી જગ્યાએ ધક્કે ચડ્યો છે, રસ્તામાં આવતી દીવાલ પછી દીવાલ પછીની દીવાલની ભુલભુલામણીમાં ભૂલો પડતો રહ્યો છે, ભીંસતો રહ્યો છે, પડઘાતો રહ્યો છે, ટળવળતો રહ્યો છે. જીવતરની આ પળોજણોથી થાકી, કંટાળી દીવાલોના કાટમાળમાં દબાઈને નિશ્ચેતન, નિઃશબ્દ પડ્યો રહેવા ઇચ્છે છે ને કહે છે '– એમ, ઊંઘી જવું છે.'

આ ઘરઝુરાપો કવિની સ્થિર થવાની ઝંખનાનું પ્રતીક બને છે.

*

અહીં સાંજ છે, સવાર છે, અંધારું છે અજવાશ છે, પવન છે, પાણી છે, સૂર્ય-ચંદ્ર છે, પ્રકૃતિનાં તત્ત્વો છે. એક કવિની અંગત મથામણો, સંવેદના, નિરીક્ષણો વગેરે એની અનુભૂતિમાં રસાઈને કાવ્યરૂપ પામે છે. ભાષાકર્મ આગવું છે. સરળ દેખાય છે પણ છે નહીં. સરસ ઉપમાઓ પ્રયોજી છે જેવી કે – ઈશ્વરના સંતાપની જેમ ખોડંગાતું, કોક જર્જરિત ધર્મગ્રંથના પાના જેવું, કટાયેલી ઢાલ જેવું આભ, દીર્ઘકાવ્ય જેવું જીવન વગેરે. ચિત્રકાર છે એટલે ચિત્રકલાની પરિભાષાનો શબ્દ 'સ્ટીલલાઇફ' પણ પ્રયોજે છે.

અહીં ભલે બીજા કાવ્યસંગ્રહમાં કવિનું ભાવવિશ્વ કે વિષયો કે અભિવ્યક્તિ બહુ બદલાયાં નથી તેમ છતાં એક વાત સ્પષ્ટ છે કે કવિ પોતાની રચના પ્રક્રિયા વિશે સભાન છે. આ કાવ્યોમાં ક્યાંય લાચારી કે હતાશાનો ભાવ નથી. કવિ અંગત જીવનને અને આસપાસના જગતને તટસ્થ રહીને જુએ છે. કવિએ જ ભૂમિકામાં કહ્યું છે તેમ ગૃહસ્થી અને ઘુમક્કડી વચ્ચેની ભેદરેખા સતત ભૂંસાતી રહે છે. કવિ અંગત સંવેદનનું સાધારણીકરણ કરે છે. આ સર્જનપ્રક્રિયા દ્વારા અધરાતે મધરાતે શબ્દોના સૂમસામ રસ્તે ભટકતો એક કવિ પોતાની અસલ, અલાયદી ને અફલાતૂન ઓળખ ઝંખે છે;

અને જાહેરખબરની ભાષામાં લખે છે;

– જોઈએ છે / જોઈએ છે / જોઈએ છે / એને એક ઓળખ જોઈએ છે / અસલ, અલાયદી ને અફલાતૂન!!

કવિની આ ઓળખની અપેક્ષા છે તે બાહ્ય કરતાં વિશેષ તો સ્વ-ઓળખની છે. કવિ પાસે શબ્દ છે અને એ શબ્દ દ્વારા જ ભીતર – બહારને સમજવા, ઓળખવા ચહે છે. આશા રાખીએ એ સફળ થાય.

■

છિલુગરી : આદિવાસીલોકની કથા

સંધ્યા ભટ્ટ

જયશ્રી ચૌધરીને આપણે વાર્તાકાર તરીકે જાણીએ છીએ. આદિવાસી સમાજની વિશેષ સંવેદનાઓ તેમની વાર્તામાં જોવા મળે. હમણાં તેમણે સમગ્ર આદિવાસી પરિવેશને સમાવતી દળદાર નવલકથા ‘છિલુગરી’ શીર્ષકથી લખી છે. તેમના કહેવા પ્રમાણે એ માટે તેમણે ચાર વર્ષ લીધાં. આદિવાસી લોકસંસ્કૃતિની સુગંધ આ કૃતિમાં પામી શકાય.

સર્જકે એ માટે એક કાલ્પનિક નામનું ગામ ‘છિલુગરી’ સર્જ્યું છે જે સર્જકનામ ધરાવતા કવાડિયા પર્વતની સન્મુખ છે. નવલકથાની શરૂઆત જ વાચકને પ્રકૃતિદર્શન, પ્રાચીનતા અને વાર્તાતત્ત્વ દ્વારા રમણીયતાની અનુભૂતિ કરાવે. કવાડિયા પર્વત અહીં કથક છે અને યુગોથી બનતી રહેલી ઘટનાઓ તથા જન્મજન્માંતરથી જીવેલાં પાત્રોની વાત કહે છે, તેથી નવલકથામાં પ્રતીતિકરતાનો પ્રશ્ન સર્જકીય સૂઝથી ઉકેલાયો છે.

ઓગણપચાસ પ્રકરણોમાં પથરાયેલી આ નવલકથામાં સળંગ એક કથા ચાલે છે તે જમનાની છે જે પૂર્વજન્મમાં જયમાલા છે. સમર-જયમાલાની પ્રણયકથામાં મિલન અને વિરહના રસની ગૂંથણી છે. કથા પશ્ચાદ્ભૂમાં અને વર્તમાનમાં ચાલતી રહે છે અને નદી, તળાવ, પહાડ, જંગલ, શિકાર, પશુહાટમાં મળવાનું વચન આપવું પણ સમરનું મૃત્યુ પામવું જેવી ઘટનાઓ વાચકના વાર્તારસને તોષે છે. સર્જકને વાત તો કરવી છે આદિવાસી વિચારો, માન્યતાઓ, રીત-રિવાજો, તહેવારોની અને તેની ઉજવણીઓની, રમતો અને તેની પાછળનાં ઇંગિતોની, ક્યારેક ભૂત-ડાકણ-પિશાચની સૃષ્ટિની તો ક્યારેક ગાંધીમૂલ્યોની. આ કહેવા માટે તેમણે નવલકથાનું સ્વરૂપ પસંદ કર્યું જેમાં કથા અને આદિવાસીલોકનું સામંજસ્ય હોય.

જમનાની દૌહિત્રી આભા તેના મંગેતર અભિષેક સાથે સંશોધનના કામે છિલુગરી આવે છે અને જમના પાસે સત્યાગ્રહ વિશે જાણે છે. જમનાની એક ઉક્તિમાં ગાંધીવિચાર અને આદિવાસીમૂલ્યની એકરાગિતા સમજી શકાય. જુઓ,

‘આપણે સૌ ભોજન કરતાં પહેલાં પ્રકૃતિદેવી, અન્નદાતા ખેડૂતો અને રસોઈ બનાવનારનો આભાર માનીએ. સ્વાદ માટે નહીં, શરીર માટે ઔષધિરૂપ ભોજનના પ્રત્યેક કણને ધીરે ધીરે ચાવીને ખાઈએ. થાળીમાં અન્નના એક કણનો પણ બગાડ નહીં કરીએ.’ (પૃ.૭૮)

આ નવલકથામાં પ્રકૃતિ અને વિજ્ઞાન સાથે છે. જ્યારે અભિષેક સોલર ટ્રામ અંગે માહિતી આપે છે ત્યારે કવાડિયા પર્વત પણ તે સાંભળવા કાન માંડે છે. સૂર્યની શક્તિ,

દેવીકાસાર તળાવના સંગ્રહાયેલા પાણીનો સદ્દુપયોગ અને તે દ્વારા પ્રકૃતિને અકબંધ રાખીને તેનો સદ્દુપયોગ જેવી આદિવાસી નિસબતને સર્જક ઉજાગર કરવા માગે છે. છેવટે તો સાહિત્યકૃતિનું નેમ સર્જકને જે અભિપ્રેત છે તેની અભિવ્યક્તિનું છે જેમાં સાહિત્યસ્વરૂપ અને સર્જકવિચાર પરસ્પરને પૂરક બને તે ઇચ્છનીય છે. અહીં એમ બને છે એવું આપણે ન કહી શકીએ. પણ સર્જકના પ્રયત્નો અને મથામણ એ દિશાના છે એમ જરૂર કહેવું રહ્યું.

કવાડિયા પર્વત અહીં ઘટેલી તમામ ઘટનાઓનો સાક્ષી છે. ખ્રિસ્તી સંતો અહીંના બંદરે ઊતરેલા અને ડુંગરદેવ, વાઘદેવ, નડદાદેવ, નાગદેવ તથા માવુલીમાતાના આસ્થાળુઓને સંત ઇગ્નાસે દેવળમાં આવવાનું આમંત્રણ આપ્યું. તે તરફનું પ્રયાણ અને અંતે છિલુગરીવાસીઓની અકબંધ રહેલી પ્રકૃતિ પ્રત્યેની આસ્થા ‘ઋણ’ પ્રકરણમાં આવરી લેવાઈ છે.

સર્જકે કવાડિયા પર્વત દ્વારા કહેવાતી આગળના સમયની કથાઓ માંડી છે અને એ રીતે એ સમય તાદશ કર્યો છે. રુઆબદાર વ્યક્તિત્વના માલિક ભવસીંગ જાગીરદાર અને અત્યંત સ્વરૂપવાન રથાનાં લગ્ન, એક પછી એક છ પુત્રોના જન્મ પછી સાતમી પુત્રીનો જન્મ, ધજા ભગત દ્વારા થતું દેવપૂજન, દેવને અર્પણ કરાતો મહુડાનો દારૂ, દેવડોવળી વગાડીને થતી દેવસ્તુતિ, વગેરે અનેક આદિવાસી પૂજાપદ્ધતિની વાતો કથાની સમાંતરે ચાલે છે અને વાચક તેનાથી અવગત થાય છે. ઘણા સંવાદો આદિવાસી બોલીમાં છે જેના પર મરાઠી ભાષાની અસર વર્તાય છે. આદિવાસી બોલીમાં પ્રચલિત કેટલાક શબ્દોની સમજ પરિશિષ્ટમાં અપાઈ છે.

મંત્રવિદ્યા એ આદિવાસીલોકમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. આ નવલકથામાં તુલજી ભગતનું પાત્ર એ દૃષ્ટિએ સાભિપ્રાય જણાય છે. કયા કયા સંજોગોમાં મંત્રવિદ્યા કામ કરે છે, તેઓ સર્પવિદ્યાનો ઉપયોગ કઈ રીતે કરે છે તે વાત વાચકને અહીં ચાક્ષુષ થાય છે. અહીં કાળીચૌદશ, બળેવ જેવા કેટલાક દિવસોનું ખૂબ મહત્ત્વ છે જ્યારે મેળો ભરાય છે, શૂરવીરતાનું પ્રદર્શન થાય છે, ખાખરાનાં લીલાં અને સૂકાં પાનના પડિયાના પાત્રમાં માપિયાથી દારૂ કે તાડી રેડીને ગ્રાહકને પીરસાય છે.

નવલકથાકારે એક સળંગ કથાને બદલે ઉપકથાઓ – સાસુ-વહુની વાર્તા, મિત્ર અને મિત્રપત્નીની વાર્તા – માંડી છે જે કાવડિયા પર્વતને મુખે કહેવાઈ છે. નવલકથાના હેતુની દૃષ્ટિએ આ રચનારીતિ ઉપકારક બની છે. નવલકથાનાં આઠથી દસ પ્રકરણમાં ‘વાદીની પ્રતિયોગિતા’ ચાલે છે. છિલુગરી, બટવાઉ, પરવારા, તરખૂલી, ઘૂઘરવા, ભમરછા, મહાબોની ટુકડી ‘વાદી રમત’માં ઊતરે છે. ચૌધરી, ઢોડિયા, ગામીત, કુંકણા, વસાવા અને કોટવાળિયા ખેલાડીઓને તેમના ગુરુ એક પછી એક સૂચના આપે છે. વળી, આ રમતની એક વ્યવસ્થિત પદ્ધતિ છે, વ્યાસપીઠ છે, વિવરણકાર છે જે ‘પ્રતિયોગિતા’ જેવો શિષ્ટ શબ્દ બોલે છે. ખૂબ વિસ્તારથી ખાસ્સાં પ્રકરણો રોકતી આ રમતની યાદગાર સ્મૃતિઓ સાથે ભવસીંગ જાગીરદાર છિલુગરીથી મોઢદેવી તરફ આવે છે અને સાત પુત્રો પછી જન્મતી દીકરીના જન્મના સમાચાર મળે છે. તેનું નામ સિદ્ધયોગી દ્વારા જમના રાખવામાં આવે છે. તે થોડી મોટી થાય છે ને ગોવાલદેવ ‘હરખી’ના તહેવાર માટે જવાનું

છે. આગળ જતાં જમનાનાં લગ્ન રાયસિંગ સાથે થાય છે. જમનાને પુત્ર થાય છે જેનું નામ સુરસીંગ છે. વચ્ચે વચ્ચે ધાડપાડુની વાત ને તુલજા ભગતની વાત આવતી રહે છે.

આ પછી તો અહીં દેવી આંદોલનની વાત પણ આવે છે, ગાંધીસભા પણ થાય છે અને જમના બિરસા મુંડાના ચરણસ્પર્શ પણ કરે છે. આદિવાસી જાગૃતિ માટે બિરસા હાકલ કરે છે. જમનાની મુલાકાત છિલુગરીની વિધાત્રી તરીકે ગાંધીજી સાથે કરાવવામાં આવે છે. ઈ.સ. ૧૯૨૮નો બારડોલી સત્યાગ્રહ અને ઈ.સ. ૧૯૩૮નું હરિપુરા અધિવેશન અને અંતે ૧૯૪૭માં મળેલી આઝાદીને પણ ઊંડળમાં લેતાં સર્જક અધિક મહત્ત્વાકાંક્ષી જણાય છે. છિલુગરીને ઉમદા મૂલ્યોની ભેટ આપીને અંતે જમના દેહ છોડે છે ત્યાં નવલકથા પૂરી થાય છે.

નવલકથાનું કેન્દ્રવર્તી પાત્ર જમના છે પણ તેનું ચિત્રણ કથન-વર્ણન દ્વારા થયું છે. પાત્રના અંકોડા મેળવતાં વાચકને અન્ય ઘણી સામગ્રીમાંથી પસાર થવું પડે છે. સંસ્કૃતિચિત્રણનો ઉદ્દેશ ધરાવતા સર્જક નવલકથાના સ્વરૂપને ન્યાય આપવાનું ચૂકી જાય છે. અલબત્ત, આદિવાસી લોકસંસ્કૃતિના દસ્તાવેજ તરીકેનું કામ આ નવલકથા દ્વારા થઈ શક્યું છે તેનો હરખ છે.

■

પિતૃભક્ત તો ખરો જ. પણ વિષયભક્ત પણ એવો જ ના? અહીં વિષયનો અર્થ એક ઈંદ્રિયનો વિષય ન કરાય પણ ભોગો માત્ર. માતાપિતાની ભક્તિ પાછળ સર્વ સુખનો ત્યાગ કરવો જોઈએ એ ભાન હવે પછી આવવાનું હતું. આમ છતાં કેમ જાણે મારે આ ભોગેચ્છાની શીક્ષા જ ભોગવવાની હોય નહીં, તેવી રીતે મારી જિંદગીમાં એક અવળો પ્રસંગ બન્યો, જે મને આજ લગી સાલે છે. જ્યારે નિષ્કુળાનંદનું

ત્યાગ ન ટકે રે વૈરાગ વિના,
કરીએ કોટિ ઉપાય જી

ગાઉં છું અથવા સાંભળું છું ત્યારે ત્યારે એ અવળો અને કડવો પ્રસંગ મને યાદ આવે છે ને શરમાવે છે.

બાપે થપાટ મારીને મોઢું લાલ રાખ્યું. શરીરે પીડા ભોગવતાં છતાં વિવાહમાં ભાગ પૂરો લીધો. પિતાજી કયે કયે પ્રસંગે કઈ કઈ જગ્યાએ બેઠા હતા એ બધું મને જેવું ને તેવું હજી યાદ છે. બાળવિવાહનો વિચાર કરતાં પિતાના કાર્યની જે ટીકા મેં આજે કરી છે તે કંઈ મારા મને તે વેળા થોડી જ કરી હતી? તે વેળા તો બધું યોગ્ય ને મનગમતું લાગતું હતું. પરણવાનો શોખ હતો, અને પિતાજી કરે છે એ બરાબર જ છે એમ લાગતું. તેથી તે વખતનાં સ્મરણો તાજાં છે.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

'ફરીથી મળવું' – એ વિશે

કિશોર વ્યાસ

પારુલ કંદર્પ દેસાઈનો દસ વર્ષ પછી મળતો આ બીજો વાર્તાસંગ્રહ છે. અહીં સમાવાયેલી પંદર વાર્તાઓ નાયિકાપ્રધાન છે. દાંપત્યના પ્રશ્નો, ભૂતકાલીન પ્રણય અને નારી સશક્તીકરણની ઘટનાઓ કેન્દ્રમાં છે. ભણેલી અને સુખી ઘરની સ્ત્રીઓનાં આંતરમન પાસેથી અહીં ઘણું કામ લીધું છે. સમાજમાં કોઈ ને કોઈ ખૂણે સાંપડતી એવી ઘટનાઓને લેખિકાએ પસંદ કરી હોવા છતાં એની વાર્તા માવજત કુશળતાથી કરી છે. સામાન્ય જણાતો ઘટનાઅંશ અહીં વાર્તારૂપ પામે છે એમાં હૃદયસંવેદન છે તેમ કોઈ એક કોણના પૂરેપૂરા સર્જકસ્પર્શ વડે વાર્તા અંત સુધી વાચનક્ષમ બને છે.

પૂર્વજીવનમાં જેને અનહદ ચાહતી હતી એવા નાયકનું સ્મરણ કે અણધારી મુખોમુખ થતી વાતને વળ ચઢી આવે એવી વાર્તાઓમાં 'એ શહેરમાં' સંગ્રહની એક નોંધપાત્ર વાર્તા છે. પતિના આગ્રહથી લાંબા સમયે એ શહેરમાં જવાનું થાય છે જ્યાં ભૂતકાળનો પ્રેમી વસી રહ્યો છે. અણધારી રીતે પ્રેમીએ લગ્નસંબંધનો નકાર કર્યા પછી અવળસવળ થતી સ્મૃતિઓથી ભરી ભરી નાયિકા પતિ સાથે શહેરમાં પ્રવેશે છે ત્યારે બારેમાસ વહેતી નદી સુકાયેલી છે. જે પારિજાતના વૃક્ષ નીચે પ્રેમીને સતત મળવાનું બનતું હતું એ વૃક્ષ પણ કપાઈ ગયું છે. આવી પ્રતીકાત્મકતાની એક બાજુએ ભૂતકાલીન પ્રણયસંબંધની અને બીજી બાજુએ પતિના પ્રેમની વચ્ચે ઊભી રહી ગયેલી નાયિકાનું મન વલોવાતું ચાલ્યું પણ પ્રેમીને મળવા ઉપાડેલો પગ પતિ તરફ વળે છે. આ સંક્રમણમાં પ્રેમનું સૂક્ષ્મ નિદર્શન થવા પામ્યું છે. મોબાઇલમાં હાથ પકડીને ટેકો આપતા પતિની ઇમેજ, શહેરનો બદલાવ અને એ પૂર્વે એ શહેરનું નામ પડતાં જ રસોઈમાં બેધ્યાનપણું, ખૂબ બોલ બોલ કરવું જેવા સંકેતોથી નાયિકાનું મનોજગત પ્રત્યક્ષ થવા પામ્યું છે. સ્નેહની નદી અને પારિજાત સરખો પ્રેમ પતિમાં જીવંત હોવાની અનુભૂતિથી વાર્તાનો યથાર્થ અંત લેખિકા લાવી શક્યાં છે. કમ્પ્યૂટર, ગૂગલ, ઈમેઇલ, ચૅટ, બ્લૉગ, ગેઇમ્સ સાથે સતત જીવતી આજની પેઢીની વાર્તાઓ આ સંગ્રહમાં ધ્યાન ખેંચે છે જે સાંપ્રત સમયને પ્રગટ કરી રહે છે. વિધિને મોકલાયેલી 'ફ્રેન્ડ રિક્વેસ્ટ'માંની એક રિક્વેસ્ટ અંશુમનની છે. પચીસ વર્ષ પછી એ અચાનક સ્ક્રીન પર પ્રગટ થયો છે. પ્રણયના એ વર્ષોમાં અંશુમનનો પ્રબળ પ્રેમ જેમ પોતાના માટે હતો તેમ સમાજની નવરચના માટે કશુંક જુદું કરનારો, કશાકને માટે લડત આપનારો એ અંશુમન દેશ છોડીને અચાનક ચાલ્યો જતાં એના આઘાતમાંથી માંડ માંડ બહાર આવેલી વિધિનો સંસાર હવે પતિ અને બાળકોમાં ખીલેલો છે. અહીં પતિને એમણે પૂર્વસંબંધની રજેરજ વાત કરી છે. જે 'આ શહેરમાં' નથી. એ પૂર્વસંબંધની વાત સાંભળીને

વિધિનો પતિ કહે છે કે : 'વહી ગયેલું પાણી ક્યારેય પાછું આવતું નથી. આ આવતું પાણી જ સત્ય છે.' વિધિ હવે આ સંસારમાં એટલી ઓતપ્રોત છે કે નવા સંબંધનો, ભલે એ મિત્રતાનો હોય પણ એનો અસ્વીકાર કરે છે એમાં આજના સંબંધની જીત છે. 'પ્રેમ નથી તો..' વાર્તામાં જુદા સ્વભાવને કારણે, અપેક્ષાઓને લીધે અલગ થઈ ગયેલા અક્ષત-ઋજુના પ્રેમનો અનુભવ મુકાયો છે. અક્ષતને જેવો છે તેવો સ્વીકારવાને બદલે ઋજુએ એને બદલવાનો પ્રયત્ન કર્યો હતો. પ્રેમની જગ્યા અપેક્ષાએ લઈ લીધી હતી. જીવનમાં પ્રવેશેલું આ લૉકડાઉન હતું. એના અવકાશમાં પ્રેમની પ્રતીતિ નાયિકા પામે છે. 'આફ્ટર એ લોંગટાઇમ'માં પણ નાયિકા વર્ષો પછી નાયકને અચાનક મળે છે ત્યારે એ તદ્દન બદલાયેલો છે. એક સમયે નવા ચીલે ચાલનારો, અંતરિયાળ વિસ્તારમાં સમાજસેવાનાં સ્વપ્નો જોતો નાયક આજના દિવસે પાક્કો વેપારી બની ગયો છે. કોઈ પણ ભોગે કામ કઢાવી લેવાના પેંતરા રચતા નાયકના આ બદલાયેલા રૂપથી નાયિકા આઘાત પામી જાય છે, કેમ કે એક સમયે પોતે પણ એના રંગમાં રંગાવા લાગી હતી. એનાં સ્વપ્નો પર ઓળઘોળ થયેલી નાયિકા આ મુલાકાત વડે એક જુદા જ વ્યક્તિત્વની ઓળખ પામે છે ત્યારે એની સાથે ન જોડાયાનો હાશકારો પણ અનુભવે છે. માણસ કેટલો ઝડપથી જુદો રંગ ધારણ કરી બેસે છે એ આ વાર્તામાં સહજપણે વ્યકત થયું છે. આ સઘળી વાર્તાઓમાં પ્રેમના મૂલ્યનું ગૌરવ લેખિકાએ કર્યું છે. નાયિકાને થતું અભિજ્ઞાન દાંપત્યની જડને સાચવી રાખે, નારીનાં આ મનોસંચલનો અહીં રસપ્રદ આલેખાયાં છે.

આ સંગ્રહમાં પારિવારિક સંબંધોની ઉષ્મા ધરાવતી વાર્તાઓ પણ નોંધનીય છે. 'રિયાની મમ્મા' વાર્તામાં બે પેઢી વચ્ચેના અંતરનું આલેખન લેખિકાએ ઝીણવટથી કર્યું છે. મહત્ત્વનું એ છે કે આવી વાર્તાઓમાં વિસંવાદની ભૂમિકા રચાતાં રચાતાં એ સંવાદ તરફ વળી જાય છે. ગૅઝેટ્સમાં સમય વ્યતીત કરતી યુવાપેઢી અને આ બાબતે શંકિત એવી જૂની પેઢીનો દ્વંદ્વ કેન્દ્રમાં રહે છે. સ્માર્ટ ફોન અને કમ્પ્યૂટરમાં ગળાડૂબ રહેતી એકની એક યુવાન દીકરી માટે મા વધુ પડતી ચિંતાતુર થતી રહે છે. કૉલેજનાં વર્ષોમાં દીકરી ક્યાંક ઊંધે માર્ગે ચઢી ન જાય એના ફફડાટમાં જીવતી પ્રેમાળ મા આ વાર્તામાં ધીમે ધીમે આજના જગતમાં પ્રવેશે છે. યુવાપેઢી ગૅઝેટ્સ સાથે કેવળ ટાઇમપાસ કરતી નથી પણ જ્ઞાન કે શિક્ષણનું માધ્યમ પણ બનાવે છે એની જાણ થતાં માતાના મનમાં ફેલાયેલાં ભય, આશંકાના ઓળા હટી જાય છે. વિધાયક સૂર અહીં ધ્યાનમાં આવે. 'તેજલિસોટો'માં પારિવારિક સ્નેહને લેખિકા ગૂંથે છે. દીકરી એટલે રાતદિવસ પીડા – એવું અનુભવે માનવા લાગેલી પ્રેમાળ સાસુના હૃદયપરિવર્તનની વાત ક્રમશઃ પ્રગટ થતી આવે છે. નિમિષાના ગર્ભમાં પોષાતું બાળક છોકરી હોય તો સાસુ એ દીકરીનો જન્મ એટલા માટે નથી ઇચ્છતી કે સામે સમાજ બાજ-બિલાડાની માફક બેઠો છે. પુત્રની સમજાવટથી માના ચિત્તમાં ઘર કરી ગયેલા ભ્રમનું નિરસન થાય છે. સભાનતા અને સર્જકતાના મેળથી ભ્રૂણહત્યા જેવા પ્રચારાત્મક વિષય પર વાર્તા ધસી જતી નથી. પાંખો ફફડાવીને ઊડવાનો પ્રયત્ન કરતી ચકલી અને અંધકારને ચીરતો તેજલિસોટો પ્રતીકાત્મક રીતે વાર્તામર્મને ચીંધે છે. કુટુંબજીવનના આવા સંકુલ પ્રશ્નોને લેખિકાએ સાદગીભરી ભાષાશૈલીથી મૂકી આપ્યા હોવા છતાં વાર્તાક્ષણ છેક સુધી સચવાઈ રહે છે એ આ સંગ્રહનો વિશેષ છે. 'પપ્પાનું ઘર' વાર્તામાં વારસામાં મળેલા માતપિતાના ઘરને સાચવી રાખવાની બહેનની જીદ સામે ભાઈને એ ઘર વેચીને પોતાનો વ્યવસાય વિકસાવવો છે. ભાઈબહેનનો સંબંધ, હક અને માતપિતાની સ્મૃતિ એમ

ત્રણ સ્તરે આ વાર્તાનો ઘાટ બંધાયો છે. બહેનનું ઘર સાધનસંપન્ન છે એથી પતિ આ ઘર ભાઈને આપી દઈ સંબંધમાં કડવાશ ન ઘોળવાની વાત કરે છે, પણ નાયિકા આ ઘરને પોતે જ ખરીદી લઈ પિતાની જેમ જરૂરિયાતમંદ છોકરીઓને ભણવા રહેવા દેવા માટેનો નિર્ણય કરે છે. ભારેખમ બનતો જતો વિષય હળવાશ તરફ, જીવનની હકારાત્મક બાજુ તરફ ગતિ કરતો દેખાય છે. સંસારજીવનના એકાદ સૂક્ષ્મ પ્રશ્નને હાથમાં લઈ લેખિકાએ બોલકા બન્યા વિના વાર્તારૂપ ઘડ્યું છે. એમાં સમજણ, સ્નેહ અને સંવાદની ઝંખના પ્રગટ થતી આવે છે. 'એકરૂપ' વાર્તામાં બાળકોની વાતચીતમાંથી કુટુંબની તિરાડ પ્રત્યક્ષ થતી આવે છે. પિંકીની સાથે ભણનારી રાગીની ભણેલીગણેલી મમ્મી શ્રેયાને પતિ મારઝૂડ કરતો હતો. આની અસર તળે પિંકી પણ પોતાના પિતાથી ડરવા લાગે છે. આ અંગે ચિંતિત અનુ પતિને દીકરી સાથે વાત કરવાનું કહે છે. અનુ તો રાગીના માતપિતાને મળવા પણ તત્પર થાય છે ત્યારે એને જાણ થાય છે કે પોતાનો પતિ પણ કેટલો સંવેદનજડ હતો! જાણે કે રાગીની ઘટનાથી અનુને પણ આત્મભાન થયું. ભીંતમાં પડેલું ગાબડું, ધીમે ધીમે ભેજથી ખવાતી જતી ભીંત આગળ ગોઠવી રાખેલો નકશીકામવાળો કબાટ એ પહેરી રાખેલા અંચળાનું સૂચક છે. સામે બંધાતા મકાનમાં મજૂરણ પર પતિએ ઉપાડેલા હાથ પછી સ્ત્રીના પ્રતિકારમાં અનુને શ્રેયાનાં પગલાં ભળી જતાં દેખાય છે. જાણે બધા એકરૂપ થઈ જાય છે. સ્ત્રીના જીવનનો કરુણ લગભગ સરખો છે. એમાંથી સ્ત્રીએ જાતે જ માથું કાઢીને પ્રતિકારની સાથે પોતાનું મૂલ્ય સિદ્ધ કરવું રહે છે. અહીં દમિત શ્રેયાથી શરૂ થતી વાતના મધ્યમાં અનુ અને છેવટમાં મજૂરણની એમ ત્રણ કથાઓ એકસૂત્રમાં લેખિકાએ સફળતાથી પરોવી છે. આ ટેવાઈ જવું એટલે શું? શેનાથી ટેવાવાનું હોય છે અને શા માટે? એ 'આમ ટેવાઈ જવાનું..' વાર્તાની સ્વાતિનો પ્રશ્ન છે. પતિ વાતે વાતે માતાનું એટલે કે એક સ્ત્રીનું અપમાન કરે એ સ્વાતિથી સહન થતું નથી. આવતીકાલે પોતાને પણ આવા તિરસ્કારથી ટેવાઈને અપમાનના ઘૂંટ પીવાના રહેશે? એમ સ્વાતિ વિચારે છે ત્યારે સંબંધમાં રહેલી શુષ્કતા ઉપર તરી આવતી દેખાય છે. પતિમાં રહેલા હીનપુરુષની ધીમે ધીમે પ્રકાશિત થતી જતી ઓળખ લેખિકાએ સંયત રીતિએ મૂકી આપી છે. ટેવાઈ જવું એ શું સ્ત્રીની નિયતિ છે? સ્વાતિને આવી પળે પોતાની માને પિતાએ કહેલા શબ્દો સાંભરે છે. 'તમે સ્ત્રીઓ બધું ચલાવી લો છો એટલે જ અમે પુરુષો તમારી માથે ચડી બેસીએ છીએ. તમે જ ટેવ પાડો છો અમને.' આ સ્મરણ સાથે મક્કમ ડગલાં સાથે નાયક તરફ સ્વાતિ જતી દેખાય છે. સ્ત્રીનું સ્વમાન, સ્ત્રીની ઇચ્છા, અપેક્ષાઓ અને નારીસંવેદનની આવી માર્મિક ક્ષણો વાર્તાનું જમા પાસું બને છે. જિંદગીને પોતાની રીતે જીવવાનો નિર્ણય કરતી બે સ્ત્રીઓ 'મમ્મીની નજરે' અને 'બકેટ લિસ્ટ'માં છે. 'મમ્મીની નજરે'માં પતિની ઇચ્છાને વશ થઈ જીવન સમર્પી દેનાર પત્ની પચાસમા જન્મદિનની ઉજવણી કર્યા પછી વહેલી સવારે કોઈને કહ્યા વિના ફરવા નીકળી પડે છે ત્યાં તો ઘરમાં ધાંધલધમાલ થઈ રહે છે. દીકરી આટઆટલા વર્ષે માતાની પરવશ સ્થિતિને પિછાણે છે. અન્યની પસંદ-નાપસંદ સાચવતાં આટલો સમય વ્યતીત થઈ ગયો. હવે એ પોતાની પસંદગીથી થોડું જીવી લેવા માગે છે. ત્રણ દાયકાના લગ્નજીવન પછી પણ પતિ પત્નીની પસંદથી અજાણ રહે અને સતત પોતાનું ધાર્યું કરવા હુકમ ચલાવતો રહે એમાં પુરુષસત્તાની ભીંસ છે. એની સામે નાયિકાનો અડગ નિશ્ચય કહો એ શાંત વિદ્રોહ સમો લાગે છે. 'બકેટ લિસ્ટ'માં વર્ષો સુધી ધરબેલી પ્રવાસે નીકળી પડવાની ઝંખનાને મૂર્ત રૂપ આપવા માધુરી

પરિવારના સૌ સભ્યો સામે અડગ ઊભી રહે છે. પરિવારના સભ્યોની નારાજગી છતાં પોતાની વાતથી ચલિત ન થતી આ વર્તણૂક સ્ત્રીના મનોબળની ઝાંખી કરાવે છે. આવી વાર્તાઓમાં વિસંવાદની પળો પછી સમજણ આગળ તરી આવે એ આ વાર્તાઓનું ધ્યાનાર્હ પાસું છે. 'ત્રિકોણની ત્રણ રેખા'માં કોરોના માંદગીમાં ગંભીર સ્થિતિએ પહોંચેલા પિતા દીકરીને એ પાલક પુત્રી છે એ જણાવવાનું અનિવાર્ય સમજે છે. આજસુધી જેને માતપિતા માનેલા એના બદલે અમેરિકાસ્થિત માસી પોતાની જન્મદાત્રી છે એ આઘાતનો પ્રતિભાવ ગુસ્સા અને ધિક્કાર રૂપે બહાર આવે છે. જીવનમાં અચાનક આવી પડેલી આ નૂતન સ્થિતિમાં આખરે નાયિકાને સમજાય છે કે જેમણે લાડકોડ અને સમર્પણથી ઉછેરી છે એ જ એનાં સાચાં માતપિતા ગણાય. માત્ર જન્મ આપવાથી માતૃત્વ કેળવી શકાતું નથી. એકબીજી રેખાને મળીને ત્રિકોણની ત્રણ રેખા રચાયેલી છે. લોહીના સંબંધથી હૃદયનો સંબંધ અનોખો છે. ત્રિકોણની ત્રણેય રેખા એકબીજા વિના અપૂર્ણ છે. સંગ્રહની આ એક વિશિષ્ટ વાર્તા છે. 'થૅન્ક્યૂ લૉકડાઉન' જેવી વાર્તામાં હૉસ્ટેલમાં મિત્રો સાથે મોજમજામાં સમય પસાર કરતી સાન્યાને લૉકડાઉનમાં પરાણે પોતાના કુટુંબપરિવાર સાથે રહેવાનું બને છે એ કારણે મનમાની થઈ શકતી નથી. ફિલ્મો, પાર્ટીઓ અને બૉયફ્રેન્ડ સાથેની મોબાઇલ ચૅટ પર નિયંત્રણો આવી જાય છે. ઘરનું કામકાજ સંભાળવું પડે છે, પણ આ નિયંત્રણો નહીં જીવનઘડતર છે એની સમજ વિકસિત થતાં મહાનગરની રંગીનતા ખરી પડે છે. લેખિકાએ આ શક્ય બનાવ્યું છે પારિવારિક પ્રેમની ગૂંથણીથી. 'ફરીથી મળવું' વાર્તામાં મિત્રો વચ્ચે થયેલી ગેરસમજ દૂર થાય છે. મૈત્રીના મૂલ્ય અને યુવાજગતનાં મનોવલણોને અહીં લેખિકાએ સૂક્ષ્મતાથી મૂકી આપ્યાં છે. ફરીથી મળવું એ અહીં ઘણી વાર્તાઓનો મર્મ છે. નાયિકાના અગાઉના પ્રેમ પછી ડગલાંને ઘર ભણી વાળી લેવામાં કે સ્ત્રીનું પોતાને ખુદને ઓળખવું, પામવું એ વાર્તાનો સૂર રહ્યો છે. યુવાઓ, સ્ત્રીઓના માનસની, એના ભાવપ્રતિભાવની અને ટૅક્નોલૉજી સાથેના એના ગાઢ સંબંધને લેખિકાએ વાર્તા રૂપે વ્યકત કર્યો છે એમાં ભારોભાર વાર્તારસ છે. સંબંધજગતનો અને પરિવાર કે મિત્રતાનો પણ અહીં જે મહિમા થવા પામ્યો છે એ પણ જાતને ફરીથી મળવારૂપ બને છે. આ વાર્તાસંગ્રહ એ રીતે પણ વાચકોને વશ કરશે એમ કહી શકાય એમ છે.

(ફરીથી મળવું : પારુલ કંદર્પ દેસાઈ, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, ૨૦૨૫, ડેમી, પૃ.૧૧૨, કિં. રૂ.૧૫૦/-.)

■

માહ્યરે બેઠાં, ચોરીફેરાં ફર્યાં, કંસાર ખાધો ખવડાવ્યો. અને વરવહુ ત્યારથી જ સાથે રહેતાં થયાં. એ પ્રથમ રાત્રી ! બે નિર્દોષ બાળકોએ વગરજાણ્યે સંસારમાં ઝંપલાવ્યું. ભાભીએ શિખામણ આપી કે મારે પહેલી રાતે કેમ વરતવું. ધર્મપત્નીને કોણે શિખામણ આપી હશે એ તો મેં પૂછ્યું હોય એવું યાદ નથી. હજી પુછાય એમ છે. પણ પૂછવાની ઇચ્છા સરખીયે થતી નથી. વાંચનાર એટલું જાણે કે અમે બંને એકબીજાથી ડરતાં હતાં એવો ભાસ આવે છે. એકબીજાથી શરમાંતા તો હતાં જ. વાતો કેમ કરવી, શી કરવી, એ હું શું જાણું ? મળેલી શિખામણ પણ મદદ શું કરે ? પણ કંઈ શીખવવું તે પડે ? જ્યાં સંસ્કાર બળવાન છે ત્યાં શિખામણ બધી મિથ્યા વધારો થઈ પડે છે. ધીમે ધીમે એકબીજાને ઓળખતા થયાં, બોલતાં થયાં. અમે બંને સરખી ઉંમરનાં છીએ. મેં તો ધણીપણું આદર્યું.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

રવીન્દ્ર પ્રસંગ : પ્રમાણભૂત દસ્તાવેજો પર આધારિત સંતુલિત અભ્યાસ

કંદર્પ ર. દેસાઈ

(રવીન્દ્ર પ્રસંગ : લેખક : શૈલેશ પારેખ, ઝેન ઓપસ, પ્ર. આ. ૨૦૨૫, પૃ. ૧૭૬, કિંમત રૂ. ૨૭૫)

રવીન્દ્રનાથ ઠાકુરની પ્રતિષ્ઠા વિશ્વકવિની છે. કવિ બંગાળમાં જન્મ્યા અને પોતાની માતૃભાષામાં સાહિત્યસર્જન કર્યું તેથી બંગાળમાં તેમની લોકપ્રિયતા અને ચાહના સૌથી વધુ હોય તે શંકાની વાત નથી. પરંતુ ગુજરાતી અભ્યાસીઓએ રવીન્દ્રનાથને બંગાળી પછી સૌથી વધુ પ્રેમ આપ્યો છે તેમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી. એમાં કવિ ‘કાંત’, ઝવેરચંદ મેઘાણી, ધૂમકેતુ, નગીનદાસ પારેખ, રમણલાલ સોની, સુરેશ જોષી, ભોળાભાઈ પટેલ, નિરંજન ભગત, અનિલા દલાલ જેવા વિદ્વાનોએ રવીન્દ્રનાથને અનેકવિધ રીતે-સ્વરૂપે ગુજરાતી સાહિત્યરસિકો સમક્ષ રજૂ કર્યા છે. આ ઉજ્જ્વળ પરંપરામાં શૈલેષ પારેખે રવીન્દ્રનાથ વિશે પુસ્તકશ્રેણી આપીને પોતાનું યોગદાન આપ્યું છે. તેમાંથી “રવીન્દ્ર પ્રસંગ” વિશે વાત કરવી છે. આ પુસ્તકની વિશેષતા એ છે કે તે કોઈ કપોળકલ્પના કે કહેવાતી વાતોને આધારિત રોમાંચક કથા નથી, બલકે તે પ્રમાણભૂત દસ્તાવેજોના આધારે સંતુલિત રીતે રજૂ કરેલો અભ્યાસ છે. શૈલેશ પારેખ વ્યવસાયે એન્જિનિયર હોવાની સાથે મોટા ઉદ્યોગપતિ છે. તેઓ એમ.આઈ.ટી.,યુ.એસ.એ. જેવી વિખ્યાત સંસ્થાના અનુસ્નાતક છે. જોકે તેમની સાહિત્યપ્રીતિ; વિશેષ તો રવીનન્દ્રનાથપ્રીતિ અનન્ય છે. તેઓ ઉત્તમ અનુવાદક અને આસ્વાદક તરીકે જાણીતા છે. અંગ્રેજી અને બંગાળી ભાષા ઉપર પ્રભુત્વ કાબિલેદાદ છે, જે તેમણે કરેલા અનુવાદોની સંખ્યા અને ગુણવત્તાથી સમજી શકાય છે.

“રવીન્દ્ર પ્રસંગ” પુસ્તકમાં કુલ છ પ્રકરણો છે : ૧) શિલાઈદહથી સ્ટૉકહોમ; ૨) ગાંધીજી અને ગુરુદેવ : એક રહસ્યમય સમસ્યા, ૩) અંતિમ વસંત, ૪) નવજાતક શિશુ, ૫) સત્યની શોધમાં આઇન્સ્ટાઇન અને ટાગોર, ૬) રવીન્દ્રનાથનો અંતિમ જન્મદિવસ. આ છયે પ્રકરણોમાં રવીન્દ્રનાથના વ્યક્તિત્વનાં અનેક પાસાંઓ પ્રત્યક્ષ થાય છે.

૧) **શિલાઈદહથી સ્ટૉકહોમ** : ઐતિહાસિક વિષયવસ્તુ ધરાવતા આ પ્રકરણમાં વાચકને રવીન્દ્રનાથ અને ‘ગીતાંજલિ’ વિશે જાણકારી મળે છે. જેમ કે; કવિએ બે ‘ગીતાંજલિ’ લખી છે, “પહેલી બંગાળીમાં - જેમાં ૧૫૭ કાવ્યો/ગીતો છે અને તેનું પ્રથમ પ્રકાશન ૧૯૧૦માં થયું હતું. બીજી, અંગ્રેજીમાં, જેમાં ૧૦૩ ગદ્યકાવ્યો છે અને તેનું પ્રથમ પ્રકાશન ૧૯૧૨માં ઇંગ્લૅન્ડમાં થયું હતું.” (પૃ. ૨)

આ અંગ્રેજી ‘ગીતાંજલિ’ કેવી રીતે લખાઈ તેની રસપ્રદ વિગતો આ પ્રકરણમાં મળે છે.

ડૉક્ટરે સંપૂર્ણ આરામની સલાહ આપી એટલે કવિ શિલાઈદહ ગયા; જ્યાં તેમણે ‘ગીતાંજલિ’નો અંગ્રેજી અનુવાદ કરવો શરૂ કર્યો, એ વાત કવિ આમ લખે છેઃ “....

મગજને શાંત રાખવા માટે હું કોઈ અનાવશ્યક કામ કરવા માંગતો હતો. ચૈત્ર મહિનો હતો અને આંબાના મોહરની સુગંધથી આકાશ સભર હતું અને પંખીઓના કલરવથી આખો દિવસ એક પ્રહરની જેમ પૂરો થઈ જતો હતો. હું અંતઃકરણપૂર્વક ચૈત્રનો પ્રકાશ, પવન, સુગંધ – બધું જ માણતો. આવી અવસ્થામાં ચૂપ કેમ રહેવાય? ....પણ કંઈ પણ નવું સર્જન કરવાની મારામાં શક્તિ નથી એમ મને લાગતું. તેથી ગીતાંજલિનાં કાવ્યો લઈને બેઠો અને એક પછી એક તેનો અંગ્રેજીમાં અનુવાદ કરતો ગયો." (પૃ. ૮)

અહીં દેખીતી રીતે રવીન્દ્રનાથનું પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય જોઈ શકાય છે. તેઓ ક્ષણે ક્ષણે પ્રકૃતિ સાથે અનુસંધાન અનુભવતા હતા.

કવિના વ્યક્તિત્વનો પરિચય આપતી બીજી એક નોંધ જોઈએ.

"હમણાંથી કામકાજમાંથી જ્યારે પણ ફુરસદ મળે ત્યારે હું એક કાવ્ય લખીને મારા અંતર્યામીને નૈવેદ્ય તરીકે ધરાવું છું." (પૃ. ૪) અદ્ભુત! કવિ માટે કાવ્ય લખવું એ ઈશ્વરની પૂજા કરવા જેટલું પવિત્ર કાર્ય છે. અહીં ક્યાંય પણ પ્રતિષ્ઠાની લાલચ કે અભિમાન દેખાતાં નથી!!"

દરમિયાન કવિ ઇંગ્લૅન્ડ પહોંચે છે અને ત્યાંના વિદ્વાનો સમક્ષ કાવ્યપઠન કરે છે. અહીં વિવિધ વિખ્યાત સર્જકો ઉપર એ કાવ્યોની કેવી ઊંડી અસર પડી તેની વિગતો વાંચવા-માણવા જેવી છે તેમજ રવીન્દ્રનાથથી કેવા પ્રભાવિત થયા તે પણ જાણવા મળે છે. તે પછી અંગ્રેજી 'ગીતાંજલિ' કેવી રીતે છપાઈ અને પ્રકાશિત થઈ તેમજ વિવિધ વર્તમાનપત્રોએ કેવી કેવી બિરદાવી એની માહિતી પણ રસ પડે તેવી છે.

'ગીતાંજલિ'ના અનુવાદની પ્રક્રિયાને કવિ કેવી રીતે જુએ છે એની વિગતો (પૃષ્ઠ ૨૩થી ૨૫) કોઈ પણ અનુવાદક માટે દિશાસૂચક નીવડે એમ છે.

નોબેલ પુરસ્કાર કઈ રીતે મળ્યો કે સમિતિના વિવિધ સભ્યોએ રવીન્દ્રનાથ અને 'ગીતાંજલિ' વિશે શું શું કહ્યું તેની વિગતો ખરે જ રવીન્દ્રનાથની મહત્તાને દર્શાવે છે. નોબેલ પુરસ્કાર આપવા માટે બનેલી સમિતિના અધ્યક્ષ હેરલ્ડ હ્યાને લખેલી નોંધમાંથી થોડુંક જોઈએ.

"...તેમને રહસ્યમય આદિ સ્રોતના ઉદાત્ત આદર્શોમાં દઢ શ્રદ્ધા છે અને તેમણે તેનાથી પ્રકૃતિનો સાદ અને નાદ સાંભળ્યો છે તે સ્વીકારવું જ રહ્યું... એમના અનામી ઈશ્વરને ધરાયેલાં આ ગીતોમાં ઈશ્વરની પ્રાર્થના અને પ્રશંસા તેમજ ઈશ્વરનો પ્રેમ સર્વત્ર પથરાયાં છે..." (પૃ.૨૯) આમ પ્રકરણના આરંભે અંતર્યામીને નૈવેદ્ય રૂપે ધરાવાતું કાવ્ય પરભાષીને પણ અધ્યાત્મની અનુભૂતિ કરાવે છે, જે બતાવે છે કે દેખીતી રીતે જ કવિના ભાવને ભાષાની મર્યાદા બિલકુલ નડી નથી. અહીં જ 'ગીતાંજલિ'નાં કાવ્યો શાશ્વત હોવાનું રહસ્ય છુપાયું છે.

૨) **ગાંધીજી અને ગુરુદેવ** : એક રહસ્યમય સમસ્યા : બીજો પ્રસંગ ગાંધીજી અને રવીન્દ્રનાથ વચ્ચે કેવા પ્રકારની આત્મીયતા અને વિચારભેદ રહ્યો તેનું પૃથક્કરણ કરે છે. પ્રકરણના આરંભે જ લેખક નોંધે છે તે જોઈએ. "તેમણે ક્યારેય એકબીજાની સાથે કામ કર્યું ન હતું કે તેઓ સાથે રહ્યા ન હતા. તેમનો સંબંધ વિવાદના વંટોળમાં ફંગોળાયો હતો અને છતાંય તેમના સ્નેહ અને સન્માનની માત્રામાં ક્યારેય ઓટ આવી ન હતી." (પૃ. ૩૮)

"બંને સત્યના સાધક હતા-એકનું ધ્યેય હતું તેના દેશની સમષ્ટિનું કલ્યાણ અને બીજાનું સંપૂર્ણ અને વૈશ્વિક મનુષ્યનું અવતરણ. બૌદ્ધિક સ્તરે તેમનો સંબંધ દ્વિકેન્દ્રીય હતો. તેઓ વ્યાધિ અંગે એકમત ધરાવતા હતા, પરંતુ ઔષધિ અંગે તેમની વચ્ચે તીવ્ર મતભેદ

હતો. છતાં અંગત સ્તરે તેમની વચ્ચે સંવાદિતા જ નહીં, પણ અન્યોન્યમાં અચલ અને અખૂટ શ્રદ્ધા અને વિશ્વાસ હતાં." (પૃ. ૩૮)

બંનેના વ્યક્તિત્વની સમાનતા ચાર્લ્સ એન્ડ્રુઝે એક પત્રમાં રવીન્દ્રનાથને લખી છે તે નોંધપાત્ર છે. (જાન્યુઆરી ૧૯૧૪) "પહેલેથી જ મને શ્રી ગાંધીનો દૃષ્ટિકોણ સમજવા અને સ્વીકારવામાં કોઈ મુશ્કેલી ન પડી, કારણ કે સૈદ્ધાંતિક રીતે તમારા અને મહાત્માજીમાં ઘણું સામ્ય છેઃ સાચી સ્વતંત્રતા, આધ્યાત્મિક શક્તિ પર આધાર, પાર્થિવ શક્તિ સામે નિર્ભય હિંમત અને વળી સમગ્ર માનવજાત પ્રત્યે ઊંડો સદ્‌ભાવ." (પૃ. ૪૨)

બંને વચ્ચે આટઆટલી સમાનતા હોવા છતાં રવીન્દ્રનાથ ગાંધીજીની કાર્યશૈલી સાથે ન તો સંમત થાય છે ન તેની સરાહના કરે છે. પરિણામે તેમણે વેઠેલી પીડા કેવી છે તે જુઓ.

"નૈતિક એકલતાના સતત અને અદૃશ્ય દબાણનું દમન હું અનુભવી રહ્યો છું. મહાત્મા ગાંધી સાથે હાથ મેળવીને હું કામ કરી શકતો હોત તો કેવું સારું થાત! સત્યની સમજ અને શોધના અમારા માર્ગ ધરમૂળથી જુદા છે એ હકીકતનો સ્વીકાર હવે મારે કરવો જ રહ્યો. આજે મહાત્મા સાથે અસંમત થઈને ભારતમાં શાંતિથી રહેવું અસંભવ થઈ ગયું છે." (પૃ. ૪૮; સપ્ટેમ્બર ૧૯૨૫)

શૈલેશ પારેખે બંનેનાં વ્યક્તિત્વમાં રહેલી સમાનતા અને તે છતાં તેઓ એકબીજાથી કેવી રીતે અલગ પડે છે તેની તુલના ઠીક ઠીક પ્રસંગો અને સંદર્ભોથી કરી છે. વળી, તેઓએ રવીન્દ્રનાથ અને ગાંધીજી વચ્ચેના સંવાદો એ રીતે લખ્યા છે જાણે તેઓ પ્રત્યક્ષ હાજર રહ્યા હોય! તે પ્રમાણભૂત દસ્તાવેજોના આધારે સંતુલિત રીતે રજૂ કરેલો અભ્યાસ છે. આ શૈલી તેમના આ અભ્યાસલેખને વધુ આસ્વાદ્ય અને નાટ્યાત્મક બનાવે છે.

અહીં મહદ્‌અંશે રવીન્દ્રનાથના દૃષ્ટિકોણથી વાત થઈ છે, પરંતુ ગાંધીજીએ રવીન્દ્રનાથ વિશે કરેલાં વિધાનો પણ સસંદર્ભ ટાંક્યા હોત તો આ સંબંધને જોવાનો એક વધુ દૃષ્ટિકોણ સાંપડત. જોકે લેખકે શરૂઆતમાં જ કહ્યું છે તેમ ગાંધીજી અને ગુરુદેવ વચ્ચેના સંબંધનો અભ્યાસ જ્ઞાનની વિવિધ શાખાઓના તજ્જ્ઞો દ્વારા થવો જોઈએ તે ધ્યાનમાં લઈએ તો તેમ કરવાથી આ રહસ્યમય સંબંધને ખોલવાની વધુ એક ચાવી હાથ લાગે. દરમિયાન શૈલેષ પારેખે આપેલું તારણ બે મહાન વ્યક્તિત્વને અંજલીરૂપ છે. "જ્યારે વ્યક્તિ બાહ્ય વ્યક્તિત્વને અતિક્રમીને આંતરિક મનુષ્યને પામી શકે ત્યારે જ આવા રહસ્યમય સમસ્યા સમા સંબંધો શક્ય બને." (પૃ. ૫૫)

શૈલેશ પારેખે 'ગાંધીજી વિરુદ્ધ ગુરુદેવ' નામે એક નાટક પહેલાં અંગ્રેજીમાં અને પછી ગુજરાતીમાં લખ્યું છે તે પણ આ સંદર્ભે જોવા જેવું છે.

૩) **અંતિમ વસંત** : વૃદ્ધાવસ્થાના આરે પહોંચેલા રવીન્દ્રનાથ અને દક્ષિણ અમેરિકાના આર્જેન્ટિનામાં રહેતી યુવાન વિક્તોરિયા ઓકોમ્પો વચ્ચે વિકસેલો સંબંધ આ અભ્યાસલેખનો વિષય છે. બંને વચ્ચે પ્રત્યક્ષ સંપર્ક માત્ર બે માસ જેટલો ટૂંકા ગાળાનો જ રહ્યો, પરંતુ તે ટક્યો જીવનભર.

પ્રસ્તુત લેખમાં વિક્તોરિયા ઓકોમ્પો વિશે ઠીક ઠીક માહિતી છે. જેમાં શરૂઆતના જીવનથી લઈ તેના ઉછેર અને પતિ-પ્રેમી સાથેના વિસંવાદ વગેરે વિગતોનો સમાવેશ

થાય છે. નોંધપાત્ર વાત એ છે કે ઓકોમ્પો રવીન્દ્રનાથને મળ્યા પહેલાં જ 'ગીતાંજલિ' વાંચી ચૂક્યાં હતાં. તેઓ પોતાની આત્મકથામાં લખે છે. "મારા જીવનમાં પૂર્વનો પ્રવેશ એક દહનશામક મલમની જેમ થયો. મારું ચોવીસ વર્ષનું હૃદય એક ઇન્દ્રિયાતીત ઉત્કટ દુન્યવી પ્રેમના વિષયી આવેગમાં ફસાયું હતું. તેની તીવ્ર વેદના ઉપર 'ગીતાંજલિ' એક ઝાકળબિંદુની જેમ આવી પડી." (પૃ. ૭૬)

રવીન્દ્રનાથ માટેની ઓકોમ્પોની ઉત્કટ લાગણી તેમને મળ્યા પહેલાં જ હતી તેની નોંધ આ રીતે લીધી છે. રવીન્દ્રનાથ જ્યારે આર્જેન્ટિના પહોંચ્યા ત્યારે અનેક સ્ત્રી-પુરુષોએ તેમના વિશે લખેલાં કાવ્યો, સૉનેટ, લેખો વગેરે વર્તમાનપત્ર આદિમાં છપાયાં હતાં, જેમાંનો એક નિબંધ વિક્તોરિયાનો પણ હતો, જેનો અંત આ પ્રમાણે છે : "'ધ હોમ ઍન્ડ ધ વર્લ્ડ'(ઘરેબાહિરે)ની નાયિકા, બિમલા, રોજ સવારે ઊઠીને ચૂપચાપ તેના પતિની ચરણરજ લેતી હતી. તેને આ નમ્ર વિધિની આવશ્યકતા લાગતી હતી. તેમની પ્રજામાં આ ક્રિયા સાચા સન્માનનું પ્રતીક છે, બિમલાની ચેષ્ટાથી જ હું રવીન્દ્રનાથ ટાગોરને માટે મારા માનને વ્યક્ત કરી શકું અને તેમનું સ્વાગત કરી શકું." (પૃ. ૮૩-૮૪)

વિક્તોરિયા તેમને માટે સાન ઇસિદ્રોમાં રહેવા માટે 'મિલારિઓ' નામનો વિલા ભાડે રાખે છે. જેને માટે તે પોતાનો હીરાજડિત તાજ વેચી નાંખે છે. ભાષાના અવરોધના કારણે વિચારોની મુક્ત આપ-લે નથી થઈ શકતી, પરંતુ તેથી કરી સંવાદ થોડો અટકે? જોકે આ દિવસોમાં રવીન્દ્રનાથ 'પૂરબી'નાં કાવ્યો લખી રહ્યા છે અને જ્યારે તે સંગ્રહ પ્રકાશિત થાય છે ત્યારે વિક્તોરિયાને જ અર્પણ કરે છે.

વળી, વધુ એક વાર ૧૯૩૦માં પૅરિસમાં રવીન્દ્રનાથનાં ચિત્રોના પ્રદર્શનની વ્યવસ્થા વિક્તોરિયા કરે છે અને તેઓ ફરીથી મળે છે; અને આ તેઓનું છેલ્લી વાર મળવાનું બને છે.

કવિ આ પછી ઠીક ઠીક એવાં કાવ્યો સર્જે છે જેના કેન્દ્રમાં વિક્તોરિયા છે, તે ત્યાં સુધી કે વિક્તોરિયાએ પ્રેમથી આપેલી ખુરશી ઉપર પણ કવિ બે કાવ્ય રચે છે; તે પણ જીવનના અંતિમ થોડા મહિના પહેલાં! તેમની વચ્ચે નિયમિત રીતે પત્રવ્યવહાર ચાલતો હતો. એક પત્રમાં રવીન્દ્રનાથે તેઓ કેવું અનુભવે છે, આમ લખ્યું છે : "કેટલાક અનુભવો વર્તમાન જીવનના ખંડથી વિખૂટા પડેલા ખજાનાના ટાપુ જેવા હોય છે અને મારો આર્જેન્ટિનાનો અનુભવ તેના જેવો જ છે. તું જાણે છે કે તે ભૂરા આકાશવાળા દિવસો અને તારી પ્રેમાળ હૂંફની યાદો મારાં શ્રેષ્ઠ કહેવાય તેવાં કાવ્યોમાં વણાઈ ગઈ છે!" (પૃ.૧૦૩)

વિક્તોરિયાને લખેલો રવીન્દ્રનાથનો અંતિમ પત્રનો અંશ જુઓ. "મને પેલા નદીકિનારાના ઘરની યાદ ઘણી વાર આવે છે. મારું બેધ્યાનપણું કહો કે મૂર્ખામી કહો, તે સમયે, મને ધરાયેલો ઉપહાર હું સંપૂર્ણપણે સ્વીકારી ન શક્યો તેની દિલગીરી મને આજે પણ સતાવે છે. નિયતિની બક્ષિસ સમો સમય વીતી ગયો અને તે ફરી પાછો આવવાનો નથી." (પૃ. ૧૦૬-૭)

વસંત ઋતુમાં વૃક્ષો અઢળક ફૂલોથી લચી પડે છે; તેની રંગછટા જ અનોખી હોય છે. પ્રકૃતિ જાણે નવજીવન પામે છે. ગુરુદેવને મળેલો આ સ્નેહ તેમની સર્જકતાને એક

નવો આયામ બક્ષે છે તેની પ્રતીતિ લેખમાં ટાંકેલાં કેટલાંક કાવ્યોથી થાય છે. ઉપરાંત, પરિપક્વ સ્નેહ કેવો હોય તેની જાણ-સમજ પણ આ લેખ આપે છે.

૪) **નવજાતક :** રવીન્દ્રનાથનું એકમાત્ર સીધું અંગ્રેજીમાં લખાયેલું દીર્ઘકાવ્યઃ-

રવીન્દ્રનાથનું પ્રથમ અને એકમાત્ર અંગ્રેજી કાવ્ય "ધ ચાઇલ્ડ"નો ગુજરાતી અનુવાદ 'નવજાતક શિશુ'ના શીર્ષકથી અહીં સમાવેશ પામ્યું છે. દસ વિભાગમાં વહેંચાયેલું, અંદાજે ૨૦૦ પંક્તિઓનું આ દીર્ઘકાવ્ય 'ધ ચાઇલ્ડ'નો બંગાળીમાં 'શિશુતીર્થ' નામે અનુવાદ થયો છે. આ કાવ્યમાં સંસ્કૃતિના અસ્તિત્વ પૂર્વેના આદિયુગથી આરંભ કરી આવનાર ભાવિના સોનેરી સ્વપ્ન સુધીની માનવીની યાત્રાની વાત છે. પશુ અને માનવીય અવસ્થાના સંધિકાળથી સંસ્કૃત માનવી સુધીની યાત્રામાં પાશવી તત્ત્વોનું દિવ્ય પ્રતિ પ્રયાણ કેટલું દીર્ઘ અને અવરોધસભર છે તેનું કવિનું દર્શન અહીં પ્રસ્તુત છે.

આ કાવ્ય માટે રવીન્દ્ર સાહિત્યના અભ્યાસી અબુ સઈદ અય્યુબ કહે છે, 'અંગ્રેજી કાવ્ય ભલે પહેલાં લખાયું હોય અને બંગાળી તેનો અનુવાદ હોય, પણ મૂળ અંગ્રેજી કાવ્યમાં બંગાળીની ભવ્યતાનો ખ્યાલ આવતો નથી." (પૃ. ૧૨૨)

કાવ્યનો ગુજરાતી અનુવાદ સરસ થયો છે. (કોણે કર્યા?) વળી, સંસ્કૃતિપુરુષો ઈસુ, સૉક્રેટિસ અને ગાંધીજી જેવાં વ્યક્તિત્વોને કહેવાતો સમાજ અચૂક પીડા આપે છે તેની વાત પણ કાવ્યમાં અદ્ભુત રીતે વણી લેવામાં આવી છે. કવિની દૃષ્ટિ હંમેશાં શુભના કલ્યાણની રહી છે, જે અહીં પણ જોવા મળે છે. આ ઉપરાંત કાવ્યની આસપાસ વણાયેલી વિગતો પણ રસ પડે તેમ લખી છે.

૫) **સત્યની શોધમાં :** રવીન્દ્રનાથ અને આઇન્સ્ટાઇન (કવિ અને વૈજ્ઞાનિક) વચ્ચેનો સંવાદ :

૧૯૩૦માં જર્મનીમાં કવિની મુલાકાત પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇન સાથે થાય છે. (પહેલી મુલાકાત ૧૯૨૪માં થઈ ચૂકી છે.) તેઓએ શું ચર્ચા કરી તેની નાટ્યાત્મક પ્રસ્તુતિ આ લેખમાં છે. આ મુલાકાત દરમ્યાન થયેલા સંવાદમાં એવું તે શું છે કે લેખકે તેના વિશે વાત કરવી પડે? એક નોંધ જોઈએ.

"૯૬ વર્ષ પહેલાં થયેલો આ વાર્તાલાપ આજે પણ જગતના બૌદ્ધિકોમાં ચર્ચાય છે. કોઈ તેને પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના સંવાદ તરીકે જુએ છે તો કોઈ વળી તેને વૈજ્ઞાનિક ચર્ચાના સ્તરે મૂકે છે અને હજી બીજા તેને સત્યની પ્રકૃતિ અંગેની દાર્શનિક સમીક્ષા માને છે." (પૃ. ૧૫૪)

તેઓ વચ્ચે થયેલા સંવાદનો સાર શું?

"આઇન્સ્ટાઇન માને છે કે સૌંદર્ય માનવીથી સ્વતંત્ર હોઈ ન શકે, પણ સત્ય અને વાસ્તવિકતા માનવીના અસ્તિત્વથી સ્વતંત્ર જ છે. જ્યારે રવીન્દ્રનાથ માને છે કે સત્ય પણ માનવીથી સ્વતંત્ર નથી અને જો હોય પણ તો માનવીને તેની સાથે નિસબત નથી." (પૃ. ૧૫૫)

"આઇન્સ્ટાઇન માનતા હતા કે જગતમાં બધું જ કાર્યકારણના સિદ્ધાંત મુજબ થાય છે તેમાં આકસ્મિક ઘટનાને અવકાશ નથી. રવીન્દ્રનાથ માનતા કે આકસ્મિક ઘટના અને કાર્યકારણનો સિદ્ધાંત બંને મળીને એક વ્યવસ્થિત માળખું તૈયાર થાય છે." (પૃ. ૧૫૫)

અહીં મને ગાંધીજીને યાદ કરવાનું મન થાય. શું સૌ મહાન વિભૂતિઓનું ચિંતન સત્ય આસપાસ જ હોય છે? અથવા સત્યને પામવું એ જ જીવનનું પરમ ચરમ બિંદુ હશે શું?

૬) **રવીન્દ્રનાથનો અંતિમ જન્મદિવસ :** ૧૯૪૧માં રવીન્દ્રનાથને ૮૦ વર્ષ પૂરાં થતાં હતાં. રવીન્દ્રનાથ માનતા કે જીવન એક ઉત્સવ છે. તેથી અત્યંત કથળેલું સ્વાસ્થ્ય અને અસહ્ય શારીરિક વેદના હોવા છતાં તેમનો જન્મદિવસ ઊજવાયો. આ દિવસે તેમનો અંતિમ કાવ્યસંગ્રહ 'જન્મદિને' પ્રગટ થયો. કોને ખબર હતી કે એ અંતિમ જન્મદિવસ બની રહેશે?

જન્મદિનના સંદર્ભે લખાયેલા એક કાવ્યનો અંશ જોઈએ.

મારે તો ગાવું છે ગીત રાગ બસંતબહારમાં
પણ સામે આવે છે સ્વપ્ન આવી રહેલા વિચ્છેદનું.
મારા જવાના સમયે નિર્દય આનંદ
આ ઉત્સવની બંસરી બજાવશે,
વિચ્છેદની વેદનાને અવગણીને....
જ્યારે જન્મદિવસ અને મૃત્યુનો દિવસ
એકબીજાની સન્મુખ હોય છે,
તેમના મિલનમાં મને દેખાય છે ઉદયગિરિ અને અસ્તાચલ,
આ વિદાયના દિવસ સાથે નજર મેળવતા
ઝળહળતી ગરિમાનો અદ્‌ભુત અંત! (પૃ. ૧૬૩)

કવિએ પોતાના મૃત્યુને શું સાક્ષાત્ જોયું કે?

જોકે મારે તો કવિના આર્ષદર્શન તરફ ધ્યાન દોરવું છે. પશ્ચિમથી તેઓ કેવા નિર્ભ્રાંત અને નિરાશ થયા હતા તેની વાત તેમણે પોતાના જન્મદિને આપેલ વ્યાખ્યાનમાં કરી છે. તેમાંથી થોડોક અંશ જોઈએ. “અસભ્ય શાસનના પ્રતાપે ભારતવર્ષની સૌથી વધુ દુર્ગતિ જે થઈ છે તે એ નથી કે અહીં કેવળ અન્ન, વસ્ત્ર, શિક્ષણ અને આરોગ્યનો શોકપ્રદ અભાવ છે, પણ તે દુર્ગતિ તો ભારતવાસીઓમાં પડાવેલો અતિક્રૂર વિચ્છેદ છે... તદુપરાંત આ વિચ્છેદ માટે આપણા સમાજને જ જવાબદાર ગણવામાં આવે છે. આ દુર્ગતિને હિંદના રાજતંત્રમાં ઉપલા થરના કોઈ એક ગુપ્ત કેન્દ્રમાંથી મળતા ટેકાથી જો પોષણ ન મળતું હોત તો ભારતવર્ષના ઇતિહાસનું આવું મોટું અપમાનજનક પરિણામ કદી આવી શકત નહીં.” (પૃ. ૧૭૦) આખા વ્યાખ્યાનમાં આવા અનેક આર્ષદર્શન કરતા વિચારો જોવા મળે છે. ઐતિહાસિક તથ્યોને જાણનાર-સમજનાર કોઈ પણ વ્યક્તિ સમજી શકશે કે રવીન્દ્રનાથ કેટલું દૂરનું જોઈ શકતા હતા!

આમ, રવીન્દ્રનાથ વિશેનું આ અભ્યાસપૂર્ણ પુસ્તક તેમના વિશેની જાણી-અજાણી વાતો વાચક સમક્ષ રજૂ કરે છે.

■

‘ગ્રીક પુરાકથાકોશ’ વિશે

ડૉ. જયેશ રાષ્ટ્રકૂટ

[‘ગ્રીક પુરાકથાકોશ’, પ્ર.આવૃત્તિ ૨૦૨૩, વિક્રેતાઃ જ્ઞાનની બારી, અમદાવાદ,પૃષ્ઠ સંખ્યા ૬૪૮, મૂલ્યઃ ₹ ૧૫૦૦)

‘ગ્રીક પુરાકથાકોશ’ એ સંશોધક, કોશકાર ડૉ. કમલ નસીમના હિન્દી ભાષાના ગ્રંથનો શ્રી મહેન્દ્ર દક્ષિણીએ ગુજરાતી ભાષામાં કરેલો અનુવાદ છે. મૂળ ‘ગ્રીસ પુરાણ કથા-કોશ’ને દિલ્હી હિન્દી સાહિત્ય અકાદમીનો સન ૧૯૮૩-૮૪નો શ્રેષ્ઠ સાહિત્ય કૃતિનો પુરસ્કાર મળેલો.

પ્રસ્તુત પુસ્તકમાં પુરાકથાઓના સ્રોત ગ્રંથોની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. કેટલાક અનુવાદને દ્વિતીય કાશ્મીર્ષાનું સર્જન માને છે, પણ સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો અનુવાદ એ અનુસર્જન છે. અનુવાદ દ્વારા જ રશિયન ભાષાના ટૉલ્સ્ટૉય, દોસ્તોયેવ્સ્કી, ચૅખોવ, ગ્રીક ભાષાના હોમર ઍરિસ્ટોટલ, પ્લેટો, સોફોક્લિઝ, ઇસ્કીલસ, ફ્રેંચ ભાષાના આલ્બર્ટ કામૂ, બોદલેર, પ્રુસ્ત અને જર્મન ભાષાના, કાફકા, ઇટાલિયન દાંતે, લુઇજી પિરાંદેલો, ઇટાલો કાલ્વીનો, જાપાની ભાષાના ઓસામુ ઓસામુ દઝાઈ, યાસુનારી કાવાબાતા અને સંસ્કૃતના વેદ, ઉપનિષદ, શ્રીમદ્ ભગવતગીતા, કાલિદાસ આપણને પ્રાપ્ય બન્યા છે.

ગ્રીક પુરાકથાઓનો સાહિત્ય, કલા, સંગીત અને પાશ્ચાત્ય સંસ્કૃતિ પર વ્યાપક પ્રભાવ પડ્યો છે. એણે વિશ્વભરના સાહિત્યકારો, ફિલ્મકારો, શિલ્પકારો, ચિત્રકારો ને સંગીતકારોને પ્રભાવિત કર્યા છે.

ગુજરાતી ભાષામાં પ્રથમ ગ્રીક પુરાકથા વિશે આટલી વિગત અને ચીવટથી, અલબત્ત અનુવાદમાં માંડીને વાત કરવામાં આવી છે, મહેન્દ્ર દક્ષિણી જીવનના સાતમા દાયકામાં આ અનુવાદ આરંભે છે. એક દાયકાના શ્રમ બાદ આ અનુવાદ મળે છે. રમણ સોની આ પુસ્તકને ‘એક અનુવાદ-પ્રકલ્પનું ઊજળું પરિણામ’ (ગુજરાત મિત્ર) કહે છે જે ઉચિત જ છે.

પુસ્તકની પ્રસ્તાવનામાં ગ્રીક પુરાકથાઓ વિશે વિમર્શાત્મક નિરૂપણ કરવામાં આવ્યું છે. ‘સૃષ્ટિનું સર્જન’ લેખમાં ગ્રીસ અને રોમના નિવાસીઓએ સૃષ્ટિના સર્જનના સિદ્ધાંતની કલ્પના કરી એનું સુંદર વિવરણ કરવામાં આવ્યું છે.

પુસ્તકમાં ચાર વિભાગો છે : ૧. ‘ઓલિમ્પિયન દેવી-દેવતાઓ’માં ૧૭ અધિકરણો ૨. ‘ગ્રીસના વીર નાયકો’માં ૧૦ અધિકરણો ૩. ‘ગ્રીસની પ્રસિદ્ધ પ્રેમકથાઓ’માં ૧૨ અધિકરણો અને ૪. વિવિધ પ્રસિદ્ધ કથાઓ’માં ૨૦ અધિકરણો વિસ્તૃત રીતે રજૂ થયેલાં

છે. પુસ્તકમાં કથાને અનુરૂપ ચિત્રો આપવામાં આવેલાં છે. અંતમાં નામાનુક્રમણિકા આપી છે જે ઉપયોગી છે. 'ઓલિમ્પિયન દેવી-દેવતાઓ' વિભાગમાં ઝિયસ. પૉસાયડન, હેડીઝ, હેસ્ટીયા, હેરા, એફ્રૉડાયટી, અથિના, આર્ટેમિસ, એપોલો, એરીઝ, હેમીઝ, હેફાસ્ટસ, હિલિયસ, ડિમીટર, ડાયોનિસસ અને પેન – આ બધાં દેવી-દેવતાઓનાં જીવનની કથાઓ નિરૂપાઈ છે.

ગ્રીક દેવી-દેવતાઓ અલૌકિક શક્તિ ધરાવતાં હતાં. એઓ વજ્ર, ઈજિલ, ધનુષ-બાણ, કવચ, શિરસ્ત્રાણ જેવાં અસ્ત્ર-શસ્ત્રથી સજ્જ હતાં. એઓ મનુષ્યોને કઠોર દંડ આપી શકતાં હતાં, શાપ આપી શકતાં હતાં. 'ગ્રીક દેવતાઓ કેવળ આકૃતિમાં જ માનવીનું પ્રતિરૂપ નથી; એમને સુખ-દુઃખ, હર્ષશોક, કામક્રોધ આદિ આવેગોની અનુભૂતિ મનુષ્ય જેવી જ છે.' (મૂળ પ્રસ્તાવના પૃ. ૧૭)

ઝિયસ : એ ઓલિમ્પસનાં દેવી-દેવતાઓનો સમ્રાટ હતો. એ આકાશનો સ્વામી હતો. પ્રોમિથિયસે ઓલિમ્પસ પરથી અગ્નિની ચોરી કરેલી એ બદલ ઝિયસે પ્રોમિથિયસને કઠોરતમ દંડ આપ્યો હતો એ કથા અહીં નિરૂપાઈ છે. પેન્ડોરાની વિખ્યાત કથાનું પણ અહીં આલેખન છે. આ લેખમાં ઝિયસના પ્રેમ-સંબંધો વિશે વિસ્તૃત વિવરણ મળે છે. ઝિયસ પૃથ્વી પરની સુંદરીઓ પર મોહિત થઈને વિવિધ સ્વરૂપો ધારણ કરીને પૃથ્વી પર અવરોહણ કરે છે, એમનો ઉપભોગ કરે છે અને એનાથી એમનાં સંતાનો પણ જન્મે છે. ઇઓ, કેલિસ્ટો, યુરોપે, નિમાઝિની, લીડા, માયા, લીટો, મેટિસ, થેમિસ ડિમીટર વગેરે સાથેના ઝિયસના પ્રેમસંબંધોની કથાઓ આકર્ષક શૈલીમાં નિરૂપાઈ છે. ઝિયસનું ચરિત્ર અહીં ઉજાગર થાય છે.

પૉષાયડન : એ સમુદ્રદેવ હેડીઝઃ એ પાતાળલોકનો દેવ, હેસ્ટિયાઃ એ ઘરના અગ્નિકુંડની અધિષ્ઠાત્રી દેવી હતી. હેરાઃ એ ઝિયસની પતિવ્રતા પત્ની અને ઓલિમ્પસની સમ્રાજ્ઞી હતી. એ ક્રોધી, ઈર્ષાળુ, બદલાની ભાવના ને અપમાન ન સહી શકનાર સ્વભાવની હતી. ઝિયસના નિતનવા પ્રેમસંબંધોથી એ દુઃખી રહેતી. સમ્રાજ્ઞી હીરાના ચરિત્રનું એની ગરિમાને અનુરૂપ આલેખન કરવામાં આવ્યું છે. એફ્રૉડાયટીઃ એ પ્રેમ અને સૌંદર્યની દેવી હતી. ઝિયસે શિલ્પના વિકલાંગ દેવ હેફાસ્ટસ સાથે એના વિવાહ કરાવ્યા હતા. અથિનાઃ એ પ્રજ્ઞા અને યુદ્ધની દેવી હતી.

આર્ટેમિસ : એ શિકારની દેવી હતી. એપોલોએ નીઓબીના સાત પુત્રો અને સાત પુત્રીઓને બાણો વડે મારે નાખ્યાં એ કરુણ કથા આ લેખમાં કથાત્મક રીતે આલેખમાં આવી છે.

એપોલો : એ સંગીતનો દેવતા હતો. એણે સાત વરસની ઉંમરે સર્પાકાર રાક્ષસ પાયથનનો સંહાર કર્યો હતો. એપોલોના દેવીઓ અને પૃથ્વી પરની સુંદરીઓ સાથેના સંસર્ગની કથા અહીં મળે છે. એપોલોના ડાફને અને કઝાન્ડ્રા સાથેના નિષ્ફળ પ્રેમની રસપ્રદ કથાઓ અહીં મળે છે. હીલિયસઃ એ સૂર્યદેવતા હતો. પણ, પછીની લગભગ બધી કથાઓમાં એપોલો જ એ પદ માટે યોગ્ય માનવામાં આવ્યો. ડેલ્ફીમાં એપોલોનું એક ભવ્ય મંદિર હતું જે ભવિષ્યવાણી માટે પ્રસિદ્ધ હતું. હજારો લોકો ડેલ્ફીના પ્રશ્નસ્થળે પોતાની સમસ્યાઓનું સમાધાન કરાવવા આવતા. આ લેખમાં એપોલોના ચરિત્રનું કથાત્મક શૈલીમાં રસપ્રદ ને આકર્ષક નિરૂપણ છે.

એરીઝ : એ જ યુદ્ધનો દેવતા હતો. પણ એક સંઘર્ષમાં એલૂયિડ્સે એરીઝને સાંકળથી બાંધીને મોટા દેગડામાં બંધ કરી દીધો હતો. એરીઝ એમાં ૧૩ મહિના તરફડતો રહેલો..

હેમીઝ : ઝિયસે હેમીઝને પોતાનો દૂત નીમ્યો હતો. એણે નાની વયે એપોલોની ૫૦ ગાયો ચોરી હતી. ઝિયસના દરબારમાં એપોલો અને એની વચ્ચેના સંવાદો આકર્ષણ બન્યા છે.

હેફાસ્ટસ : એ અગ્નિનો દેવતા હતો. એ દેખાવે કદરૂપો હતો. એનાં લગ્ન પ્રેમ અને સૌંદર્યની દેવી એફ્રૉડાઈટી સાથે થયાં હતાં. એ ઉત્તમ શિલ્પી હતો જેનો કોઈ જોટો ન હતો. હેફાસ્ટસે મુખ્ય દેવી-દેવતાઓ માટે બાર સુવર્ણપ્રાસાદોનું નિર્માણ કરેલું. એણે જ સાઈક્લોપ્સની મદદથી ઝિયસના અમોઘ શસ્ત્ર વ્રજ અને એરૉસ(ક્યૂપિડ)નાં પ્રેમબાણો બનાવ્યાં હતાં.

હીલિયસ : એ સૂર્યનો દેવતા હતો. અહીં એના પુત્ર ફેથનની રસપ્રદ કથા છે. ફેથન સૂર્યપુત્ર હોવાનું પ્રમાણ આપવા હીલિયસને વિનંતી કરે છે. હીલિયસ ફેથનને ઇચ્છે એ માગવા વચન આપે છે. ફેથન એક દિવસ માટે એનો રથ માગે છે. હીલિયસે ફેથનને બહુ સમજાવ્યો પણ, એ કોઈ પણ રીતે માન્યો નહીં. આખરે હીલિયસ જરૂરી શિખામણ આપીને લગામ ફેથનના હાથમાં આપે છે. ફેથનનું ક્ષતવિક્ષત શરીર એરીડૉનસ નદીમાં પડ્યું. અહીં આ કથા મનમોહક ને રોમાંચક કથનશૈલીમાં નિરૂપવામાં આવી છે.

ડિમીટર : એ કૃષિની દેવી હતી. ડિમીટરની પુત્રી પર્સીફની અતિ સુંદર હતી. મૃત્યુલોકનો દેવતા હેડીઝ એના પર મોહિત થઈ ગયો અને પર્સીફનીનું અપહરણ કરીને પાતાળલોકમાં લઈ ગયો. હરિયાળી ધરતી સુકાઈ ગઈ. ડિમીટર એનો વિયોગ જીરવી શકે તેમ ન હતી. એણે ઘોષણા કરી : "હું ન તો ઓલિમ્પસ પર મારું સ્થાન ધારણ કરીશ કે ન તો પૃથ્વીને શાપમુક્ત કરીશ" છેવટે નક્કી થયું કે પર્સિફની વરસનો એક તૃતીયાંશ ભાગ પોતાના પતિ હેડીઝની સાથે ટારટોરસમાં સમ્રાજ્ઞી તરીકે વિતાવે અને બાકીનો સમય પોતાની માતાની સાથે પૃથ્વી પર રહે. અહીં ડિમીટરના જીવન વિશે તેમજ તેની પુત્રી પર્સીફના પ્રત્યેના વાત્સલ્યનું હૃદયસ્પર્શી નિરૂપણ થયું છે.

ડાયોનિસસ : એ વાઇન(મદિરા) દેવતા હતો. આ લેખમાં ડાયોનિસસની અદ્ભુત ઘટના દ્વારા એના જન્મની, મદિરાપાન કરીને મદમસ્ત બનીને એની સાથે ફરતી સ્ત્રી અનુયાયીઓ, જેને માઈનેડીસ અથવા લેનાઈ (અર્થાત્ પાગલ સ્ત્રીઓ) તથા બેકેન્ટીઝ કહેવામાં આવતી, એનું રોમાંચક વિવરણ અહીં મળે છે. ડાયોનિસસના પ્રેમસંબંધોની તથા એના વિશ્વભ્રમણની, દરિયાઈ ચાંચિયાઓ દ્વારા એના અપહરણની કથાઓ વિસ્તૃત રીતે નિરૂપાઈ છે.

ડાયોનિસસ : એનું નાટ્યગૃહ હતું. જેમાં નાટકો ભજવવામાં આવતાં હતાં. એ પર્વ પાંચ દિવસ સુધી ચાલતું. એ દિવસો દરમિયાન કોઈ પણ અપરાધીને બંદી બનાવવામાં આવતો ન હતો બલ્કે બંદીઓને ઉત્સવમાં ભાગ લેવા માટે પાંચ દિવસ માટે મુક્ત કરવામાં આવતા હતા. એવી માન્યતા હતી કે ઉત્સવ વખતે સ્વયં ડાયોનિસસ ઉપસ્થિત રહેતો હતો.

પેન : એ ગોપાળોનો દેવતા હતો. એના પગ બકરા જેવા અને માથા ઉપર શિંગડાં હતાં. જો કોઈ વટેમાર્ગુ એની ઊંઘમાં ખલેલ પહોંચાડતો તો એ એની ગુફામાંથી એવો

ભયંકર અવાજ કાઢતો કે લોકોને ધ્રાસકો પડી જતો. ગ્રીક દેવદેવીઓમાં માત્ર પેન જ એક એવો દેવ હતો જેના મૃત્યુ વિશે આપણને માહિતી મળે છે.

ગ્રીસના વીર નાયકો : આ વિભાગમાં પરસિયસ, બેલરફેન, થીસિયસ, એગનૉટ્સનો નાયક જેસન, હેરાક્લીઝ, ટ્રોજન યુદ્ધની પૃષ્ઠભૂમિ, ટ્રૉયનું યુદ્ધ, ટ્રૉયનું પતન, ઓડિસિયસનું પુનરાગમન અને ઓડિસિયસ ઇથાકામાં શીર્ષકથી દસ અધિકરણ કરેલાં છે.

પરસિયસ : અહીં પરસિયસના જન્મ સંબંધી રસપ્રદ કથા નિરૂપાઈ છે. એક દિવસ આરગોસના રાજા એક્રીસિયસે એપોલોના ડેલ્ફીના પ્રશ્નસ્થળે પોતાનું ભવિષ્ય જાણવા પ્રશ્ન પૂછ્યો. પૂજારણે દેવતા દ્વારા પ્રેરિત ભવિષ્યવાણી કરી કે, "રાજા એક્રીસિયસ, તારા ભાગ્યમાં પુત્રના પિતા થવાનું નથી લખ્યું. પણ એટલું નિશ્ચિત છે, તારી પુત્રીની કૂખે એક પુત્ર જન્મશે ને એના હાથે તારું મૃત્યુ થશે." રાજાએ પોતાની પુત્રી ડેનીને આજીવન અવિવાહિત રાખવાનો નિશ્ચય કર્યો. એણે ઉપવનના એક ભાગમાં ઊંચો મિનારો બનાવડાવ્યો. એની છતમાં માત્ર એક જાળિયું હતું. પોતાની પુત્રી ડેનીને ઓરડામાં પૂરીને એણે મિનારાનાં બારણાં પર તાળું મારી દીધું. એક સવારે ડેનીના ઓરડામાં આકાશમાંથી સુવર્ણરજ વરસી રહી હોય એવા સૂરજનાં કિરણો પ્રવેશ્યાં. ડેનીએ શય્યા પાસે દેવસમ્રાટ ઝિયસ ઊભેલો જોયો. એણે કહ્યું : ..."તારા નિર્દોષ સૌંદર્ય અને કમનીયતાએ મારું મન મોહી લીધું છે. આજે હું તને એક એવી ભેટ આપું છું જે આ અભેદ્ય દીવાનોને તોડીને તને મુક્ત કરાવશે." અને પછી એ અદૃશ્ય થઈ ગયો. થોડા સમય પછી ડેનીએ ઝિયસના પુત્રને જન્મ આપ્યો. એક્રિસિયસને આશ્ચર્ય થયું. પછી એણે ક્રોધે ભરાઈને આદેશ આપ્યો. સૈનિકોએ ડેનીને એના બાળક સાથે એક લાકડાની પેટીમાં બંધ કરીને સમુદ્રમાં છોડી દીધો. આ પેટી સેરિફોસ નામના એક માછીમારને મળી. એણે ડેની અને એના પુત્રને પોતાના ભાઈ પૉલીડિક્ટીઝને સોંપી દીધાં. એક રમતમાં પરસિયસે ફેંકેલું ચક્ર અકસ્માતે એક્રીસિયસના માથામાં લાગતાં એનું મૃત્યુ થયું. વીસ વર્ષ પહેલાં ડેલ્ફીના પ્રશ્નસ્થળે એક્રીસિયસનું મૃત્યુ એના દોહિત્રના હાથે થશે એ ભવિષ્યવાણી અહીં સાચી પડે છે.

બેલરફેન : એ કૉરિન્થ છોડીને આરગોસના રાજા પ્રોટસનું શરણ લીધું હતું. પ્રોટસની રાણી એન્ટિયાએ બેલરફેન સાથે પ્રણયની માગણી કરી. બેલરફેને એન્ટિયાની ઉપેક્ષા કરતાં ક્રોધે ભરાઈ એણે પ્રોટસ સમક્ષ બેલરફેન પર દુશ્ચચરિત્રતાનો આરોપ મૂક્યો. પ્રોટસે બેલરફેનને એન્ટિયાના પિતા અને લિશિયાના રાજા આયોબેટ્સને બંધ પરબીડિયામાં એક પત્ર પહોંચાડવાનું કામ સોંપ્યું. એમાં લખ્યું હતું : "આ કાગળ લઈ આવનારનો તાત્કાલિક વધ કરજો" આયોબેટ્સ આ પાપ પોતાના હાથે કરવા માગતો ન હતો. બેલરફેને દેવી અથિનાની સહાયથી પેગારસ નામના ઘોડાને વશ કર્યો અને કેમેરેને શોધીને એનો વધ કર્યો. આયોબેટ્સના કહેવાથી બેલરફેને લીશિયાને રંજાડતા ડાકુઓનો અને ખૂંખાર સ્ત્રી-સૈનિકો અમેજન્સનો ખાત્મો બોલાવીને વિજય મેળવ્યો. આ લેખમાં બેલરફેનનાં શૌર્ય અને એના કરુણ અંતની રોમાંચક કથા છે.

થીસિયસ : થીસિયસ સાહસિક ને શક્તિશાળી હતો. થીસિયસ પોતાના પિતા એગિયસને મળવા ઍથેન્સ જવા જોખમી પ્રવાસ કરે છે થીસિયસ ઍથેન્સના રાજા અને પોતાના પિતા એગિયસ પાસે પહોંચ્યો. એગિયસે માયાવિની મીડિયા સાથે વિવાહ કરેલા. એમને મેડસ નામનો એક પુત્ર પણ થયેલો. થીસિયસ જ્યેષ્ઠ હોવાથી સિંહાસનનો અધિકારી

હતો. એથી મીડિયાએ એક ભોજન સમારંભમાં મદીરાના પાત્રમાં ઝેર ભેળવીને થીસિયસને મારી નાખવા પ્રયાસ કર્યો, મેડિયા અમૂલ્ય આભૂષણો અને રત્નો લઈને સર્પો દ્વારા ચાલતા રથમાં પોતાના પુત્રને સાથે લઈને આકાશમાં ઊડી ગઈ. એક વાર માયનૉસે ઍથેન્સ પર આક્રમણ કર્યું હતું જેમાં ઍથેન્સનો પરાજય થયો હતો. દર નવ વર્ષે સાત સુંદર યુવતીઓ અને સાત કુલીન વંશના યુવકોને ક્રીટ મોકલવાની શરતે માયનૉસ પાછો હઠ્યો હતો. માયનૉસ આ યુવક-યુવતીઓને જટિલ ભુલભુલામણીમાં નાખી દેતો. માયનોસની પુત્રી અરિયાડની થીસિયસ પર મોહી પડે છે ને એને ચક્રવ્યૂહમાંથી બહાર નીકળવાની યુક્તિ બતાવે છે. થીસિયસ એ ભયંકર વૃષાસુરને હણીને ચક્રવ્યૂહમાંથી બહાર નીકળી આવે છે. એ બધાં યુવકયુવતીઓને જીવતાં લઈને પાછો ફરે છે. થીસિયસનાં શોર્ય, સાહસિકતા અને ઉદારતાની કથા છે.

એગનોટ્સનો નાયક જેસન : જેસનના પિતા એસનનું રાજ્ય એના ઓરમાનભાઈ પીલિયસે છીનવી લીધેલું. જેસન પીલિયસ પાસેથી ઇઑલકસ રાજ્ય મેળવવા નીકળી પડે છે. પીલિયસ કૉલકિસના રાજા પાસેથી સોનાની પશમ લઈ આવવાનું કહે છે. જેસન એ બીડું ઝડપી લે છે. જેસન ગ્રીસના શ્રેષ્ઠ ૫૦ પરાક્રમી યોદ્ધાઓ સાથે પચાસ હલેસાંવાળા આગુ નામના વહાણમાં સમુદ્રનો લાંબો જોખમી પ્રવાસ કરે છે. અનેક મુશ્કેલીઓનો સામનો કરીને એ કૉલકિસ પહોંચે છે, એ એના રાજા ઇટીઝ પાસે સોનાની પશમ આપવા માટે માગણી કરે છે. એ સોનાની પશમ રાષ્ટ્રના ગૌરવનું પ્રતીક હતું. ઇટીઝ જેસનને એના શૌર્યની પરીક્ષા આપવાનું કહે છે : "...તારે નસકોરાંમાંથી અગ્નિજ્વાળા કાઢતા બે સાંઢોને હળમાં જોતરીને એરીઝની ભૂમિને ખેડવી પડશે. જમીન ખેડાઈ ગયા પછી અમે તને રાક્ષસના દાંત આપશું. એ બધા દાંત તું જમીનમાં વાવી દેજે. એમાંથી તરત જ યોદ્ધાઓની એક ટુકડી જન્મ લેશે. જો તું બધા યોદ્ધાઓ પર વિજય પ્રાપ્ત કરીશ તો સોનાની પશમ પર તારો અધિકાર થશે" મેડિયાએ પોતાના બન્ને પુત્રોની છાતીમાં કટાર ખોસીને એમની હત્યા કરી નાખી અને પછી એ ઊડતા સર્પો જોતરેલા રથમાં બેસીને અદૃશ્ય થઈ ગઈ. અહીં પશમ મેળવવા એગનોટ્સનાં પરાક્રમોની સુંદર કથા છે. જેસન અને મીડિયાના પ્રેમની અને એના કરુણ અંતની હૃદયસ્પર્શી કથા નાટ્યાત્મક રીતે નિરૂપાઈ છે.

હેરાક્લીઝ : હેરાક્લીઝ(હર્ક્યુલિસ) પ્રાચીન ગ્રીસમાં શ્રેષ્ઠતમ વીર યોદ્ધો હતો. એણે પાગલપણાની અવસ્થામાં પોતાનાં સંતાનો અને પત્નીને મારી નાખ્યાં હતાં. એ પાપમાંથી શુદ્ધીકરણના ઉપાય માટે એ ડેલ્ફીના પ્રશ્નસ્થળે ગયો. ત્યાં દેવની ઉપાસિકાએ દંડવિધાન ઘોષિત કર્યું કે, તારે બાર વરસ સુધી યુરિસ્થિયસની ગુલામી કરવાની છે. એની પ્રત્યેક આજ્ઞાનું પાલન કરવાથી અને દુસાધ્ય કાર્ય કર્યા પછી તને દેવત્વ પ્રાપ્ત થશે. યુરિસ્થિયસે હેરાક્લીઝને બાર ભયાનક જોખમી કામ પૂરાં કરવાનો આદેશ આપ્યો હતો. હેરાક્લીઝ પોતાના ચાતુર્ય, શૌર્ય અને શક્તિ દ્વારા એ બાર કામો સફળતાપૂર્વક પૂરાં કર્યાં. હીરાક્લીઝના આ બાર શ્રમોના પરાક્રમોની કથા પ્રસિદ્ધ છે. આ લેખમાં એના સાહસની રોમાંચક કથાઓનું નિરૂપણ થયું છે.

ટ્રોજન યુદ્ધની પૃષ્ઠભૂમિ : આ લેખમાં ટ્રૉય નગરની સ્થાપનાનું વિવરણ મળે છે. હેરાક્લીઝ ટ્રૉય પર આક્રમણ કરી રાજા લાઓમેડનનો વધ કરે છે, ભવિષ્યવેત્તા ઇસેકસે

ભાખ્યું કે, હેકેબીની કૂખે જન્મ લેનાર બાળક ટ્રૉયના વિનાશનું કારણ બનશે. એથી પ્રાયમે હેકેબી જન્મ આપનાર બાળકને મરવા માટે એડા પર્વત પર છોડી દીધું. આ બાળક આગળ જતાં પેરિસના નામથી ઓળખાયું. ઈજેલસના ગોવાળેપે પેરિસનું પાલનપોષણ કર્યું. પેરિસને અદ્વિતીય પ્રતિભા સાહસ તેમજ શૌર્યથી પ્રભાવિત એના સાથીઓ એને એલેક્ઝાન્ડર અર્થાત્ માનવીનો સહાયક કહીને બોલાવવા લાગ્યા. ટ્રૉયના દૂતો હીસિયાનીને પાછી સોંપી દેવા વિષ્ટિ કરવા ગ્રીસ જાય છે. ગ્રીસ પ્રસ્તાવ નકારી કાઢે છે અને એ દૂતો અપમાનિત થઈને પાછા ફરે છે. કેટલાક લેખકો આ ઘટનાને ટ્રૉયના યુદ્ધનું કારણ કહે છે. ભવિષ્યવેત્તાઓએ પ્રાયેમને સમજાવ્યો કે, “તું પેરિસની હત્યા કરાવી નાંખ, નહીંતર ટ્રૉયનો વિનાશ થઈ જશે.” પુત્રપ્રેમમાં અંધ પ્રાયેમે ઘોષણા કરી : “ભલે ટ્રૉયનો વિનાશ થઈ જાય, પણ હવે હું પેરિસને મારાથી અલગ કરીશ નહીં.”

હીસિયાનીને ટ્રૉયમાં પાછી લઈ આવવા માટે પેરિસ અનેક સૈનિકો સાથે વહાણ પર ગ્રીસ ગયો. પેરિસ પ્રથમ દૃષ્ટિએ જ સુંદરી હેલેન પર મોહી પડ્યો. એક રાતે પેરિસ હેલેનને સાથે લઈ ટ્રૉય ભણી ચાલી નીકળ્યો. હેલેન ટ્રોજનની પ્રતિષ્ઠાનું પ્રતીક બની ગઈ, આ રીતે ટ્રોજનના યુદ્ધની પૃષ્ઠભૂમિ તૈયાર થઈ. આ લેખમાં દસ વરસ સુધી ચાલેલા ટ્રોયના યુદ્ધનું રામાંચક વિસ્તૃત વિવરણ કરવામાં આવ્યું છે. મેનેલિયસને હેલનના અપહરણની ખબર મળતાં એ પોતાના ભાઈ એગમેમ્નન પાસે ગયો. એગમેમ્નન ગ્રીસનો શક્તિશાળી રાજા હતો. એણે હેલનને પાછી લઈ આવવા માટે સેના એકથી કરી. ગ્રીક પાસે હેક્ટરનો સમોવડિયો કોઈ ન હતો. એક સ્ત્રી માટે રિસાયેલા એકિલીઝને યુદ્ધમાં ભાગ લેવા સમજાવા માટે અનેક ઉપહારો સાથે ઓડિસિયસ અને બીજા ગયા. એને અનેક રીતે સમજાવ્યો, પણ એ એકનો બે ન થયો, ગ્રીકનો વિનાશ જોઈને એકિલીઝના મિત્ર પેટ્રૉક્લસથી સહેવાયું નહીં. એ એકિલીઝની રજા લઈને ટ્રૉયની સેના પર તૂટી પડ્યો. ટ્રોજન સૈનિકો નગર તરફ નાસવા માંડ્યા. પેટ્રૉક્લસે એનો પીછો કર્યો. અહીં એની લડાઈ હેકટર સાથે થઈ. હેકટરના ભાલાના પ્રહારથી એ ભોંય પર પડી ગયો. એકિલીઝને પેટ્રૉક્લસની હત્યાના સમાચાર મળ્યા તો પાગલ જેવો થઈ ગયો. એની માતા થેટિસે એને આશ્વાસન આપ્યું અને બદલો લેવા એના માટે હેફાસ્ટસ પાસેથી કવચ, શિરસ્ત્રાણ જેમ જ અન્ય અભેદ્ય અસ્ત્રો લઈ આવી. એકિલીઝે ટ્રૉયના મહાન યોદ્ધા હેક્ટરનો વધ કર્યો. એકિલીઝે હેક્ટરના પગોમાં છેદ કરી એમાં ચામડાની દોરી બાંધીને એને પોતાના રથ સાથે બાંધીને હેક્ટરના શબને ટ્રૉયની દીવાલોની ચોમેર ફેરવ્યો. એ ક્રૂરતાનું કરુણ વિવરણ અહીં નિરૂપવામાં આવેલ છે. પેરિસે એકિલીઝની પાનીમાં બાણ માર્યું જે એના શરીરનું અભેદ્ય અંગ હતું અને એકિલીઝ મરણ પામ્યો. યુદ્ધમાં અનેક યોદ્ધાઓ હણાયા, પણ કશું પરિણામ ન આવ્યું. આખરે ઓડિસિયસે વિશાળ કદનો લાકડાનો ઘોડો બનાવ્યો. ગ્રીકના યોદ્ધાઓ એમાં સંતાઈને બેઠા. પ્રાયેમને બીજા લોકોના મતમતાંતર પછી આ ઘોડાનો ટ્રૉયમાં પ્રવેશ થયો. રાત્રે લાકડાના ઘોડામાંથી શસ્ત્રોથી સજ્જ યોદ્ધાઓ બહાર નીકળ્યા. ટ્રૉયને આગ લગાડવામાં આવી. ટ્રૉયના અનેક યોદ્ધાઓ અને સૈનિકોનો ખાતમો બોલાવી દેવામાં આવ્યો નૃશંસ નરસંહાર થયો. દસ વરસ સુધી ચાલેલા ટ્રૉયના યુદ્ધનો કરુણ અંત આવ્યો. મેનેલિયસ હેલેનને સાથે લઈને પાછો સ્પાર્ટા ફર્યો. આ કથા પરથી હોમરે ‘ઇલિયડ’ નામનું અદ્ભુત મહાકાવ્ય રચ્યું છે.

ઓડિસિયસનું પુનરાગમન : ઓડિસિયસ દસ વરસ ટ્રૉયના યુદ્ધમાં અને દસ વરસ મુશ્કેલીઓનો સામનો કરીને સમુદ્ર ખેડીને વીસ વરસ પછી પોતાના રાજ્ય ઇથાકામાં પાછો પહોંચે છે. બુદ્ધિશાળી અને શૂરવીર ઓડિસિયસની પ્રસિદ્ધ યાત્રાનું હૃદયસ્પર્શી નિરૂપણ કરવામાં આવેલ છે. આના પરથી હોમરે 'ઓડિસ્યુસ' નામનું બીજું મહાકાવ્ય રચ્યું છે.

ગ્રીસની પ્રસિદ્ધ પ્રેમકથાઓ : આ વિભાગમાં ગ્રીસની વિખ્યાત બાર પ્રેમકથાઓ નિરૂપવામાં આવી છે. 'ક્યૂપિડ અને સાઇકે'ની પ્રેમકથામાં સાઇકે અનેક યાતનાઓ વેઠ્યા પછી ક્યૂપિડને પામે છે, 'ઇકો-નારસિસસ' વિખ્યાત દુ:ખાંત કથા છે. 'હેરો-લિઆન્ડર'માં લિઆન્ડર પોતાની પ્રેયસી હેરોને મળવા રોજ તરીને એક માઈલ લાંબા હેલિસપૉન્ટ સમુદ્ર ખેડે છે, પણ એક દિવસ એ ડૂબી જવાથી મૃત્યુ પામે છે એ જોઈને હેરો પણ સમુદ્રમાં કૂદી પડીને પોતાના પ્રાણ ત્યાગી દે છે. 'એડસ અને મારપેસા' કથામાં એડસ કઠિન રથયાત્રામાં વિજય બનીને મારપેસાને પ્રાપ્ત કરે છે. એપોલો દેવ મારપેસાનું અપહરણ કરવા પ્રયત્ન કરે છે. પણ ઝિયસના આદેશથી વિકલ્પ આપતાં મારપેસા દેવ એપોલોનો અસ્વીકાર કરીને માનવીને પોતાના પતિ તરીકે પસંદ કરે છે. 'પિગ્મેલિયન-ગેલેશિયા'માં શિલ્પકારની પ્રાર્થનાના પરિણામ સ્વરૂપે જેને એ પોતાની પ્રેયસી માનવા લાગેલો એ પ્રતિમા એફ્રૉડાયટીની કૃપાથી જીવંત બને છે એની રસપ્રદ કથા છે. જેના પરથી જ્યોર્જ બર્નાર્ડ શૉ 'પિગ્મેલિયન' નામનું નાટક લખ્યું, જેના છેડા મધુ રાયના રૂપાંતરણ 'સંતુ રંગીલી' સુધી લંબાયેલા છે. 'પિરેમસ અને થિઝબી'ની પ્રેમકથામાં બન્ને સંકેત સ્થળે મળવાનું નક્કી કરે છે જ્યાં ગેરસમજથી થિઝબી એક સિંહણનું મારણ બન્યાનું સમજીને પિરેમસ તલવાર પોતાની છાતીમાં ભોંકીને આત્મહત્યા કરે છે. એ જોઈને થિઝબી પણ એ જ તલવાર પોતાની છાતીમાં ભોંકી દે છે. 'ઇઑસ અને ટિથોનસ' એ પણ કરુણાંત પ્રેમકથા છે. 'મેલિયગર-એટલાન્ટે'ની કથામાં મેલિયગર કેલિડોનિયામાં આતંક ફેલાવેલા ભયંકર વરાહને મારવા અનેક વીરોને સાથે લઈને નીકળી પડે છે. એટલાન્ટે અને મેલિયગરના ભાલાના પ્રહારથી વરાહ મરણ પામે છે. મેલિયગર એનું ચામડું ઉતારીને એટલાન્ટાને ભેટ આપે છે. અન્ય શિકારીઓ એ વાતનો વિરોધ કરે છે અને વિવાદ ઉગ્ર થતાં મેલિયગર પોતાના બે મામાની હત્યા કરી નાખે છે. 'સેફેલસ-પ્રૉક્રિસ' પ્રેમકથામાં બન્ને મરણ પામે છે એની કરુણાન્ત કથા છે. 'ઑરફિયસ-યૂરિડિસી' એ વિખ્યાત પ્રેમકથામાં મહાન સંગીતકાર ઑરફિયસ પોતાની મૃત પત્ની યૂરિડિસીને પાછી મેળવવા મૃત્યુલોક, ટારટૉરસનો પ્રવાસ કરે છે. એ પોતાના સંગીત દ્વારા પાતાળલોકના દેવ હેડીઝને રીઝવીને પોતાની પત્ની પાછી લઈ આવે છે. પણ, એ પૃથ્વી સાવ નજીક હોય છે ત્યારે પાછળ ફરીને પોતાની પત્નીને જુએ છે જે શરતનો ભંગ હતો. અને યુરિડિસી પાતાળલોકમાં અદશ્ય થઈ જાય છે. ઑરફિયસના પ્રેમની કરુણકથા છે. રોમાંચક પ્રેમકથાઓ સુંદર કથનશૈલીથી નિરૂપવામાં આવી છે. વિવિધ પ્રસિદ્ધ કથાઓઃ આ વિભાગમાં પીલોપ્સ, એગમેમ્નન અને ક્લાઇટિમ્નેસ્ટ્રા, સિસિફસ, ઇડિપસ, એપિગનીનો બદલો, ડીડેલસ, ડેનાયડ્સ, રાજા મિડાસ વગેરે વીસ વિશ્વપ્રસિદ્ધ કથાઓ વિસ્તૃત રીતે નિરૂપાઈ છે.

મૂળ લેખિકા કમલ નસીમ લેખને અંતે એ કથા ક્યાંથી લીધી છે, એના વિશે વાત ક્યાંક ક્યાંક કરી છે, કોશમાં કોઈ એક સંદર્ભ પુસ્તકનું નામ આપ્યું નથી. વાચકને જિજ્ઞાસા રહે કે મૂળ ક્યા ગ્રંથોનો સહારો લઈને કોશની રચના થઈ છે. પ્રસ્તુત પુસ્તકમાં

અનેક ગ્રીક પુરાકથાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ મહેન્દ્ર દક્ષિણીનું મૌલિક પ્રદાન છે. અહીં પુરાકથાઓમાં જે ભવિષ્યવાણીઓ થાય છે એ સંપૂર્ણ સાચી પડે છે. મનુષ્યો દેવી–દેવતાઓના શાપનો ભોગ બને છે. બધાં જ પાત્રો જે કંઈ દુઃખ અને યાતનાઓ ભોગવે છે એ તેમની નિયતિને કારણે જ. એમાંથી બચવા એવો તનતોડ પ્રયત્નો કરે છે પણ એમાંથી કોઈ બચી શકતું નથી.

પુસ્તકમાં અનુક્રમણિકા તથા અનુવાદકની પુત્રી ડૉ. અનિશા દક્ષિણીએ ગ્રીસ, ઍથેન્સ તથા ફ્લોરેન્સ ઇટાલીમાં પ્રવાસ કરીને પોતે લીધેલા તથા મ્યુઝિયમો, આર્ટ ગૅલરીઓમાંથી પ્રાપ્ત કરેલા શિલ્પકારો, ચિત્રકારોના ફોટાગ્રાફસના નિર્દેશો – 'સૌજન્ય સ્વીકાર'ના પરિશિષ્ટમાં આપવામાં આવ્યા છે.

અનુવાદક મૂળ પુસ્તકના આત્માને કે આશયને ક્યાંય પણ ક્ષતિ પહોંચાડ્યા વગર સ્રોત ભાષાને બરાબર વફાદાર રહ્યા છે અને આપણને સુવાચ્ય અનુવાદ પ્રાપ્ત થાય છે. મહેન્દ્ર દક્ષિણીએ વિખ્યાત અને મહત્ત્વપૂર્ણ સંપૂર્ણ ગ્રીક પુરાકથાઓનો અદ્વિતીય બૃહત ગ્રંથ ગુજરાતીમાં ઉપલબ્ધ કરી આપ્યો છે. ગ્રીક પુરાકથાઓમાં રુચિ ધરાવતા ભાવકો ઉપરાંત અભ્યાસીઓ અને સંશોધકો માટે ઉપયોગી બનશે અને પુરાકથાઓના તુલનાત્મક અભ્યાસ માટે માર્ગદર્શક પણ બનશે.

■

મારે કહેવું જોઈએ કે હું મારી સ્ત્રી પરત્વે વિષયાસક્ત હતો. નિશાળમાંયે તેના વિચાર આવે, રાત્રી ક્યારે પડે અને ક્યારે અમે મળીએ એ વિચાર રહ્યા જ કરે. વિયોગ અસહ્ય હતો. મારી કેટલીક કાલીઘેલી વાતોથી હું કસ્તુરબાઈને જગાડ્યા જ કરું. આ આસક્તિની જ સાથે જો મારામાં કર્તવ્યપરાયણતા ન હોત તો રોગથી પીડાઈ મૃત્યુને વશ થયો હોત, અથવા આ જગતમાં વૃથા જીવી રહ્યો હોત, એમ મને ભાસે છે. સવાર થાય એટલે નિત્યકર્મો તો કરવાં જ જોઈએ, કોઈને છેતરી ન જ શકાય, આવા મારા વિચારોથી હું ઘણાં સંકટોમાંથી બચ્યો.

હું જણાવી ગયો કે કસ્તૂરબાઈ નિરક્ષર હતી. તેને ભણાવવાની મને ઘણી હોંશ હતી. પણ મારી વિષયવાંછના મને ભણાવવા ક્યાંથી દે ? એક તો મારે પરાણે ભણાવવું રહ્યું. તે પણ રાત્રે એકાંતે જ થઈ શકે. વડીલોને દેખતાં તો સ્ત્રીના ભણી જોવાય જ નહીં. વાત તો થાય જ શાની ? કાઠિયાવાડમાં લાજ કાઢવાનો નકામો અને જંગલી રિવાજ ત્યારે હતો; આજ પણ ઘણે ભાગે મોજૂદ છે. એટલે ભણાવવાના સંજોગો પણ મારે સારુ પ્રતિકૂળ. તેથી જુવાનીમાં મેં ભણાવવાના જેટલા પ્રયત્નો કર્યા તે બધા લગભગ નિષ્ફળ ગયા એમ મારે કબૂલ કરવું જોઈએ. જયારે હું વિષયની ઊંઘમાંથી જાગ્યો ત્યારે તો હું જાહેર જીવનમાં ઝંપલાવી ચૂકયો હતો, એટલે બહુ વખત આપી શકું એવી મારી સ્થિતિ નહોતી રહી. શિક્ષક મારફતે ભણાવવાના મારા પ્રયત્નો પણ નિષ્ફળ ગયા. પરિણામે આજે કસ્તૂરબાઈની સ્થિતિ માંડ કાગળ લખી શકે ને સામાન્ય ગુજરાતી સમજી શકે એવી છે. જો મારો પ્રેમ વિષયથી દૂષિત ન હોત તો આજે તે વિદૂષી સ્ત્રી હોત એવી મારી માન્યતા છે. તેના ભણવાના આળસને હું જીતી શકત. શુદ્ધ પ્રેમને કંઈ જ અશક્ય નથી એમ હું જાણું છું.

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

દિગ્દર્શન અને સંગીતનું સાયુજ્ય એટલે 'ભારત એક ખોજ'નું સંગીત

બીરેન કોઠારી

ફિલ્મદિગ્દર્શક શ્યામ બેનેગલ ૨૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે અવસાન પામ્યા. હયાતીમાં તેમજ વિદાય પછી પણ તેમની ફિલ્મો વિશે ઘણું લખાયું છે, અને હજી લખાતું રહેશે. ફિલ્મકથનની તેમણે અપનાવેલી શૈલી સાવ નોખી હતી. ફિલ્મ હોય, દસ્તાવેજી ચિત્ર હોય કે ટી.વી. ધારાવાહિક, પોતાની આગવી કથનશૈલીને કારણે તેની પર શ્યામ બેનેગલની આગવી મુદ્રા રહેતી. ફિલ્મ કે ટી.વી. ધારાવાહિકમાં સંગીતનો પક્ષ અતિ મહત્ત્વનો હોય છે. એમાંય ગીતો ભારતીય ફિલ્મોનું અનિવાર્ય અંગ કહી શકાય, પણ કોણ જાણે કેમ, સમાંતર ગણાતી ફિલ્મોમાં તેની પર ખાસ ધ્યાન ન અપાયું. આમ છતાં, શ્યામ બેનેગલ દિગ્દર્શિત અદ્‌ભુત ટી.વી. ધારાવાહિક 'ભારત એક ખોજ' તેમની તમામ કૃતિઓમાં આગવી ભાત પાડનારી બની રહી. જવાહરલાલ નહેરુએ લખેલા પુસ્તક 'ડિસ્કવરી ઑફ ઇન્ડિયા' પર આધારિત આ ધારાવાહિક કુલ ૫૩ હપતાઓમાં દૂરદર્શન પરથી પ્રસારિત થયેલી. જવાહરલાલ નહેરુના જન્મશતાબ્દી વર્ષ ૧૯૮૯માં દૂરદર્શન દ્વારા તેનું નિર્માણ કરવામાં આવેલું. આ શ્રેણીમાં પાંચેક હજાર વર્ષનો ભારતવર્ષનો ઇતિહાસ આવરી લેવાયો હતો. સંપૂર્ણ ઇતિહાસ નહીં, પણ તેનાં મહત્ત્વનાં પાસાં.

આ ટી.વી. ધારાવાહિકની કથા મૂળ તો શમા ઝૈદી, સુનિલ શાનબાગ અને સંદીપ પેંડસેએ લખેલી, જેનું હિન્દી રૂપાંતર વસંત દેવ અને અશોક મિશ્રાએ કરેલું. લેખનમાં શ્યામ બેનેગલની ભૂમિકા પણ મહત્ત્વની હતી. વિવિધ ઇતિહાસકારો દ્વારા આ કથાની અધિકૃતતાની ચકાસણી કરવામાં આવેલી. આ ધારાવાહિક પાછળ લેવાયેલી જહેમત અને મળેલા પરિણામ પરથી જરાય અતિશયોક્તિ વિના એમ કહી શકાય કે સરેરાશ ૪૫ મિનિટના તેના ૫૩ હપતા પૈકીના આરંભિક એક બે અને એકાદ છેલ્લો હપતો બાદ કરીએ તો બધું મળીને એ પચાસેક ફિલ્મો જેવા હતા. તેનું ફિલ્માંકન પણ ફિલ્મના કૅમેરા વડે કરાયેલું, જેથી તેને વિશાળ પડદે દેખાડી શકાય. ફિલ્મનિર્માણના પાઠ્યપુસ્તક સમી આ સમગ્ર ધારાવાહિકમાં સૌથી મહત્ત્વનું પાસું હતું તેનું સંગીત, જે વનરાજ ભાટિયાએ તૈયાર કરેલું. શ્યામ બેનેગલ અને વનરાજ ભાટિયા બન્નેની પહેલવહેલી ફિલ્મ હતી 'અંકુર' (૧૯૭૪).

આ બન્નેની જોડીએ 'ભારત એક ખોજ'માં જે કમાલ કરી તેના વિશે બહુ ઓછી વાત થઈ છે. દિગ્દર્શન અને સંગીતનાં પાસાં આમ તો એકમેકથી ભિન્ન, છતાં પૂરક હોય છે. દિગ્દર્શક અને સંગીતકાર વચ્ચેની સમજણ જેટલી વધુ એટલું દશ્ય ઉઠાવદાર બને અને સમગ્ર ફિલ્મ કે ધારાવાહિકને તેનો લાભ થાય. અહીં વાત 'ભારત એક ખોજ'ના કેટલાક

સંગીતમય અંશ વિશે કરવાનો ઉપક્રમ છે, જે પક્ષ વનરાજ ભાટિયાએ સંભાળેલો. પણ એ વાત કરતાં અનાયાસે તેમાં શ્યામ બેનેગલની હાજરી વરતાયા વિના રહે નહીં.

વનરાજ ભાટિયા પથભંજક સંગીતકાર હતા. ફિલ્મોમાં આવતાં અગાઉ તેમણે સંગીતનો અભ્યાસ કરાવેલો, અને એ પછીના ગાળામાં જાહેરખબરનાં અઢળક જિંગલ્સની ધૂન તૈયાર કરેલી. એ હદે કે તેમના નજીકના વર્તુળના મિત્રો તેમને 'વનરાજ'નું અંગ્રેજી નામ 'જંગલ કિંગ' અને તેની પરથી 'જિંગલ કિંગ' તરીકે ઓળખતા.

કદાચ બન્ને એકમેકની જરૂરિયાતને બરાબર સમજતા હતા-સિવાય એક બાબત. કેવળ શ્યામ બેનેગલ જ નહીં, સમાંતર સિનેમાના મોટા ભાગના દિગ્દર્શકો સામે વનરાજ ભાટિયાની ફરિયાદ હતી કે તેમને ગીતોનું ફિલ્માંકન કરતાં ફાવતું નથી. આ લખનારને એક અંગત મુલાકાતમાં તેમણે કહેલું કે મહામહેનતે તૈયાર કરેલા ગીતના તેઓ એવી રીતે ટુકડા કરી દે છે કે એની અસર ઊભી ન થઈ શકે. અલબત્ત, 'ભારત એક ખોજ'માં જે સંગીત સર્જાયું એમાં કદાચ આવી તમામ ફરિયાદોનું એકસાથે સાટું વળી ગયું હશે એમ લાગ્યા વિના રહે નહીં. આ ધારાવાહિકના હપતાઓમાં ગીતોનો સમાવેશ થતો, એટલું જ નહીં, અમુક તો આખેઆખા હપતા સંગીતમય હતા.

*

પ્રત્યેક હપતાના આરંભે અને અંતે આવતી શ્રેય નામાવલિ દરમિયાન સમૂહ સ્વરમાં ઋગ્વેદના નાસદીય સૂક્તની ઋચાઓનું ગાન સંભળાતું. સંસ્કૃતમાં नासदासीन्नो सदासात्तदानीं नासीद्रजो नोव्योमा परोयत्' અને પછી તેને અનુસરતો વસંત દેવે કરેલો હિન્દી અનુવાદ. વનરાજ ભાટિયાએ આ સમગ્ર સમૂહગાન દરમિયાન શાસ્ત્રીય કે ભારતીય વાદ્યોને બદલે કેવળ કી બોર્ડનો ઉપયોગ કરેલો છે, જે ગેબી અને વિશાળતા તેમજ વ્યાપકતાની ગજબ અસર પેદા કરે છે. પ્રથમ હપતામાં આ સમૂહગાન પહેલાં પુરુષસ્વરમાં અને પછી સ્ત્રીસ્વરમાં છે.

*

મૂળ પુસ્તકની પૂર્વભૂમિકા પછી બીજા હપતાથી જવાહરલાલ નહેરુએ આલેખેલા ઈતિહાસનું દર્શન શરૂ થાય છે. આ હપતાનું નામ છે. 'આરંભ'. ત્રીજા હપતાનું શીર્ષક છે 'વૈદિક જન અને ઋગ્વેદ'. પુસ્તકના પ્રકાશન અને ટી. વી. ધારાવાહિકના નિર્માણ વચ્ચેના લગભગ અડધી સદીના સમયગાળામાં અનેક બાબતો બદલાઈ અને પુસ્તકમાંની અનેક વિગતો અંગે માહિતી પણ ઉપલબ્ધ થઈ શકે. શ્યામ બેનેગલે આ મહત્ત્વના મુદ્દાને ધ્યાનમાં રાખીને અભિનેતા ઓમ પુરીના સ્વરમાં આ પૂરક માહિતીનું કથન ઉમેર્યું. એટલે આ ધારાવાહિકમાં નહેરુજીના દૃષ્ટિકોણની સમાંતરે અન્ય દૃષ્ટિકોણનો પણ પરિચય થાય છે. એક સજ્જ દિગ્દર્શક જ આવી સર્જનાત્મક છૂટ લઈ શકે.

*

ત્રીજા હપતામાં આર્યોના આગમન અને તેને લગતા મત વિશે વર્ણન છે. આ કડીમાં સંસ્કૃતિના થતા પ્રસાર અને બદલાતી જીવનશૈલીને વિવિધ પ્રસંગો અને તેને અનુરૂપ ગીતો દ્વારા રજૂ કરી છે. આરંભે 'હે જલ! હે ઉદક! નીર હૈ, સુખસ્રોત હૈ' ગીત એ કાળના લોકોના જીવનમાં પાણીની મહત્તા દર્શાવે છે. એ પછી અગ્નિનું મહત્ત્વ દર્શાવતું ગાન 'હે

મન, જૈસે ધન કામના સે જન, જુડે હુએ રથ કા યશ ગાતે હૈ' છે, જેમાં પ્રમુખ પુરુષ સ્વરની પાછળ સમૂહગાન છે. આગળ જતાં યુદ્ધગાન 'ગાયક ગાતા હૈ, ઇન્દ્ર કે લિયે ગાના' સમૂહસ્વરમાં છે, જે જોશભર્યું છે. આ સમૂહગાનની ગતિ એટલી તેજ નથી, પણ સંગીત તેમજ સમાંતરે ચાલતાં દૃશ્યોને કારણે તેની જુસ્સાભરી અસર ઊભી થાય છે. ઇન્દ્રની સ્તુતિ કરતું સમૂહગાન 'કિસને અરિવધ કર, સપ્તસરિતા બહાઈ' પણ એવી જ જોશીલી અસર પેદા કરે છે. 'ગ્રામ' એટલે કે ગામ અને તેની સંસ્કૃતિ વર્ણવતું ગીત 'ગાયેં આયેં, હમારે ઘર રહેં' કવિતા કૃષ્ણમૂર્તિના સ્વરમાં છે, જેમાં તાલ નહીંવત્ છે. સમૂહગાન મુખ્ય સ્વરને અનુસરે છે. કથા આગળ વધે છે એમ વૈદિક કાળના લોકોનું, એમની જીવનશૈલીનું વર્ણન આવે છે. એમાં એવો ઉલ્લેખ છે કે જુગાર એમના આનંદપ્રમોદની મુખ્ય પ્રવૃત્તિ હતી. આ દર્શાવતું ગીત 'આ યે પાસે, ઝંઝાવાત મેં પેડ સે ટપકે' પાસા વિશેનું રમૂજી વર્ણનાત્મક ગીત છે. એકલ સ્વરથી શરૂ થઈને તરત જ તે સમૂહગાનમાં પરિવર્તિત થાય છે, અને આગળ જતાં તેનો લય તેજ બને છે. 'પત્નીયાં જુઆરી કી, વિરહ મેં જલ મરી હૈ' જેવા શબ્દો તેની વિપરીત અસરોનું વર્ણન છે. તાલપલટા આ ગીતને કર્ણપ્રિય બનાવે છે. જુગારમાં ભાન ભૂલેલો સુતેજા નામનો જુગારી પોતાના સરદાર અને પિતાજી પર હાથ ઉઠાવે છે. એ પછી તેને વાસ્તવિકતાનું ભાન થતાં પશ્ચાત્તાપ રૂપે વાગતું ગીત 'વરુણ હે! પૂછતા મૈં સ્વયં સે, મૈંને કિયા હૈ પાપ કૌન સા' બહુ વિશિષ્ટ છે. તેમાં તાલ નથી, અને ખપ પૂરતાં સહાયક વાદ્યો. આથી સ્વરનું પ્રભુત્વ જણાઈ આવે છે. તેની પાછળ જ ઉષામાહાત્મ્ય દર્શાવતું 'આતી હૈ, આતી હૈ, દેખો! ઉષા આતી હૈ' શબ્દો ધરાવતું યુગલગાન છે, જે ખુશમિજાજી ગીત છે. આ સંસ્કૃતિના વધુ એક મહત્ત્વના અંગ એવા યજ્ઞનું માહાત્મ્ય 'હે અગ્નિ! આહુતિ કા અન્ન લો!' શબ્દો ધરાવતા ગાનમાં છે. મૃત્યુ વખતે ગવાતું સમૂહગાન 'ઓ પિતા! પરમ વ્યોમ મેં અપને પિતરોં સે મિલો!' અસરકારક છે, જે સંભવતઃ ઋચાઓનો અનુવાદ હોય એમ જણાય છે. અશ્વમેધ યજ્ઞ દ્વારા રાજાનો રાજ્યાભિષેક કરતાં અશ્વનું માહાત્મ્ય 'અશ્વ હે! અંતરીક્ષ કે આદિ જલ મેં ઉદિત હુએ તુમ' દ્વારા થયા પછી અશ્વને છૂટો મૂકવામાં આવે છે ત્યારે જોશભર્યા લયમાં ગવાતું સમૂહગાન 'અશ્વ હે! દૌડતા રથ કે રે પીછે' અશ્વમેધના માહોલને પેદા કરી દે છે. એ પછી 'જાઓ, અશ્વ તુમ જાઓ' વળી પાછું ધીમા લયમાં, અને તરત જ ઝડપી લયનું સંગીત અદ્ભુત અસર ઊભી કરે છે અને ત્યાં જ આ હપતો સમાપ્ત થાય છે.

અહીં કેટલીક બાબતો તરત ધ્યાનમાં આવે એવી છે. આ સમૂહગાન કે ગીતોમાં ફિલ્મી ગીતોમાં હોય છે એમ પૂર્વાલાપ કે મધ્યાલાપ નથી. એ સીધાં જ શરૂ થઈ જાય છે. સંગીત સ્વતંત્ર નથી, પણ શબ્દોને ઉઠાવ આપવા માટે પ્રયોજાયું છે. મોટા ભાગે અસલ વાદ્યોને બદલે કીબોર્ડ એટલે કે કૃત્રિમ સૂરોનો ઉપયોગ છે, છતાં તે ધારી અસર ઉપજાવવામાં સફળ રહે છે. ગીત કે ગાનને પરિસ્થિતિ યા સંવાદોની સાથે એ રીતે ગોઠવવામાં આવ્યું છે કે તે બાકીના કથાપ્રવાહને આગળ લઈ જાય. વૈદિક યુગમાં ગીતસંગીતનું મહત્ત્વ કેટલું હતું એ આ શૈલીથી આપોઆપ પ્રસ્થાપિત થાય છે.

*

ચોથો હપતો છે 'વર્ણવ્યવસ્થા કી શુરૂઆત', જેના આરંભે 'વિદેઘ માધવ ચલા અગ્નિ વૈશ્વાનર કો જબ મુખ મેં લેકર'નું સમૂહગાન છે. આ ગીત યજુર્વેદમાં ઉલ્લેખાયેલી વિદેઘ માધવની કથાને વર્ણવે છે. 'જોતતા ધરતી લિયે વો બૈલ છ, ઔર ઋતુયેં હૈ હમારી છ'

શબ્દો ધરાવતું ટૂંકું સમૂહગાન ખેતીના મહત્ત્વને દર્શાવે છે. આ સમયગાળાને આગળ વર્ણવતાં 'આદિપુરુષ કે યજ્ઞ મેં, પુરુષ કી હવિ કી, દેવતાઓં ને કી ધારણા'નું સમૂહગાન છે. આ હપતામાં શમ્બૂક અને એકલવ્યની વાત છે, એમ 'ત્રણ પિતાનો એક પુત્ર' નામની જાણીતી વાર્તા પણ છે. આ વાર્તામાં સમૂહગાન રૂપે 'વણિક ઇન્દ્ર હૈ, આઓ, બિનતી હૈ' સાંભળી શકાય છે, જે ઈશ્વરને થતી પ્રાર્થનાસ્વરૂપે છે. આ હપતાના અંત ભાગમાં શૂદ્રોની સ્થિતિ વર્ણવતા ગુજરાતી ગીતના હિન્દી અનુવાદ 'મૈં તમ મેં જાતા હૂં, મૈં તમ સે આતા હૂં'નું સમૂહગાન છે.

*

પાંચમા અને છઠ્ઠા હપતામાં મહાભારતની કથા છે. મહાભારત જેવી દીર્ઘ કથાને કેવળ દોઢેક કલાકમાં કહેવાનો મોટો પડકાર શ્યામ બેનેગલે સફળતાપૂર્વક ઝીલ્યો છે. ચૂંટેલા પ્રસંગોની ભજવણી ઉપરાંત પંડવાણી જેવા લોકનૃત્ય તેમજ કથકલી જેવા પરંપરાગત નૃત્યપ્રકારને પ્રયોજીને કથાપ્રવાહને સુંદર રીતે આગળ ધપાવાયો છે. આ બન્ને હપતામાં સંવાદો વધુ છે, સંગીતપક્ષ પ્રમાણમાં ઓછો છે.

*

સાતમા અને આઠમા હપતામાં રામાયણની કથા વર્ણવાયેલી છે. માત્ર બે હપતામાં રામાયણની કથાને સમાવવા માટે ઉત્તર ભારતના રામાયણગાયકો, કથકલી, છઉ નૃત્ય જેવાં અનેક કળાસ્વરૂપોનો આધાર લીધો છે. આ બન્ને હપતામાં મુખ્યત્વે ગાયન અને નૃત્યનાં સ્વરૂપો છે. ચૂંટેલા મુખ્ય પ્રસંગોની ભજવણી છે, પણ તેમાં સંગીતનો ભાગ મર્યાદિત છે.

*

નવમો હપતો 'ગણસંઘ બનામ રાજ્ય'નો છે, જેમાં મુખ્યત્વે વાર્તાસ્વરૂપે ગણતંત્રો વિશે દર્શાવાયું છે. એક પરિસ્થિતિ દરમિયાન મહાનામા પોતે પાણીમાં તરી શકે ત્યાં સુધી પોતાનાં પ્રજાજનોને સલામત સ્થળે જવા દેવાનો અનુરોધ કરે છે. મહાનામા પાણીમાં ઊતરે અને તરતો રહે એ સમગ્ર દૃશ્ય દરમિયાન બહુ અસરકારક પાર્શ્વસંગીત સાંભળવા મળે છે, જેમાં આરંભે ઉત્સુકતા તેમજ અશાંતિ જગાડતું અને પછી શાંતિ સૂચવતું સંગીત છે.

દસમો હપતો 'જીવન કા સ્વીકારના ઔર નકારના' શીર્ષક ધરાવે છે. તેમાં કેવળ નિયતિ પર આધારિત એવા આજીવિકા સંપ્રદાયની વાતમાં 'નહીં કુછ હૈ હોતા, ઔર કુછ ભી ન હોના' શબ્દો ધરાવતું ઉલ્લાસમય સમૂહગાન તેના તાલ અને સંગીત દ્વારા આ સંપ્રદાયના હાર્દને બરાબર રજૂ કરે છે. આ જ હપતામાં ગૌતમ બુદ્ધની કથા છે, જેમાં ભજવણીની સાથોસાથ કેટલીક પરિસ્થિતિઓ દર્શાવવા માટે ઓડિસી અને છઉ નૃત્યનો અસરકારક ઉપયોગ કરાયો છે.

*

અગિયારમો તેમજ બારમો હપતો 'ચાણક્ય અને ચંદ્રગુપ્ત'નો છે. આમાં કોઈ ગાયન નથી, પણ કેટલાંક દૃશ્યોમાં પ્રભાવક પાર્શ્વસંગીત સાંભળવા મળે છે. અગિયારમા હપતાના એક દૃશ્યમાં નશામાં ધૂત નંદ રાજા ખંડમાં પ્રવેશે છે ત્યારે તેના લથડતા કદમ સાથે તબલાંની થાપ ધારી અસર નિપજાવે છે.

*

તેરમો અને ચૌદમો હપતો 'અશોક ભાગ-૧ અને ૨' છે. અશોકના પહેલા ભાગમાં જુદી જુદી પરિસ્થિતિઓ મુજબ તેને ઉભારતું સંગીત છે. જેમ કે, અશોકને રાજગાદી પર બેસાડવા માટે વિવિધ મંત્રીઓ સહયોગ આપે છે ત્યારે મૃદંગની થાપ વડે એક પ્રકારે કોઈ અણધાર્યા બનાવની તૈયારી હોય એવું રોમાંચસભર સંગીત છે, તો રાજ્યાભિષેક થાય છે ત્યારે સિતાર વડે સૌમ્ય સંગીત રેલાતું સંભળાય છે. સાથે તાલ પણ છે. એ જ રીતે અશોકના પિતા સમ્રાટ બિંદુસાર મરણશય્યા પર હોય છે ત્યારે અશોક તેમને મળવા આવે છે અને પોતે પોતાને રાજપ્રતિનિધિ ઘોષિત કરી દીધો હોવાનું જણાવે છે ત્યારે મૃદંગની થાપની સાથે તીવ્ર સપ્તક પર વાગતા સૂરો સમગ્ર પરિસ્થિતિમાં રહેલા તણાવને તીવ્રપણે ઉભારે છે.

અશોકના બીજા ભાગમાં આરંભે દરબાર ભરાયેલો બતાવાયો છે. તેમાં વીણાની સાથે મૃદંગની સંગત ખરા અર્થમાં સંગીતના જલસાની અનુભૂતિ કરાવે છે. આ જ હપતામાં અશોક પોતાના ભાઈ તિસ્સાને મૃત્યુદંડની સજા ફરમાવતાં એક સપ્તાહની મહેતલ આપે છે, અને એક અઠવાડિયા સુધી તેના માટે પૂર્ણ મનોરંજનનો પ્રબંધ કરે છે. આ સમગ્ર દશ્યાવલિ દરમિયાન ઢોલકના તાલે વાગતું સંગીત ઠેકાવાળું છે અને દર્શક પર એ બરાબર અસર કરે છે. બીજી એક બાબત એ પણ ધ્યાનમાં આવે છે કે આ સંગીતમાં ઠેકો મહત્ત્વનો છે, અને એની સંગતમાં એકાદું લોકવાદ્ય છે. એટલે કે સમગ્ર સંગીતમાં ઊંડાણ ઓછું છે. માત્ર ને માત્ર મનોરંજન માટેનું આ સંગીત કેવળ મન બહેલાવવા માટેનું હોવાનું અનુભવાય છે. આ હપતામાં સૌથી કર્ણાકર્ષક બની રહ્યું હોય તો એ છે કલિંગના યુદ્ધનું ચિત્રણ. આ યુદ્ધ એવું ભીષણ હતું કે તેમાં હણાયેલા અસંખ્ય લોકોને જોઈને અશોકનું હૃદયપરિવર્તન થયેલું. આ સમગ્ર ઘટનાનું ફિલ્માંકન અત્યંત સંયત રીતે, શક્ય ત્યાં સુધી ધ્વનિ અને પ્રકાશનો મુખ્ય આધાર લઈને કરવામાં આવ્યું છે. તૂરીના સંગીતથી યુદ્ધનો આરંભ થતો બતાવાયો છે. એ પછી આગનાં દશ્યો સાથે મૃદંગનું સંગીત અને ઘોડાઓની હણહણાટીની સાથે માનવસમૂહના હાહાકારના અવાજ સંભળાય છે. તેની અગ્રભૂમિમાં ઊભેલો એક સૈનિક કલિંગના યુદ્ધમાં થયેલી ખુવારીનો અને અશોકના વિજયનો અહેવાલ આપે છે. આટલા વિનાશક અને ભયાનક યુદ્ધના ફિલ્માંકનમાં ક્યાંય લોહી રેડાતું બતાવાયું નથી એ શ્યામ બેનેગલની કળાત્મકતાનો ઉત્કૃષ્ટ નમૂનો છે.

આ હપતાઓમાં ચંદ્રકાંત કાળે, રવીન્દ્ર સાઠે, રાનુ મુખરજી, ગૌતમ મુખરજી, વિનોદ રાઠોડ, ફૈયાઝ, અજિત કડકડે અને મિલીંદ ચીત્તલ જેવાં ગાયકગાયિકાઓના સ્વરનો ઉપયોગ કરાયો છે.

*

પંદરમો અને સોળમો હપતો 'સંગમ યુગ ઔર શિલપ્પદિકારમ્ ભાગ-૧ અને ૨' છે. દક્ષિણ ભારતના, ખાસ કરીને તમિલ સંસ્કૃતિના ઇતિહાસનો આ મહત્ત્વનો સમયગાળો કહી શકાય. તમિલ મહાકાવ્ય 'શિલપ્પદિકારમ્'ના પરિચય પહેલાં આ હપતામાં તમિલ કાવ્યપ્રકારો અકમ અને પુરમ વિશે વાત છે. 'અકમ' એટલે આંતરિક અથવા ભાવકેન્દ્રી, જેમાં મુખ્યત્વે લોકજીવનની વાતો વણાયેલી છે, જે 'હૈ ઘુલા ઇસ દૂધ મેં' કવિતા દ્વારા વ્યક્ત થાય છે, તો 'પુરમ'માં રાજાઓ અને યુદ્ધનું વર્ણન. 'ચર્મકાર કી ઘરની વ્યાકુલ પ્રસવવેદના સે' તેના શબ્દો અને તાલ પરથી જ શૌર્યગાન હોવાનું જણાઈ આવે.

આ આરંભિક પરિચય પછી શરૂ થાય છે શિલપ્પદિકારમ્. કુલ ૫,૭૩૦ પંક્તિઓ ધરાવતા આ મહાકાવ્યને દર્શાવતા બન્ને હપતાઓમાં ભરપૂર ગાયન અને સંગીત ન હોય તો જ નવાઈ! ‘જય જય જય, પુહાર (ગામનું નામ) કી જય હો’ ગાન દ્વારા આ મહાકાવ્યમાં પ્રવેશ કરાવવામાં આવે છે અને પછી કોવલમ તથા કન્નગીની કથા આરંભાય છે. ‘પ્યારી છોટી સી...’ શબ્દોથી કન્નગીનું વર્ણન કરાય છે. કથા આગળ વધતાં તેમાં એક પાત્ર માધવીનું નૃત્ય છે. એ પછી કથાના વિવિધ પ્રસંગોને અનુરૂપ ગીતો ‘અંધિયારા છાયા, ઈન્દુવદન મંજુવદન આયા’, ‘લઘુપર્ણ ગોખરુ કે પ્યારે’, ‘સૂર્ય રાજ જબ પૂર્વ ચંદ્ર કા તાજા છત્ર ધારન કર’, ‘જા રે જા,’ ‘સૂરજ છિપા, અંધેરા ફૈલા દુખિયારી ધરતી પર’, ‘ખતમ હુઆ દહલાતા સપના’ સાંભળી શકાય છે. કથામાં અન્યત્ર પણ પાર્શ્વસંગીત તરીકે તમિલ સંગીતનો ઉપયોગ કરાયો છે.

સોળમા હપતામાં પણ કન્નગી અને કોવલનની કથા આગળ વધે છે. બન્ને પગપાળા ચાલે છે એ દરમિયાન વીણા અને મૃદંગનું સંગીત દૃશ્યને ઉભારે છે. એ પછી કથામાં વિવિધ સ્થાને ‘સોને કે આભૂષણવાલી, ગુણશાલિની આઈ હૈ’, ‘જય જય શિવપુત્ર મુરુગન’, તમિલ નૃત્યગીત, ‘માયાવન ચલાયે ગુલેલ, ગિરાયે મેરી બગીયા કે ફૂલ’, ‘કર્મપંથ કો ત્યાગ નૃપતિ જબ..’ જેવાં ગીતો છે.

ગિરીશન, ગીતા ઈશ્વરન, પ્રેમકુમાર, સેતુ માધવન, અનિતા શેષાદ્રી, શોભા રામચંદ્રન, એસ. આર. વેંકટેશ અને રાજન ઈશ્વરન જેવાં ગાયકગાયિકાઓના સ્વરનો આ તમામ ગીતોમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. મઝાની વાત એ છે કે આ સૌએ હિન્દી શબ્દોને બિલકુલ તમિલ શૈલીમાં, એવી જ હલકથી ગાયાં છે. ધ્યાનથી સાંભળતાં જ એ શબ્દો પકડી શકાય, નહીંતર એ તમિલ ગીત જ લાગે.

*

આમ, ‘ભારત એક ખોજ’ના સોળ હપતામાં બે અઢી હજાર વર્ષોનો સમયગાળો આવરી લેવાયો છે. સંગીતમાં વનરાજ ભાટિયાએ કમાલ સર્જી છે. શ્યામ બેનેગલના દિગ્દર્શન સાથે આ સંગીતનું સાયુજ્ય એવું અદ્‌ભુત રચાયું છે કે બન્નેની કમાલને એકમેકથી અલગ પાડવી મુશ્કેલ છે. **(ક્રમશઃ)**

■

પિતા કુટુંબપ્રેમી, સત્યપ્રિય, શૂરા, ઉદાર પણ ક્રોધી હતા. કંઈક વિષયને વિશે આસક્ત પણ હશે. તેમનો છેલ્લો વિવાહ ચાળીસમા વર્ષ પછી થયેલો. તેઓ લાંચથી દૂર ભાગતા, તેથી શુદ્ધ ન્યાય આપતા એવી અમારા કુટુંબમાં અને બહાર વાયકા હતી. રાજ્યના બહુ વફાદાર હતા. એક વેળા કોઈ પ્રાંતના સાહેબે રાજકોટના ઠાકોર સાહેબનું અપમાન કરેલું, તેની સામે તેઓ થયેલા સાહેબ ગુસ્સે થયા, કબા ગાંધીને માફી માગવા ફરમાવ્યું. તેમણે માફી માગવાની ના પાડી તેથી થોડા કલાકને સારું હાજતમાં પણ રહેલા. છતાં તે ન ડગ્યા તેથી અંતે સાહેબે તેમને છોડી દેવાનો હુકમ કર્યો.

– **‘સત્યના પ્રયોગો અથવા આત્મકથા’ : મહાત્મા ગાંધી**

સ્વયં અગોચર થવાની કવિતા એટલે કે....
कालो न यातो वयमेव याता...

કિરીટ દૂધાત

The Self-Unseeing
BY THOMAS HARDY

Here is the ancient floor,
Footworn and hollowed and thin,
Here was the former door
Where the dead feet walked in.

She sat here in her chair,
Smiling into the fire;
He who played stood there,
Bowing it higher and higher.

Childlike, I danced in a dream;
Blessings emblazoned that day;
Everything glowed with a gleam;
Yet we were looking away!

'અગોચર'

અહીં એ પુરાતન ફર્શ છે,
જેના પર બહુ ચાલવાથી ઘસાઈને તકલાદી અને ખપાટ બની ગઈ છે,
અહીં જૂનું બારણું હતું
જેમાંથી કાલગ્રસ્ત કદમ અંદર પ્રવેશતાં.

એ અહીં ખુરશીમાં બેસીને,
તાપણાની આગમાં જોઈને મરકતી;
જે વાયોલિન વગાડતો એ ત્યાં ઊભો રહેતો,
તીવ્રાતિતીવ્ર સૂર રેલાવતો.

બાળકની જેમ નાચતો, હું સ્વપ્નમાં રાચતો;
એ દિવસો વરદાન અને વિભૂષિત હતા;
બધું આલોકિત હતું;
પણ આ બધાથી અજાણ અમે કશું જોતા નહોતા!

*

ગયા મહિને વિનોદકુમાર શુક્લને અંજલિ આપ્યા પછી ૧૯૨૮, જાન્યુઆરીમાં અવસાન પામેલા અંગ્રેજ કવિ ટોમસ હાર્ડીને (જ.૧૮૪૦) એમના એક કાવ્યથી અંજલિ આપીએ. પહેલાં ભૂલસુધાર. ગયા સંપાદકીયમાં ફિરાક ગોરખપુરીના નામે છપાયેલો શેર હકીકતમાં હફિઝ જાલંધરીનો છેઃ

'हफ़ीज़' अहल-ए-ज़बाँ कब मानते थे,

बड़े ज़ोरों से मनवाया गया हूँ

અસલ શેર તરફ ધ્યાન દોરીને મોકલવા બદલ કવિ શ્રી હરીશ મીનાશ્રુનો આભાર.

અંગ્રેજી સાહિત્યમાં બે કાવ્યધારાઓ સમાંતરે ચાલી છે, એકમાં દુર્બોધ કાવ્યો લખાયાં છે તો બીજીમાં સરળ બાનીમાં. આ એક સાદી સરખામણી છે, વાત કવિતાની છે એટલે એને ગણિતની જેમ તંતોતંત (એક જ અક્ષર ચાર વાર સંયોજાયો હોય એવો આ એકમાત્ર શબ્દ હશે?) લઈને ટંટોફિસાદ ઊભો ન કરવો. એક ઉદાહરણ જોઈએ તો વિક્ટોરિયન યુગમાં દુર્બોધ કવિઓના સરતાજ હતા રોબર્ટ બ્રાઉનિંગ તો એમના સમકાલીન ટેનિસન સરળ શૈલીમાં લખતા. (બ્રાઉનિંગસાહેબે SORDELLO નામનું છ હજાર પંક્તિનું એક દુર્બોધ કાવ્ય લખેલું જેના વિશે ઘણી રમૂજો પ્રચલિત છે. જેમ કે એક જુવાને બ્રાઉનિંગ સાહેબને ઘેર્યા કે કવિ શું કહેવા માંગે છે? કવિએ કશું ન કહ્યું તો જુવાન પણ અણનમ રહ્યો. છેવટે કવિએ કહ્યું 'જો, એ લખ્યું ત્યારે અમે બે જણ જાણતા હતા, એક ઉપરવાળો ઈશ્વર અને બીજો હું, હવે મારી યાદદાસ્તને મોતિયો આવ્યો છે તો ઉપરવાળાને રૂબરૂ થઈને ખુદ જાણતો આવ.' તો ટેનિસને એક મિત્રને કહ્યું કે આપણે તો આ છ હજાર લીટીમાં ફક્ત પહેલી અને છેલ્લી લીટી સમજ્યા, પહેલી લીટી એ કે, 'તો કોણ સાંભળશે સોરડેલોની આ કથા...?' અને છેલ્લી છે, 'તો કોણે સાંભળી સોરડેલોની આ કથા..? વચ્ચેનું બધું જ ધૂંધળું. આપણા ઋષિકવિએ નથી કહ્યું?

'અંત આદિનું તો
સમજ્યા
કે હોય અગોચર,
પણ આ
સરસ કથાનાં
વચ્ચે વચ્ચેનાંયે
પાનાં
મળતાં નથી....'

હોય, સમકાલીનોને સદીઓથી એકબીજા તરફ વિશેષ ભાવ રહ્યો છે! ટૉલ્સ્ટૉયે વખાણ કર્યાં કે આ ચૅખોવ અચ્છી વાર્તાઓ લખે છે તોય ચૅખોવને વાંકું પડ્યું કે, ઊહું, કોઈ કામવાળી વાસણ સરસ માંજે છે એમ કહીને એના હુન્નરનાં વખાણ કરીએ એમ ટૉલ્સ્ટૉય મારી વાર્તાકલાને વખાણે છે. આપણે ત્યાં દલપતરામ અને નર્મદનો 'ધૂળ પડી એની બાસુંદી-પૂરી પર' વાળો કિસ્સો જાણીતો છે.)

આ કાવ્ય અતીતરાગની મધુરતાનું છે અને સમયનાં અકળ પાસાંની મીમાંસા છે. અલબત્ત મારો અનુવાદ પ્રેમાનંદકૃત નરસિંહ મહેતાની વહેલ જેવો – 'જૂની વહેલ ને

ધૂંસરી વાંકી સાંગી સોટાએ ભાંગી જી;' - જેવો છે પણ અર્થ પહોંચશે. હાર્ડી મરજીથી કવિ હતા અને નામરજીથી નવલકથાકાર. આજે તો કવિ હાર્ડીને કથાકાર હાર્ડી જેટલું જ સન્માન મળ્યું છે પણ જીવતેજીવ એમને કોઈ કવિ માનતું નહીં. હાર્ડી દરેક નવલકથામાં ઈશ્વર સાથે ઝઘડો માંડે છે. હજી તો ચાર્લ્સ ડાર્વિને માનવી પ્રભુનો પ્યારો પુત્ર નહીં, પણ વાનરમાંથી ઉત્ક્રાંત થયેલો જીવ છે એમ કહીને રૂઢિચુસ્ત વિક્ટોરિયનોને ધ્રુજાવી દીધેલા. એની તમ્મર નહોતી વળી એમાં એ ઘાને ખોતરતા હોય એમ હાર્ડીએ એવાં એવાં થીમ લઈને કથાઓ લખી કે જનસમૂહનો રોષ ફાટી નીકળ્યો એટલે વ્યથિત થઈને નવલકથાને આવજો કહીને કાવ્યને શ્રીગોપાળ માની લીધું. એક જાણવા જેવી વાત, હાર્ડીના પત્નીનું અવસાન થયું પછી એમના શોકમાં શરૂમાં ૨૧ અને બધાં થઈને આજીવન ૧૫૦ જેટલાં કાવ્યો લખ્યાં જે અનુપમ મનાય છે. વિદ્વાનો માને છે કે આ વિશ્વની સૌથી લાંબી elegy - મરશિયું - છે. કવિનો આર્તનાદ સો વરસ પછી પણ ક્ષુબ્ધ કરી દે છે. હવે આ કાવ્યની વાત કરીએ તો અહીં બાળપણમાં એક મધુર દુનિયા હતી જે નામશેષ બની ગઈ એ ભાવ છે સાથોસાથ સમયની અકળ લીલા તરફ ધ્યાન દોર્યું છે. dead feet શબ્દનો અનુવાદ થઈ શકે નથી. પિતા આજે હયાત નથી પણ એ જે દ્વારમાંથી ઘરમાં આવતા હતા એની યાદ રહી ગઈ છે એટલે dead feet. અહીં શરૂની ચાર પંક્તિઓમાં Here is અને Here was કહીને આજે ભૂત થયેલો સમય ત્યારે વર્તમાન હતો-was – જે પોતાની સ્મૃતિમાં હજી - is - સચવાયો છે કહીને સમયને બેવડું પરિમાણ આપ્યું છે. વાત સાદી છે, કિશોર હાર્ડી માતા-પિતા સાથે એક એવા મધુરા સમયખંડમાં જીવ્યા છે જે ભૂલ્યો ભુલાતો નથી. એમાં કોઈ દિલધડક ઘટનાઓ બની નહોતી. માતા એ સુખના સમયમાં પોતાની ખુરશીમાં બેઠી રાજી થઈને સાંજે hearthમાં તાક્યા કરતી - Smiling into the fire; - પિતા વાયોલિન વગાડતા જેનો સૂર તીવ્રતર થતો જતો - Bowing it higher and higher. જાણે સુખને વળ ન ચડાવતા હોય! અને કિશોર શું કરતો? Childlike, I danced in a dream-સપનામાં હોય એમ નાચતો. એ દિવસો નથી રહ્યા પણ કેવા દિવસો હતા? જાણે કે આખી દુનિયા આલોકિત અને સુખથી આભૂષિત ન હોય! - Blessings emblazoned that day; Everything glowed with a gleam;. સુખ આવે ત્યારે એ સમય કેવો મોંઘેરો છે એનું ભાન હોતું નથી - Yet we were looking away! જાણીતા બિટલ્સ સંગીતકાર જ્હોન લેનનના નામે ચડેલું વિધાન છે "Life is what happens to you while you're busy making other plans" આપણે જે જીવી રહ્યા છીએ એનું મૂલ્ય પ્રમાણ્યા વગર યદ્વાતદ્વામાં રમમાણ થઈ જઈએ છીએ ત્યારે જિંદગી એનાં પાસાં ફેંકે છે. સમય તો એની રીતે પસાર થઈ જાય છે અથવા ભર્તુહરિએ વૈરાગ શતકના સાતમાં શ્લોકમાં કહ્યું છે એમ कालो न यातो वयमेव याता(સમય પસાર નથી થતો આપણે પસાર થઈ જઈએ છીએ.) અને આમાં નિહિત છે કે માણસજાત ક્યાં જાણી શકી છે કે સમય created (નિર્માણ કરેલો) છે કે discovered (શોધી કાઢેલો)? રોહિત બોડીવાલા જેવા વડીલ ઉઘરાણી કરે છે 'પરબ'માં કાવ્યના રસાસ્વાદની કૉલમ ક્યારે શરૂ કરો છો? દરેક અંકમાં એ શક્ય નથી, પણ આ સંપાદકીય અંજલિ હાર્ડીને જે સરળ બાનીમાં લખતા હતા. આ કાવ્ય વાંચીને થશે કે ખરેખર? વિચારજો.

■

સાભાર–સ્વીકાર

- **કવિતા :**

  મખમલી શ્વાસ : પીયૂષ ચાવડા, આસ્થા પબ્લિકેશન, રાજકોટ. ૨૦૨૫. ડે. પૃ. ૯૨, રૂ. ૨૦૦. ૭૭ ગઝલોનો સંગ્રહ, • **રંજાડી ઘોડા :** રાધિકા પટેલ, ઝેન ઓપ્સ, ૨૦૨૫, ક્રાઉન, પૃ. ૭૬, રૂ. ૨૨૫, ૭૧ ગીતોનો સંગ્રહ.

- **વાર્તાસંગ્રહ : જાસો :** કિશનસિંહ પરમાર, ડિવાઇન પબ્લિકેશન્સ, ૨૦૨૪. ડે. પૃ.૧૨૦, રૂ. ૧૬૦, ૧૬ વાર્તાઓનો સંગ્રહ.

- **લઘુકથાસંગ્રહ : લજામણીવત્ :** પ્રેમજી પટેલ, ક્લાસિક બુક્સ પબ્લિકેશન હાઉસ, અમદાવાદ. ૨૦૨૫, ડે. પૃ. ૧૧૨, રૂ. ૧૮૦, ૭૧ લઘુકથાનો સંગ્રહ.

- **નિબંધસંગ્રહ : થોર બની થનગણાટ કરે... :** જયંત ડાંગોદરા, ગૂર્જર સાહિત્ય ભવન, ૨૦૨૫, ડે. પૃ. ૧૧૨, રૂ. ૧૬૦, ૧૬ નિબંધોનો સંગ્રહ. • **મારામાં ક્યાંક તું :** નરેન્દ્રસિંહ મ. વાઘેલા. ગૂર્જર સાહિત્ય પ્રકાશન, ૨૦૨૪. ડે. પૃ. ૧૦૦, રૂ. ૧૪૫, ૬૦ નિબંધિકાઓનો સંગ્રહ.

- **આત્મકથા : મારી શિક્ષણ યાત્રા :** વીરચંદ પંચાલ, શિવશંકર ચુનીલાલ જોશી ચૅરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ, ૨૦૨૫, ડબલ ડે. પૃ. ૨૯૯, રૂ. ૩૦૦, વીરચંદ પંચાલની જીવનકથા.

- **સંપાદન : પ્રેમજી પટેલની પ્રતિનિધિ લઘુકથાઓ :** સંપા. મોહન પરમાર, ક્લાસિક બુક્સ પબ્લિકેશન હાઉસ, અમદાવાદ. ૨૦૨૫. ડે. પૃ. ૧૨૦, રૂ. ૧૮૦, પ્રેમજી પટેલની ૭૭ લઘુકથાઓનું સંપાદન.

- **અનુવાદ : વ્યક્તિત્વ રવીન્દ્રનાથ ટાગોર :** અનુ. અનિલા દલાલ, ઝેન ઓપ્સ, પ્રકાશક, ૨૦૨૬. ડે. પૃ. ૧૨૩, રૂ. ૨૨૫, રવીન્દ્રનાથ ટાગોરે ૧૯૧૭ સુધીના બીજા પ્રવાસમાં આપેલાં કુલ છ લેખો રૂપે વક્તવ્યો મુકાયાં છે.

■

વિવાહ થયા ત્યારે હું હાઈસ્કૂલમાં ભણતો હતો એ હું આગળ લખી ગયો છું. તે વેળા અમે ત્રણે ભાઇ એક જ સ્કૂલમાં ભણતા. જ્યેષ્ઠ બંધુ ઉપલા ધોરણમાં હતા ને જે ભાઈના વિવાહની સાથે મારા થયા હતા તે મારાથી એક વર્ગ આગળ હતા. વિવાહનું પરિણામ એ આવ્યું કે અમારું બે ભાઈનું એક વર્ષ નકામું ગયું. મારા ભાઈને સારુ તો એથીયે વિષમ પરિણામ આવ્યું. વિવાહ પછી તે નિશાળમાં ન જ રહી શક્યા. આવું અનિષ્ટ પરિણામ તો દૈવ જાણે કેટલા જુવાનોનું આવતું હશે. વિદ્યાભ્યાસ ને વિવાહ બેઉ એકસાથે તો હિંદુ સંસારમાં જ હોય. – **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

પરિષદવૃત્ત

ઈતુભાઈ કુરકુટિયા

સુરેશ જોષી સાહિત્યવિચાર ફોરમ (સુ. જો. સા. ફો)નો ૫૩મો વાર્તાશિબિર

સુરેશ જોષી સાહિત્યવિચાર ફોરમ (સુ.જો.સા.ફો.)નો ૫૩મો વાર્તા શિબિર તા.૨૪-૨૫ જાન્યુઆરી ૨૦૨૬, શનિવાર અને રવિવારના રોજ અમદાવાદ મુકામે ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના યજમાનપદે યોજાઈ ગયો.

શિબિરના પ્રારંભે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ આમંત્રિત વાર્તાકારોનું સ્વાગત કરતાં પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું અને સુજોસાફોની પ્રવૃત્તિને બિરદાવી હતી. કુલ પંદર જેટલા વાર્તાકારોએ પોતપોતાની નવી અપ્રકાશિત ટૂંકી વાર્તાનું વાંચન કર્યું હતું. દરેક વાર્તાના અંતે ઉપસ્થિત વાર્તાકારોએ જે તે વાર્તાની વિગતે તત્ત્વાનુષંગી ચર્ચાઓ કરી હતી. સુજોસાફોના સંયોજક સુમન શાહે પણ એક વાર્તાકાર તરીકે ચર્ચાઓમાં ભાગ લીધો હતો. અને ટૂંકી વાર્તાના સ્વરૂપ અને કલાપક્ષની વિશદ છણાવટપૂર્વક વાત કરી હતી.

બાળરંજન રંગારંગ સભા

શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળકિશોર સાંસ્કૃતિક ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદમાં તા. ૧૦-૧-૨૦૨૬, શનિવારે, ૪થી ૬ દરમિયાન ‘બાળરંજન રંગારંગ સભા’ યોજાઈ હતી. આ વખતે બાળસાહિત્યના સર્જકો સર્વશ્રી નટવર ગોહેલ, દુર્ગેશ ઓઝા, વિનોદ પટેલ આવ્યા હતા અને તેમણે બાળકો સમક્ષ પોતાની વાર્તાઓનું વાચન કર્યું હતું. આ સભાનું સંયોજન નટવર ગોહેલ અને અવિનાશ પરીખે કર્યું હતું. સંચાલન ડૉ. સ્નેહલ નિમાવતે કર્યું હતું.

વાર્તાસંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલયના ઉપક્રમે ‘વાર્તાસંવાદ’ શ્રેણી હેઠળનો કાર્યક્રમ તા. ૧૧-૧-૨૦૨૬ના રોજ, સાંજે ૫-૦૦ કલાકે ગોવર્ધન સ્મૃતિમંદિરમાં યોજાયો હતો. જેમા કિરીટ દૂધાતે કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. ‘દશ્મન’ અને ‘જે કોઈ પ્રેમ અંશ’ વિશે, રાકેશ દેસાઈએ, ‘વાંસનાં ફૂલ’ અને ‘પંચદ્રવ્ય’ વિશે અજય રાવલે, ‘બિપિન પટેલની વાર્તાકલા’ વિશે અજય સરવૈયાએ વક્તવ્યો આપ્યાં હતાં. બિપિન પટેલે પોતાની વાર્તા-રચના પ્રકિયા વિશે, પ્રતિભાવ આપ્યો હતો અને પરિષદ પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ પ્રમુખીય વક્તવ્ય આપ્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદના ગ્રંથાલયમંત્રી રૂપા શેઠે સૌનો આભાર માન્યો હતો.

વિદ્યાર્થીલક્ષી માતૃભાષા પ્રશિક્ષણ કાર્યશાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને શ્રી પી.એન.પંડ્યા આર્ટ્સ, એમ. પી.પંડ્યા સાયન્સ ઍન્ડ શ્રીમતી ડી. પી. પંડ્યા કૉમર્સ કૉલેજ, લુણાવાડાના સંયુક્ત ઉપક્રમે લુણાવાડામાં 'વિદ્યાર્થીલક્ષી માતૃભાષા પ્રશિક્ષણ કાર્યશાળા' તા. ૮-૧-૨૦૨૬ થી તા. ૧૩-૧-૨૦૨૬ અને તા. ૧૬-૧-૨૦૨૬ થી તા. ૨૩-૧-૨૦૨૬ દરમિયાન યોજાઈ હતી. જેમાં અનુક્રમે 'માતૃભાષા : મહત્ત્વ અને ગૌરવ' વિશે કાનજી પટલે, 'છંદ' વિશે નીતિન પંડ્યાએ, 'પ્રૂફવાચન' વિશે શશીકાંત કાવરે, 'જોડણી અને અનુસ્વારના નિયમો' વિશે દિલીપ જોગલે, 'ભાષાશુદ્ધિ અને વિરામચિહ્નો' વિશે સરોજ ગોધાણિયાએ, 'સંક્ષેપીકરણ અને વિચારવિસ્તાર' વિશે અરુણા ત્રિવેદીએ, 'નિબંધલેખન-વાર્તાલેખન' વિશે શંકર પ્રજાપતિએ, 'માતૃભાષા શિક્ષણની મનોવૈજ્ઞાનિક રીતો' વિશે નરેશ વાઘેલાએ, 'અનુવાદ' વિશે માલિની ગૌતમે, 'સમાસરચના' વિશે હર્ષદા મહેતાએ 'કાવ્યાસ્વાદ' વિશે વિપુલ ઠાકરે, 'કવિતાનું શિક્ષણ' વિશે સંજય ચોટલિયાએ ૧૦ થી ૧-૦૦ દરમિયાન વક્તવ્યો આપ્યાં હતાં.

'પાક્ષિકી'

તા. ૨૪-૧-૨૦૨૬ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે ૫-૦૦ વાગ્યે 'પાક્ષિકી' અંતર્ગત સર્જક સ્વાતિ રાજીવ શાહે તેમના નિબંધ 'તરબતર'નું પઠન કર્યું હતું.

રંગ છે બારોટ...!

તા. ૨૯-૧-૨૦૨૬ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, ગુજરાતી સાહિત્ય પરિષદ અને અહેમદાબાદ થિયેટર ગ્રુપના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં શ્રી રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં રાજુ બારોટના અવસાન નિમિત્તે રાજુ બારોટને વધુ એક વખત જાણવાનો-માણવાનો મહોત્સવ 'રંગ છે બારોટ...!' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તુષાર શુક્લ, દીપ્તિ જોશી, માધવ રામાનુજ, યોગેશ ભટ્ટ, અભિષેકભાઈ, રવીન નાયક, પ્રવીણ હીરપરા, કમલ શાહ, અર્પિતા ધગતએ રાજુ બારોટ સાથેનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. પરિષદ પ્રમુખ હર્ષદ ત્રિવેદીએ તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી. રઘુવીર ચૌધરીએ માનવીની ભવાઈ નાટ્યરૂપાંતરની ભજવણીની અને રાજુ બારોટની લેખક તરીકેની વાત કરી હતી. કાર્યક્રમની પ્રશંસા કરીને અહેમદાબાદ થિયેટર ગ્રુપના કલાકારોને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ અહેમદાબાદ થિયેટર ગ્રુપના કલાકારો હર્ષદીપ જાડેજા, જિગર, શુભમ, કૌશલ, નિતિશ, હેતલ, નિધિ, ગર્વિષ્ઠા વગેરેએ રાજુ બારોટને ગમતાં રંગભૂમિનાં ગીતોનું સંગીતમય ગાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુભાષ બ્રહ્મભટ્ટે કર્યું હતું.

મનની મોજનીશી મણકો-૧૧

તા. ૩૧-૧-૨૦૨૬ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, પ્રદાન ચૅરિટેબલ ટ્રસ્ટ કલાધામ અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે મનની મોજનીશી મણકો-૧૧ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આરતી મુનશી, આકાંક્ષા ઓઝા તથા શ્યામલ-સૌમિલે કવિતાનું ગાન અને પઠન કર્યું હતું. કાર્યક્રમની પરિકલ્પના શ્યામલ-સૌમિલ મુનશીએ કરી હતી.

■

ઈતુભાઈ કુરકુટિયા

આદ્યશંકરે લખેલ બધા ગ્રંથોના ગુજરાતી અનુવાદના પંદર ખંડોનું વિમોચન

તા. ૧૫-૧-૨૦૨૬ના રોજ સનાતન ધર્મને લગતો એક ભવ્ય સમારંભ અમદાવાદના ટાગોર હૉલમાં યોજાયો હતો. આદ્ય શંકરે લખેલ બધા ગ્રંથોના ગુજરાતી અનુવાદના પંદર ખંડોનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ ગ્રંથોના પ્રધાન સંપાદક ડૉ. ગૌતમ પટેલે પોતાની કેફિયતમાં શંકરનો મહિમા ગાયો હતો. શ્રી સુરેશભાઈ સોનીએ આભાર પ્રદર્શિત કર્યો હતો, ગુજરાતની આ ઘટનાને બિરદાવી હતી. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયના પ્રમુખ અને માન. ગૃહમંત્રી અમિત શાહે સનાતન ધર્મનો મહિમા કર્યો હતો. તેમજ શંકરાચાર્ય વિશે વાત કરીને ગૌતમભાઈને હાર્દિક અભિનંદન આપ્યાં હતાં.

સદા સર્વદા કવિતા

તા. ૪-૧-૨૦૨૬ના રોજ સાંજે ૬-૦૦થી ૮-૦૦ દરમિયાન પ્રદાન કૉમ્યુનિકેશન પ્રસ્તુત 'સદા સર્વદા કવિતા' અંતર્ગત પર્વ-૧૧૨ કાર્યક્રમ રા. વિ. પાઠક સભાગૃહમાં યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે શ્રી હર્ષ બ્રહ્મભટ્ટે સૌને આવકાર્યા હતા. જેમાં સર્વશ્રી કવિઓ યોગેશ વૈદ્ય, અરવિંદ ભટ્ટ, અનિલ ચાવડા અને નવ્ય આચમન કવિ ડૉ. પ્રણય વાઘેલાએ કવિતાનું પઠન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન જાનકી મહેતા અધ્યારુએ કર્યું હતું.

વિશ્વકોશ ટ્રસ્ટ યોજાયેલ કાર્યક્રમો

તા. ૧૩-૧૨-૨૦૨૫ના રોજ શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાનવિજ્ઞાન વાખ્યાનશ્રેણી અંતર્ગત 'સહરાથી સપ્તર્ષિ' સુધી ઉદયન ઠક્કરની કાવ્યાત્રાનું આયોજન થયું હતું. જેમાં અમર ભટ્ટે ઉદયન ઠક્કરનાં કાવ્યોની સંગીતમય પ્રસ્તુતિ કરી હતી. ઉદયન ઠક્કરે એમની કાવ્યસર્જનની વાત કરી હતી. અર્ચન ત્રવેદીએ ઉદયન ઠક્કરની કવિતાનું નાટ્યપઠન કર્યું હતું. તા. ૩-૧-૨૦૨૬ના રોજ ગુજરાતી ભાષામાં સૌપ્રથમ વાર કોશ પ્રદ્ધતિ પ્રમાણે તૈયાર થયેલા ૧૦૦૦થી વધુ સચિત્ર નારીચરિત્રો ધરાવતા નારીકોશના ત્રણ ભાગોનું વિમોચન શ્રી રેનાના જાબવાલા, શ્રી જ્યોત્સ્ના યાજ્ઞિક, શ્રી દેવાંગી ભટ્ટ જોષીએ કર્યું. આ ગ્રંથોનું સંપાદન ડૉ. પ્રીતિ શાહ અને બેલા ઠાકરે કર્યું છે અને એનું પરામર્શન ટીના દોશીએ કર્યું છે. તા. ૧૭-૧-૨૦૨૬ના રોજ શ્રી યશવંત દોશી સ્મૃતિ વ્યાખ્યાનમાળાના અન્વયે 'પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વિદેશનીતિ ભારતના સંદર્ભમાં' વિષય પર શ્રી નટવર ગાંધીએ વ્યાખ્યાન આપ્યું હતું.

સંતસાહિત્ય પર્વ : ૨૦૨૬

તા. ૧-૫ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન સળંગ પાંચ દિવસ સાંજે ૫-૩૦ કલાકે, મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમમાં (આત્મા હૉલ) અમદાવાદમાં ઓમ કૉમ્યુનિકેશન દ્વારા વર્ષ ૨૦૨૬ના પ્રારંભે 'સંત સાહિત્ય પર્વ'માં પહેલી જાન્યુઆરીએ 'દેવાનંદ' વિશે અંબાદાન રોહડિયાએ, 'મુક્તાનંદ' વિશે સાધુ પ્રેમવત્સલદાસ કુમકુમે; બીજી જાન્યુઆરીએ

'ભાણસાહેબ' વિશે મહેશકુમાર મકવાણાએ, 'મોરારસાહેબ' વિશે નાથાલાલ ગોહિલે; ત્રીજી જાન્યુઆરીએ 'નિરાંત મહારાજ' વિશે અશ્વિન કાબાએ, 'પ્રીતમ' વિશે નરેશ વેદએ; ચોથી જાન્યુઆરીએ 'રણછોડ' વિશે રાજુલ દવેએ, 'પીઠો ભગત' વિશે નિરંજન રાજ્યગુરુએ; પાંચમી જાન્યુઆરીએ 'ગવરીબાઈ' વિશે કાલિન્દી પરીખે અને 'તોરલ' વિશે દલપત પઢિયારે વક્તવ્યો આપ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક શ્વેતએ કર્યું હતું.

અમદાવાદ વાર્તાવર્તુળની ૨૨મી વાર્તાશિબિર

કૃપેશભાઈ અંબાલાલ પંડ્યા અને અર્ચિતાબહેન દીપકભાઈ પંડ્યા પરિવારના સૌજન્યથી તા. ૧૦ અને ૧૧ જન્યુઆરી, ૨૦૨૬ના રોજ અમદાવાદ વાર્તાવર્તુળની ૨૨મી વાર્તાશિબિર પંડ્યા ફાર્મ મિરોલીમાં યોજાઈ હતી. આ શિબિરમાં સર્વશ્રી દીવાન ઠાકોર, મનહર ઓઝા (સંયોજક). ગિરિમા ઘારેખાન, નયના મહેતા, યામિની પટેલ, એકતા દોશી, હિમાલી મજુમદાર, આરતી રાજ પોપટ, જિગીષા પાઠક, અલકા ત્રવેદી, મયુર પટેલ, આરતી શેઠ, ઉર્વશી શાહ, સ્વાતિ સૂચક શાહ, અરિતા પંડ્યા, ઊર્મિ પંડિત, દીના રાયચૂરા, પૂજા ત્રિવેદી વગેરેએ મૌલિક અને અપ્રગટ વાર્તાઓ વાંચી હતી અને કૃતિલક્ષી ચર્ચાઓ કરી હતી. આ શિબિરમાં જિગીષા પાઠકનો વાર્તાસંગ્રહ 'અરવ'નું વિમોચન કરવામાં આવ્યું હતું.

લોકાર્પણ કાર્યક્રમ

તા. ૩૧-૧-૨૦૨૬ના રોજ સાંજે ૬-૦૦ કલાકે, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદમાં પ્રમોદ કપૂર લિખિત 'ગાંધી:એક સચિત્ર જીવનકથા' પુસ્તકનો લોકાર્પણ કાર્યક્રમ પરિષદપ્રમુખ હર્ષદ ત્રિવેદીની અધ્યક્ષતામાં અને અતિથિવિશેષ તરીકે નવજીવન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી કપિલ રાવળ, જાણીતા લેખક-પત્રકાર શ્રી રાજ ગોસ્વામી, અનુવાદક અને પત્રકાર શ્રી વિનોદ ભટ્ટની હાજરીમાં થયું હતું.

અનુતરિત લોગ વિશે સંવાદ

તા. ૩૧-૧-૨૬ના રોજ ભારતીય સમકાલીન આદિવાસી કવિતા સંચયન 'અનુતરિત લોગ' વિશે સંવાદનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં 'અનુતરિત લોગ'ના સંપાદક કાનજી પટેલ અને કવિઓ અનીશ ગારેગે, આનંદ વસાવા, આતિશ ઈન્દ્રકર અને સની પટની સાથે દક્ષિણી સારાએ સંવાદ કર્યો હતો.

સ્વ. સૂર્યકાન્ત પરીખ જન્મશતાબ્દી સ્મૃતિવંદના કાર્યક્રમ

તા. ૧૮-૧-૨૦૨૬ના રોજ ૧૦ કલાકે, 'સ્વ. સૂર્યકાન્ત પરીખ જન્મશતાબ્દી સ્મૃતિવંદના કાર્યક્રમ એચ. ટી. પારેખ કન્વેન્શન સેન્ટર, એ. એમ. એ. કૉમ્પ્લેક્ક્ષ, અટિરા, અમદાવાદમાં યોજાયો હતો. જેમાં કાર્તિકેય સારાભાઈએ 'પર્યાવરણ અને સ્વચ્છતા' વિષય પર વક્તવ્ય આપ્યું હતુ. સૂર્યકાન્તભાઈની સ્મૃતિવંદના : સર્વશ્રી રજની દવે, ડંકેશ ઓઝા, ડૉ. કેશુભાઈ દેસાઈએ કરી હતી. અધ્યક્ષીય ઉદ્‌બોધન નાસા ફાઉન્ડેશનના ટ્રસ્ટી મંદાબહેન પરીખે કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના સમર્પિત કાર્યકરોનું સન્માન તેમજ સૂર્યકાન્ત પરીખ વિશેના જીવનચરિત્રવિષયક પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

કાગ એવોર્ડ ૨૦૨૬

'કાગ ચોથ' તા. ૨૧-૨-૨૦૨૬-શનિવારે કાગધામ(મજાદર)માં યોજાશે.

આ વર્ષે કાગ એવૉર્ડનું પ્રવેશ વર્ષ ૨૫ શરૂ થઈ રહ્યું છે. ૨૦૦૨માં ભક્તકવિ પદ્મશ્રી

દુલા ભાયા કાગની પુણ્યતિથિ 'ફાગણ સુદ ચોથ-કાગ ચોથ'ના દિવસે શરૂ થયેલા આ ઍવૉર્ડ દ્વારા ૨૪ વર્ષથી લોકસાહિત્ય તથા ચારણી સાહિત્યના વારસાને જાળવી રાખવા અને પ્રોત્સાહન આપવાનું કાર્ય ચાલી રહ્યુ છે. પૂજ્ય મોરારિબાપુ પ્રેરિત આ ઍવૉર્ડના ૨૫મા પ્રવેશવર્ષ નિમિત્તે આ વખતે પરંપરાગત પાંચના બદલે પચ્ચીસ ઍવૉર્ડ અર્પણ કરવામાં આવશે.

સ્ટેજ આર્ટિસ્ટ : ૧. શ્રી ધીરુભાઈ સરવૈયા, ખીરસરા, રાજકોટ, ૨. શ્રી અનવર મીર, સુરેન્દ્રનગર, ૩, શ્રી કમલેશ જામંગ ગઢવી, રાજકોટ, ૪. શ્રી ભારતીબહેન કુંચાલા, અમદાવાદ, ૫. શ્રી ભાનુભાઈ વોરા, મુંબઈ,

સંશોધક : ૧. શ્રી તીર્થંકર રોહડિયા જેતપુર, ૨. શ્રી પ્રવીણ મધુડા, રાજકોટ, ૩. શ્રી દિનેશ માવલ, જામનગર, ૪. શ્રી બલરામ ચાવડા, જૂનાગઢ, ૫. શ્રી રામભાઈ બારોટ, જેતપુર

ચારણી સાહિત્ય પ્રસ્તુતિઃ દિવંગત વિદ્વાનો : ૧. શ્રી અચલદાન બોક્ષા, સુરેન્દ્રનગર, ૨. શ્રી ચેતન ગઢવી, મુંબઈ, ૩. શ્રી જિતુદાન ગઢવી(કવિદાદ) જૂનાગઢ, ૪. શ્રી ઈન્દુબહેન ગઢવી, સોજીત્રા, ૫. શ્રી જવાહર ગઢવી, અમદાવાદ.

દિવંગત વિદ્વાનો : ૧. શ્રી જીવાભાઈ પીગળશી નરેલા, વંથલી, ૨. શ્રી કવિ કાન, જામનગર, ૩. શ્રી જાદવજીભાઈ પટેલ, આણંદ, ૪. શ્રી વિજયકરણ મહેડુ, બોટાદ, ૫. શ્રી દાદુદાન ખૂમદાન, કલોલ

રાજસ્થાની વિદ્વાનો : ૧. પદ્મશ્રી સૂર્યદેવ બારહઠ, કિશનગઢ, ૨. શ્રી માધવ હાડા, ઉદયપુર, ૩. શ્રી ધનંજયાબહેન અમરાવત જોધપુર, ૪. શ્રી મહાદન બારહઠ, ભાદ્રેશ, ૫. શ્રી ભવરદાન રત્નું (દિવંગત), જયપુર.

ગુજરાતની સંસ્કાર–સાહિત્યપ્રિય પ્રજાજોગ 'સેલ્ફી વિથ સાક્ષર ગોવર્ધનરામ' માટેનું ભાવભર્યું આમંત્રણ

ગુજરાતી સાહિત્યને જેણે વિશ્વ સાહિત્યના ઉંબરે પગ મુકાવ્યો હતો તે ચાર ભાગમાં લખાયેલ મહાનવલ 'સરસ્વતીચંદ્ર'નું સમાપન ગોવર્ધનરામ ત્રિપાઠીએ ઈ.સ. ૧૯૦૧માં કરેલું તેથી વર્તમાન ૨૦૨૬નું વર્ષ 'સરસ્વતીચંદ્ર'ની સવા શતાબ્દીનું છે. આ ઘટના ગુજરાતના સાહિત્ય અને સંસ્કારવારસા સાથે સંકળાયેલા સહુ કોઈ માટે ગૌરવ સમાન છે. આ ગૌરવવારસનું માહાત્મ્ય ગરિમાપૂર્વક થાય એ ગુજરાતી તરીકે આપણા સૌનો આનંદ છે.

સાક્ષરનગરી નડિયાદની સવાસો વર્ષ જૂની અ. સૌ. ડાહીલક્ષ્મી લાઇબ્રેરી આજે ગોવર્ધનરામ ત્રિપાઠીના નિવાસસ્થાનને 'શ્રી ગોવર્ધનરામ સ્મૃતિમંદિર' તરીકે જાળવી રહી છે, જે ઉત્તમોત્તમ સ્મારક તરીકે જાણીતું થયું છે.

આપની શાળા કે કૉલેજ કોઈ પણ પ્રકારની સંસ્થાના સદસ્યો અને વિદ્યાર્થીઓનો એક-મુલાકાત પ્રવાસ આ સાહિત્યતીર્થમાં ગોઠવીને આપ પણ 'સરસ્વતીચંદ્ર'ની સવા શતાબ્દી ઊજવી શકો છો.

આપને અમે અહીંના ગોવર્ધનરામને, સરદાર પટેલને, સંતરામમંદિરની જનસેવાને જોવા પધારવાનું હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ. જે સ્વીકારવા વિનંતી છે. સંપર્ક : શ્રી બિરેન કોઠારી, ૯૮૯૮૭૮૯૬૭૫, શ્રી હસિત મહેતા ૯૮૨૫૭૮૦૮૯ મુલાકાત સમય સવારે ૧૦-૦૦થી સાંજે ૬ સુધી, બુધવારે રજા.

– હસિત મહેતા

સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષ રૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદપ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મૂકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઇચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગ રૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

NAME OF THE ACCOUNT HOLDER	: GUJARATI SAHITYA PARISHAD
BANK NAME	: BANK OF INDIA
BANK ADDRESS	: ASHRAM ROAD BRANCH, AHMEDABAD-380009
BANK A/C NO.	: 200220100004869
MICR CODE NO.	: 380013006
IFSC NO.	: BKID0002002
BRNCH CODE	: 2002

હર્ષદ ત્રિવેદી	**સંજય ચૌધરી**	**સમીર ભટ્ટ**
પ્રમુખ	કોષાધ્યક્ષ	મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદને જૂન, ૨૦૨૫થી મળેલ દાનની વિગત

ક્રમ	નામ	ગામ	રકમ
	પરબ અપીલ પેટે મળેલ દાન		
૧.	પિડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિ. (માળખાગત સુવિધા માટે દાન)	મુંબઈ	૧૫,૦૦,૦૦૦
૨.	અંબાલાલ હિંમતલાલ (પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ) હ. શ્રી અમિત અંબાલાલ	અમદાવાદ	૧૧,૦૦,૦૦૦
૩.	શ્રી હર્ષદ ત્રિવેદી (પ્રકાશન માટે)	અમિયાપુર	૧,૨૫,૦૦૦
૪.	શ્રી હરેશ ધોળકિયા (પરબ પ્રકાશન પેટે)	ભુજ	૧,૦૦,૦૦૦
૫.	રોહિતભાઈ જી. બોડીવાલા	અમદાવાદ	૫૧,૦૦૦
૬.	પરિમલ રમણિકલાલ દલાલ (પરબ પ્રકાશન માટે)	અમદાવાદ	૫૧,૦૦૦
૭.	બીનાબહેન કાનાણી	થાણા	૨૫,૦૦૦
૮.	છેલભાઈ વ્યાસ	અમરેલી	૨૧,૦૦૦
૯.	શ્રી મોહનલાલ દવે જીવનપ્રકાશ પારિતોષિક વર્ષ ૨૦૨૫ માટે (હ. શ્રી ભૂપેન્દ્રભાઈ મો. દવે.)	સુરેન્દ્રનગર	૧૫,૦૦૦
૧૦.	ભરત પ્રેમશંકર યાજ્ઞિક	રાજકોટ	૧૧,૧૧૧
૧૧.	પ્રીતિ અનુભાઈ શાહ	અમદાવાદ	૧૧,૦૦૦
૧૨.	બિનીત મોદી (પરબ અપીલ પેટે)	અમદાવાદ	૫,૧૧૧
૧૩.	શરીફા વીજળીવાળા (પરબ અપીલ પેટે)	સુરત	૭,૦૦૦
૧૪.	શ્રીમતી હીરાલક્ષ્મી મણકીવાળા ચૅરિટેબલ ટ્રસ્ટ (સાદું દાન)	અમદાવાદ	૫,૦૦૧
૧૫.	જોષી ચૅરિટેબલ ટ્રસ્ટ (પરબ અપીલ)	સુરત	૫,૦૦૦
૧૬.	ભરત એચ. દવે	જૂનાગઢ	૩,૦૦૦
૧૭.	નવીનચંદ્ર ધામેચા	રાજકોટ	૧,૧૦૦
૧૮.	હિતેન્દ્ર ટેલર	નવસારી	૧,૧૦૦
૧૯.	એક સાહિત્યપ્રેમી	અમદાવાદ	૧,૦૦૦
૨૦.	શ્રી અશોકકુમાર ઠક્કર (વિશ્વસોશિયલ મીડિયા કાર્યક્રમ અંગે)	અમદાવાદ	૫૪૦
૨૧.	મનસુખ સાવલા	જામનગર	૫૦૦
૨૨.	સોમચંદ્ર એલ. શાહ	જામનગર	૫૦૦
૨૩.	રૂપેશ વી. શાહ	જામનગર	૫૦૦
	ગુજરાતી સાહિત્ય પરિષદ જન્મદિવસ નિમિત્તે મળેલ દાન		
૧.	શ્રી સંતોષ બાલક્રિષ્ણા કરોડે	અમદાવાદ	૨,૫૦૦

નવા આજીવન સભ્યોની યાદી

જયપાલ થાનકી	જામનગર
તરંગ દેવેન્દ્ર ચૌધરી	મહેસાણા
કિશોર આર. ભટ્ટ	અમદાવાદ
મૌલિકકુમાર પ્રજાપતિ	ગાંધીનગર
ચૈતાલી એન. ઠક્કર	ભુજ
ફાલ્ગુની વસાવા	અમદાવાદ
સંધ્યાબહેન વિજયકુમાર ભટ્ટ	બગસરા
વિજયભાઈ ચંદુભાઈ પારેખ	અમદાવાદ
કિરીટ બી. ત્રિવેદી	અમદાવાદ
રાજેન્દ્ર ડી. મહેતા	અમદાવાદ
ડૉ. વિનીત સી. પરીખ	અમદાવાદ
જયશ્રી જિતેન્દ્ર ચૌધરી	બારડોલી
ડૉ. હર્ષદ વી. કામદાર	અમદાવાદ
કિશોર ડી. પ્રજાપતિ	બારડોલી
હિતેશ એસ. વડાલિયા	જેતપુર
ભાવેશકુમાર પી. બાભણિયા	અમદાવાદ
રીટા બી. ભગૉરા	સુઘડ
રીતુ આર. સોલંકી	છાલા
પીયૂષ ડી. આચાર્ય	અમદાવાદ
ડૉ. ભાર્ગવ પી. ભટ્ટ	મોડાસા
ઋતા અમિત નાણાવટી	અમદાવાદ
ચંદ્રશેખર હસમુખરાય પંડ્યા	વડોદરા
વાઘજીભાઈ લાખાભાઈ લુહાર	રાજકોટ
પ્રવીણ શનાભાઈ વાઘેલા	સબલપુર
રાજેન્દ્ર બી. નાયક	પલસાણા
સોનલ વી. ઐયર	અમદાવાદ
દુર્ગેશ ઉપાધ્યાય	વડોદરા
ડૉ. ઇસ્માઇલ મુસા ભાણા	જંબુસર
શ્રીમતી ધ્વનિ હાસ્ય ઉપાધ્યાય	ગાંધીનગર
જયેશ રસિકલાલ ડેલીવાલા	અમદાવાદ
જિજ્ઞેશ જાની	ભાવનગર
પ્રિયંકા જોષી	અમદાવાદ

આ અંકના લેખકો

અજય સરવૈયા : ભાષાવિજ્ઞાન વિભાગ, ભાષા સાહિત્ય ભવન, આર્ટ્સ ફૅકલ્ટી, યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ પાસે, પ્રતાપગંજ, વડોદરા-૩૯૦૦૦૨. મો. ૯૮૨૫૪૭૩૦૯૭

Anil Vyas : Flat-2, Hill Covert 953, Harrow Rd., Wembley, H90 ZRZ. 00447877389116

ઈતુભાઈ કુરકુટિયા : વ્યાખ્યાતા ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. મો. ૭૫૬૭૭૩૪૫૯૫

કંદર્પ ર. દેસાઈ : 'પારિજાત', ૬, અરુણોદય પાર્ક, સેંટ ઝેવિયર્સ કૉલેજ કૉર્નર, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯. મો. ૯૪૨૭૯૫૩૬૯૦

કિશોર વ્યાસ : ૬/બી, મહેતા સોસાયટી, એમ.જી.એસ. હાઈસ્કૂલ પાછળ, કાલોલ-૩૮૯૩૩૦ (પંચમહાલ) મો. ૯૪૨૭૬૭૫૦૭૫

કિરીટ દૂધાત : એ/૧, સુયોજન ઍપાર્ટમેન્ટ, સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. મો. ૯૪૨૭૩૦૬૫૦૭

Deepak Mehta : Flat No. 3 Fulrani, Sahitya Sahavas, Madhusudan Kelkar Road, Kala Nagar, Bandra (East), Mumbai 400 051. M. 9821832270 deepakbmehta@gmail.com

જયેશ રાષ્ટ્રકૂટ : C/o. ડી. કે. ઝાલા, પૂર્ણિમા સોસાયટી, શેરી નં. ૧, અમર જ્યોત પાસે, નાના મવા મેઈન રોડ, રાજકોટ-૩૬૦૦૦૨. મો. ૯૯૦૯૨૨૭૧૩૧૩.

દીપક રાવલ : એ/૫૦૨, સત્ત્વ ફ્લૅટ્સ, કૃણાલ ચાર રસ્તા પાસે, ગોત્રી, વડોદરા-૩૯૦૦૨૧. મો. ૯૯૯૮૪૦૨૨૫૪

Pratistha Pandya : 3068, Cornwall Prestge Kensington, 17, HMT Main Road, Jallahalli, Banglore-560013, 85114

બીરેન કોઠારી : એ/૪૦૩, સૌરભ પાર્ક, સમતા ફ્લૅટ પાછળ, સુભાનપુર, વડોદરા-૩૯૦૦૨૧. મો. ૯૮૯૮૭૮૯૬૭૮,

બિન્દુ ભટ્ટ : 'સુરતા' એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન પાસે, મુ. અમિયાપુર, જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪, મો. ૯૭૨૩૫૫૫૯૯૩.

મધુસૂદન પટેલ 'મધુ' : સી/૧૨૦૪, કાવીશા સેલિબ્રેશન, આરોહી ક્લબ સામે, આમંત્રણ બંગલો પાસે, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮. મો. ૯૨૨૭૫૧૦૮૭૨

રાકેશ દેસાઈ : ૧, રાજરાજેશ્વર સોસાયટી, ભટાર ચાર રસ્તા પાસે, સુરત-૩૯૫૦૦૭. મો. ૯૮૨૫૮૮૫૫૬૪

વિનય જાદવ : 'નર્મદે', ઉમિયાનગર સોસાયટી, ઉગમણાંવાસ, કોટડા-ચકાર. તા. ભુજ, જિ. કચ્છ-૩૭૦૧૦૫, મો. ૭૦૧૬૧૪૩૧૧૨

વિશાલ ભાદાણી : લોકભારતી યુનિવર્સિટી, સણોસરા, તા. શિહોર, જિ. ભાવનગર-૩૬૪૨૩૦. મો. ૯૪૨૬૮૮૫૩૮૭

સંધ્યા ભટ્ટ : 'સ્નેહલ' પ્રજાપતિ વાડી સામે, ગાંધી રોડ, બારડોલી-૩૯૪૬૦૨, મો. ૯૮૨૫૩૩૭૭૧૪.

હર્ષદ ત્રિવેદી : 'સુરતા' એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. મો. ૯૭૨૩૫૫૫૯૯૪

ગુજરાત વિશ્વકોશનું વિશિષ્ટ પ્રકાશન
૧૮૫૦થી અત્યાર સુધીની ગુજરાત, ભારત અને વિશ્વની
નારીપ્રતિભાઓનો ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ

નારીકોશ



નારીજાગૃતિની બાબતમાં આવેલા પરિવર્તનનો આલેખ નારીકોશના ગ્રંથોમાંથી મળે છે. આ કોશ આજની પેઢીને ભૂતકાળમાં સ્ત્રીઓએ કરેલા નારીસંઘર્ષનો હૃદયસ્પર્શી ખ્યાલ આપશે.

— રેનાના જાબવાલા (‘સેવા’ ભારતનાં પ્રમુખ અને સામાજિક કાર્યકર્તા)

આ એક અત્યંત ભગીરથ કામ છે, આ કાર્ય સ્વયં એક સિદ્ધિ છે. એક વખત તમે વાંચવાનું શરૂ કરો પછી ઉઠવાનું મન નહીં થાય.

— જ્યોત્સ્નાબહેન યાજ્ઞિક (પૂર્વન્યાયાધીશ અને અગ્રણી કાયદાશાસ્ત્રી)

દરેક જાતિને, દરેક પેઢીને પોતાની ગૌરવગાથાઓ જાણવાની જરૂર હોય છે આજે નારીકોશ દ્વારા એ ગૌરવગાથાઓ સમાજને પ્રાપ્ત થશે.

— દેવાંગી ભટ્ટ જોષી (જાણીતાં લેખિકા અને રંગમંચનાં કલાકાર)

૮ માર્ચ (મહિલાદિન) ૨૦૨૬ સુધી ૨૫ % વળતર

કુલ કિંમત રૂ. ૨૪૦૦/–નો સેટ

રૂ. ૧૮૦૦/– માં મળશે

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

૫૧/૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુ સમાજ સોસાયટીની સામે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

રન્નાદે પ્રકાશન
૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

ચિંતનાત્મક નિબંધો

પ્રવીણ દરજી

પુસ્તકનું નામ	કિંમત રૂ.
અંદર બહાર	૧૯૫.૦૦
જરા થોભીએ	૧૯૫.૦૦
જિંદગી, ચાહું છું તને	૨૦૫.૦૦
જાગને જાદવા	૧૯૦.૦૦
લહેરાતો મોલ (ચરિત્રાત્મક)	૧૩૫.૦૦
સાથે ચાલીએ	૧૪૦.૦૦
કૉફીમગ	૧૫૦.૦૦
સમયબોધ	૧૭૦.૦૦
એકમેકના છરૂખા	૧૭૫.૦૦
કોણ સાંભળે છે ?	૧૬૦.૦૦
ગીતાસ્વાદ	૧૮૦.૦૦
અંશ અને વંશ	૧૬૦.૦૦
જીવન જીવો, જીવન જીતો	૧૧૦.૦૦
માણસથી માણસ	૨૦૦.૦૦
વર્તુળની બહાર	૯૫.૦૦
પરિપ્રશ્ન	૮૫.૦૦

ડૉ.ચંદ્રકાન્ત મહેતા

પુસ્તકનું નામ	કિંમત રૂ.
સફળતાનો રોડમેપ	૨૪૦.૦૦
ચિંતનનિર્ઝર	૨૧૦.૦૦
જિંદગી, તને પ્રણામ	૨૫૦.૦૦
જિંદગી, તને સલામ	૨૩૫.૦૦
ચિંતનસૃષ્ટિ	૧૭૫.૦૦
સંસ્કારની વર્કશોપ	૨૪૦.૦૦
ચિંતનયાત્રા (ચિંતન કણિકાઓ)	૨૦૦.૦૦

પુસ્તકનું નામ	કિંમત રૂ.
જીવન તો કર્મયોગનું છરણું	૧૫૫.૦૦
જ્યોતિ કલશ છલકે	૧૩૫.૦૦
પંથ જુએ છે વાટ	૮૦.૦૦
તું હારવા જન્મ્યો નથી	૮૦.૦૦
કદમ, તને સલામ	૯૦.૦૦
થોડુંક આકાશ... થોડીક ધરા	૨૪૦.૦૦

રમણ પાઠક 'વાચસ્પતિ'

પુસ્તકનું નામ	કિંમત રૂ.
ઉજાસનાં એંધાણ	૯૫.૦૦
આનંદની આરાધના	૧૦૦.૦૦
સંશયની સાધના	૬૫.૦૦

અન્ય લેખકોના ચિંતનાત્મક નિબંધો

પુસ્તકનું નામ	લેખકનું નામ	કિંમત રૂ.
અહીં તહીં અનિવાર્ય (ચિંતનાત્મક વિચારો)	જિતુ ત્રિવેદી	૧૭૫.૦૦
વીણેલાં મોતી (ચિંતનાત્મક લેખો)	સંપા. ઇન્દુબહેન ઠાકર	૯૫.૦૦
મનની અનંત શક્તિ દ્વારા ઓળખ (ચિંતનાત્મક લેખો)	ડૉ. બી.એચ.સોમૈયા	૮૦.૦૦
જ્ઞાનપ્રપા (ચિંતનાત્મક)	ડૉ.ઋષિરાજ ઉપાધ્યાય	૭૫.૦૦
સહજપથ (ચિંતનાત્મક લેખો)	તથાગત પટેલ	૧૬૦.૦૦
સ્વામી વિવેકાનંદ સુવિચાર નિર્ઝર (ચિંતનાત્મક)	સંપા.: મંજુલા સી.મહેતા	૯૫.૦૦
હિંસા નિવારણ (ચિંતનાત્મક લેખો)	કાન્તિલાલ જો. પટેલ	૧૪૦.૦૦
આત્મશ્રદ્ધા (ચિંતનાત્મક લેખો)	ડૉ. મફતલાલ પટેલ	૬૫.૦૦
આંબા ડાળે (ચિંતનાત્મક લેખો)	ડૉ. પ્રદીપ પંડ્યા	૨૪૦.૦૦
મોક્ષદા મૈત્રી (ચિંતનાત્મક લેખો)	સુરેશ પરમાર 'સૂરક્ક	૧૧૦.૦૦
બે શબદની વાત (ચિંતનાત્મક લેખો)	રાઘવજી માધડ	૬૦.૦૦
ગીતા અમૃત (ચિંતનાત્મક લેખો)	શિવશંકર દવે	૭૦.૦૦
અમૃત સમીપે (ચિંતનાત્મક લેખો)	ડૉ. મોહનભાઈ પંચાલ	૧૩૫.૦૦
આ રસ્તો આકાશ સુધી જાય છે ? (ચિંતનાત્મક નિબંધો)	ડૉ. યશવંત ત્રિવેદી	૧૧૨.૦૦
અક્ષરનાં અજવાળાં (ચિંતનાત્મક લેખો) (એજન્સી)	ભગીરથ બ્રહ્મભટ્ટ	૬૫.૦૦
સામ્યવાદથી નવમાનવવાદ (ચિંતનાત્મક-દાર્શનિક લેખો)(એજન્સી)	એમ. એન. રૉય	૮૦.૦૦

ગૂર્જરનું પુરસ્કૃત સાહિત્ય

વિવેચન અને સંદર્ભ-સાહિત્ય

નિરીક્ષા	ઉમાશંકર જોશી	90
ભાવચર્યા	ચિમનલાલ ત્રિવેદી	170
ભાવરેખા	ચિમનલાલ ત્રિવેદી	100
નરસિંહ ચરિત્રવિમર્શ	દર્શના ધોળકિયા	300
સંતવાણી, લોકગીત અને લોકકથા	હસુ યાજ્ઞિક	320
ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ	દલપત ચૌહાણ	170
વિવેચનની વાટે	અરુણિકા મનોજ દરુ	160
રંગવિમર્શ	ભરત દવે	250
સમયને સથવારઃ ગુજરાત	કુન્દનલાલ ધોળકિયા	300
વિત્ત-પર્વ [ગુજરાતની આર્થિક વિકાસયાત્રા]	રોહિત શુક્લ	135
સાગર-પર્વ [ગુજરાતમાં બંદરવિકાસ અને મત્સ્યોદ્યોગ]	ગૌરાંગ વૈદ્ય	70

પ્રવાસ-સાહિત્ય



દો કદમ હમ ભી ચલેં (પુરસ્કૃત)	મહેબૂબ દેસાઈ	85
હિમાલય અને હિમાલય (પુરસ્કૃત)	રમણ સોની	200
પૃથ્વી-પ્રદક્ષિણા (પુરસ્કૃત)	સ્વામી સચ્ચિદાનંદ	350
યુરોપની અટારીએથી (પુરસ્કૃત)	સ્વામી સચ્ચિદાનંદ	220
અમેરિકા આવજે (પુરસ્કૃત)	ભગવતીકુમાર શર્મા	200
યુરોપમાં હરતાંફરતાં (પુરસ્કૃત)	પ્રતીક્ષા થાનકી	180
ઊર્મિઓના દેશમાં, વાદળના વેશમાં (પુરસ્કૃત)	રજની વ્યાસ	30
અંધારખંડની આરપાર (પુરસ્કૃત)	અરુણાબહેન ચોક્સી	150
ઉત્તરાખંડ (પુરસ્કૃત)	ચંદ્રશસહ ઠાકોર	100
ઇલાયઝા ટુ (પુરસ્કૃત)	ચંદ્રવદન મહેતા	33
અમારો શેખનો પાડો (પુરસ્કૃત)	ચંદ્રકાન્ત કડિયા	160

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગૂર્જર સાહિત્ય ભવન

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001 મો.: 9227055777
9662275777 E-mail: goorjar@yahoo.com Website : www.gurjarbooks.com

ગૂર્જર સાહિત્ય પ્રકાશન

102 લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે,
પ્રહ્‌લાદનગર, અમદાવાદ-15 ફોનઃ 26934340
E-mail: gurjarprakashan@gmail.com



Ekatra Foundation

એકત્ર ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત

ગુજરાતી ટૂંકી વાર્તાનો ઇતિહાસ:
વહેણો અને વળાંકો (ઑનલાઇન)

સંકલન-સંપાદન : જયેશ ભોગાયતા

વાંચો **એકત્ર**ની વેબસાઇટ પર વિનામૂલ્યે

આ ઇતિહાસગ્રંથ વિશે

‘ગુજરાતી ટૂંકી વાર્તાનો ઇતિહાસ: વહેણો અને વળાંકો’ ઇતિહાસગ્રંથમાં કવિ દલપતરામથી શરૂ કરીને અભિમન્યુ આચાર્ય સુધીના ગુજરાતી ટૂંકી વાર્તાકારોનો એક માળખાબદ્ધ પરિચય છે. ગુજરાતી ટૂંકી વાર્તાના છ તબક્કાઓનો આલેખાત્મક ઇતિહાસ છે. ધૂમકેતુ પૂર્વેથી સમકાલીન વાર્તાસર્જનના તબક્કાઓને આવરી લેતા આ ગ્રંથનો પ્રથમ ખંડ ૨૬, નવેમ્બર ૨૦૨૪ના રોજ પ્રગટ થયો હતો. તેમાં કુલ ૧૩૫ વાર્તાકારોના વાર્તાસંગ્રહો વિશે સમીક્ષક મિત્રોના લેખોનું પ્રકાશન થયું હતું. આ ગ્રંથનો બીજો ખંડ ૮, ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ તૈયાર થયો હતો. જેમાં કુલ ૫૪ વાર્તાકારોનો સમાવેશ કર્યો છે. હવે બંને ખંડનું સંકલિત સંપાદન પ્રગટ થયું છે. જેમાં કુલ ૧૮૯ વાર્તાકારો સમાવિષ્ટ છે. ગુજરાતી ટૂંકી વાર્તાના આ ઇતિહાસગ્રંથમાં સંપાદકની ૬૦ પૃષ્ઠની દીર્ઘ ભૂમિકા છે. જેમાં ગુજરાતી વાર્તાના છ તબક્કાના વહેણો અને વળાંકોનો આલેખ રજૂ કર્યો છે. ગુજરાતી ટૂંકી વાર્તા સર્જનની સમૃદ્ધ પરંપરાનો ઇતિહાસ રજૂ કરતા આ ગ્રંથના પ્રકાશનકાર્યમાં નીવડેલા અને નવોદિત સમીક્ષકમિત્રોનું પ્રદાન છે. આ ગ્રંથમાં પરિચિત અને અલ્પખ્યાત ગુજરાતી ટૂંકી વાર્તાકારોનો સવિશેષ પરિચય મળે છે. સાહિત્યસ્વરૂપની ઇતિહાસલેખનની પરંપરામાં પ્રસ્તુત ગ્રંથ નવપ્રસ્થાન સ્વરૂપ છે. તેમ વિરલ અને વિશિષ્ટ છે. પ્રસ્તુત ઇતિહાસગ્રંથ ગુજરાતી ટૂંકી વાર્તાના પ્રારંભ વિશેની કે પ્રથમ વાર્તાકાર વિશેની અધૂરી અને ભ્રામક માન્યતાઓને ખસેડીને મૂળાધારો સાથેનો અધિકૃત ઇતિહાસ રજૂ કરે છે.

એકત્ર ફાઉન્ડેશનનો વીજાણુ માધ્યમ દ્વારા પ્રસ્તુત ઇતિહાસગ્રંથ સ્થાનિક અને વૈશ્વિક સ્તરે અવશ્ય આવકાર પામશે એવી આશા છે!

Visit us at : https://www.ekatrafoundation.org

પૂજ્ય ગાંધીજીની
અવસાન તારીખ ૩૦ જાન્યુઆરીએ છે, તે સંદર્ભમાં

ઘણા લોકોના મનમાં ઊભો થતો એક પ્રશ્ન છે કે ગાંધીજી એમના જીવનના અંતિમ દિવસોમાં તદ્દન એકલા હતા. પારાવાર વેદનાઓ નિરાશાથી ઘેરાયેલા ગાંધીજીને પછી તો એકસો પચ્ચીસ વર્ષ જીવવાની જે ઇચ્છા હતી તે પણ રહી નથી, એમના વર્ષોના સાથીઓ જેમને હિન્દના સ્વરાજ માટે ગાંધીજીએ તૈયાર કર્યા; તે બધા જ રાજકીય નેતાઓ સ્વરાજ મળતાંની સાથે ગાંધીજી અને ગાંધીજીના સિદ્ધાન્તોને નેવે મૂકી દે છે. જીવનના આ અંતિમ દિવસો જેને પ્યારેલાલે "પૂર્ણાહુતિ"માં આલેખ્યા છે તે ગાંધીજીની જીવનની અસહ્ય કરુણ કથા છે. આવું કેમ? આ પરથી એમ નથી લાગતું કે ગાંધીજી એમના જીવનકાર્યમાં નિષ્ફળ ગયા?

ઇતિહાસ આંખ સામેથી પસાર થાય છે : જગતનો પ્રત્યેક મહાપુરુષ એના જીવનની અંતિમ અવસ્થામાં, છેલ્લી પરીક્ષામાં એકલો જ હોય છે. પછી એ યાદવાસ્થળી પછી પારધીના બાણથી વીંધાતા કૃષ્ણ હોય કે, ક્રૉસ ઊંચકીને વધસ્તંભ તરફ જતા ઈશુ હોય, હિમાળો ગાળવા જતા યુધિષ્ઠર હોય કે નોઆખાલીના મહાભિનિષ્ક્રમણના ગાંધીજી હોય. વિકાસની અંતિમ ભૂમિકાએ મનુષ્ય એકલો જ હોય છે. એ ભૂમિકા એટલી તો ઊંચી હોય છે કે સામાન્ય માણસ ઇચ્છે તોપણ સાથે રહી શકતો નથી. એ સાધકની મર્યાદા નથી, પણ સાધનાની વિશેષતા છે કે જીવનવિકાસની અંતિમ ભૂમિકાએ મનુષ્ય એકલો જ હોય છે. એ એકલતા નથી નિષ્ફળતા કે નથી નિરાશા. એ કરુણતા જરૂર છે પણ એ કરુણતામાં ભવ્યતા રહેલી છે. માનવસંસ્કૃતિના હિમાલયનું એ ભવ્ય ઉન્નત શિખર છે.

"ગાંધીજીનું ચિંતન : મૂલ્યાંકન" — **ડૉ. દક્ષાબહેન વિજયશંકર પટ્ટણી**
નવજીવન પ્રકાશનના પુસ્તકનું અંતિમપૃષ્ઠ ૩-૧૧-૧૯૩૮થી ૧૧-૩-૨૦૧૯

મકનજી (મુકુન્દરાય)ના દુહા

મુકુન્દરાય પારાશર્ય : જન્મ તા. ૧૩–૨–૧૯૧૪
અવસાન તા. ૧૯–૫–૧૯૮૫

મરને તળીયે જીવીયે દુનિયા દેખે નૈં,
મકના, એવી છીપ થા કે મોતી પાકે મૈં.

અમે ઝાડ મસાણનાં, નહિ વાડી વગડા તણાં,
ચિતા દઝાડે હાડ, છાયા ધરીયે રાખને.

હરિ કહ્યે હરિ ના મળે, હરિને ખોળે કોક,
મકના સાચી ભૂખ વિણ શોધખોળ સહુ ફોક.

ખડ લણ્યે દાણા મળે તો ખેતી કરત ન કોઈ,
વિણ સાધન હરિ જો મળે પામત (હરિ) હરકોઈ.

દરિયે હદ બાંધી ભલે ઈમ પ્રેમે રાખીનૈં,
પડતાં પડ્યા ઈ પ્રેમમાં હવે કાંઠો ઇચ્છીએ નૈં.

બંધ હવેલી દ્વારમાં મકન, બંધ તું આંખે,
દર્શન શેનાં કચ્છ કે ઊઠે રોમ તન આંખે ?

જળ વિણ પડે તિરાડ ખેતરમાં ત્યમ જીવમાં,
હરિ વિણ ફાટે હાડ, તો ઈ વરસ્યા વિણ ના રિયે.

બગડો તગડાને કહે કે હાલ ક્રિયાપદ થાયેં,
તો કંઈ જગ જાણે ખરું કે આપણથી શું થાયે.

મકનો બોઘો હોય પણ બોઘો મકન ન કોઈ,
બોઘો મકન ગોતી દીયે એણે ગાય વસૂકલ હોઈ.

રાખ મસાણ કેરી પૂછે, મકન આવશે કે'દી ?
સઘળા ભય ચિતાતણા ટાઢા લાગશે તે'દી.

આંખ ઠરે ને મન ઠરે ને જીવ ધરે ઉલ્લાસ,
તોએ દરશન સાચું ઠરે બાકી મૃગજળ ત્રાસ.

ભાવનગર,
મો. ૯૮૨૫૧૮૭૦૦૭

સંવાહક : **પીયૂષ પારાશર્ય**

GPSC / UPSC / UGC - JRF - NET, SLET ની
પરીક્ષા માટે, વિવિધ યુનિ. ના અભ્યાસક્રમ માટે

ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

વિવેચન

નાટ્યનાન્દી•સંદર્ભસંકેત•ભારતીય નવલકથા•સમકાલીન ગુજરાતી નવલકથા•સમકાલીન ગુજરાતી નવલિકા•સંજ્ઞાસંયોગ•કૃતિસમીપે, સર્જકસમીપે • કૃતિભાષ્ય

સંશોધન

જયંત ગાડીતનું કથાસાહિત્ય•ચાર નવલકથાકારો
કળાકારનો ઈતિહાસબોધ•આર્નોલ્ડનો કાવ્યવિચાર

સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા•મારી હકીકત•સંન્નિધાન (એક થી ત્રણ) વિવેચનના વિવિધ અભિગમો•રવીન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ હિમાંશી શેલતનો વાર્તાલોક•મોહન પરમાર અધ્યયન ગ્રંથ- ૧ (નવલિકા)•કાફકા અને મેટામોર્ફેસીસ

સઘન સ્વાધ્યાય શ્રેણી

ટાગોરની વાર્તાકળા•મંટોની વાર્તાકળા•વળામણા•મારી હકીકત• સત્યના પ્રયોગો•તમસ•ગોરા•બદલાતી ક્ષિતિજ•શર્વિલક•સિદ્ધાર્થ• સંસ્કાર•વેસ્ટલેન્ડ

ફિલ્મ આસ્વાદ શ્રેણી

મિર્ચમસાલા•ચારુલતા

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

105, નંદન કોમ્પ્લેક્ષ,
મીઠાખળી ગામ, રેલ્વે ફાટક સામે, અમદાવાદ - 380006

વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા
કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

કાવ્યસંચય :

૧. હસ્તરેખાનાં વમળ (૧૯૮૮)	રન્નાદે પ્રકાશન	૧૧/-
૨. કલમથી કાગળ સુધી (૨૦૦૪)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૩. વિદેશવટો (૨૦૧૨)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૪. બત્રીસ કોઠા વાવ (૨૦૧૨)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૫. અછાંદોત્સવ (૨૦૧૩)	ફ્લેમિંગો પબ્લિકેશન	૨૫૦/-
૬. ચક્રવ્યૂહ (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૩૫૦/-
૭. ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (૨૦૧૬)	બુકપબ	૩૫૦/-
૮. ન્યૂયૉર્ક નામે નગર (૨૦૧૭)	બુકપબ	૨૫૦/-
૯. ને હવે ગઝલોત્સવ (૨૦૨૦)	ડિવાઈન પબ્લિકેશન	૧૫૦/-
૧૦. શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (૨૦૨૦)	ગ્રંથમ	૪૦૦/-
૧૧. મનસંહિતા (૨૦૨૨)	ઝેડકેડ પબ્લિકેશન	૫૦૦/-
૧૨. મનોરથ (પ્રકાશ્ય)	ઝેડકેડ પબ્લિકેશન –	

ગદ્યપ્રકાશન – નવલિકા :

૧. પરાયા શ્વાસ (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૧૫૦/-
૨. સત્યેનની સકીના (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૧૫૦/-
૩. ભીતર અનારાધાર (૨૦૧૩)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૪. હું અને મારી કવિતા (૨૦૨૨)	બોલ્ડ પ્રકાશન	૨૫૦/-
૫. ત્રેવડ (૨૦૨૨)	ડિવાઈન પબ્લિકેશન	૨૦૦/-

BHARAT TRIVEDI
927, David Walker Drive,
Tavares, Florida 32778, USA.
Ph. +11 2178991163.
bharattrivedi@sbcglobal.net

ઓમ કૉમ્યુનિકેશન

રજિ. નં. ઈ/૧૯૯૨૧/અમદાવાદ

માનનીયશ્રી,

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ગુજરાતી ભાષાના દિવંગત સાહિત્યકારના જન્મદિન/પુણ્યતિથિએ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન થાય છે. 'શબ્દજ્યોતિ' શીર્ષક હેઠળ હયાત સાહિત્યકારના જન્મદિનની ઉજવણી થાય છે. 'શબ્દજ્યોતિ'માં હયાત સાહિત્યકાર પોતે પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપે છે. આજની નહીં પણ આવતીકાલની ૨૦ વર્ષ પછીની યુવાપેઢી શિષ્ટ સાહિત્યનું વાચન કરે એ હેતુથી 'પુસ્તક-પરિચય' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિનો પરિચય માતૃભાષા ગુજરાતીમાં મળે એ હેતુથી 'સંસ્કૃતપર્વઃવાગ્માધુરી'નું આયોજન કરવામાં આવે છે. સામાન્ય રીતે મધ્યયુગ નરસિંહ મહેતાથી શરૂ થાય છે પણ એ પહેલાંનો પ્રાગનરસિંહયુગ અથવા હેમયુગના ગુજરાતી જૈન સાહિત્યસર્જકોએ વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કરેલું છે. એ સર્જકોનો પરિચય થાય અને એમની કૃતિઓ પર આપણી વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી 'પર્યુષણ સાહિત્યપર્વ' અને 'શબ્દસંપદા'નું આયોજન થાય છે. આ સિવાય પણ અન્ય પ્રકલ્પ દ્વારા સાહિત્યિક કાર્યક્રમનું આયોજન થાય છે.

માતૃભાષા ગુજરાતીની ચિંતા કરવાને બદલે ભાષાનું સંવર્ધન થાય એ હેતુથી સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન થાય એ સંસ્થાનો મુખ્ય હેતુ છે.

સંસ્થાની સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળે એ હેતુથી અને સંસ્થાનું આર્થિક ભારણ ઓછું થાય તેમજ સંસ્થાનું સ્થાયી ભંડોળ એકઠું થાય એ માટે સંસ્થા ડોનેશન માટે આપને નમ્ર અપીલ કરે છે. ૮૦G (૫) હેઠળ પણ મહત્તમ ડોનેશન આપી આપ ઈન્કમટૅક્સમાં રાહત મેળવી શકો છો.

આભાર સહ,
અપેક્ષા સહ,

– મનીષ પાઠક
(મે. ટ્રસ્ટી ઓમ કૉમ્યુનિકેશન)

બૅન્કની વિગત :

Name	: OM COMMUNICATION
Bank Name	: Punjab National Bank
Branch	: Sola Road.
A/c. No.	: 3937000100083947
IFS Code	: PUNBO393700
Address	: 13, Narottam Park, B/h. Agarwal Tower, Bhuyangdev Cross Road, Sola Road, Ghatlodia, Ahmedabad-380061 Mo. : 9825046684

કવયિત્રી સિલ્વિયા પ્લાથે ૧૯૬૩માં ગૅસના ચૂલા (ગૅસ ઑવન)માં માથું ઘાલીને જીવનનો અંત આણ્યો. એનો કાવ્યસંગ્રહ 'ધી બેલ જાર' લંડનથી પ્રગટ થયો હતો, પરંતુ એને કશો આવકાર ન મળ્યો. એણે સામયિકોને મોકલેલા કાવ્યોનો ખાસ સ્વીકાર ન થયો. એ નિરાશ થઈ ગઈ. એનું માનસિક બંધારણ આવું હતું. એ માત્ર આઠ વર્ષની હતી ત્યારે પિતા અવસાન પામેલા. આથી જાણે પોતે જીવનથી તરછોડાયેલી, ધુત્કારાયેલી હોય એવી ગ્રંથિ એના મનમાં બંધાઈ ગયેલી. અધૂરામાં પૂરું એને માતા સાથે અણબનાવ થયો. પરિણામે એ પોતાને સાવ એકલી મહેસૂસ કરતી. અલબત્ત, એ અત્યંત બુદ્ધિશાળી પણ હતી. સાવ નાનપણથી એ મેધાવી હતી. જીવનના આખરી થોડા દિવસોમાં એણે એક ખૂબસૂરત દીર્ઘકાવ્ય 'ધાર' રચ્યું હતું.

– યશવન્ત મહેતા

'ડૉ. ઝીવાગો'માં કાવ્યની તાજગી આપવામાં ભૂમિ કે પ્રકૃતિ વર્ણનોનો મોટો ફાળો છે. પાસ્તરનાકનાં આવાં વર્ણનો વાંચતાં તે પોતે જ જાણે એમાં તલ્લીન થઈ ગયા હોય તેવું અનુભવાય છે. એ વર્ણનો જાણે એમનાં ઊર્મિકાવ્યો છે. 'ડૉ. ઝીવાગો'ની ઝંખના તો વાદમાં માનનાર કે ન માનનાર વ્યક્તિના મૂલ્યોને ફરી પ્રસ્થાપિત કરવાની દેખાય છે.

– મનુભાઈ પંચોળી 'દર્શક'

કાર્લ માર્ક્સે ૧૮૪૮માં 'સામ્યવાદી જાહેરનામું' બહાર પાડીને તે વેળાના યુરોપ-ઇંગ્લૅન્ડને ધ્રુજાવી દીધા હતા. મૂડીપતિઓને તેમનો કાળ આવી પહોંચ્યાનો ભાસ અને ભય લાગ્યો હતો. ૧૮૬૭થી ૧૮૯૪ સુધીમાં તેમણે 'દાસ કૅપિટલ'ના ત્રણ ભાગ પૂર્ણ કર્યા હતા અને વિશ્વમાં એક નવી ક્રાન્તિ, નવી આશાનાં મંડાણ કર્યાં હતાં. માનવસમાજે આદિ સમાજવાદમાંથી સામંતવાદ અને પછી મૂડીવાદ એમ ગતિ કરી હતી. અને હવે પુનઃશ્ચ સમાજવાદ તરફ ગતિ હતી એમ એમણે સમજાવ્યું. આ ગતિને ઝડપ આપવા વર્ગ-સંઘર્ષ અને ક્રાન્તિ, પછી સર્વહારા વર્ગની સરમુખત્યારશાહી અનિવાર્ય હતાં.

– પ્રવીણ ગઢવી

સ્થાન સમર્પિત

ડૉ. અરુણ જે. કક્કડ

ઍસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

આવી 'ના' આપણને પણ મળે !

વસંતપંચમીનો દિવસ છે.

નગર બહારના વિશાળ ઉદ્યાનમાં આજે મેળો છે.

સર્વત્ર ઉલ્લાસનો દરિયો ઊછળી રહ્યો છે.

તમામ નર-નારી, યુવક-યુવતી, બાલ-આબાલ, ટોળેટોળાં મેળો મહાલવા એ દિશા તરફ જઈ રહ્યા છે. આજે તો દિવસભર અને મોડી સાંજ સુધી ખાણી-પીણી, નાચ-ગાન, ખેલ-કૂદ અને રંગ-રાગ ચાલશે. લોક હિલોળે ચડશે.

સમય થતાં રાજા પણ આ મેળામાં સામેલ થવા જઈ રહ્યા છે. મહાલયમાંથી નીકળતા કુમાર સમરાદિત્યને એમના કક્ષમાં બેઠેલા જોયા. કમાડ ખુલ્લાં હતાં. એક ગવાક્ષ પાસે કુમાર ચિંતનમુદ્રામાં સ્થિર બેઠેલા હતા. પ્રશાંત મુખમુદ્રા પર અપાર્થિવ તેજનું સરોવર લહેરાતું હતું. રાજા પળવાર એમને નિહાળી રહ્યા; પછી પૂછ્યું : કુમાર ! ચાલો, મેળામાં આવો છો ને ?

ના ! પિતાના પ્રશ્નનો ઉત્તર વાળવો જોઈએ એથી કુમારે વિનમ્રતાથી કહ્યું, પછી ઉમેરે છે : આવવું નથી એવું નથી. આ બધી મોજ-મજા કોને ન ગમે ? પણ એ તરફ જેવો હાથ લંબાવું છું કે તરત મને એ મોજ-મજાની વિશાળ શિલા નીચે અનેક નર-નારીને રોતાં, કકળતાં, છૂંદાતાં, ચગદાતાં જોઉં છું અને મારો હાથ પાછો વાળું છું. મને પરિણામ દેખાય છે તેથી મારે આવવું નથી. હું એટલે 'ના' પાડું છું.

આમ, 'ના' ગમે તેવો શબ્દ નથી પરંતુ પરિણામ-દર્શન થયા બાદ આવતી 'ના' પ્રિય તો છે જ પણ સ્પૃહણીય છે. આવી 'ના' માંગવાનું આપણને મન થાય છે. એ મળે તો કેવું સારું !

(પાઠશાળા) — **પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

અમૃતવર્ષા

M.B. Prints®

Traditionally Printed Cotton Sarees

નિમેષભાઈ ડગલી

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોન: ૩૨૯૦૬૬૫૫

ભીતરી ખજાનાનું ગીત

'દૃષ્ટિ એવી સૃષ્ટિ' એવી સાદી કહેવતમાં સદીઓના અનુભવનો જે નિચોડ ભર્યો છે તે તો જ્યારે આપણે તેની નજીકની ભૂમિકામાંથી પસાર થઈએ ત્યારે જ સમજાય છે.

માણસ ગમે ત્યાંથી પસાર થાય, ગમે તે જુએ; પરિસ્થિતિ કે દૃશ્ય ગમે તે હોય પણ દર્શન તો જોનારની દૃષ્ટિ અનુસાર જ થવાનું. કઈ નજરે જોવાય છે એના ઉપર જ તેના દર્શનનો આધાર છે. જે કાંઈ જાદુ છે તે જોનારની નજરમાં જ છે.

આપણે તો બહારની સપાટીના માણસો. ચર્મચક્ષુના માણસો. આપણને જે દેખાય તે બહારનું, ઉપર-ઉપરનું. જ્યારે અંદરનું વિશ્વ સાવ નિરાળું છે. અંદરનાં ચક્ષુ-દિવ્યચક્ષુ–ઊઘડી જાય પછી જે જોવાય છે તે તો કાંઈ ઓર જ છે. અંદરનો એ ખજાનો ખૂલી જાય તો તેની ભવ્યતા અસીમ હોય છે.

કવિ ધ્રુવ ભટ્ટનું આવા ભાવાર્થનું ગીત છે. ગીતકારને અંદરના આ ખજાનાની ચાવી હાથ લાગી છે. ખજાનો ખૂલી ગયો છે એટલે એમણે અંદર નજર ઠેરવી છે. રસ્તે ચાલતાં એમ જ ટેવવશ કોઈ પૂછે છે : કેમ છે ?

ઓચિંતુ કોઈ મને રસ્તે મળે
ને કદી ધીરેથી પૂછે કે કેમ છે ?
આપણે તો કહીએ લે દરિયાશી મોજમાં
ને ઉપરથી કુદરતની રહેમ છે...

ઉપરથી પુછાયેલ પ્રશ્નનો ઉત્તર અંદરથી અપાય છે. ખુમારીથી છલકાતું હૃદય બોલે છે : મોજમાં છું. દરિયાની લહેરને મોજાં કહેવાય છે. 'મોજે દરિયા' કહેવાય છે. એ મોજ શબ્દ અહીં વપરાયો છે. મોજ છે અને ઉપરથી કુદરતની રહેમ છે.

(પાઠશાળા) – **પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

પ્રો. ચિમનલાલ શિ. ત્રિવેદી

અને

તારાગૌરી ચિ. ત્રિવેદીના

સ્મરણાર્થે

પરિવારજનો તરફથી

દુર્વૃત્તિઓ જે જગવે જનોની
તે ખેલ માંડે ભયનો ભરેલો,
ભર્યાં તળાવો તણિ પાળખોદી,
રોકી શક્યા છે જળધોધ કોણ?

રમણભાઈ નીલકંઠ
('રાઈનો પર્વત', આવૃત્તિ ૧૯૯૯, પૃષ્ઠક્રમાંક-૨૫)

ગુજરાતી સાહિત્ય પરિષદનાં નવાં પ્રકાશનો

મહાપંથી 'પાટ' પરંપરા અને તેના સંતકવિઓ

લે. : દલપત પઢિયાર

(કાચું પૂંઠું, પૃષ્ઠ : ૩૨૪, કિ. રૂ. ૬૦૦/-)



'મહાપંથ' અતિ પ્રાચીન લોકસાધનાપંથ ગણાય છે. આ પંથનો ઉદ્‌ભવ ક્યારે થયો, કોણે કર્યો, કઈ રીતે વિસ્તર્યો વગેરે પ્રશ્નોના સીધેસીધા ઉત્તર હાથ લાગવા મુશ્કેલ છે, પણ આ પંથ બહુધા નીચલા સ્તરના ગણાતા, સામાન્ય વર્ગના સંતો, ભક્તો, સાધકો અને બહુજન લોકોએ ખેડ્યો છે એ સ્પષ્ટ છે. આજે પણ પંથ સામાન્ય સમાજોમાં અને નીચલા વર્ગના ગણાતા લોકોમાં સવિશેષ પ્રચલિત છે. સામાન્ય જનસમાજની આસ્થા, ભક્તિ અને ધર્મભાવનાને ધારણ આપતો આ પંથ, તેના ઉદ્‌ભવકાળથી તે આજ સુધી તેના દેશકાળ મુજબ અનેક અવનવાં રૂપોમાં પરિવર્તન પામતો, એકધારો ચાલ્યો આવ્યો છે. આમ, 'મહાપંથ' લોકોની વચ્ચે ઉદ્‌ભવેલો, લોકોએ ઉઝેરેલો, લોકોએ ઝીલેલો અને લોકોએ જાળવેલો પ્રાચીન, વિશાળ લોકસાધનાપંથ છે. એ 'લોકધર્મ' તરીકે પણ ઓળખાય છે.



શબ્દમૂળની શોધ

લે. : હેમન્ત દવે – સુહાગ દવે

(પાકું પૂંઠું, પૃષ્ઠ : ૨૧૬, કિ. રૂ. ૬૫૦/-)

'શબ્દમૂળની શોધ' [...]. એમાંથી પસાર થતાં લાગે છે કે આ પ્રકારની સજ્જ ભાષાચેતનાનું કામ હવે વિરલ થતું આવે છે ત્યારે બહુશ્રુત ભૂમિકાથી ભાષાવિશ્લેષણ અને શબ્દવ્યુત્પત્તિ-વિશ્લેષણ દૃષ્ટિપૂર્વકનું આ સાહસ આવકારવા યોગ્ય છે.

– ચન્દ્રકાન્ત ટોપીવાળા



બે હજાર ચોવીસ સમક્ષ

(૨૦૨૪માં પ્રકાશિત ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાઓ)

સંપાદક : રમણ સોની

(પૃષ્ઠ : ૨૮૦, કિ. રૂ. ૪૫૦/-)

લગભગ દરેક સમીક્ષક-મિત્રે નિખાલસ સ્પષ્ટ પ્રતિભાવ નોંધ્યા છે, ઘણાં સૂઝ-શ્રમપૂર્વક કેટલાંકે પોતાની વિશ્લેષક દૃષ્ટિ પણ પરોવી છે, લેખક/વ્યક્તિ નહીં પણ કૃતિ/પુસ્તક ઉપર એમનું ધ્યાન કેન્દ્રિત રહ્યું છે. એટલે ૨૦૨૪ના ગુજરાતી સાહિત્ય-વિચાર-જગતનો, મહદંશે નરવો કહી શકાય એવો આલેખ ઊપસ્યો છે. અનુવાદ-ગ્રંથોની સમીક્ષા અનુવાદને તપાસવાની રીતે થઈ શકી છે ને બાળસાહિત્યનાં પુસ્તકોમાં ભાષા-વિનિયોગની ઝીણી ચર્ચાઓ પણ થઈ છે. **– રમણ સોની**

PARAB 2026 February
RNI No. GUJGUJ/2006/17273

Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd

Date of Publication 10th Posted on Every Month **ISSN : 0250-9747**

₹ 20

Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**